હિંદુસ્તાનનો ઇતિહાસ.

બનાવનાર

મા. હો. ઢાંગા.

HISTORY OF INDIA.

COMPILED BY

MANEKJI HORMASJI KANGA.

HEAD MASTER—POONA CAMP GOVT. ENGLISH SCHOOL.

Seventh Edition.

2,000 COPIES.

BROACH.

PRINTED AT THE "PRINCE OF WALES" PRESS.

1900.

Price 8 Annas.

Registered under Act XXV of 1867.

હિંદુસ્તાનનો ઇતિહાસ.

બનાવનાર

માણેકજી હોરમસજી કાંગા

હેડ માસ્તર, પુના--કેમ્પ ગવર્નમેન્ટ ઇંગ્લિશ સ્કુલ.

સાતમી આવૃત્તિ.

૨,૦૦૦ નકલ.

ભરૂચ.

"પ્રિન્સ ઓફ વેલ્સ" પ્રિન્ટિંગ પ્રેસ.

સને ૧૯૦૦

કિંમત આઠ આના.

પ્રસ્તાવના.

આ ઇતિહાસની છઠ્ઠી આવૃત્તિની ૪૦૦૦ નકલ થોડા વખતમાં ખપી ગયાથી આ **સાતમી આવૃત્તિ** સુધારા તથા વધારા સાથ બાહેર પાડી છે.

જે શિક્ષકોએ આ ઇતિહાસ પોતાના તાબાની નિશાળોમાં દાખલ કરી એને પુરતો ઇન્સાફ આપ્યોછે, તથા જે ગ્રહસ્થોએ આ ચોપડી માટે સારા વિચાર દર્શાવ્યાછે તેમનો, તેમજ **બરોડા સ્ટેટની, વર્નેકયુલર એડયુકેશન કમિટીએ** આ ચોપડી તરફ પોતાની પ્રસન્નતા બતાવી ઊત્તેજન આપ્યું તેનો અત્રે ઉપકાર માનુંછું.

મા. હો. કાંગા.

અનુક્રમણિકા.

પ્રકરણ ૫મું.

પ્રકરણ ૬ ઠું.

પ્રકરણ ૭ મું.

પ્રકરણ ૮ મું.

પ્રકરણ ૯ મું.

પ્રકરણ ૧૦મું.

પ્રકરણ ૧૧મું.

પ્રકરણ ૧૨મું.

પ્રકરણ ૧૩મું.

હિંદુસ્તાનનો ઇતિહાસ.

પ્રકરણ ૧ લું.

બાબ ૧ લો.

હિંદુસ્તાનની સીમા:—હિંદુસ્તાનની પૂર્વે બ્રિટિશ બ્રહ્મદેશ તથા અગ્નિ કોણે બંગાળાનો ઉપસાગર, પશ્ચિમે અફગાનિસ્તાન અને બલુચિસ્તાન, તથા નૈરૂત્યે અરબી સમુદ્ર, દક્ષિણે હિંદી મહાસાગર, અને ઉત્તરે હિમાલય પર્વત છે.

હિંદુસ્તાનમાં જમીન માર્ગે આવવાને માત્ર બે રસ્તા છે:—એક બ્રહ્મદેશમાંથી અને બીજો વાયવ્ય કોણ તરફ અફગાનિસ્તાન અને બલુચિસ્તાનમાંથી ખૈબર ઘાટ, બોલન ઘાટ, કુરમ ઘાટ, ને ગ્વાલેરી ઘાટને માર્ગે આવી શકાયછે.

હિંદુસ્તાન- નો વિસ્તાર અને વસ્તી.

હિંદુસ્તાનનો વિસ્તાર પંજાબની ઉત્તરેથી તે કન્યાકુમારી સુધી ૧,૮૦૦ મૈલ કરતાં વધારે, અને તેની પોહોળાઇ આસરે ૧,૫૦૦ મૈલની છે. એની વસ્તી આસરે ૨૮॥ કરોડની ગણાય છે અને તે નીચે પ્રમાણેની છે.

બ્રિટિશ હિંદુસ્તાન—	૨૨,૦૫,૦૦,૦૦૦
ખંડિયા રાજ્યો—	૬,૪૮,૩૦,૦૦૦
પોર્ટુગીઝના સંસ્થાનો—	૪,૦૦,૦૦૦
ફ્રેન્ચ સંસ્થાનો—	૨,૭૦,૦૦૦

આખા હિંદુસ્તાનના $\frac{2}{3}$ બે તૃત્યાંશ ભાગપર બ્રિટિશ અમલ ચાલે છે અને બાકીના $\frac{1}{3}$ એક તૃત્યાંશ ભાગપર દેશી રાજાઓ અને બીજા રાજકરેછે.

બ્રિટીશ હિંદુસ્તાનના બાર ભાગ કે પ્રાંત કર્યા છે. એ દરેક ઉપર અકેકો ગવર્નર, લેફ્ટેનન્ટ ગવર્નર, કે કમિશનર અમલ ચલાવે છે, અને આ સર્વે અમલદારો વાઇસરોયના હાથ નીચે રહી તેના કહ્યાપ્રમાણે અમલ ચલાવેછે.

હિંદુસ્તાનના ત્રણ પ્રદેશ તથા તેમની પેદાસ.

હિંદુસ્તાનના ત્રણ કુદરતી ભાગો અથવા પ્રદેશ થયલા છે. ૧લો હિમાલયનો, ૨જો નદીનો, અને ૩જો દક્ષિણનો પ્રદેશ.

હિમાલયનો પ્રદેશ:—આ પ્રદેશમાં હિમાલય પર્વત તથા શિવાલીક પહાડ પૂર્વથી પશ્ચીમ સુધી લંબાયલાછે. એમાંથી સિંધુ, સતલજ, બ્રહ્મપુત્રા, ગંગા તથા જમના

નદીઓ નીકળેછે, અને એમાં જવ, બાજરી, કોયલા, ચાહ તથા ઇમારતી લાકડાં થાયછે. ૨જો નદીનો પ્રદેશઃ—આ હિમાલયની દક્ષિણના મોટાં મેદાનમાં વહેનારી નદીઓનો પ્રદેશછે. અને તે બંગાળાના અખાતથી તે અરબી સમુદ્ર સુધી લંબાયલો છે. એમાં બંગાળા, આસામ, અયોધ્યા, વાવ્ય પ્રાંતો, પંજાબ, સિંધ,રજપૂતસ્તાન વિગેરે રાજ્યો આવેલાંછે. આ પ્રદેશમાં ડાંગર, બાજરી, ચોખા, રૂ, તંબાકુ, ચાહ, અફીણ, ગળી, નાળીએરી વિગેરે પાકેછે. ૩ જો દક્ષિણનો પ્રદેશઃ—આ હિંદુસ્તાનની દક્ષિણનો ત્રિકોણ ભાગછે. એમાં મધ્યપ્રાંત. મદ્રાસ, મુંબઇ, વરાડ, મ્હેસુર, નિઝામનું રાજ્ય વિગેરે છે, અને નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓ વહે છે. પહેલી બે નદીઓ ખંબાતના અખાતને અને છેલ્લી ત્રણ બંગાળાના ઉપસાગરને મળેછે. આ પ્રદેશમાં ઘઉં, રૂ, સોનું, ત્રાંબું, લોહું, બાજરી, ચોખા, તંબાકુ વિગેરે થાય છે.

—∞—

પ્રકરણ ૨ જું.

બાબ ૧ લો.

અનાર્ય લોક. હિંદુસ્તાનના મૂળ વતનીઓ **અનાર્ય** કહેવાય છે. તેમને અક્ષર જ્ઞાન ન હોવાથી તેઓએ કાંઇલેખ કે હકીકત કોતરી કે લખી રાખી નથી. તેઓ મડદાંને દાટતા ને કોઇવાર તે ઉપર પથરા ઉભા કરતા. તેઓ શિકાર કરતા અને દૈત્યને પૂજતા. તેમને આર્ય લોક દસ્યુ એટલે દાસ, યગ્નમાં ભંગ કરનારા, દેવ વગરના, કદરૂપા, અને રાક્ષસ એવાં નામથી ઓળખતા. એમનાં ત્રણ કુળ છે.—૧ ટીબેટ તથા બ્રહ્મદેશમાંથી આવી વસેલું, ૨—ઇશાન કોણ તરફથી આવી બંગાળામાં પેઠેલું અને ૩—વાયવ્ય તરફથી પંજાબમાં આવેલું. આ અનાર્ય જાતમાંની કેટલીક નિમકહલાલ, પ્રમાણીક અને બહાદૂરછે અને તેઓ બ્રિટિશ ફોજમાં સારા સિપાઇઓ ગણાયછે. એમની સાત મુખ્ય જાતો છે.

અનાર્યની જાતો. ૧ લી—**એન્ડામાન બેટના રહેવાશી.**—આ લોક માત્ર ૫૦ વરસ પહેલાં લૂગડાં વગર ફરતા, માંસનો અહાર કરતા, ખુશાલીની વખતે શરીરે રાતી અને શોકની વખતે કાળી માટી ચોપડતા, અને બચ્ચાંના જન્મ્યા આગમજથી તેમના નામ આપતા તેથી તે નામ સામાન્ય જાતીમાં પડતાં.

૨ જી—**મદ્રાસના ડુંગરી લોક**—એમની ૪ મુખ્ય જાત છેઃ—૧ લી લાંબા વાળવાળી, ક્રૂર દેખાવની, નાના પ્રાણીનો ભક્ષ કરનારી ને દૈત્યપૂજક

પુલિયર જાત. ૨ જી-ઘાસની ઝુંપડી કે કોતરમાં રહેનારી **મુન્દવેર** જાત. ૩ જી-ઠીંગણી, જાડા હોઠવાળી **નેર** જાત, જેમનામાં સ્ત્રીને બહુ પતિ કરવાનો જંગલી રિવાજછે અને જેઓ પોતાના છોકરાંને વારસો આપતા નથી પણ બેનનાં છોકરાંને આપે છે. ૪ થી-જાડા હોઠવાળી, ઠીંગણી, શિકાર કરી ગુજરાન કરનારી **કદર** જાત છે.

૩ જી—**મધ્ય ભાગના અનાર્ય લોક**—આ લોકમાં બે મુખ્ય જાતો છે—**ગોંડ**, અને **મારી**; **ગોંડ** જરા સુધરેલી અને બળવાન જાત છે અને જબરાં કામઠાં અને તીર શિકાર માટે વાપરેછે. **મારી** જરા શરમાળ જાત છે ને ઘાસના ઝુંપડાં કરી રહે છે.

૪ થી—**પાંદડાં પહેરનારી ઓરિસ્સાની જાત**—આ એક ગરીબ જાત છે. માત્ર ૨૫ વરસ પહેલાં એમનાં બૈરાં નવસ્ત્ર ફરતાં અને કેડે મણકાની માળા બાંધી આગળ પાછળ પાંદડાંનો ઝુમખો રાખતાં.

૫ મી—**હિમાલયની ડુંગરી જાતો**—આ એક કાળા રંગની વિકાળ જાત છે. પેહેલાં એ લુટફાટ કરી પોતાનો ગુજારો કરતી.

૬ ઠ્ઠી—**સંતાલ જાત**—આ જાત જરા સુધરેલીછે અને બંગાળાના ડુંગરી મુલકમાં રહેછે. એ ખેતી કરી પોતાનો ગુજારો ચલાવેછે, અને ૧૫ કે ૧૭ વરસની વયે પરણેછે. એમનામાં સ્ત્રીઓનું માન ઘણું હોયછે અને પોતાની બાયડીની મરજી શિવાય એમનાથી બીજી બાયડી પરણાતી નથી. એમનામાં ગ્નાતીભેદ નથી. ગામનો વહીવટ ત્યાંનો મુખી તેના હાથ નીચે બીજા કેટલાંક માણસો સાથે કરે છે. એમને ગુન્હાને માટેની, ગ્નાત બાહેર કે ગામમાંથી કાઢી મેળવાની કે આખા ગામને ઉજાણી આપવાની શીક્ષા થતી. આ જાત ઘણા દેવને માને છે.

૭ મી-**કોંધ એટલે પર્વતવાસી જાત**—આ જાત ઓરિસ્સાના ડુંગરી મુલકમાં રહેછે અને ખેતી કરી પોતાનો ગુજારો કરેછે. તેઓ ખુનનો બદલો ખુનથીજ લેતા, પણ જો મારનાર મરનારના વારસને અનાજ ઢોર વિગેરે આપતા તો તેઓ શાંત થતા ને ફરી વેર વાળતા નહીં. તેઓ પૈસા આપી લગ્ન કરતા અને મોટી કન્યા પસંદ કરતા. તેઓમાં સ્ત્રીનો મિલકત ઉપર કાંઇ દાવો રહેતો નથી. બાયડી જીવતી હોય ત્યાં સુધી બીજી પરણતા નથી. તેઓ ભૂદેવને માને છે અને આગળ તેને માણસનો ભોગ આપતા.

બાબ ૨ જો.

આર્યલોક પ્રથમ મધ્ય એશિયામાં રહેતા. તેઓ અનાર્ય લોક કરતાં ઘણા સુધરેલા હતા, લોઢાંના હથિયાર વાપરતા અને ખેતી કરી

આર્ય લોક. તેમજ ઢોર પાળી પોતાનું ગુજરાન કરતા. તેમનામાંના કેટલાક પાછળથી પશ્ચિમ ભણી અને કેટલાક પૂર્વભણી જઇ વસ્યા. પશ્ચિમ ભણી જઇ વસનારાઓએ ઇરાન, અને પછી આગળ વધી ગ્રીસ, રોમ, અને ત્યાંથી વળી પોર્ટુગલ અને ઈંગ્લાન્ડ સુધી જઇ જુદાં જુદાં રાજ્ય સ્થાપ્યાં. પૂર્વભણી જઇ વસનારાઓ હિમાલયના ઘાટો ઓળંગી હિંદુસ્તાનમાં આવ્યા અને ત્યાંના મૂળ વતનીઓને હાંકી કાઢી ધીમે ધીમે દક્ષિણ તરફ વધતા ગયા. તેમનામાં ઘણી જાતો નહોતી; તેઓ સ્ત્રીઓને માન આપતા, સંપથી રહેતા, મડદાંને બાળતા, ખેતી કરતા, અને અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વાયુ વિગેરેની શક્તિને દેવ ગણી પૂજતા. એમનામાં સતી થવાનો ચાલ નહતો. પોતાને માટે રાજા પોતેજ નિમતા, અને એમની મૂખ્ય દોલત એમનાં ઢોર હતાં.

વેદ શાસ્ત્ર રૂગવેદ. શામવેદ, યજુર્વેદ, અને અથર્વવેદ એવા એમના ચાર વેદછે. એમાં રૂગવેદ આર્ય લોકનો પ્રથમ ધર્મગ્રંથછે; બાકીના ત્રણ રૂગવેદને આધારે જેમ જેમ જરૂર પડતી ગઇ તેમ તેમ રચાયા. આગળ જતાં તેમાં બ્રાહ્મણ જાતી ઉત્પન્ન થઈ તેમણે

બ્રાહ્મણો. મુખ્ય ત્રણ દેવ કલપ્યા, તેમાં ૧ લો બ્રહ્મા એ સરજાવનાર, ૨ જો વિષ્ણુ એ પાળનાર, અને ૩ જો શિવ એ મારનાર તથા ફરીને ઉત્પન્ન કરનાર; વિષ્ણુ અને શિવના જુદાં જુદાં રૂપ એ હિંદના હાલના દેવો છે.

ચાર જ્ઞાતો. આર્ય લોક પંજાબમાં આવી વસ્યા પછી તેમના કામ પ્રમાણે તેમના ચાર વર્ગ પડયા. ૧ લો બ્રાહ્મણ જેમણે વેદ પાઠે કર્યાં અને અગ્ની વિગેરે ક્રિયાનું કામ માથે લીધું. ૨ જો ક્ષત્રી—જેમણે અનાર્ય લોકને જીતી આર્યનું રક્ષણ કર્યું. ૩ જો વૈસ્ય-જે માત્ર ખેતી કરનારા હતા, અને ૪થો શુદ્ર-તે જીતાયલા અનાર્ય લોક—જેમનું ગુલામગીરી કરવાનું કામ હતું. આ ચાર જ્ઞાતમાં બ્રાહ્મણોએ પોતાની સત્તા સ્થાપી; એમણે બીજાઓ માટે તત્વજ્ઞાન, જ્યોતિષશાસ્ત્ર અને સંગીતશાસ્ત્ર બનાવ્યાં અને એમ સમજાવ્યું કે બ્રાહ્મણ બ્રહ્માના મુખમાંથી, ક્ષત્રી બાહુમાંથી, વૈસ્ય પેટમાંથી અથવા ઝાંગમાંથી, અને શૂદ્ર ચરણમાંથી ઉત્પન્ન થયાછે માટે અમો સૌથી ઉત્તમ છીએ. એમની સત્તા અદ્યાપી સુધી કાયમ રહીછે અને એમને બીજા વર્ગો માન આપે છે. જનોઈ દીધા પછી તેઓ બ્રાહ્મણ ગણાયછે,

બ્રાહ્મણોના ચાર આશ્રમ. અને તેમના જન્મારાના ચાર આશ્રમ પડેલાછેઃ—૧ લો બ્રહ્મચર્ય—એટલે ધર્મગુરૂ પાસે રહી અભ્યાસ કરવો અને ગુરૂની સેવા કરવી; ૨ જો ગ્રહસ્થાશ્રમ—એટલે પરણી છોકરાં ઉછેરવાં અને સંસારી કામો કરવાં; ૩ જો વાનપ્રસ્થ—એટલે વન-

માં જઇ ઇશ્વર ભક્તિ કરવી; અને ૪ થો સન્યસ્ત—એટલે સંસારનો કેવળ ત્યાગ કરી જે મળે તે ખાવું અને બ્રહ્મ વિચારમાં વખત કાઢી બ્રહ્મ સાથે ભળી જવાનો યત્ન કરવો.

બ્રાહ્મણોના કાયદા પુસ્તકઃ—૧ ગૃહ્યસુત્ર ઈ. સ. પૂ. ૭૦૦ વરસપર, (૨) મનુસ્મૃતિ ઈ. સ. પૂ. ૫૦૦ વરસપર, અને (૩) યાજ્ઞવલ્ક્યસ્મૃતિ ઈ. સ. પૂ. ૨૦૦ વરસપર બનેલાં જણાય છે. એ હરેક પુસ્તકના ત્રણ ભાગ કરેલા છે. ૧ લો આચારાધ્યાય—એમાં ઘર સંસારી કામો, ૨ જો વ્યવહારાધ્યાય—એમાં ન્યાય પ્રકરણ અને ૩ જો પ્રાયશ્ચિત્તાધ્યાય—એમાં પાપનું નિવારણ કરવાની ક્રિયાનું વર્ણન છે.

બાબ ૩ જો.

વિરરસ કાવ્યો—રામાયણ—જનક રાજાને **સીતા** નામે એક સુંદર ગુણવાન કુંવરી હતી. તેને લાયકનો ભરથાર શોધવાને તે રાજાએ એક ભારે ધનુષ્ય એટલે કામઠું બનાવી જાહેર કર્યું કે જે કોઈ આ ધનુષ્ય ઉઠાવી લઇ લે તેને સીતા પરણે. આ કામ માટે ઘણાક રાજાઓ આવ્યા હતા પણ કોઇથી **રામાયણ** તે કામઠું ઉપાડી શકાયું નહીં. આખરે સૂર્યવંશી અયોધ્યાના રાજા દશરથના ચાર કુંવરમાંના વડા કુંવર **રામચંદ્રે** તે કામઠું ઉઠાવીને તેના કકડા કરી નાંખ્યા, તેથી **સીતા** તેને પરણી. દશરથ રાજા ઘરડો થવા આવ્યો ત્યારે તેણે પોતાનું રાજ્ય રામને આપવાની ગોઠવણ કરી, પણ તેની બીજી રાણીને આથી અદેખાઇ આવી અને તેના પુત્ર ભરતને રાજગાદી અપાવી; આથી રામ, સીતા અને પોતાના બીજા ભાઇ લક્ષ્મણ જોડે ત્યાંથી જતો રહ્યો. ગોદાવરીને તીરે જ્યારે રામ આવ્યો ત્યારે લંકાના રાજા **રાવણની** બેન તેને પરણવા આવી, પણ **રામે** તે કબુલ કર્યું નહીં તેથી રાવણ ગુસ્સે થયો, અને જ્યારે તે બન્ને ભાઇઓ શિકારે ગયા ત્યારે તે **સીતાને** પકડી લઇ ગયો: **સીતાને** છોડવવાને અને રાવણને સજા કરવાને રામને **હનુમાન**, રાવણના ભાઇ **વિભિષણ** વિગેરે ઘણાક રાજાઓએ મદદ કરી. લડાઇમાં **રાવણ** તથા તેનો દીકરો **ઇંદ્રજીત** માર્યા ગયા. રામે વિભિષણને તેના ભાઇની ગાદી આપી અને આખરે રામના ભાઇ **ભરતે** પોતાની ગાદી **રામને** સોંપી. આ કાવ્યના કર્તાનું નામ **વાલ્મિક** હતું.

મહાભારત—એમાં કૌરવ પાંડવની લડાઈનું વર્ણન છેઃ—ચંદ્રવંશના રાજા **પાંડુ** અને **ધૃતરાષ્ટ્ર** બે ભાઇઓ હતા; ધૃતરાષ્ટ્ર આંધળો હતો **મહાભારત** અને તેને ૧૦૦ દીકરા હતા, જેમાંનો વડો **દુર્યોધન** હતો. પાંડુને **યુધિષ્ઠિર**, **અર્જુન**, **ભીમ**, **સહદેવ** અને **નિકુળ** નામના પાંચ પુત્ર હતા. પાંડુ રાજાના મરણ પછી ધૃતરાષ્ટ્રે તેના પાંચે છોકરાને ઉછેર્યા

અને યુધિષ્ઠિરને ઉમરે પોહોંચતાં તેના બાપનું આખું રાજ્ય તેને સ્વાધીન કર્યું; આથી કૌરવ નાખુશ થયા અને પાંડુના છોકરાઓને ૧૩ વરસ દેશનિકાલ કર્યા. ત્યાંથી જ્યારે તેઓ પાછા ફર્યા ત્યારે દુર્યોધને તેમનો ગાદીપરનો હક ના કબુલ કરી તેમની સામે ઇ. સ. પૂ. ૫૦૦૦ માં **પાણીપતના** મેદાનમાં ૧૮ દિવસ લડાઇ કરી, જેમાં પાંડવના **યુધિષ્ઠિરનો** જય થયો; પણ લડાઇમાં તેમના ઘણાક મિત્રો અને મદદગારો માર્યા ગયા તેથી ખેદ પામી **અભિમન્યુના** કુંવર પરિક્ષતને રાજપાટ સઘળું સોંપી તેઓ હિમાલય પર્વત પર ગયા અને પરલોક પામ્યા; આ કાવ્ય રચનારનું નામ **વ્યાસ**મુનિ હતું.

શૃંગારરસ નાટક—શકુંતલા—એટલે "ખોવાયલી વીંટી"નો નાટકરચનાર **કાળીદાસ** હતો. આ મહાકવિ ઉજ્જનના રાજા **વિક્રમાદિત્યના** દરબારમાં થઇ ગયો. આ નાટકમાં હસ્તિનાપુરના* **દુષ્યંત** રાજા અને એક બ્રાહ્મણની કન્યા **શકુંતલાના** એકાંતમાં લગ્ન થયાં તે, તથા શકુંતલાને તેના માબાપે કાઢી મૂકી, તેને વનમાં પુત્ર થયો, જેનું નામ ભરત આપ્યું હતું. (જે ઉપરથી ભરત ખંડ નામ પડયું છે), તે પુત્ર સાથે તે રાજા પાસે ગઇ, અને રાજાએ તેને આ પેલી વીંટી જે પેહેલાં ખોવાઇ ગઇ હતી તેથી ઓળખી, એ સઘળાનું બ્યાન કરેલુંછે.

આ વિરરસ કાવ્યો તથા નાટક પછી બીજાં ઘણાંક કાવ્યો અને નાટકો રચાયાં જેમાંનાં મુખ્ય **માઘકાવ્ય, કુમારસંભવ, રઘુવંશ, નૈશધ,** અને વળી એ પછીના **કાદમ્બરી, ૠતુસંહાર, મેઘદૂત** વિગેરે છે.

બાબ ૪ થો.

બૌદ્ધ ધર્મ—આ ધર્મનો ઉદય ઇ.સ.૬૦૦ વરસ પહેલાં થયો. આ ધર્મનો સ્થાપનાર **કપીલાવસ્તુના** રાજા **સુદ્ધોદનનો** પુત્ર **ગૌતમ બુદ્ધ** હતો, જે ઉપરથી આ ધર્મનું નામ બૌદ્ધ ધર્મ પડયું છે. એ ઇ. સ. પૂ. ૬૨૩ માં જન્મ્યો હતો અને એનું રાજ્ય કાશીની ઉત્તરે ૧૦૦ મૈલ પર હતું.

આ રાજા સ્વયંવરમાં એક કન્યા પરણ્યો અને એની સ્ત્રીને એક પુત્ર સાંપડયા પછી ત્રીસ વર્ષની ઉમરે પોતાનું સઘળું રાજપાટ છોડી દઈ એણે જંગલમાં જઇ વાસો કરી તપ કરવા માંડયું. જ્યારે એને લાગ્યું કે એમ દુઃખ વેઠવાથી મુક્તિ થવાની નથી ત્યારે એણે લોકમાં બોધ કર્યો. એનો બોધ એ હતો કે બધાને મોક્ષ સરખો છે; સચ્ચાઇ, પ્રમાણિકપણે અને માયાથી દુન્યામાં વર્તવું; મોક્ષ મેળવવાનો રસ્તો નીતિ, દયા, દાન, અને મનને વશ રાખવામાંછે; જેવું કરીશું તેવું પામીશું, અને આ ભવમાં સુખ કે દુઃખ જે પડેછે તે પાછલા ભવનું પરિણામછે. આ પ્રમાણે બોધ કર્યા પછી તે ઇ.સ.પૂ.૫૪૩ માં પોતાની ૮૦ વરસની વયે મરણ પામ્યો. આ ધર્મને આશરો આપનાર **ચંદ્રગુપ્તનો** પૌત્ર **અશોક** (ઇ. સ. પૂ. ૨૬૦—૨૨૦) **કનિષ્ક** (ઇ સ.પૂ.

* ગંગા નદીપર, દિલ્હીની ઇશાન કોણે—૬૫ મૈલ પર.

૪૦), શિલાદિત્ય ઈ. સ. ૬૩૦ વિગેરે રાજાઓ હતા. એમણે ઠેકાણે ઠેકાણે વાવ, કૂવા, ધર્મશાળા, પાંજરાપોળ બંધાવ્યાં. આ ધર્મ છેક સિલોન (લંકા) નેપાળ, ટિબેટ, ચીન, સ્યામ, બ્રહ્મદેશ અને જાપાન સુધી ફેલાયો અને જો કે પાછળથી બ્રાહ્મણ લોકોએ તેમના ઉપર હુમલા કરી તેમને નસાડયા તોપણ હાલ તેમની વસ્તી પચાસ કરોડ ઉપરની ધારવામાં આવેછે. આ પછી જૈન-ધર્મ ઉત્પન્ન થયો. એ બૌદ્ધ ધર્મની એક મોટી શાખાછે. એ ધર્મ પાળનારા-ઓની સંખ્યા લગભગ પાંચ લાખ માણસની છે; એમની મોટી વસ્તી ગુજ-રાત અને કર્ણાટકમાં છે. તેમનામાં થઈ ગયેલા ચોવીશ "તિર્થંકરો"ને તેઓ માને છે અને જીવની હિંસા કરતા નથી.

બાબ ૫ મો.

શંકરાચાર્ય, રામાનુજ, રામાનંદ, કબીર, ચૈતન્ય અને વલ્લભસ્વામી વિશે ટુંક હકીકતઃ—

શંકરાચાર્ય (ઈ. સ. ૯ માં સૈકામાં) બહારના કુમારીલ ભટ્ટના શિ-ષ્ય હતા; એ મલબારમાં જનમ્યા હતા. એમણે હિંદમાં કાસ્મિર સુધી પ્રવા-સ કરી વેદ ધર્મ સ્થાપન કર્યો, બૌધ ધર્મનો ઉચ્છેદ કર્યો અને ૩૨ વરસની વયે કેદારનાથમાં દેહ છોડયો. શંકરદિગ્વિજયના પુસ્તકમાં ઘણી રસિક ભા-ષામાં એમનાં કૃત્યો વર્ણવ્યાં છે.

રામાનુજ ઈ૦ સ૦ ૧૧૫૦ માં ચોલા રાજ્યમાં થઈ ગયા. આ વખતે ત્યાં શિવ ધર્મ ચાલતો હતો. ત્યાં વૈષ્ણવ ધર્મ ફેલાવવામાં નિષ્ફળ થયાથી મ્હૈસુરમાં જઈ રહ્યા, જ્યાંના રાજા તથા પ્રજાએ એ ધર્મ કબુલ કર્યો. એમણે આર્ય લોકોને ઉપદેશ કર્યો અને કેટલાક ગ્રંથો રચ્યા.

રામાનંદ ઈ. સ. ૧૩૦૦ માં રામાનુજ પછીના પાંચમા આચાર્ય થયા. એમણે વૈષ્ણવ મત ઉત્તર હિંદુસ્તાનમાં ફેલાવ્યો.

કબીર ૧૩૮૦—૧૪૨૦—એ રામાનંદઆચાર્યના શિષ્ય હતા. એમણે પો-તાનો મત બંગાળામાં ફેલાવ્યો. એમના વખતમાં હિંદમાં મુસલમાનોનું આ-વવું થયું. એમણે હિંદુ અને મુસલમાન એ બન્નેને રૂચે એવો બોધ કર્યો. એમનો ઉપદેશ એ છે કે મોઢામાં જે જાય છે તેથી કાંઈ મનુસ્ય વટલાતું નથી, પણ કામ, ક્રોધ, લોભ, હીંસા, પરનિંદા, મોહ વિગેરે જે મોઢા-માંથી નિકળે છે તેજ માણસને વટાળે છે; વળી તિર્થયાત્રા, સ્નાન, દેવ દર્શન વિગેરેના બાહેરના આચારમાં ધર્મ સમાયલો નથી પણ સારી કરણી અને પવિત્ર મન રાખવામાં સમાયલો છે.

ચૈતન્ય બંગાળામાં નદીઆ ગામમાં ઈ. સ. ૧૪૮૪—૧૫૨૭માં થઈ ગયા. એમણે ઓરિસ્સામાં પોતાનો ધર્મ બહુ ફેલાવ્યો; ઈશ્વર ભજન કરવું,

ગુરૂને દેવ સમાન નહીં પણ પિતા સમાન ગણવો, બધી જ્ઞાત ભક્તિથી સરખી થાય છે, અને પાપથી મૂક્ત થવું, એ એમના બોધ છે.

વલ્લભસ્વામીએ ઇ. સ. ૧૫૨૦માં ઉત્તર હિંદુસ્તાનમાં પોતાનો ધર્મ ફેલાવ્યો. એમના બોધ એ છે કે આત્માના ઉધ્ધારને માટે કાંઇ કષ્ટ વેઠવાની જરૂર નથી, પણ કૃષ્ણ ભક્તિ કરવાથી મોક્ષ મળે. એ ધર્મ પાળનારા ઘણા શાહુકાર તથા વેપારી છે. એમનામાં આઠે પહોરની જૂદી જૂદી સેવા છે.

પ્રકરણ ૩ જું.

બાબ ૧ લો.

હિંદુસ્તાનનો થોડો ભાગ સમશીતોષ્ણમાં, અને થોડો ભાગ ઉષ્ણકટિબંધમાં આવેલો છે તેથી તે ઘણોજ રસાળ છે; અને આજ કારણને માટે એની આસપાસના તેમજ દૂર દેશના રાજાઓએ ઘણા અસલતો વખતથી આ દેશપર ચઢાઇઓ કરી હતી.

અસલના હિંદુ રાજ્ય કરતા કુટુંબો તથા તેમના મૂલકો.

કૌરવ તથા પાંડવ.

પાણીપતની લડાઈ ઇ. સ. પુ. ૫૦૦૦

૧ લું—હસ્તિનાપુર—જે દિલ્હીથી આસરે ૬૦ મૈલ દૂર ધારવામાં આવે છે, ત્યાં **પાંડવ** રાજ્ય કરતા હતા. તેમની સાથે કૌરવ કુટુંબે કોઈ જગ્યાના વાંધાને લીધે આશરે ઇ. સ. પૂ. ૫૦૦૦ વરસ પર પાણીપતના મેદાનમાં લડાઇ ચલાવી હતી જેમાં કૌરવોએ સજ્જડ હાર ખાધી. **પાંડુ** વંશે પછી દિલ્હીમાં રાજ કર્યું હતું, એવું ધારવામાં આવે છે.

૨ જું—મગધ (હાલ જેને બહાર પ્રાંત કહીએ છીએ) ત્યાં ચંદ્રગુપ્તના પૂર્વજો ઇ. સ. પૂ. ૩૧૫–૨૯૧ સુધીમાં રાજ્ય કરી ગયા. આ વંશના રાજ્યમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો થયો.

૩ જું—ગુજરાતમાં કૃષ્ણે રાજ ચલાવ્યું જે પાંડવનો મિત્ર અને મદદગાર હતો.

વિક્રમાદિત્ય ઇ. સ. પુ. ૫૭.

૪ થું—માળવામાં ઉજ્જનનો રાજા વિક્રમાદિત્ય ઈ. સ. પૂ. ૫૭માં રાજ કરી ગયો. એના વખતથી હિંદુ સંવત ગણાય છે. આ પછી ઘણાક બીજા રાજા થઇ ગયા જેમાં **ભોજ** પ્રખ્યાત છે. ઇ. સ. ૭૭માં ગોદાવરી નદીપર પૈઠણ નગરનો હિંદુ રાજા **શાલીવાહન શક** લોકની સામો થયો, અને બ્રાહ્મણોને બૌદ્ધના જૂલમથી છોડવ્યા માટે તેઓએ તેનો **શક** ચલાવ્યો. આ આખો પ્રાંત ઇ. સ. ૧૨૩૧ માં મુસલમાનોએ જીતી લીધો.

૫ મું—અયોધ્યામાં ચંદ્ર તથા સૂર્યવંશના રાજાઓ રાજ્ય કરી ગયા.

પેહેલા વંશને ક્ષત્રિની, અને બીજાને બ્રાહ્મણોની મદદ હતી.

૬ ઠું—મુંબઇની વાવ્યકોણ તરફ શાહકુળના રાજા રાજ્ય કરી ગયા, ઇ. સ. ૬૦–૨૩૫.

૭ મું—કચ્છ અને તેની આસપાસની જગ્યામાં વલ્લભી રાજાઓએ રાજ્ય કર્યું.

૮ મું—કાંચીપુરમ (હાલ કંજીવરમ) અને તેની આસપાસની જગ્યાપર ચોળ વંશના રાજાઓ રાજ્ય કરી ગયા.

૯ મું—બંગાળામાં પાળાવંશે રાજ્ય કર્યું.

૧૦ મું—મદુરામાં પાંડ્ય વંશે રાજ્ય કર્યું.

૧૧ મું—કલ્યાણમાં ચાલુક્ય અને પછી કાળાચુરિયા વંશના રાજાઓ રાજ્ય કરી ગયા.

૧૨ મું—તૈલંગણની રાજ્યધાની વરંગૂળમાં અંધ્ર વંશે રાજ્ય કર્યું.

૧૩ મું—મલબાર અને ત્રાવણકોરમાં ચેરા વંશે રાજ્ય કર્યું.

આ શિવાય બીજાં લગભગ ૧૦૦ હિંદુ રાજ્યો હતાં, જેને વિશે આપણે ચોકસ કહી શકતા નથી.

ભાગ ૨ જો.

મુસલમાની રાજ્ય પેહેલાં પરદેશી હુમલા.

સેમિરેમિસ ઇ. સ. પૂ. ૨૦૦૦.

સિસોસ્ત્રિસ ઇ. સ. પૂ. ૧૩૦૮.

એવું ધારવામાં આવે છે કે ઇ. સ. પૂ. સુમારે ૨૦૦૦ વરસ ઉપર એસિરિયાની રાણી સેમિરેમિસે અને ઇ.સ.પૂ. ૧૩૦૮માં મિસર દેશના રાજા સિસોસ્ત્રિસે હિંદુસ્તાનપર ચઢાઇ કરી હતી; પણ તેઓએ કોઇ પણ જગ્યાપર સત્તા ચલાવી હોય એવું જણાતું નથી.

દારાની ચઢાઈ. ઈ. સ. પૂ. ૫૧૮.

મહાન સિકંદરની ચઢાઇ ઈ.સ. પૂ. ૩૨૭

ત્રીજી માનવા જોગ ચઢાઇ પારસી રાજા દારા (ડરાયસ) એ ઇ.સ.પૂ. ૫૧૮માં કરી. તેણે સિંધુ નદીના કાંઠા ઉપરનો દેશ જીતી લેઇ ત્યાં અમલ ચલાવવાને એક હાકેમ નિમ્યો. દારા રાજા હિંદુસ્તાનમાંથી પુષ્કળ દ્રવ્ય અને સોનું લઇગયો. ચોથી સ્વારી ગ્રીસ દેશના રાજા મહાન સિંકદરે ઇ.સ. પૂ. ૩૨૭માં કરી. એની સામે પંજાબનો પોરસ રાજા થયો, પણ તે જેલમ નદીને કાંઠે હારી ગયો અને તેનો કુંવર માર્યો ગયો. સિંકદર ઇ. સ. પૂ. ૩૨૩માં મરણ પામ્યો, ત્યારે તેનાં ઓહોળાં રાજ્યના ભાગ થયા, જેમાં તેના લશ્કરના સરદાર સેલ્યુકસને હિસ્સે બાકટ્રિયા અને હિંદુસ્તાન આવ્યાં.

સેલ્યુકસ ઇ. સ. પૂ. ૩૧૨.

એન્ટિઓકસ.

સેલ્યુકસ હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે **મગધ**નો રાજા **ચંદ્રગુપ્ત** તેની સામે થયો(ઇ.સ.પૂ. ૩૧૨),પણ થોડા વખતમાં એ બન્ને રાજાઓ વચ્ચે સંધિ થઇ, અને સેલ્યુકસે પોતાની દીકરી **ચંદ્રગુપ્ત** સાથે પરણાવી. આ પછી ગ્રીક લોકો પોતાની સત્તા વધારી શક્યા નહીં.સેલ્યુકસના પૌત્ર **એન્ટિઓકસે** પણ **ચંદ્રગુપ્ત**ના પૌત્ર **અશોક** જોડે સંધિ કરી.આ અશોક રાજા **બૌધ** ધર્મનો બહુ ફેલાવો કરી ઇ.સ.પૂ. ૨૨૬માં મરણ પામ્યો.પછી જે થોડી જગ્યા **ગ્રીક** લોકના હાથમાં હતી તે સઘળી તેઓ પાછળથી ખોઇ બેઠા. આ પછી **સીથિઅન** લોકે ઈ.સ.પૂ. ૧૦૦થી ઘણાક વરસો સુધી હિંદુસ્તાનપર હુમલા કર્યા. આ સીથિઅન અથવા શક લોકને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢનાર ઉજજનનો રાજા **વિક્રમાદિત્ય** અને **શાલીવાહન** હતા. શાલીવાહને **શક** લોકને હાંકી કાઢ્યા અને બ્રાહ્મણોને બૌદ્ધના જુલમથી છોડવ્યા માટે લોકોએ એનો શક ચલાવ્યો. આ શક નર્મદાથી દક્ષિણ સુધીમાં ચાલે છે.

પ્રકરણ ૪ થું.

બાબ ૧ લો.

હિંદુસ્તાનપર મુસલમાન રાજાઓના હુમલા તથા તેમની કારકીર્દિ.

હજરત મહમદનો જન્મ ઇ.સ. ૫૭૦માં **મક્કા**માં થયો હતો, અને એ મુસલમાન ધર્મના સ્થાપનાર હતા. એમણે પોતાનો ધર્મ આખા અર્બસ્તાનમાં ફેલાવ્યો, અને ઇ.સ. ૬૩૨માં એમના મરણ પછી એમના ખલીફાએ એ ધર્મ **સિરિયા**, **મિસર**, ઇરાન **તુર્કસ્તાન** અને **અફગાનિસ્તાન**માં પ્રસાર કર્યો. મહમદના મરણ પછી ૧૫ વરસે ઓસમાન નામના એક અરબે થાણા અને મુંબઇના કિનારા ઉપર એક દરિઆઈ કાફલો લૂટ મેળવવા માટે મોકલ્યો, પરંતુ તેમાં તેનો જય થયો નહીં.

મહમદ કાસિમે સિંધપર ચઢાઈ કરી ઈ. સ. ૭૧૨.

ઇ.સ. ૬૬૪માં અરબ લોકો કાબુલ સુધી વધ્યા અને ઇ.સ. ૭૧૨માં **બસરા**ના હાકેમ હજાઝના ભત્રિજા **મહમદ કાસિમે** **સિંધ**પર ચઢાઇ કીધી. આ વખતે **સિંધ**માં **દાહીર** નામે રાજા રાજ્ય કરતો હતો,અને તેની રાજ્યધાનીનું નામ **દેવલનગર** જેને હાલ કરાંચી કહેછે તે હતું. એ રાજાને **કાસિમે** હરાવી આખો **સિંધ** પ્રાંત જીતી લીધો, અને ત્યાંની વસ્તીનો નાશ કર્યો. **દાહીર** પણ લડતાં માર્યો ગયો અને તેની બે દીકરીને **કાસિમે** **દેમારકસ**માં "ખલિફ" પાસે

મોકલી આપી. મુસલમાન ઇતિહાસ લખનારા કહેછેકે આ છોડીઓમાંની એકે પોતાના બાપનું વેર લેવાને કાસિમપર કેટલાંક ખોટાં તોહોમત મુક્યાં જેથી તે ખલીફે ગુસ્સે થઇને કાસિમને જીવતો એક ચામડાના કોથળામાં ઘાલી પોતાની પાસે લાવવાનો હુકમ કર્યો. કાસિમ જ્યારે આથી મરણ પામ્યો (ઇ.સ. ૭૧૪) ત્યારે તે છોડીએ તે તોહોમત ખોટાં હતાં એમ કબુલ કર્યું. કાસિમની આ ફતેહ થયા છતાં મુસલમાન સત્તા નામનીજ રહી, અને થોડા વખતમાં તે જગ્યા રજપૂત લોકોએ પાછી જીતી લીધી. હિંદુસ્તાનમાં જે મુસલમાન વંશે રાજ્યનો પાયો નાંખ્યો, અથવા જીતો મેળવીને પોતાની ખરી રાજ્યસત્તા સ્થાપી, તે ગિઝની વંશ હતો.

ગિઝની વંશની સ્થાપના.

ઈ. સનની નવમી સદીમાં સેમેનીસ નામે ઓળખાતો તાતારવંશ ખોરાસાનમાં રાજ્ય કરતો હતો, અને તેનું પાયતખ્ત બોખારા હતું. આ વંશના પાંચમા રાજા અબદુલ મલિકનો અલપ્તગીન નામે એક તુર્કી ગુલામ હતો, જે પાછળથી ખોરાસાનનો હાકેમ થયો; પણ રાજાનો કાળ થયાથી એ ગિઝની*માં નાસી ગયો, જ્યાં એ ઈ. સ. ૯૭૬માં સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો. એની પછી એનો ગુલામ તેમ જ જમાઈ સબકતગીન ગિઝનીના રાજ્યનો ધણી થયો. એને માટે એમ કહે છે કે રાજા થયા પહેલાં એક દિવસ શિકાર કરતાં એણે એક હરણનાં બચ્ચાંને પકડ્યું, અને તે બચ્ચાં સહિત ઘર પાછો ફરતો હતો તેવામાં એણે તે બચ્ચાંની માને પોતાની પછવાડે દોડતી દીઠી, તેથી એને દયા આવી અને તે બચ્ચાંને છોડી દીધું. તે મા પોતાનાં બચ્ચાં સહિત નાસી જતાં જાણે સબકતગીનનો, તેની દયા માટે ઉપકાર માનતી હોય તેમ તેણે પાછળ પાછળ જોયા કીધું. તેજ રાત્રે સબકતગીનને સ્વપ્નામાં એક દેવદૂતે કહ્યું કે તું ગિઝનીનો રાજા થશે, અને જે પ્રમાણે તે હરણનાં બચ્ચાંપર તેં દયા બતાવી તેવીજ તારી રૈયત ઉપર પણ બતાવજે. સબકતગીને રાજ્યગાદી મેળવ્યા પછી બલૂચિસ્તાન, તુર્કસ્તાન વગેરે મૂલકો જીતી પોતાનું રાજ્ય વધાર્યું. આથી લાહોરના રાજા જયપાળે એની ઉપર પેશાવર આગળ ઈ. સ. ૯૭૭ માં હુમલો કર્યો. પણ ત્યાંથી હાર ખાઈ તેને પાછું ફરવું પડ્યું. સબકતગીન હવે જયપાળ ઉપર વેર લેવાને પંજાબ ઉપર ચઢી આવ્યો. જયપાળની મદદે દિલ્હી,× કનોજ, કલિંજર અને અજમેરના રાજાઓ આવ્યા હતા, પરંતુ તેમનો પરાભવ થયો. સબકતગીને સિંધુ

અલપ્તગીન ૯૭૬.

પેશાવર આગળ લડાઈ ૯૭૭.

* કાબુલની દક્ષિણે. ×લખનોથી ૬૫ મૈલ દૂર.

નેદી આગળની કેટલીક જગ્યા જીતી લીધી, અને પુષ્કળ લૂટ મેળવી પાછો ગયો. સબક્તગીન ૫૬ વરસની વયે ઈ. સ. ૯૯૭ માં મરણ પામ્યો, અને એની પાછળ એનો દીકરો મહમદ ૩૦ વરસની વયે ગાદીએ બેઠો.

બાબ ૨ જો.

ગિઝની વંશ ૯૭૬—૧૧૮૬

મહમદ ગિઝનવી ૯૯૭—૧૦૩૦.

મહમદ ગિઝનવી ૯૯૭—૧૦૩૦—મહમદ પોતાના બાપની સાથે જયપાળ અને તેના મળતીઆઓ સામો ઘણી બહાદૂરીથી લડ્યો હતો. એના બાપના મરણ પછી એણે "સુલતાન" પદ ધારણ કર્યું. લૂંટ મેળવવાના તથા પોતાનો ધર્મ હિંદુસ્તાનમાં ફેલાવવાના વિચારથી એણે આ દેશપર ૧૨ સ્વારીઓ કરી એ સ્વારીઓમાં એણે પુષ્કળ દોલત મેળવી, લાખોના જાન લીધા, અને લાખોને મુસલમાન કરી ગુલામ તરીકે વેચ્યા. એને ઇતિહાસ કર્તાઓ "બોઇકોનો કલેક્ત" એટલે મૂર્તિ તોડનારના નામથી ઓળખે છે.

પેહેલી સ્વારી ૧૦૦૧ જયપાળ ઉપર.

પેહેલી સ્વારી ૧૦૦૧ માં—એણે લાહોરના રાજા જયપાળ ઉપર કરી અને તેને પેશાવર આગળ હરાવી પકડયો. જયપાળે એને ખંડણી આપવા કબુલ કર્યું ત્યારે તેને છોડયો. જયપાળનું આગલી તેમજ આ હારથી જે અપમાન થયું હતું તે ન સહન થવાથી પોતાની ગાદીપર પોતાના છોકરા અનંગપાળને બેસાડી પોતે બળી મૂઓ.

બીજી સ્વારી ૧૦૦૪ ભાટીઆના રાજા પર.

બીજી સ્વારી ૧૦૦૪માં—એણે મુલતાન પાસે ભાટીઆના રાજા વિજયરાય ઉપર કરી અને તેને હરાવ્યો, કારણ કે એ રાજા ખંડણી અટકાવી બેઠો હતો.

ત્રીજી સ્વારી ૧૦૦૫ અબદુલ ફતેલોદી પર.

ત્રીજી સ્વારી ૧૦૦૫ માં—આ સ્વારી એણે મુલતાનના સરદાર અબદુલ ફતેલોદી સામે કરી તેને હરાવ્યો.

ચોથીસ્વારી ૧૦૦૮ અનંગપાળ પર.

ચોથી સ્વારી ૧૦૦૮ માં—આ ચઢાઈ મહમદે લાહોરના રાજા જયપાળના છોકરા અનંગપાળ સામે કરી. એ રાજા દિલ્હી, કલિંજર, કનોજ અને બીજા રજપૂત રાજાઓ સાથે મળી જઇ સામો લડવા ગયો પણ વેહિંદગઢ આગળ હાર્યો. આ પછી મહમદે નગરકોટનું દેહેરું લૂંટયું, જ્યાંથી પુષ્કળ દ્રવ્ય એને મળ્યું.

પાંચમી સ્વારી ૧૦૧૦ મુલતાનપર.

પાંચમી સ્વારી ૧૦૧૦ માં—આ સ્વારીમાં એણે મુલતાન જીતી લીધું, અને ત્યાંના સરદાર અબદુલ ફતેલોદીને કેદ કીધો.

છઠ્ઠી સ્વારી ૧૦૧૧ થાણેશ્વરપર.

છઠ્ઠી સ્વારી ૧૦૧૧માં—સરસ્વતી અને જમના નદીની વચ્ચે થાણેશ્વરપર કરી અને બે લાખ હિંદુઓને કેદ કરી ગુલામો તરીકે વેચ્યા.

સાતમી તથા આઠમી સ્વારી ૧૦૧૪-૧૦૧૫-કાશ્મીરપર.

સાતમી તથા આઠમી સ્વારી ૧૦૧૪-૧૦૧૫માં—આ વખતે મહમદ ગિઝનવીએ કાસ્મીર ઉપર ચઢાઈ કરી પણ તેમાં એને સખત હાની થઇ અને માર ખાઈ પાછું ફરવું પડયું.

નવમી સ્વારી ૧૦૧૯ કનોજપર.

નવમી સ્વારી ૧૦૧૯માં—આ સ્વારી એણે કનોજ ઉપર કરી. ત્યાંનો રાજા કુંવરરાય એની સામે લડયો નહીં, પણ એને તાબે થઇ દ્રવ્ય આપ્યું, તેથી મહમદે તેને કાંઇ દુઃખ દીધું નહીં; ત્યાંથી મહમદ મથુરા* ગયો. આ નગરમાં એણે વીશ દિવસ સુધી લૂટ ચલાવી અને ૫૩,૦૦૦ હિંદુઓને ગુલામ કરી બબે રૂપિયે વેચ્યા.

દશમી તથા અગીઆરમી સ્વારી ૧૦૨૨-૨૩ કર્લીંજરપર.

દશમી તથા અગીઆરમી સ્વારી ૧૦૨૨-૨૩માં—આ ચઢાઈ એણે કર્લીંજરના રાજા ઉપર કરી. આ વખતે અનંગપાળના છોકરા જયપાળ બીજાએ આ રાજાને મદદ કરી; તેનું પરિણામ એ નિપજ્યું કે મહમદે લાહોર ખાલસા કર્યું, અને ત્યાં રાજ્ય ચલાવવાને એક મુસલમાન સૂબો નિમ્યો. હિંદુસ્તાનમાં મુસલમાન રાજ્યની સ્થાપના આ વખતથી થએલી ગણાય છે. આગળ જોકે મુસલમાનોએ ચઢાઇ કરી ઘણીક જીતો મેળવી હતી ખરી, તોપણ હિંદુસ્તાનની એકે જગ્યાના તેઓ ધણી થયા ન હોતા.

બારમી સ્વારી ૧૦૨૪ સોમનાથપર.

બારમી સ્વારી ૧૦૨૪માં—આ વખતે મહમદે પોતાની છેલ્લી ચઢાઈ ગુજરાતમાં સોમનાથપર કરી, અને ત્યાંનું અતિ સુંદર દેહેરૂં લૂટયું. ત્રણ દિવસ સુધી લડાઇ ચાલી, અને જોકે તેનો બચાવ કરવાને ચામુંડનો પાટવીકુંવર વલ્લભસેન, તેનો ભત્રિજો ગુજરાતનો રાજા ભીમદેવ, અને બીજા રજપૂત રાજા તથા સરદારો આવ્યા હતા, તોપણ આખરે મહમદ જીત્યો. આ દેહેરૂં લગભગ સો વરસ સુધી ભાંગી હાલતમાં પડી રહ્યું, અને પછી કુમારપાળ, જે ૧૧૬૬માં મરણ પામ્યો, તેણે પાછું સમરાવ્યું.

મહમદની મરજી ગિઝનીની ગાદી પોતાના પુત્ર મસુદને આપી ગુજરાતમાં પોતે રાજ કરવાની હતી; પણ લસ્કરના સરદારોના સમજાવ્યાથી તે વિચાર તેણે છોડી દીધો અને ત્યાં કોઈ પાદશાહી કુટુંબના બ્રાહ્મણને સૂબો ઠરાવી ગિઝની જવા નિકળ્યો. અજમેરનો રાજા એક મોટાં લસ્કર સહિત

*મથુરા—જમના નદીના કિનારાપર, આગ્રાથી ૩૦ મૈલ દૂર.

રસ્તો રોકી બેઠો છે તે સાંભળીને તેની સામે ન થતાં મહમદે સિંધનો રસ્તો લીધો. લશ્કરને રસ્તો દેખાડનાર ભોમીયાનો વેષ ધારણ કરી આવનાર સોમનાથનો કોઈ બ્રાહ્મણ હતો. તેણે મુસલમાનોપર વેર લેવાને તેમને ત્રણ દિવસ અને રાત રણોમાં રખડાવ્યા, જેથી તેમનાં હજારો માણસ ખોરાક અને પાણી ન મળવાથી મરણ પામ્યાં. આખરે ઘણી મુસ્કેલીથી મહમદ ગિઝની જઈ પોહોંચ્યો.

મહમદ ગિઝની મરણ પામ્યો ૧૦૩૦

મહમદ ગિઝનવી ઈ. સ. ૧૦૩૦માં એની ૬૩ વરસની વયે ગિઝનીમાં મરણ પામ્યો. એણે વિદ્યા અને હુન્નરને બહુ ઉત્તેજન આપ્યું. એના વખતમાં વિખ્યાત ઇરાની કવિ ફિરદોસી થઈ ગયો. એના મરણ પછી ગિઝનીની ગાદીને માટે એના બે દીકરા—મહમદ અને મસુદ વઢયા, જેમાં મસુદે પોતાના ભાઇને આંધળો કર્યો, અને પછી રાજ્ય કરવા લાગ્યો. મસુદ પછી બીજા કેટલાક રાજાઓ થયા, જેઓ માંહોમાંહે વઢી નાશ પામ્યા, અને પંજાબ શિવાય સઘળી જગ્યા ખોઇ બેઠા. ગિઝનીની ગાદીએ ઇ. સ. ૧૧૧૫ માં છેલ્લો રાજા બેરામ હતો; એણે પોતાની દીકરી અફગાનિસ્તાનની ઉત્તરે આવેલાં ઘોર પ્રાંતપરથી ઓળખાતા ઘોર વંશના એક રાજાને પરણાવી હતી. તેમની વચ્ચે કંઇ ભાંજગડ ઉઠવાથી બેરામે પોતાના જમાઇને મારી નાંખ્યો; આથી મરનારના ભાઇ અલાઉદ્દીન ઘોરીએ એના રાજ્યમાં મોટાં લશ્કર સાથે કુચ કરી, અને ગિઝની જે મહમદે હિંદુસ્તાનની મેળવેલી લૂટોથી બહુ રળિયામણું કરી નાખ્યું હતું તે સાત દિવસ સુધી લૂંટી બાળી નાંખ્યું (૧૧૫૨). આ ઉપરથી અલાઉદ્દીન "જાંહાંસુઝ" એટલે દુનિયાં બાળનારના નામથી ઓળખાવા લાગ્યો. બેરામ હિંદુસ્તાન નાસી આવવા નિકળ્યો, પણ રસ્તામાંજ મરણ પામ્યો. બેરામ પછી એના દીકરા ખુશરૂ, અને પછી એના પૌત્ર ખુશરૂમલેકે લાહોરમાં રાજ્ય કર્યું. આ પછી અલાઉદ્દીન ઘોરીના ભત્રિજા શાહબુદ્દીન અથવા મહમદ ઘોરીએ તેના હાથમાંથી લાહોર પણ જીતી લીધું. આ પ્રમાણે ગિઝની વંશની સમાપ્તિ થઇ ઇ. સ. ૧૧૮૬.

ગિઝની બાળી નાંખ્યું ૧૧૫૨. ગિઝની વંશની સમાપ્તિ ૧૧૮૬.

બાબ ૩ જો.

(૨) ઘોરી વંશ ૧૧૮૬—૧૨૦૬.

મહમદ ઘોરી ૧૧૮૬—૧૨૦૬.

અલાઉદ્દીન ઘોરીના ભત્રિજા શાહબુદ્દીન અથવા મહમદ ઘોરીએ ગિઝનીવંશના છેલ્લા પાદશાહ ખુશરૂમલેકપર ૧૧૮૬ માં ચઢાઇ કરીને લાહોર જીતી લીધું. આ વખતે હિંદુસ્તાનમાં ચાર મોટાં રજપૂત

રાજ્યો હતાં—દિલ્હીમાં તુવાર, અજમેરમાં ચોહાણ, કનોજમાં રાઠોડ, અને ગુજરાતમાં વાઘેલા વંશના રજપૂતો રાજ્ય કરતા હતા. દિલ્હીના તુવાર રાજાને કંઇ સંતાન ન હોવાથી તેણે અજમેરના કુંવર પૃથુરાજને દત્તક કરી લીધો, જેથી પૃથુરાજ દિલ્હી તેમજ અજમેરના રાજ્યનો ધણી થયો.

ચાર રજપૂતરાજ્યો.

જ્યારે મહમદ ઘોરીએ દિલ્હી ઉપર ૧૧૯૧ માં ચઢાઇ કરી ત્યારે આ પૃથુરાજ તેની સામો થયો અને તેને પાણીપતના* મેદાનમાં હરાવ્યો. આ પછી રજપૂતો માંહોમાંહે લડી ઘણા નબળા પડી ગયા. કનોજના રાજાનો કુંવર જયચંદ જે પૃથુરાજનો મસીઆઇભાઇ હતો તેણે પૃથુરાજની અદેખાઈ કરી, અને તેની સામે લાંબો વખત સુધી લડયો. મહમદ ઘોરી ૧૧૯૧માં હાર ખાધા પછી ગિઝની ગયો હતો તે રજપૂતોને નબળા થઇ ગયલા જોઇ ૧૧૯૩માં એક મોટાં લશ્કર સહિત પાછો હિંદુસ્તાનપર ચઢી આવ્યો. પૃથુરાજ પાછો એની સામે થયો, પણ ૧૧૯૩માં સ્થાનેશ્વરના† મેદાનમાં એ હારી ગયો ને દુશ્મનના હાથમાં પકડાયો, જેણે એને મારી નંખાવ્યો. ત્યાર પછી મહમદે અજમેર લૂંટયું, અને એના ગુલામ કુતુબુદ્દીનને ત્યાંનો સૂબો નિમી એ પાછો ગિઝની ગયો.

પાણીપતની લડાઈ ૧૧૯૧.

સ્થાનેશ્વરની લડાઈ ૧૧૯૩.

એક વરસ પછી પાછી હિંદુસ્તાન ઉપર એણે ચઢાઇ કરી, અને કનોજ તથા બનારસ જીતી લીધાં. કનોજના રાઠોડ રજપૂતો મારવાડમાં નાસી ગયા અને ત્યાં તેઓએ રાજ ચલાવ્યું. મહમદ ઘોરીએ આ પછી ૧૨૦૩ માં ગુજરાત, અયોધ્યા, બંગાળા, અને બહાર જીતી લીધાં. એણે હિંદુસ્તાનપર બધી મળી ૯ સ્વારીઓ કરી. એને ઈ. સ. ૧૨૦૬ માં ગિઝની જતાં પંજાબની ઉત્તર તરફના ગખ્ખર નામે ઓળખાતી એક પહાડી જાતના કેટલાક લોકોએ એના તંબુમાં ઘુસી જઇ એને મારી નાંખ્યો. એના મરણથી ઘોરી વંશની સમાપ્તિ થઈ.

મહમદ ઘોરીનું મરણ ૧૨૦૬.

બાબ ૪ થો.

(૩) ગુલામ વંશ ૧૨૦૬—૧૨૯૦.

કુતુબુદ્દીન ૧૨૦૬—૧૨૧૦.

મહમદ ઘોરીને કંઈ સંતાન ન હોવાથી એના મરણ પછી એના જુદી જુદી જગ્યાએ નિમેલા સૂબાઓ ત્યાંના ધણી થઈ પડયા; તેમાં કુતુબુદ્દીને હિંદુસ્તાનમાં સુલતાન પદ ધારણ

કુતબુદ્દીન ૧૨૦૬-૧૨૧૦.

---

* પાણીપત—દિલ્હીની ઉત્તરે આસરે ૫૦ મેલ દૂર.
† સ્થાનેશ્વર—પાણીપતની ઉત્તરે આસરે ૫૦ મેલ દૂર.

કર્યું. એ પ્રથમ મહમદ ઘોરીનો તુર્કી ગુલામ હતો; પરંતુ એની હોંશિયારીને લીધે મહમદે એને દિલ્હીનો સુબો બનાવ્યો હતો, જ્યાં એણે ૨૦ વરસ સુધી ઘણી ચાલાકીથી સુબા તરીકે હોદ્દો બજાવ્યો, અને સુલતાન તરીકે માત્ર ચાર વરસ રાજ્ય કરી ઇ. સ. ૧૨૧૦ માં મરણ પામ્યો. એ ઘણો ઉદાર અને માયાળુ રાજા હતો. એણે દિલ્હીમાં કુતુબમિનાર બંધાવ્યો જે હજી દીઠામાં આવે છે. એની ઉદારતા એવી હતી કે "કુતુબુદ્દીન જેવો ઉદાર" એવી એક કહેવત થઈ પડી હતી.

આરામ ૧૨૧૦–૧૨૧૧.

આરામ
૧૨૧૦–૧૨૧૧.

આરામ કુતુબુદ્દીનનો દીકરો હતો. એનામાં એના બાપ જેવા રાજ્ય ચલાવવાને ગુણો ન હતા, તેથી સૂબાઓએ એની સામે બંડ ઉઠાવ્યાં, અને એના બનેવી અલ્તમસે એને પદભ્રષ્ટ કરી એની ગાદી છીનવી લીધી.

અલ્તમસ ૧૨૧૧–૧૨૩૬.

અલ્તમસ
૧૨૧૧–૧૨૩૬.

જેંઘિસખાની
ચઢાઇ ૧૨૧૭.

અલ્તમસ કુતુબુદ્દીનનો ગુલામ તથા જમાઇ હતો. ગુલામ વંશમાં એ સર્વથી મોટો રાજા હતો. એણે બંગાળા તથા સિંધ મુસલમાન સૂબાઓ પાસેથી જીતી લીધા, અને ઉજ્જન, ગ્વાલિયર તથા કેટલાંક રજપૂત રાજ્યો સ્વતંત્ર હતાં તેમને વશ કર્યાં. ઇ. સ. ૧૨૧૭ માં મોગલ લોકોનો સરદાર જેંઘિસખાં ચઢાઇ કરતો કરતો છેક હિંદુસ્તાનના ઘાટો ઓળંગી માંહે આવ્યો, પણ સિંધુ નદીને લીધે તેને પાછું ફરવું પડ્યું. અલ્તમસ ઇ.સ. ૧૨૩૬ માં મરણ પામ્યો.

રૂકનુદ્દીન ૧૨૩૬–૧૨૩૬.

રૂકનુદ્દીન
૧૨૩૬–૧૨૩૬.

રૂકનુદ્દીન અલ્તમસનો દીકરો હતો. એ ઘણી માઠી ચાલનો રાજા હતો. એનામાં એના બાપ જેવા રાજ્ય ચલાવવાના ગુણો ન હોવાથી, એની બેન રજીઆબેગમે સાત માસ પછી એને ગાદીએથી ઉઠાડી મેલ્યો–૧૨૩૬.

રજીઆબેગમ ૧૨૩૬–૧૨૩૯.

રજીઆબે-
ગમ ૧૨૩૬–
૧૨૩૯.

રજીઆબેગમ અલ્તમસની શાહજાદી હતી. એ ઘણી હોંશિયાર અને રાજકારભાર ઘણી સારી રીતે ચલાવતી હતી. પાછળથી તેના હબશી ગુલામ જમાલ સાથે પ્યારમાં પડયાથી અલટુન્યા નામે એક તુર્કી સરદારે આ બેગમ તથા તે હબશી બન્નેને કેદ કર્યાં. જ્યારે તેણીએ અલટુન્યા સાથે પરણવાનું વચન આપ્યું ત્યારે તે સરદારે તેને છોડી; પણ ઉમરાવો અને મુખ્ય કરીને

રજીઆબેગમનો ભાઇ બેરામ આથી ગુસ્સે થયા, અને તેઓએ ઠામ ઠામ બંડ ઉઠાવ્યાં. આનું પરિણામ એ થયું કે રજીઆ અને તેણીનો ભરથાર માર્યાં ગયાં, ઇ. સ. ૧૨૩૯.

બેરામ ૧૨૩૯–૧૨૪૧.

બેરામ ૧૨૩૯-૧૨૪૧.

બેરામ અલ્તમસનો બીજો દીકરો અને રજીઆબેગમનો ભાઇ હતો. એ ઘણો તામસી, બુદ્ધિહીન અને ઘાતકી રાજા હતો. એના વખતમાં મોગલ લોકો લાહોર ઉપર ચઢી આવ્યા ત્યારે એણે તેમની સામે લડવાને કેટલુંક લશ્કર મોકલ્યું, પણ તે લશ્કરે દુસ્મનો સામે લડવાને બદલે એને પકડી મારી નાંખ્યો, ઇ. સ. ૧૨૪૧.

મસુદ ૧૨૪૧–૧૨૪૬.

મસુદ ૧૨૪૧-૧૨૪૬.

મસુદ બેરામનો ભત્રિજો અને રૂકનુદ્દીનનો દીકરો હતો. એ પણ દુર્બળ અને ખરાબ ચાલનો રાજા હતો. એના વખતમાં મોગલ લોકો બે વાર એના રાજ્ય પર ચઢી આવ્યા, અને બન્ને વખત એના સરદારોએ તેમને મારી પાછા કાઢ્યા. ચાર વરસ પછી તુર્કી સરદારોએ એને પકડી કેદ કર્યો, અને રાજગાદી નાસિરૂદ્દીનને આપી.

નાસિરૂદ્દીન ૧૨૪૬–૧૨૬૫.

નાસિરૂદ્દીન ૧૨૪૬-૧૨૬૫.

નાસિરૂદ્દીન અલ્તમસનો પૌત્ર હતો. એ ઘણો સદ્ગુણી અને ભણેલો રાજા હતો. સઘળો રાજ કારભાર પોતાના વજીર ગ્યાસુદ્દીન બલબનને સોંપી પોતે કુરાંનનો ઉતારો કરવામાં અને એવાં બીજાં કામોમાં પોતાનો વખત કાઢતો. એને એકજ બેગમ હતી અને તેનાજ હાથનું રાંધેલું જમતો. એના રાજ્યમાં મોગલો ચઢી આવ્યા તેમને, તેમજ મેવાડના અને બીજી જગ્યાના રજપૂતો લડવા ઉઠ્યા હતા તેમને એના વજીર બલબને હરાવ્યા, અને રાજ્ય બચાવી રાખ્યું. નાસિરૂદ્દીન અપુત્ર મરણ પામ્યો તેથી એના મરણ પછી બલબન ગાદીએ બેઠો.

ગ્યાસુદ્દીન બલબન ૧૨૬૫–૧૨૮૭.

ગ્યાસુદ્દીન બલબન ૧૨૬૫-૧૨૮૭.

ગ્યાસુદ્દીન બલબન મૂળ અલ્તમસનો ગુલામ હતો. એણે ગાદીએ બેસતાં પહેલાં એ કર્યું કે તુર્કી સરદારો અને ઉમરાવો જેઓ નબળા રાજાઓ વગેરેપર પોતાની સત્તા ચલાવતા, અને જેઓ નાસિરૂદ્દીનના મરણ પછી આખું રાજ્ય માંહોમાંહે વહેંચી લેવાને સંપ કરી બેઠા હતા તે બધાને મારી નાંખ્યા. મેવાડના રજપૂતો જ્યારે એની સામા થયા ત્યારે આ રાજાએ તેમને હરાવી હજારોને કાપી નાંખ્યા. મોગલ લોકોની વારંવારની ચઢાઇથી ઘણા રાજાઓ દિલ્હીમાં

આવી રહ્યા તેમને એણે આશ્રય આપ્યો. એનો વડો છોકરો મહમદ વિદ્યાને ઘણું ઉત્તેજન આપતો. બંગાળામાં ૧૨૭૯માં એક મોટું બંડ થયું, તે પણ આ રાજાએ બેસાડી દીધું, અને શાહજાદા બઘરાખાંને ત્યાંનો હાકેમ ઠરાવ્યો. એનો વડો શાહજાદો મહમદ જે મુલતાનનો સૂબો હતો, તે પંજાબમાં મોગલ લોકો સામે લડતાં માર્યો ગયો, તેના ખેદથી ગ્યાસુદ્દીન પોતાની ૮૦ વરસની વયે ૧૨૮૭ માં મરણ પામ્યો. આ બાદશાહ સખ્ત અને જુલમી હતો.

કૈકુબાદ ૧૨૮૭–૧૨૯૦.

કૈકુબાદ ૧૨૮૭ --૧૨૯૦.

બલબનના બીજા શાહજાદા બઘરાખાંનો એ પુત્ર હતો. બલબનની ધારણા એના વડા દીકરા મહમદના પુત્ર ખુશરૂને ગાદી આપવાની હતી, પણ એના મરણ પછી ઉમરાવોએ કૈકુબાદને ગાદી આપી, અને ખુશરૂને મુલતાનનો સૂબો નિમ્યો. કૈકુબાદે પોતાની જુવાની બદફેલીમાં ગુજારી, અને રાજકારભાર નાજીમુદ્દીન નામના વજીરને સોંપ્યો. નાજીમુદ્દીને રાજા થવાના વિચારથી પહેલાં ખુશરૂને મારી નંખાવ્યો, અને પછી પાદશાહ અને તેના બાપ બઘરાખાં (બંગાળાના સૂબા) વચ્ચે કજીઓ કરાવ્યો; પણ આખરે એ બાપ દીકરા વચ્ચે પાછી સલાહ થઇ અને બઘરાખાંએ આ વજીરની સઘળી લુચ્ચાઇ પોતાના છોકરાને બતાવી આપી,

ગુલામ વંશની સમાપ્તિ ૧૨૯૦.

જેથી એવું થયું કે નાજીમુદ્દીનને વિષ દઇ મારી નાંખ્યો. અને જલાલુદ્દીન ખિલજી નામના સરદારને પોતાનો વજીર બનાવ્યો. આ વજીરે પાદશાહનો અને તેના વારસોનો પ્રાણ લેવડાવી પોતે રાજ્યપદ ધારણ કર્યું. આ પ્રમાણે મહમદ ઘોરીના ગુલામ કુતુબુદ્દીનના વંશનો અંત આવ્યો, ઇ. સ. ૧૨૯૦.

ગુલામ વંશના રાજાઓનાં નામ, તથા તેમની કારકીર્દિનાં વરસો.

કુતુબુદ્દીન	૧૨૦૬—૧૨૧૦	૪	વરસ.
આરામ	૧૨૧૦—૧૨૧૧	૧	વરસ.
અલ્તમસ	૧૨૧૧—૧૨૩૬	૨૫	વરસ.
રૂકનુદ્દીન	૧૨૩૬—૧૨૩૬	૭	માસ.
રજીઆબેગમ	૧૨૩૬—૧૨૩૯	૩	વરસ.
બેરામ	૧૨૩૯—૧૨૪૧	૨	વરસ.
મસુદ	૧૨૪૧—૧૨૪૬	૫	વરસ.
નાસિરૂદ્દીન	૧૨૪૬—૧૨૬૧	૧૯	વરસ.
ગ્યાસુદ્દીન બલબન	૧૨૬૫—૧૨૮૭	૨૨	વરસ.
કૈકુબાદ	૧૨૮૭—૧૨૯૦	૩	વરસ.

ભાગ ૫ મો.

(૪) ખિલજી વંશ ૧૨૯૦–૧૩૨૦.

જલાલુદ્દીન ખિલજી ૧૨૯૦–૧૨૯૫.

જલાલુદ્દીન ૧૨૯૦–૧૨૯૫.

જલાલુદ્દીન ખિલજી મૂળમાં તાતાર ઓલાદનો હતો. એના વખતમાં આગળની માફક મોગલો દિલ્હી સુધી ચઢી આવ્યા તેમને મારી એણે પાછા કાઢ્યા. ઈ. સ. ૧૨૯૪માં એના ભત્રીજા અલાઉદ્દીન ખિલજીએ ૮,૦૦૦ સ્વારો લઇ દક્ષિણ પર સ્વારી કરી, અને ત્યાંના રાજા રામદેવને હરાવી તેની રાજધાનીનું શેહેર દેવગિરિ, જે હાલ દોલતાબાદ કહેવાયછે તે જીતી લીધું. દોલતાબાદ જીતી લીધા પહેલાં એણે એલીચપુર છાપો મારી લઇ લીધું. આ જીતો મેળવીને એ પાછો ફર્યો ત્યારે એનો કાકો જલાલુદ્દીન એને સામો મળવા આવ્યો; પણ આ દુષ્ટ માણસે રાજા થવાના વિચારથી એને મારી નાંખ્યો, ઇ. સ. ૧૨૯૫. આ વાત સાંભળતાંજ મરનાર પાદશાહની બેગમે પોતાના બાળ છોકરા ઇબ્રાહીમની દુવાઇ ફેરવી.

અલાઉદ્દીનની દક્ષિણ પર સ્વારી ૧૨૯૪. એલિચપુરની લડાઇ ૧૨૯૩.

ઇબ્રાહીમ ૧૨૯૫—૧૨૯૫.

ઇબ્રાહીમ ૧૨૯૫-૧૨૯૫.

ઇબ્રાહીમ જલાલુદ્દીન ખિલજીનો બાળ શાહજાદો હતો. અલાઉદ્દીન પોતાની ધારણાપાર નપડેલી જોઇને એક મોટું લશ્કર લઇ તે બાળ રાજાને પકડવા ગયો. ઇબ્રાહીમ આવા મોટા લશ્કર સામે લડવાને અશક્ત હોવાથી મુલતાનમાં પોતાના મોટા ભાઇ પાસે નાસી ગયો; આથી વગર હરકતે ગાદી અલાઉદ્દીનને હાથ આવી.

અલાઉદ્દીન ૧૨૯૫—૧૩૧૫.

અલાઉદ્દીન ખુની ૧૨૯૫–૧૩૧૫.

અલાઉદ્દીને ગાદીએ બેઠા પહેલાં બેગમ અને તેના બન્ને શાહજાદાને પકડી મારી નાંખ્યા. એનાં ઘાતકી કામોને માટે એ 'અલાઉદ્દીન ખુની'ના નામથી ઓળખાય છે. આ ખુની પણ જબરા પાદશાહે ઘણીક જગ્યાઓ જીતી લઇ રાજ્યની હદ ઘણી વધારી.

૧૨૯૭માં એણે ગુજરાતપર ચઢાઈ કરી તેની રાજધાનીનું શેહેર અણહિલવાડ જીતી લઇ બાળી નાંખ્યું. ગુજરાતનો રાજા કરણ નાસી ગયો અને રાણી કમળાદેવી જે ઘણીજ ખુબસુરત ગણાતી હતી તેની જોડે પાદશાહ પરણ્યો; કમળાદેવીની દીકરી દેવળદેવી પણ પાછળથી અલાઉદ્દીનના વડા છોકરા ખીજરખાં જોડે પરણી. ૧૨૯૮ માં મોગલ લોકોનો સરદાર કતલગખાં દિલ્હીપર મોટું લશ્કર લઇ ચઢી આવ્યો, તેને અલાઉદ્દીને મારી પાછો કાઢ્યો.

ગુજરાતપર ચઢાઇ ૧૨૯૭.

રણસ્થંભોર ૧૩૦૦ માં અને ચિતોડ ૧૩૦૩ માં જીતી લીધા.

૧૩૦૦માં એણે અજમેરમાં રણસ્થંભોરનો કિલ્લો જીતી લીધો; અને ૧૩૦૩માં ચિતોડનો કિલ્લો જીતી લઇ ત્યાંના મહારાજાને કેદ કર્યો; આ મહારાજાને તેની દીકરીએ યુક્તિથી છોડવ્યોઃ— આ યુક્તિ એ હતી કે જ્યારે તે રૂપાળી અને હોંશિયાર શાહજાદીએ સાંભળ્યું કે અલાઉદ્દીન તેને પરણ્યા વગર તેના બાપને કેદમાંથી છૂટો કરવાનો નથી, ત્યારે તેણે પાદશાહ સાથે લગ્ન કરવાનું ડોળ ઘાલી પોતાના બાપને મળવાને પરવાનગી માંગી; આ પરવાનગી મેળવતાંજ પોતે મિયાના(પાલખીઓ)માં થોડા શૂરા રજપૂત લડવૈયા લેઇ જે કિલ્લામાં તેના બાપને બંધ કર્યો હતો ત્યાં ગઇ. મુસલમાન સિપાઇઓ સમજ્યા કે આ મિયાનામાં શાહજાદીની દાસીઓ હશે. કિલ્લામાં દાખલ થતાંજ રજપૂત લડવૈયા બાહેર નિકળી આવ્યા, સઘળા ચોકીદારોને કાપી નાંખ્યા, અને રાજાને લઈ નાસી ગયા.

કાફુરની દક્ષિણપર ચઢાઇ ૧૩૦૬-૧૩૧૨.

જ્યારે અલાઉદ્દીને ગુજરાતપર ચઢાઇ કરી ત્યારે ત્યાં મલિક કાફુર નામનો એક ખૂબસુરત ગુલામ બંધીવાન થયો હતો. તેની હોંશિયારી જોઇ અલાઉદ્દીને તેને મોટી પદ્વીએ ચઢાવ્યો. આ પાદશાહે મલિક કાફુરને લશ્કર આપી દક્ષિણપર ચઢાઇ કરવા મોકલ્યો; ત્યાં એણે ૧૩૦૬–૧૨ સુધીમાં ચાર સ્વારીઓ કરી અને માળવા, ખાનદેશ તથા મહારાષ્ટ્ર જીતી લીધા. મહારાષ્ટ્રની રાજધાની દેવગિરિના રાજા રામદેવને તાબે કરી દિલ્હી લાવ્યો, અને પછી તેલંગણ, કર્ણાટક, અને મલબાર જીત્યાં. આ પાદશાહની આગળના કોઇપણ પાદશાહની સત્તા આટલી બધી ફેલાઇ ન હતી. અલાઉદ્દીનના ભત્રિજા સુલેમાને રાજગાદી લેવાના વિચારથી આ પાદશાહ પર તીર ફેંકયા જેથી તે ઘણી સખ્ત ઇજા થયા વગર બેભાન થઇ પડયો. સુલેમાન તેને મરી ગયલો સમજી ગાદી લેવા દોડયો, પણ અલાઉદ્દીન થોડા વખતમાં હોંશિયાર થઇ છાવણીમાં ગયો, અને સુલેમાનને પકડી મારી નાંખ્યો.

અલાઉદ્દીન મરણ પામ્યો ૧૩૧૫.

કાફુરે પણ રાજા થવાના વિચારથી પોતાના ધણીનો ઘાટ ઘડવાની યુક્તિઓ રચવા માંડી. દારૂના વ્યસનથી અલાઉદ્દીનનું તન અને મન તદન બિગડી ગયાં હતાં, તેથી કાફુરની ઉશ્કેરણીથી તેણે પોતાના શાહજાદા અને બેગમને કેદ કર્યાં, તથા પોતાના ભાઇ અલફખાં, તેમજ એના સેનાપતિ અલપખાંને મારી નાંખ્યા. આ પછી ગુજરાત, ચિતોડ અને બીજી જગ્યામાં બંડ ઉઠયાં, અને એવું કહેવાય છે કે કાફુરે એને વિખ દઈ મારી નાંખ્યો, ઈ. સ. ૧૩૧૫.

આ રાજા ઘણો બુદ્ધિશાળી પણ સ્વભાવે ઘણો જંગલી હતો. એણે એકવાર એક નવો પંથ સ્થાપી પેગમ્બર થવાનો અને મહાન સિકંદરની

માફક દુનિયાના બીજા દેશો જીતવાનો વિચાર કર્યો, પણ દિલ્હીના વૃદ્ધ માજીસ્ટ્રેટ અલા-ઉલ-મુલ્કના સમજાવ્યાથી તે વિચાર એણે છોડી દીધો. એણે પોતાના ભત્રિજાઓને આંધળા કરી મારી નાંખ્યા એટલુંજ નહીં પણ ઇ. સ. ૧૩૧૧ માં ૧૫,૦૦૦ મોગલોને કાપી નંખાવ્યા કારણ કે તેઓએ એનો પ્રાણ લેવાને સંપ કર્યો હતો.

ઉમર ૧૩૧૫–૧૩૧૬.

ઉમર ૧૩૧૫–૧૩૧૬.

મલિક કાફુરે અલાઉદ્દીનના સર્વથી નાના દીકરા ઉમરને નામના રાજા તરીકે ગાદીએ બેસાડયો, અને તેના બે મોટા દીકરાને આંધળા કરી ત્રીજા શાહજાદા મુબારકને મારવાને મારા મોકલ્યા; પણ મુબારક તેમના હાથમાંથી બચી ગયો, અને કાફુરને મારી નાંખી તથા ઉમરની આંખો ફોડી પોતે ગાદીએ બેઠો.

મુબારક ૧૩૧૬–૧૩૨૦.

વજીર ખુશરૂખાં.

મુબારક અલાઉદ્દીનનો ત્રીજો દીકરો હતો. એણે ખુશરૂખાં નામના એક વટલેલ ઢેડને પોતાનો વજીર બનાવ્યો. એ ગાદીએ આવ્યો તેની ખુશાલીમાં એણે ૧૭,૦૦૦ બંધીવાનોને છોડી મુકયા. આ પછી એણે દક્ષિણપર ચઢાઇ કરી ત્યાંના રાજા હરપાળને પકડી તેની ચામડી ઉતારી મારી નાંખ્યો. એનો વજીર ખુશરૂખાં, જેના હાથમાં સઘળી સત્તા હતી તેણે મલબારમાં ફોજ લઈ જઈ તે દેશ લૂંટયો, અને પછી મુબારકને મારી નાંખી પોતે પાદશાહ થયો, ઇ. સ. ૧૩૨૦. મુબારક, ખિલજી વંશનો છેલ્લો પાદશાહ હતો.

ખિલજી વંશની સમાપ્તિ ૧૩૨૦.

ખુશરૂ ૧૩૨૦—૧૩૨૦.

દેવળદેવી.

ખુશરૂએ ગાદીએ બેસતાં અલાઉદ્દીનના કુટુંબના સઘળા મરદને મારી નાંખ્યા, અને અલાઉદ્દીનના વડા છોકરા ખીજરખાંની વહુ દેવળદેવી જોડે પોતે પરણ્યો, તેમજ પોતાના બીજા સગાઓને પાદશાહી કુટુંબની સ્ત્રીઓ જોડે પરણાવ્યા. એની માઠી ચાલને લીધે એના રાજ્યમાં બંડ ઉઠયાં, અને પંજાબના સૂબા ગ્યાસુદ્દીન તઘલખે એને હરાવી મારી નાંખ્યો, ઇ. સ. ૧૩૨૦. દિલ્હીની ગાદીપર ખિલજી વંશના કોઇ યોગ્ય પુરૂષને ગ્યાસુદ્દીને બેસાડવાને વિચાર જણાવ્યો, પણ બાદશાહી કુટુંબમાં કોઈ પણ જીવતો ન હોવાથી તેમજ સરદારોના સમજાવવાથી તેણે આખરે રાજ્યગાદી કબુલ રાખી.

ખિલજી વંશના રાજાઓનાં નામ, તથા તેઓની કારકીર્દિનાં વરસો.

જલાલુદ્દીન ખિલજી	૧૨૯૦—૧૨૯૫	૫ વરસ.
ઇબ્રાહીમ	૧૨૯૫—૧૨૯૫	થોડા દિવસ
અલાઉદ્દીન ખુની	૧૨૯૫—૧૩૧૫	૨૦ વરસ.
ઉમર	૧૩૧૫—૧૩૧૬	૧ વરસ.
મુબારક	૧૩૧૬—૧૩૨૦	૪ વરસ.
ખુશરૂ	૧૩૨૦—૧૩૨૦	થોડા માસ.

બાબ ૬ ઠો.

(૫) તઘલખ વંશ ૧૩૨૦—૧૪૧૨.

ગ્યાસુદ્દીન તઘલખ ૧૩૨૦–૧૩૨૫.

ગ્યાસુદ્દીન ૧૩૨૦-૧૩૨૫.

ગ્યાસુદ્દીન તઘલખ જાતનો તુર્ક હતો. એનો દીકરો જુનાખાં અથવા જે મહમદ તઘલખના નામથી ઓળખાયછે તેણે દક્ષિણમાં ચઢાઇ કરી; ગ્યાસુદ્દીન પોતે બંગાળાના સૂબા બધરાખાં, જેની સામે ત્યાંના લોકે જુલમ ગુજારવાનું તોહોમત મુક્યું હતું તેની તપાસ કરવા ગયો. ત્યાંથી પાછા ફરતાં જુનાખાંએ પોતાના બાપને આવકાર દેવાને માટે એક મોટો તંબુ ઊભો કર્યો હતો, તેના પડવાથી તે ઇ.સ. ૧૩૨૫માં મરણ પામ્યો. તંબુ પડતી વખતે મહમદ ત્યાં ન હોવાથી એવું માનવામાં આવે છે કે એણે આ કામ જાણી જોઇને કર્યું હશે.

મહમદ તઘલખ ૧૩૨૫—૧૩૫૧.

મહમદ તઘલખ ૧૩૨૫--૧૩૫૧.

મહમદ તઘલખ એક ઘણો ભણેલો અને બહાદૂર રાજા હતો, પણ પોતાના ઘેલાં કામોને માટે એ પ્રખ્યાત હતો. એણે દક્ષિણમાં પાછી સ્વારી કરી, અને તે તાબે કર્યું. આ પછી એણે ચીન પર સ્વારી કરવાને એક મોટું લશ્કર મોકલ્યું, પણ હિમાલય પર્વત ઓળંગતાં થાક અને ભૂખમરાથી, તેમજ થંડીથી એનાં સઘળાં માણસો મરી ગયાં. એક દીવસ એનો દાંત પડી ગયો ત્યારે તેને બાદશાહી દમામથી દટાવ્યો અને તે પર એક શોભાયમાન કબર બંધાવી. એના વખતમાં બંગાળામાં બંડ ઊઠયું અને તે સ્વતંત્ર થયું. ગુજરાતમાં પણ બ્રાહ્મણી વંશ સ્વતંત્રપણે રાજ કરવા લાગ્યો, ૧૩૪૭. આ ગાંડા રાજાએ પોતાની રાજધાની દિલ્હીમાંથી કાઢી નાંખી આઠસેં મેલ છેટે દોલતાબાદમાં

કરવાના વિચારથી લોકોને ત્યાં જવાનો હુકમ કર્યો, તેમાં પણ એ નિષ્ફળ થયો,

મહમદ ઠઠ્ઠા શેહેરમાં મરણ પામ્યો ૧૩૫૧.

અને હજારો માણસ રસ્તામાં રખડી મૂઆં. ખેડુતો જ્યારે એના જુલમથી કંટાળી જઈ ગામ છોડી ગયા, ત્યારે એણે પોતાનાં લશ્કરને તેમની પાછળ શિકારે મોકલી તેમને મારી નંખાવ્યા. મહમદ તઘલખ સિંધ ઉપર સ્વારી કરતાં ઈ. સ. ૧૩૫૧ માં તાવથી સિંધુ નદી પર ઠઠ્ઠા શેહરમાં મરણ પામ્યો.

ફિરોઝશાહ ૧૩૫૧—૧૩૮૮.

ફિરોઝશાહ ૧૩૫૧-૧૩૮૮.

ફિરોઝશાહ મહમદ તઘલખનો ભત્રિજો હતો. એણે ઘણી દયાળુ રીતે રાજ કર્યું અને બંગાળા અને દક્ષિણના મુસલમાન રાજ્યોનું સ્વતંત્રપણું કબુલ કર્યું. એણે ઘણાં સુધારાનાં કામો કર્યાં. એના વખતમાં એની રૈયત આબાદ અને સુખી થઈ. એણે તળાવ, મુસાફરખાનાં, દવાખાનાં પૂલો અને મદ્રેસા બંધાવ્યાં. હિંદુસ્તાનમાં જમના નદીની પ્રસિદ્ધ નેહેર એણે બંધાવી, અને સતલજ નદીની પાસે ફિરોઝપુર નામે શેહેર વસાવ્યું. આ રાજા ઈ. સ. ૧૩૮૮માં પોતાની ૯૦ વર્ષની ઉમરે મરણ પામ્યો.

ગ્યાસુદ્દીન બીજો ૧૩૮૮—૧૩૮૯.

ગ્યાસુદ્દીન બીજો ૧૩૮૮-૧૩૮૯.

આ રાજા ફિરોઝશાહનો પૌત્ર હતો. એનામાં રાજ્ય ચલાવવાના ફિરોઝશાહ જેવા જરા પણ સારા ગુણો હતા નહીં. એણે માત્ર પાંચ મહિના રાજ્ય કર્યું; એનાં રાજ્યમાં બખેડા ઉઠયા તેમાં એ માર્યો ગયો.

અબુબકર ૧૩૮૯—૧૩૮૯.

અબુબકર ૧૩૮૯-૧૩૮૯.

આ રાજા ફિરોઝશાહનો બીજો પૌત્ર હતો. એણે માત્ર એક વરસ રાજ કર્યું અને એને ફિરોઝશાહના વડા છોકરા નાસિરૂદ્દીને ગાદીએથી ઉઠાડી મેલ્યો.

નાસિરૂદ્દીન ૧૩૮૯—૧૩૯૨.

નાસિરૂદ્દીન ૧૩૮૯-૧૩૯૨.

નાસિરૂદ્દીને પોતાના બાપને રાજ્ય ચલાવવામાં પહેલાં સારી મદદ કરી હતી, પણ પાછળથી એની ખરાબ ચાલને માટે એને રાજ્યમાંથી કાઢી મુકયો હતો. એ ત્રણ વરસ રાજ્ય કરી મરણ પામ્યો.

સિકંદર ૧૩૯૨—૧૩૯૨.

સિકંદર ૧૩૯૨-૧૩૯૨.

સિકંદર નાસિરૂદ્દીનનો પુત્ર હતો. એ માત્ર ૪૫ દિવસ રાજ્ય કરી મરણ પામ્યો.

મહમદશાહ ૧૩૯૨—૧૪૧૨.

મહમદશાહ ૧૩૯૨-૧૪૧૨. મહમદશાહ નાસિરૂદ્દીનનો બીજો દીકરો હતો. એ બાળ રાજાના વખતમાં માળવા, ગુજરાત, અને ખાનદેશમાં બંડ ઉઠયાં, અને તેઓ સ્વતંત્ર થયાં. એજ વખતે દક્ષિણમાં એક ભારે દુકાળ પડયો, જે બાર વરસ સુધી રહ્યો. આવા ધભરાટની અંદર ઈ. સ. ૧૩૯૮માં

તૈમૂરલંગની ચઢાઇ ૧૩૯૮. ક્રૂર તાતાર સરદાર તૈમૂરલંગ હિંદુસ્તાનપર ચઢી આવ્યો, અને મહમદશાહને હરાવી દિલ્હી જીતી લીધું. પાંચ દિવસ સુધી એણે ત્યાં કતલ ચલાવી અને કેદીઓનો ભારે જમાવ થયાથી ૧૫ વરસ ઉપરની વયનાં એક લાખ માણસને કતલ કરાવ્યાં. એજ વરસની આખરે પાછા ફરતાં તૈમૂરલંગે મિરત લૂંટી ત્યાં પણ ભારે કતલ ચલાવી. આ નિર્દય તાતાર સરદાર ઈ. સ. ૧૪૦૫ માં મરણ પામ્યો. મહમદશાહ ગુજરાતમાં ભરાઈ બેઠો હતો તે તૈમૂરલંગના ગયા પછી ઈ. સ. ૧૪૦૧માં પાછો આવ્યો, અને ૧૪૧૨ સુધી એણે માત્ર નામનો અમલ કર્યો. એના મરણથી તઘલખ

દોલતખાં લોદી ૧૪૧૨-૧૪૧૪ (૧૫ માસ) વંશનો છેડો આવ્યો. મહમદશાહના મરણ પછી દોલતખાં લોદી નામના એક અફગાન સરદારે ઈ. સ. ૧૪૧૪ સુધી (૧૫ માસ) દિલ્હીમાં રાજ્યાધિકાર ચલાવ્યો, અને તેના હાથમાંથી મુલતાનના સુબા સૈયદ ખીજરખાંએ રાજ્ય છીનવી લીધું.

તઘલખ વંશના રાજાઓના નામ, તથા તેઓની કારકીર્દિનાં વરસો.

ગ્યાસુદ્દીન તઘલખ.....૧૩૨૦—૧૩૨૫.....૫ વરસ.
મહમદ તઘલખ.........૧૩૨૫—૧૩૫૧......૨૬ વરસ.
ફિરોઝશાહ............૧૩૫૧—૧૩૮૮......૩૭ વરસ.
ગ્યાસુદ્દીન બીજો.......૧૩૮૮—૧૩૮૯.....૫ મહિના.
અબુબકર..............૧૩૮૯—૧૩૮૯......૧ વરસ.
નાસિરૂદ્દીન............૧૩૮૯—૧૩૯૨......૩ વરસ.
સિકંદર...............૧૩૯૨—૧૩૯૨......૪૫ દિવસ.
મહમદશાહ............૧૩૯૨—૧૪૧૨......૨૦ વરસ.

ભાગ ૭ મો.

(૬) સૈયદ વંશ ૧૪૧૪—૧૪૫૦.

સૈયદ ખીજરખાં ૧૪૧૪—૧૪૨૧.

સૈયદ ખીજરખાં ૧૪૧૪-૧૪૨૧. સૈયદ ખીજરખાં તૈમૂરલંગનો નિમેલો સૂબો છું એવું ખુલ્લી રીતે કહેવડાવીને દિલ્હીમાં અમલ ચલાવવા લાગ્યો. એ ઉદાર અને ન્યાયી હતો. એણે સાત વરસ રાજ્ય કર્યું. ૧૪૨૧

માં એના મરણને માટે દિલ્હીના સઘળાં લોકે ત્રણ દિવસ શોક પાળ્યો. એની પછી એનો દીકરો મુબારક ગાદીએ આવ્યો.

સૈયદ મુબારક ૧૪૨૧—૧૪૩૫.

સૈયદ મુબારક ૧૪૨૧-૧૪૩૫. આ રાજા ઉદાર અને મળતાવડા સ્વભાવનો હતો. એણે મોગલો તથા ગખકરો સામે લડાઈઓ કીધી. એના વજીરે એને મારી નાંખી એના ભત્રિજા મહમદને ગાદીએ બેસાડયો.

સૈયદ મહમદ ૧૪૩૫—૧૪૪૪.

સૈયદ મહમદ ૧૪૩૫-૧૪૪૪. આ રાજા ઘણો નબળો અને દુરાચરણી હતો. એના વખતમાં માળવા તથા જુવાનપુરના રાજાઓએ એની કેટલીક જગ્યા જીતી લીધી. એ ઈ. સ. ૧૪૪૪ માં મરણ પામ્યો.

સૈયદ આલમ ૧૪૪૪—૧૪૫૦.

સૈયદ આલમ ૧૪૪૪-૧૪૫૦. એણે માત્ર છ વરસ રાજ કર્યું; એ રાજ્ય ચલાવવાને યોગ્ય ન હોવાથી લાહોરના સૂબા બહલોલ લોદીએ એના હાથમાંથી રાજ્ય લઈ લીધું, ઈ. સ. ૧૪૫૦. આથી સૈયદ વંશનો છેડો આવ્યો.

સૈયદ વંશના રાજાઓનાં નામ, તથા તેઓની કારકીર્દિનાં વરસો.

સૈયદ ખીજરખાં	૧૪૧૪—૧૪૨૧	૭	વરસ.
સૈયદ મુબારક	૧૪૨૧—૧૪૩૫	૧૪	વરસ.
સૈયદ મહમદ	૧૪૩૫—૧૪૪૪	૯	વરસ.
સૈયદ આલમ	૧૪૪૪—૧૪૫૦	૬	વરસ.

બાબ ૮ મો.

(૭) લોદી વંશ ૧૪૫૦—૧૫૨૬.

બહલોલ લોદી ૧૪૫૦—૧૪૮૮.

બહલોલ લોદી ૧૪૫૦-૧૪૮૮. બહલોલ લોદી જાતનો અફગાન હતો. એણે જવાનપુરના રાજા સાથે ૨૫ વરસ લડાઈ ચલાવી તે જગ્યા જીતી લીધી, અને પોતાના રાજની હદ વધારી. આ રાજા ઈ. સ. ૧૪૮૮માં મરણ પામ્યો.

સિકંદર લોદી ૧૪૮૮—૧૫૧૭.

સિકંદર લોદી ૧૪૮૮-૧૫૧૭. સિકંદર બહલોલનો દીકરો હતો. એણે બહાર પ્રાંતમાં લડાઈ ચલાવી તે જીતી લીધો. એના વખતમાં કેટલાંક બંડ ઉઠયાં, તે એણે તુરત સમાવી દીધાં. એ ઘણો ખબરદાર રાજા હતો, પણ એણે હિંદુઓને બહુ પીડા કરી અને તેમનાં દેહેરાં તોડયાં. એના વખતમાં પોર્ટુગીઝ લોકો કાલિકટ બંદરે ઉતર્યા, (૧૪૯૮).

ઇબ્રાહીમ લોદી ૧૫૧૭—૧૫૨૬.

ઇબ્રાહીમ લોદી ૧૫૧૭-૧૫૨૬. આ પાદશાહ એના બાપ સિકંદરના જેવા સારા ગુણો ધરાવતો ન હતો. એના નાનાભાઈ જલાલખાંએ બંડ ઉઠાવી જવાનપુર જીતી લીધું, પણ પાછળથી તેને ગ્વાલિયર અને પછી માળવા નાસી જવું પડયું અને આખરે ઇબ્રાહીમે તેને મારી નંખાવ્યો. એના હાથ નીચેના અમલદારો એની મગરૂબી અને નિર્દયપણાથી કંટાળી ગયા, અને તેમાંના પંજાબના સૂબા દોલતખાં લોદીએ તૈમૂરલંગના વંશજ કાબુલના સુલતાન બાબરને ઇબ્રાહીમના હાથમાંથી રાજ્ય લઇ લેવાને બોલાવ્યો. બાબર ૧૫૨૬માં હિંદુસ્તાનમાં આવ્યો, લાહોર જીતી લઇ બાળી નાંખ્યું, અને દિલ્હી પર

પાણીપતની લડાઈ ૧૫૨૬. ચઢાઈ કરી. ઇબ્રાહીમ તેની સામો લડવા ગયો પણ ઈ. સ. ૧૫૨૬માં પાણીપતના મેદાનમાં માર્યો ગયો. બાબર આ લડાઇ પછી દિલ્હીનો ધણી થયો, જેથી લોદી વંશની સમાપ્તિ થઇ.

લોદી વંશના રાજાઓનાં નામ, તથા તેઓની કારકીર્દિનાં વરસો.

બહલોલ લોદી	૧૪૫૦—૧૪૮૮	૩૮ વરસ.
સિકંદર લોદી	૧૪૮૮—૧૫૧૭	૨૯ વરસ.
ઇબ્રાહીમ લોદી	૧૫૧૭—૧૫૨૬	૯ વરસ.

બાબ ૯ મો.

(૮) મોગલ વંશ ૧૫૨૬—૧૫૪૦, ૧૫૫૬—૧૮૬૨.

બાબર ૧૫૨૬—૧૫૩૦.

બાબર ૧૫૨૬-૧૫૩૦. બાબર ઈ. સ. ૧૪૮૨ માં જન્મ્યો હતો. એની બહાદુરીને માટે એને લોકો "બાબર" એટલે "સિંહ" કરી કહેતા. એનું ખરૂં નામ "ઝાહિરૂદ્દીન" હતું. એ તૈમૂરલંગથી છઠ્ઠી પેઢીએ ઉતરેલો હતો. ૧૪૯૪ માં એ કાબુલમાં એના બાપ ઉમરમિરઝાના મરણ પછી ગાદીએ બેઠો, અને ત્રણ વરસ પછી એણે સમરકંદ જીતી લીધું. પાછળથી એના ઉસ્બેક નામના દુશ્મનોએ એના રાજ્યમાંથી એને ત્રણવાર કાઢી મેલ્યો, અને ત્રણવાર હિમ્મતથી પોતાનો દેશ એણે જીતી લીધો. બાબરે દિલ્હીની પાદશાહી લીધા પછી પોતાના દીકરા હુમાયુંને બીજા મુસલમાન સરદારોને વશ કરવા મોટું લશ્કર આપી મોકલ્યો. ચાર મહિનામાં હુમાયુંએ ગ્વાલિયરથી જુવાનપુર સુધીનો દેશ જીતી લીધો, અને સઘળાને તાબે કર્યા; પણ અજમેર તથા મેવાડનો રાજા સંગ, તેમજ ચંદેરિનો હાકેમ મેદનીરાય, અને મારવાડ તથા જેપુરના રજપૂતો બાબરની સત્તા સામા થયા. એમની અને બાબર વચ્ચે

સિક્રિની લડાઈ ૧૫૨૭. ચંદેરિનો ઘેરો ૧૫૨૮.

આગ્રા પાસે સિક્રિ આગળ ૧૫૨૭ માં એક મોટી લડાઈ થઇ, જેમાં રજપૂતો હાર્યા. પછી બાબરે ચંદેરીગઢને ૧૫૨૮ માં ઘેરો ઘાલ્યો. રજપૂતો બાબર સામે ઘણી બહાદૂરીથી લડયા, અને જ્યારે તેમને જીતવાની આશા રહી નહીં ત્યારે તેઓએ પોતાના બૈરાં છોકરાંને મારી નાંખ્યાં, અને તેઓ સઘળા માર્યા ગયા ત્યાં સુધી લડયા. મેદનીરાય પણ લડતાં રણમાં પડયો. આ જીતો મેળવ્યા પછી ૧૫૨૯માં બાબરે બંગાળા અને બહાર પ્રાંતો જીતી લીધા.

બાબરને હુમાયું, કામરાન, હિંદાલ અને મિરજાઅસ્કરિ નામના ચાર દીકરા હતા. એવું કહેવાય છે કે જ્યારે બાબરનો વડો દીકરો હુમાયું માંદો પડયો ત્યારે એણે પરમેશ્વરની પ્રાર્થના કરી કે મારા દીકરાનો પ્રાણ ઉગાર અને એનું દુઃખ મને આપી મારો પ્રાણ લે—એમ તે હુમાયુંના બિછાનાની આસપાસ બંદગી કરતો ત્રણ વાર ફર્યો. મુસલમાન તવારિખ લખનારાઓ કહે છે કે આથી હુમાયું બચ્યો અને બાબર પોતાની ૪૮ વરસની વયે મરણ પામ્યો, ૧૫૩૦. એની લાસ કાબુલ લઇ જવામાં આવી હતી. એ કવિતા અને ગાયનનો ઘણો શોખી હતો. એણે પોતાની રૈયતનાં સુખને માટે મુસાફરખાનાં, તળાવો ઇત્યાદિ બંધાવ્યાં. એ ઘણા મળતાવડા સ્વભાવનો અને ઉદાર મનનો હતો.

બાબર મરણ પામ્યો ૧૫૩૦.

હુમાયું ૧૫૩૦–૧૫૪૦, ૧૫૫૬–૧૫૫૬.

બાબરનો વડો છોકરો હુમાયું ૧૫૦૭ માં જન્મ્યો હતો. એના બાપના મરણ પછી ૧૫૩૦ માં એ દિલ્હીની ગાદીએ બેઠો. એણે પોતાના ભાઈ કામરાનને કાબુલ, કંદહાર અને પંજાબનો થોડોક ભાગ આપ્યો. હિંદાલને સંબલપ્રાંત, તથા મિરજાઅસ્કરિને મેવાડપ્રાંત આપી દીધા. ૧૫૩૪માં હુમાયુંએ ગુજરાતનો રાજા બાહાદુરશાહ, જે ત્યાં સ્વતંત્રપણે રાજ્ય કરતો હતો, તેને× મંદેસર આગળ હરાવી તેનો મજબુત ગઢ ચાંપાનેર માત્ર ૩૦૦ સ્વાર લઇ દિવાલપર પોતે ચઢી જઇ જીતી લીધો. અહિંયાંથી એને પુષ્કળ દ્રવ્ય મળ્યું. દિલ્હી પાછાં ફરતાં હુમાયુંએ પોતાના ભાઇ મિરજાઅસ્કરિને તે જગ્યાનો હાકેમ નિમ્યો, પણ દુશ્મનોએ તે કિલ્લો તુરત તેના હાથમાંથી પાછો લઈ લીધો. આ પછી બંગાળા અને બહારમાં શેરખાં (શિરશાહ) નામના પઠાણે બળવો ઉઠાવ્યો. એણે તરવારના એકજ ઝટકાથી એક સિંહને માર્યો તેથી એનું નામ શેરખાં પડયું હતું. હુમાયું એની સામે લડવા ગયો અને ચુનારગઢ જીતી લીધો. શેરખાંએ પછી પટણા અને

હુમાયું ૧૫૩૦-૧૫૪૦, ૧૫૫૬-૧૫૫૬ એના ભાઇ કામરાન, હિંદાલ અને મિરજાઅસ્કરિ ચાંપાનેર જીત્યો ૧૫૩૪.

× ચંબલ નદી ઉપર.

કાશીની વચ્ચે હુમાયુંના લશ્કરપર છાપો માર્યો અને ૧૫૩૯માં તેને હરાવ્યો. આ લડાઇમાં રાણી હમીદા પણ દુશ્મનોના હાથમાં પકડાઇ, પણ શિરશાહે તે બેગમને માન સહિત આગ્રે મોકલાવી આપી. હુમાયું ઘણી મુશ્કેલીથી આગ્રે નાસી ગયો, અને પોતાના ભાઇઓની મદદ મળતાંજ ૧૫૪૦માં કનોજ* આગળ શિરશાહ સામે લડયો, પણ પાછો હારી ગયો. આથી શિરશાહ દિલ્હીમાં રાજ્ય કરવા લાગ્યો.

કનોજની લડાઈ ૧૫૪૦.

બાબ ૧૦ મો.

(૯) સુર અથવા અફગાન વંશ ૧૫૪૦—૧૫૫૬.

શિરશાહ ૧૫૪૦—૧૫૪૫.

શિરશાહ ૧૫૪૦-૧૫૪૫.

શિરશાહ અફગાન સરદાર હતો. એ પોતાની હુશિયારી અને બહાદૂરીથી બંગાળાનો ધણી થઈ પડયો હતો. આ રાજા દિલ્હીમાં રાજ્ય ચલાવવાને આવ્યો, તેથી ત્યાંની રૈયત દલગીર થઇ નહીં કેમકે એણે તેમના કલ્યાણને માટે ઘણા ઉપાયો લીધા:—મેહેસૂલ લેવાની રીતમાં સુધારો કર્યો, મુસાફરખાના, રસ્તા અને તળાવો બંધાવ્યાં, અને રાજ્યમાં ઘણા સુધારા કર્યા; એ રાજા ઉપર એવો દોષ મુકવામાં આવે છે કે જ્યારે માળવાનો રાજા માલદેવ એની સામે થયો, અને રૈસ્તન (રેઝીન)ના કિલ્લામાં પોતાનાં લશ્કર સહિત બહાદૂરીથી તેણે ટકાવ કર્યો, ત્યારે એણે તે સઘળાના જીવ ઉગારવાનું વચન આપી દગાથી તેમને કાપી નાંખ્યા. આ પછી શિરશાહે મારવાડ ઉપર ચઢાઈ કરી, પણ ત્યાંના રજપૂતો પોતાનાં થોડાં લશ્કર સહિત એવા તો લડયા કે જો લશ્કર તુરત વેળા કુમકે આવી પોહોંચ્યું ન હોત તો આ રાજાને બચવું કઠણ થઇ પડત. શિરશાહ ઇ. સ. ૧૫૪૫માં બુંદેલખંડમાં કલિંજરને ઘેરો ઘાલતાં દારૂખાનું સળગવાથી દાઝીને મરણ પામ્યો. એને બે દીકરા હતા—આદિલખાં, અને જલાલખાં—જે પાછળથી સલિમશાહના નામથી ઓળખાયો.

રાજા માલદેવ.

સલિમશાહ ૧૫૪૫—૧૫૫૩.

સલિમશાહ ૧૫૪૫-૧૫૫૩.

શિરશાહ પછી તેનો દીકરો સલિમશાહ ગાદીએ બેઠો, કારણકે એના વડા ભાઇ આદિલખાંએ રાજ્ય ગાદી કબુલ રાખી નહીં. એ ઘણો અદલ રાજા હતો. એ માત્ર ૧૫૫૩ સુધી રાજ્ય કરી મરણ પામ્યો. એણે દિલ્હીમાં એક સુંદર મેહેલ બંધાવ્યો જે "સલિમગઢ"ના નામથી ઓળખાય છે. એની પછી એનો દીકરો ફિરોઝ ગાદી પર આવ્યો.

---

* આગ્રા આગળ.

ફિરોઝ ૧૫૫૩—૧૫૫૩.

ફિરોઝ ૧૫૫૩ -૧૫૫૩. આ રાજાએ માત્ર ત્રણ દિવસ રાજ્ય ચલાવ્યું; એને એના કાકા મહમદ આદિલશાહે મારી નાંખી પોતે રાજ્યપદ ધારણ કર્યું.

મહમદ આદિલશાહ ૧૫૫૩—૧૫૫૫.

મહમદઆદિલશાહ ૧૫૫૩-૧૫૫૫. મહમદ આદિલશાહ ઘણો જુલમી રાજા હતો. એનો વજીર હેમુ નામનો કોઈ નીચ વરણનો હિંદુ હતો. એ રાજાના વખતમાં ઠેકાણે ઠેકાણે બંડ ઉઠયાં, અને રાજ્યના પાંચ ભાગ થઈ ગયા. દિલ્હીનો ધણી ઇબ્રાહીમ સુર જે પાદશાહી (અફ્ગાન) કુટુંબનો હતો તે થયો. એ અફ્ગાન વંશનો ચોથો રાજા ગણાય છે. ઇબ્રાહીમને હાંકી કાઢીને તેનો પિત્રાઇ ભાઇ સિકંદર પછી રાજા થયો. એ આ વંશનો પાંચમો રાજા કહેવાય છે. આ રાજાના વખતમાં હુમાયું ઇરાનથી એક લસ્કર લઇ પાછો હિંદુસ્તાનપર ચઢી આવ્યો, અને સિકંદરને ઈ. સ. ૧૫૫૬ માં પંજાબની દક્ષિણે સરહિંદની લડાઇમાં હરાવી લાહોર, આગ્રા, અને દિલ્હી પાછાં કબજે કર્યાં.

સરહિંદની લડાઈ ૧૫૫૬

સુર અથવા અફ્ગાન વંશના રાજાઓનાં નામ, તથા તેમની કારકીર્દિનાં વરસો.

શિરશાહ	૧૫૪૦—૧૫૪૫	૫ વરસ.
સલિમશાહ	૧૫૪૫—૧૫૫૩	૮ વરસ.
ફિરોઝ	૧૫૫૩—૧૫૫૩	૩ દિવસ.
મહમદ આદિલશાહ	૧૫૫૩—૧૫૫૫	૨ વરસ.
ઇબ્રાહીમ સુર	૧૫૫૫—૧૫૫૫	થોડા દિવસ.
સિકંદર સુર	૧૫૫૫—૧૫૫૬	૧ વરસ.

બાબ ૧૧ મો.

હુમાયું ૧૫૪૦ માં કનોજ આગળ હારી ગયો ત્યાર પછી ઘણીજ મુશ્કેલીથી સિંધ તરફ નાઠો, અને ત્યાંથી મારવાડ ગયો. ત્યાં એને કંઇ આશ્રય ન મળવાથી માત્ર સાત સ્વારો સહિત એ અમરકોટ ગયો, જયાંના રજપૂત રાજાએ એને આશ્રય આપ્યો. આ જગ્યાએ ઇ. સ. ૧૫૪૩માં અકબરનો જન્મ થયો. અમરકોટમાં થોડો વખત રહ્યા પછી ૧૫૪૪માં એ ઇરાન ગયો, અને પોતાના દીકરા અકબરને કંદહાર પોતાના ભાઇ પાસે મોકલાવી દીધો. ઇરાનના રાજા તમસ્પે એને શિહાપંથ કબુલ કરાવી એક મોટું લશ્કર આપ્યું. આથી એણે તુરત કાબુલ અને કંદહાર જીત્યાં (ઇ. સ. ૧૫૪૭) અને પોતાનો ભાઇ કામરાન જે એની સામે કાવત્રાં કરતો માલમ પડયો, તેની એણે આંખો ફોડાવી નાંખી,

અકબરનો જન્મ ૧૫૪૩.

૧૫૫૩. આ પછી હુમાયુંએ એના બહાદૂર સરદાર બેરામ સાથે લાહોર ઉપર કૂચ કરી, અને ત્યાંના હાકેમ તાતારખાંને હરાવી વગર હરકતે આગળ વધ્યો. ઇ. સ. ૧૫૫૬ માં સિકંદર સુર જે દિલ્હીમાં રાજ્ય કરતો હતો, તેને સરહિંદ આગળ હરાવી એણે પોતાનાં રાજ્યનો થોડોક ભાગ પાછો જીતી લીધો; પણ એજ વરસમાં પોતાના મેહેલની આરસપહાણની સીડીપરથી પડી જવાથી એ મરણ પામ્યો.

હુમાયું મરણ પામ્યો ૧૫૫૬.

અકબર ૧૫૫૬—૧૬૦૫.

અકબર ૧૫૫૬ —૧૬૦૫.

હુમાયુંનો દીકરો અકબર ઇ. સ. ૧૫૪૩માં અમરકોટમાં જન્મ્યો હતો. એનું ખરૂં નામ જલાલુદ્દીન હતું. એ પોતાના જન્મથી તે ઇ. સ. ૧૫૫૫ સુધી કંદહાર અને કાબુલમાં રહ્યો હતો. જ્યારે હુમાયું મરણ પામ્યો, ત્યારે એ માત્ર ૧૩ વરસની વયનો હતો. આ કારણને માટે પાંચ વરસ સુધી સઘળો રાજકારભાર એના પ્રધાન બેરામ અથવા જેને ખાનબાબા કહેતા હતા તેણે ચલાવ્યો. સિકંદર સુર અને મહમદ આદિલશાહનો વજીર હેમુ અકબરની સામે લડવાને એક મોટું લશ્કર લઈ ગયા. પેહેલાં હેમુએ કેટલીક જગ્યા ઘણી બહાદૂરીથી લડાઇ કરીને જીતી લીધી, પણ પાછળથી પાણીપતના મેદાનમાં બેરામે તેને હરાવ્યો અને મારી નાંખ્યો, ઈ. સ. ૧૫૫૬. સિકંદર પણ થોડા વખતમાં અકબરને તાબે થયો. ઇ. સ. ૧૫૬૦ માં અકબરે પોતાના પ્રધાનના હાથમાંથી ૧૮ વરસની વયે સઘળી સત્તા છીનવી લીધી, કારણ કે એ ગર્વિષ્ટ અને તીખા સ્વભાવનો થયો હતો એટલુંજ નહીં પણ પોતાની સત્તાનો ગેરઉપયોગ કરવા લાગ્યો હતો. બેરામે પોતાની સત્તા ખોવાથી એક બંડ ઉઠાવ્યું, પણ અકબરે તુરત તે બેસાડી દીધું. આ પછી બેરામ મક્કેજવા નિકળ્યો પણ ગુજરાતમાં તેને મુબારકખાં નામના કોઇ પઠાણ દુશ્મને મારી નાંખ્યો, ઇ. સ. ૧૫૬૦.

પાણીપતની લડાઈ ૧૫૫૬.

બેરામને મારી નાંખ્યો ૧૫૬૦.

ખાનઝમાન, રાજબહાદૂર, આદમખાં, અબદુલખાં અને બીજા ત્રણ મુસલમાન સરદારો અકબરની સત્તા સામા થયા, અને બંડ ઉઠાવ્યાં. અકબર એ સઘળા સામે સાત વરસ સુધી લડયો, અને તેમને વશ કર્યા (૧૫૬૦–૧૫૬૭). આ પછી આ પાદશાહ જેપુરના રાજા ભારમલ, ઉદેપુર (ચિતોડ)ના સંગ રાજાના દીકરા ઉદયસિંગ, અને જોધપુરના રાજા માલદેવ જોડે ૧૫૬૭–૧૫૭૨ સુધી લડયો, અને ચિતોડ જીતી લઇ અકબર જોધપુરના રાજા માલદેવની દીકરી જોડે પરણ્યો. જાંહાંગીર આ રાણીનો કુંવર હતો. જેપુરના રાજા ભગવાનદાસે પણ અકબરને

અકબરે ચિતોડ જીતી લીધો. ૧૫૬૭.

કન્યા દીધી. આ રાજાએ તેમજ તેના કુંવર **માનસિંગે અકબરને** તેના શત્રુઓને વશ કરવાને ઘણી મદદ આપી, અને તેઓ આ પાદશાહથી બહુ માન પામ્યા. **અકબરે** સઘળા રજપૂત રાજાઓને વશ કર્યા ખરા, પણ તેઓએ પાછળથી પોતાનાં રાજ્યનો ઘણો ખરો ભાગ જીતી લીધો, અને ઉદેપુર રાજધાની કરી.

અકબરે પોતાનાં લાંબાં રાજ્યમાં ગએલી જગ્યાઓ પાછી જીતી લીધી અને ઘણી નવી જીતો મેળવી:—

૧૫૭૩—**ગુજરાત** ત્યાંના મુજફ્ફર રાજાને હરાવી જીતી લીધું અને તે પોતાનાં રાજ્ય સાથે જોડી નાંખ્યું.

૧૫૭૬—**બંગાળા દાઉદ** સરદારને હરાવી પાછું જીતી લીધું.

૧૫૮૬—**કાશ્મીર** સર કર્યું.

૧૫૯૨—**ઓઢિઆ માનસિંગે** તાબે કર્યું.

૧૫૯૨—**સિંધ** જીતી લીધું.

૧૫૯૪—**કંદહાર** પાછું **મેળવ્યું**.

૧૫૯૫—**અકબરે અહમદનગર** જીતવાને પોતાના છોકરા **મોરાદ** અને એના આગલા વજીર **બેરામના** દીકરા **મિરજાખાંને** મોકલ્યા, પણ **બીજાપુરના** અલિઆદિલશાહની વિધવા રાણી **ચાંદબીબીએ** ઘણી બહાદૂરીથી તે જગ્યાનો બચાવ કર્યો, અને **મોરાદ** અને **મિરજાખાંના** લસ્કરને મારી કાઢ્યું. આખરે **૧૫૯૯** માં જ્યારે એ રાણીનું તેના વેરીઓએ ખુન કર્યું, ત્યારે ત્યાંની થોડીક જગ્યા **અકબરે** જીતી લીધી, અને **ચાંદબીબીના** દીકરા **નિઝામશાહને ગ્વાલિયરના** કિલ્લામાં કેદ કર્યો; બાકીની થોડીક જગ્યા ત્યાંના હબસી વજીર **મલીકઅંબરે** પોતાના મરણ (૧૬૨૬) સુધી બચાવી રાખી. આ જગ્યા પણ આખરે **અકબરના** પૌત્ર **શાહજહાંએ** ૧૬૩૭ માં જીતી લીધી.

ચાંદબીબી. મલીકઅંબર.

૧૬૦૧—**અકબરે ખાનદેશ** ખાલસા કર્યો.

આ પ્રમાણે આ પાદશાહે પોતાની સત્તા પશ્ચિમે અફગાનિસ્તાન, ઉત્તરે કાશ્મીર અને પંજાબ, પૂર્વે અયોધ્યા અને બંગાળા, અને દક્ષિણે માળવા અને ગુજરાત સુધી ફેલાવી, તેમજ પોતાની રૈયતને ઘણી સુખી કરી. બધા મુસલમાન રાજાઓમાં એ ઉત્તમ રાજા હતો. એણે હિંદુઓ ઉપરનો જજીઆવેરો કાઢી નાંખ્યો, અને ધર્મને માટે કોઇને પીડા કરી નહીં. પોતે ઘણો ભણેલો હોવાથી દરેક જાતની વિદ્યાને એ ઉત્તેજન આપતો. એણે પોતાના રાજ્યના ૧૮ પ્રાંત પાડયા અને તે દરેક ઉપર અકેકો સૂબો નિમ્યો; વસૂલાત, ન્યાય અને લસ્કરી એવાં જુદાં ત્રણ ખાતાં પાડયાં; મેહેસૂલ લેવાની રીતમાં સુધારો કર્યો; હિંદુઓને તેમની લાયકી પ્રમાણે ઊંચા હોદ્દા આપ્યા; ગેરવાજબી કરો કાઢી નાંખ્યા, અને સતી થવાની માઠી ચાલનો અટકાવ કર્યો. **અકબરના** વખતમાં

ઘણાક મહાન પુરૂષો હતા, જેમાં મુખ્ય રાજા ટોડરમલ્લ નામે એક હિંદુ જે મેહેસૂલ ખાતાનો વડો હતો તે, એ પાદશાહનો વજીર અબુલફાઝલ જેણે "આઇને અકબરી" નામના પુસ્તકમાં અકબરનું જન્મ ચરિત્ર લખ્યું છે તે તથા એ વજીરનો વડો ભાઇ ફૈઝી હતા. અકબરને ત્રણ દીકરા હતા—(૧) સલીમ જેણે ૧૬૦૧ માં પોતાના બાપ સામેજ બંડ ઉઠાવ્યું હતું, અને જે અકબર પછી ગાદીએ બેઠો, (૨) મોરાદ જે ૧૫૯૯માં મરણ પામ્યો, અને (૩) ડેનિયલ જે ૧૬૦૪માં મરણ પામ્યો. એનો વડો પુત્ર સલીમ સારી ચાલનો ન હોવાથી અકબરને ઘણું દુઃખ લાગતું, તોપણ મરતી વેળા એણે પોતાના સઘળા ઉમરાવોને બોલાવી તેમના દેખતાં સલીમને રાજ્યનો વારસ ઠરાવ્યો, જેથી કરીને એનાં મરણ પછી રાજ્યમાં ગાદી માટે કાંઇ બખેડા થાય નહીં. અકબર ઈ. સ. ૧૬૦૫ માં મરણ પામ્યો. એની લાસ આગ્રામાં દાટવામાં આવી હતી.

અકબરના દીકરા સલીમ, મોરાદ, ડેનિયલ.

અકબર મરણ પામ્યો ૧૬૦૫.

સલીમ ૧૬૦૫—૧૬૨૭.

સલીમ ૧૬૦૫-૧૬૨૭.

અકબરના વડા દીકરા સલીમે ગાદીએ બેસતાં જાંહાંગીર એટલે "દુનિયા જીતનાર" એવું નામ ધારણ કર્યું. એણે અહમદનગર, બિજાપુર અને ગોવળકોંડાના રાજ્યોપર હુમલો કરી ખંડણી લીધી અને એના છોકરા શાહજહાંએ ઉદેપુર ઉપર હુમલો કરી ત્યાંના રાણા અમરસિંહને હરાવ્યો, ઇ. સ. ૧૬૧૪. આરંભમાં સલીમે એના બાપના કીધેલાં સર્વ કામો જારી રાખ્યાં, પણ પાછળથી તેમ કર્યું નહીં. ઇ. સ. ૧૬૧૧ માં જાંહાંગીર નુરજહાં (દુનિયાંનું તેજ) સાથે પરણ્યો. નુરજહાં અયાઝ નામના કોઇ ગરીબ ઇરાની ઉમરાવની ઘણી રૂપાળી બેટી અકબરના જનાનખાનામાં તેની મા જોડે જતી. જ્યારે અકબર જીવતો હતો ત્યારે સલિમે તેને જોઇને તેની સાથે પરણવા માંગ્યું, પણ અકબરે તેમ ન કરતાં તેને શીરઅફગાન નામના એક બહાદૂર હાકેમ સાથે પરણાવી. જ્યારે સલીમ ગાદીએ બેઠો ત્યારે તેણીની સાથે પરણવાના વિચારથી તેણીના ભરથારને તેણે સમજાવ્યો, પણ જ્યારે તેણે તેમ કરવાના કહી ત્યારે જાંહાંગીરે તેને મારી નંખાવ્યો. આથી નુરજહાં ઘણી ગુસ્સે થઈ, પણ આખરે થોડા વખતમાં તેણી સલીમ જોડે પરણી અને તેણીના બાપ અને ભાઇને તેણીએ મોટી મોટી પદ્દીઓ અપાવી.

જાંહાંગીર નુરજહાં જોડે પરણ્યો ૧૬૧૧.

સલીમને પોતાના છોકરાઓથી ભારે દુઃખ ખમવું પડ્યું હતું. એના

સલીમના દીકરા ખુશરૂ, પરવીઝ, શાહજહાં, અને શહેરિયાર.

વડા દીકરા ખુશરૂએ એની સામે બંડ ઉઠાવ્યું, પણ તે આ પાદશાહે તુરત બેસાડી દીધું, અને ખુશરૂને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કર્યો, જ્યાં તે ૧૬૨૧માં મરણ પામ્યો. એનો બીજો દીકરો પરવીઝ જેને એણે દક્ષિણનો સૂબો બનાવ્યો હતો તે ૧૫૨૬માં મરણ પામ્યો. ઈ. સ. ૧૬૨૩ માં એના ત્રીજા દીકરા શાહજહાંએ પણ બંડ ઉઠાવ્યું, કારણકે સલીમની મરજી પોતાના ચોથા દીકરા શહેરિયારને ગાદી આપવાની હતી.

મોહબતખાંએ સલીમને કેદ કર્યો ૧૬૨૬.

ઇ. સ. ૧૬૨૫ માં નુરજહાંને મોહોબતખાં નામના એક અમીર જોડે કજીઓ થયો, કારણ કે એ અમીરે સલીમના બીજા દીકરા પરવીઝનો પક્ષ કર્યો હતો. નુરજહાંએ એનાપર ખોટાં તોહોમતો મુકી એને ઘણો સતાવ્યો, તેથી આ અમીરે ૫,૦૦૦ રજપૂત સ્વારો લઇ સલીમને કેદ કર્યો, ૧૬૨૬. નુરજહાંએ સલીમને છોડવવાના ઘણાક ઉપાયો લેઈ આખરે તેને છોડવ્યો. કેદમાંથી છુટયા પછી તે

સલીમ મરણ પામ્યો ૧૬૨૭. કેપ્તન હોકિન્સ ૧૬૦૭.

થોડા વખતમાં કાસ્મીરથી લાહોર જતાં તેની ૬૦ વરસની વયે ઇ. સ. ૧૬૨૭ માં મરણ પામ્યો. આ રાજાની દરબારમાં ઇ. સ. ૧૬૦૭માં "કમ્પનીએ" કેપ્તન હોકિન્સ નામના એક ગૃહસ્થને મોકલ્યો હતો, અને પછી ઈંગ્લાંડના પહેલા જેમ્સ રાજા તરફથી અંગ્રેજી એલચી સર ટોમસ રો ૧૬૧૫માં આવ્યો

સર ટોમસ રો ૧૬૧૫.

હતો. એ બન્નેને સલીમે પેહેલાં સારો આવકાર દીધો, પણ પાછળથી મોકિબખાં નામના સૂબાના, તેમજ નુરજહાંનો ભાઈ અસોફખાં જે વજીર થયો હતો તેના, અને સલીમના છોકરા શાહજહાંના સમજાવ્યાથી પાદશાહે તેમને દરબાર છોડી જવાનો હુકમ કર્યો.

સલીમ સમજવાળો અને ઇનસાફી પણ દારૂડીઓ હતો. પોતાની રૈયતની ફરિયાદ પોતે સાંભળવાને માટે પોતાના ઓરડાની અંદરથી તે જમીન સુધી એક લાંબી સાંકળ રાખતો; જે સાંકળનો છેડો તેના મેહેલમાં હતો તેની સાથે ઘંટો બાંધેલા હતા, માટે જ્યારે કોઇ ફરિયાદ કરવા જતો, ત્યારે તે સાંકળ તે ખેંચતો, જેથી ઘંટાનો અવાજ થતો, અને પાદશાહ તે માણસને પોતાની આગળ બોલાવીને તેની ફરિયાદ સાંભળી લેતો.

શાહજહાં ૧૬૨૭—૧૬૫૮.

શાહજહાં ૧૬૨૭-૧૬૫૮.

શાહજહાંએ જેવા પોતાના બાપના મરણના સમાચાર સાંભળ્યા કે તુરત તે આગ્રે ગયો. એનો ભાઇ શહેરિઆર એની સામો થયો, પણ શાહજહાંએ નુરજહાંના ભાઇ અસોફખાંની મદદથી તેને

ખાંજહાં લોદીએ બંડ ઉઠાવ્યું ૧૬૨૯.

હરાવી મારી નાંખ્યો. દક્ષિણનો સૂબો **ખાંજહાં લોદી** પણ આ પાદશાહની સામો થયો (૧૬૨૯), અને **અહમદનગર**ના રાજા સાથે મળી જઇ લડવા તૈયાર થયો. **શાહજહાંએ** અસોફખાંને એક લશ્કર આપી મોકલ્યો, જેણે **ખાંજહાં**ને હરાવ્યો. આ પાદશાહે **કાબુલ** તથા દક્ષિણમાં લડાઇઓ ચલાવી, અને જય મેળવ્યો. **બિજાપુર** તથા **ગોવળકોંડા**ના રાજ્યો, જે આ વખત સુધી સ્વતંત્ર રહ્યાં હતાં, તેમની ઉપર ચઢાઇ કરી ખંડણી લીધી. મરેઠી રાજ્યનો સ્થાપનાર **શિવાજી**નો બાપ **શાહજી** **બિજાપુર**ની ચઢાઇની વખતે **શાહજહાં** સામે ઘણી બહાદૂરીથી લડયો હતો. **શાહજહાંએ** ૧૬૩૧માં **બંગાળા**માં **પોર્ટુગીઝ** લોકનાં જે થાણાં હતાં, તે સઘળાં લઇ લીધાં, અને તેમને ત્યાંથી હાંકી કાઢયા. ઇ. સ. ૧૬૩૭માં **કંદહાર** **શાહજહાં**ને હાથ આવ્યું પણ ૧૬૪૯માં ઇરાનીઓએ તે પાછું જીતી લીધું. **નૂરજહાં** **સલિમ**ના મરણ પછી રાજ્યની સઘળી ખટપટ છોડી દેઇ એકાંત જગ્યાગાં જઇ રહી, જ્યાં તેણી ૧૬૪૬માં મરણ પામી.

નુરજહાં મરણ પામી ૧૬૪૬. શાહજહાંના છોકરા—દારા, સુજા, ઔરંગજેબ અને મુરાદ.

શાહજહાંને ૪ દીકરા હતા—**દારા**, **સુજા**, **ઔરંગજેબ** અને **મુરાદ**. એ ચારેમાં જુદા જુદા ગુણો હતા: **દારા** બહાદૂર પણ ભોળો હતો; **સુજા** વિષયી અને હિચકારો હતો; **ઔરંગજેબ** લોભી, બુદ્ધિવાન, બહાદૂર, અને કપટી હતો; **મુરાદ** વિષયી અને કમ અકકલનો પણ બહાદૂર હતો. આ ચાર છોકરા શિવાય **પાદશાહબેગમ** અને **રોશનરાય** નામની **શાહજહાં**ને બે દીકરી હતી.

ઇ. સ. ૧૬૫૭માં **શાહજહાં** ઘણો માંદો પડયો, ત્યારે **દારા** તેના બાપ પાસે **આગ્રે** હતો, **સુજા** **બંગાળા**માં, **ઔરંગજેબ** દક્ષિણમાં, અને **મુરાદ** ગુજરાતમાં હકૂમત ચલાવતા હતા.

ઔરંગજેબનો છળભેદ.

જ્યારે આ છોકરાઓએ પોતાના બાપના મંદવાડના સમાચાર સાંભળ્યા, ત્યારે **સુજા** અને **મુરાદે** ગાદીના ધણી થવાના વિચારથી પાયતખ્ત ભણી કૂચ કરી. **ઔરંગજેબ**, **ગોવળકોંડા**ના પ્રખ્યાત સરદાર મિરજુમલાને પોતાના પક્ષમાં લઇ, પોતાના બેવકુફ ભાઇ **મુરાદ** સાથે મળી ગયો અને તેને સમજાવ્યું કે મારે તો **મકકે** જઇ ભકિત કરી મારો વખત કાઢવો છે; પણ હું એમ કરૂં તે પહેલાં મારી ઇચ્છા તને ગાદી અપાવવાનીછે, કારણ કે તારા શિવાય બિજા ભાઇઓ રાજ ચલાવવાને યોગ્ય નથી. **મુરાદે** **ઔરંગજેબ**ના બોલવાપર પૂર ભરોસો રાખ્યો, અને તેની સાથે મળી ગયો. પહેલાં **દારાએ** પોતાના ભાઇ **સુજા**ને ૧૬૫૭માં **કાશી** આગળ હરાવ્યો;

કાશીની લડાઇ ૧૬૫૭. ઉજ્જણની લડાઇ ૧૬૫૮. આગ્રાની લડાઇ ૧૬૫૮.

પણ ૧૬૫૮માં **ઔરંગજેબ** અને **મુરાદે** **દારા**ના સેનાપતી જસવતસિંહને પેહેલાં **ઉજ્જણ** આગળ અને પછી તેજ વરસમાં દારાને **આગ્રા** આગળ હરાવ્યો. એમ કહેછે કે **દારા**ના હાથીને કંઇ લાગ્યાથી તે ઘણો મસ્તાન થયો માટે **દારા** નીચે ઉતરી પડયો; પણ લશ્કરને તે વિષે કંઇ ખબર ન હોવાથી, તેમજ વળી હાથીને ખાલી જેવાથી, તેઓએ એમ

વિચાર્યું કે દારા માર્યો ગયો—અને તેથી તેઓ સઘળા નાસી ગયા. દારા આગ્રા આગળ હારી ગયા પછી દિલ્હીમાં નાસી ગયો. ઔરંગજેબે આ ફતેહ મેળવ્યા પછી તુરત પોતાના બાપને એક કિલ્લામાં પૂર્યો, અને દારાની પુઠે દિલ્હી ગયો. રસ્તે જતાં ઔરંગજેબે મુરાદને પણ કેદ કર્યો, અને દિલ્હીમાં પોતાના નામની દુવાઇ ફેરવી, ઈ. સ. ૧૬૫૮.

ઔરંગજેબે પોતાના નામની દુવાઈ ફેરવી ૧૬૫૮. શાહજહાં મરણ પામ્યો. ૧૬૬૮.

શાહજહાં ૧૬૬૮ માં બંદીખાને રહીને મૂઓ. તાજમેહેલ જે એક અતિ સુંદર ઇમારતછે, તે આ પાદશાહે પોતાની બેગમ મુમતાજમહાલની યાદગિરી સારૂ બંધાવ્યો હતો. શાહજહાં ન્યાયી અને ખબરદાર હતો, અને પ્રજાપર ઘણું હેત રાખતો હતો. એણે એક ઘણુંજ સુંદર તખ્ત બનાવ્યું જે બનાવવાનો ખરચ ૬ા કરોડ રૂપિયાનો થયો હતો.

ઔરંગજેબ ૧૬૫૮—૧૭૦૭.

ઔરંગજેબ અથવા આલમગીર પહેલો ૧૬૫૮-૧૭૦૭

ઔરંગજેબ અથવા આલમગીર પેહેલાએ પોતાના ભાઇઓને દગાથી તેમજ ખુલ્લી રીતે લડાઇઓ કરીને વશ કર્યાઃ—દારા જ્યારે મુલતાનથી નાસી જતો હતો ત્યારે તેને ત્યાંના સૂબા જહાનખાંએ પકડી ઔરંગજેબ પાસે મોકલાવી આપ્યો, જેણે ૧૬૫૯માં તેને મારી નંખાવ્યો. સુજા ૧૬૫૯માં કજવાની * લડાઇમાં હારી જઇ આરાકાન નાસી ગયો, જ્યાં તે ૧૬૬૦માં મરણ પામ્યો; અને મુરાદને કંઇ બહાનું કાઢી ૧૬૬૧ માં મારી નાંખ્યો. આ પ્રમાણે એણે પોતાના હરીફોને મારી નાંખી "આલમગીર" અથવા દુનિયાં જીતનારનાં નામથી રાજ્ય ચિન્હો ધારણ કર્યાં. શાહજહાંને બંદીખાનેથી છોડવવાને જોધપુરના રાજા જસવંતસિંહે અને બીજા કેટલાકોએ યુક્તિઓ કરી હતી પણ તેમાં તેઓ ફાવ્યા ન હતા.

કજવાની લડાઇ ૧૬૫૯.

ઔરંગજેબે પોતાના બાપથી ઉલટી રીતે ચાલીને હિંદુઓ ઉપર ભારે વેરા નાંખ્યો, અને તેમના દેહેરાં લૂંટી તેમના ઉપર ઘણી તરેહના ધર્મ સંબંધી જુલમો ગુજાર્યાં, તેમજ તેમને સરકારી હોદ્દાપરથી દૂર કર્યા; આથી એના રાજ્યમાં શાંતી રહી નહીં. દિલ્હીની નૈઋત્ય કોણે નારોળ ગામમાં સતરામી નામના હિંદુઓએ બંડ ઉઠાવ્યું, અને ઔરંગજેબના લશ્કરને ઘણીકવાર મારી હાંકી કાઢયું. આખરે જ્યારે એ રાજા પોતે એક લશ્કર લઈ ત્યાં ગયો, અને તેમને હરાવ્યા, ત્યારે તેઓ તાબે થયા, ઈ. સ. ૧૬૭૬.

નારોળમાં બંડ ૧૬૭૬.

જોધપુરના રાજા જસવંતસિંહે ઔરંગજેબને હિમ્મતથી એક

*કજવા— અલાહબાદથી આસરે ૩૦મેલ દૂર.

ફાગળ લખી હિંદુઓપર જુલમ નહીં ગુજારવાને સમજાવ્યો; પણ આ પાદશાહે તે ઉપર કંઇ ધ્યાન આપ્યું નહીં એટલુંજ નહીં, પણ ૧૬૭૭ માં જસવંતસિંહના મરણ પછી એ તેની સ્ત્રી અને બે કુંવરો ઉપર પણ જુલમ ગુજારવા લાગ્યો; આથી જેપુરનો રાજા રામસિંહ, મેવાડનો રાજસિંહ, અને બીજા ઘણાક રજપૂત રાજાઓ ઔરંગજેબની સામા થયા. એમને વશ કરવા ને પાદશાહે પોતાના છોકરા મોઆજીમ, આજમ, અને અકબરને એકમોટું લશ્કર આપી મોકલ્યા, જેઓએ તેમને હરાવી તેમના ઉપર બહુ જુલમ ગુજાર્યો. ઔરંગજેબે ૧૬૮૩–૧૭૦૭ સુધી દક્ષિણમાં લડાઇઓ ચલાવી અને ૧૬૮૬ માં સિકંદર આદિલશાહને હરાવીને બિજાપુર, ૧૬૮૭માં અબુલહુસેનને હરાવીને ગોવળકોંડા, અને ૧૭૦૦માં સતારા જીતી લીધાં. ઇ. સ.

અંગ્રેજી એલચી સર વિલિયમ નોરિસ ૧૭૦૧.

૧૭૦૧માં અંગ્રેજી એલચી સર વિલિયમ નોરિસે ઔરંગજેબની ભેટ લીધી હતી. આ પાદશાહે પોતાની સત્તા છેક કન્યાકુમારિ સુધી ફેલાવી, અને જમાબંધીની ઉપજના ૩૬ ક્રોડ રૂપિયા વસુલ કર્યા.

ઔરંગજેબ મરણ પામ્યો ૧૭૦૭.

ઔરંગજેબ ૧૭૦૭માં અહમદનગરમાં પોતાની ૮૯ વરસની વયે મરણ પામ્યો. એનાં મરણ પછી મોગલ સત્તા પડી ભાંગી.

મોગલ વંશની પડતીનાં કારણ:—

મોગલવંશની પડતીના કારણ.

૧—ઔરંગજેબ પછી બીજા ૧૧ રાજા થઈ ગયા. તે ઘણા નબળા હતા. ૨—મરેઠા તથા શીખલોકોનું જોર વધતું ગયું. ૩-ઔરંગજેબના રજપૂતો અને મરેઠા ઉપરના જુલમને લીધે ઘણાંક રાજ્યો મોગલ રાજ્યની સામા થઇ સ્વતંત્ર થયાં. ૪—મોગલ રાજ્ય ઉપર દેખરેખ રાખવાને જે સૂબેદારો અને નવાબો હતા તેઓ પણ લાગ જોઈ તે જગ્યાના ધણી થયા. આ પ્રમાણે દક્ષિણમાં નિઝામનું, મ્હેસૂરમાં હૈદરઅલ્લીનું, અયોધ્યા અને બંગાળામાં નવાબોનું, પંજાબમાં શીખ લોકનું અને દક્ષિણ તથા પૂર્વ કાંઠા ઉપર અંગ્રેજ અને ફ્રેન્ચ રાજ્યો થયાં. ૫—હિંદુસ્તાનપર નાદિરશાહ તથા અહમદશાહ અબદલીની ચઢાઇ. આ મોગલવંશની પડતીનાં કારણ હતાં.

ઔરંગજેબને પાંચ શાહજાદા હતા—મહમદ જે ૧૬૬૭માં ગ્વાલિયરમાં મરણ પામ્યો તે, મોઆજીમ, અકબર, આજમ, અને કામબક્ષ.

મોઆજીમ, શાહઆલમ ૧ લાના નામથી ગાદીએ બેઠો.

આગ્રાની બીજી લડાઈ ૧૭૦૭. હૈદ્રાબાદની લડાઇ ૧૭૦૮.

આજમ એની સામો થયો, પણ ૧૭૦૭ માં આગ્રા આગળની લડાઇમાં માર્યો ગયો. કામબક્ષ પણ મોઆજીમ સામો લડવાગયો પણ ૧૭૦૮માં હૈદ્રાબાદની લડાઇમાં માર્યોગયો.

બાબ ૧૨ મો.

શાહઆલમ ૧૭૦૭—૧૭૧૨.

શાહઆલમ ૧લો. ૧૭૦૭–૧૭૧૨.

આ રાજાએ મરેઠા, રજપૂત અને શીખ લોકો સાથે દોસ્તી કરી પોતાની નબળાઇ દેખાડી. એ ઇ. સ. ૧૭૧૨માં મરણ

પામ્યો. એના વખતમાં ઉદેપુર, મારવાડ, અને જેપુરના રાજાઓ સ્વતંત્ર થયા. એણે પોતાનાં છેલ્લાં પાંચ વરસ શીખ લોકોને વશ કરવામાં કાઢયાં, પણ તેમાં એ ફાવ્યો નહીં. રાજ્યની સઘળી સત્તા જુલફિકરખાં નામના વજીરના હાથમાં હતી.

જહાંદારશાહ ૧૭૧૨—૧૭૧૩.

જહાંદારશાહ ૧૭૧૨-૧૭૧૩.

જહાંદારશાહ શાહઆલમનો વડો છોકરો હતો. એણે જુલફિકરખાંની મદદથી પોતાના ભાઇ ભત્રિજાને મારી નાંખી ગાદી લીધી. એનો બીજો ભત્રિજો ફરૂખશિર જે બચી ગયો હતો, તેને બહારના સૂબા સૈયદ હસને અને અલાહબાદના સૂબા સૈયદ અબદલ્લાએ મદદ આપી.

આગ્રાની(૩ જી) લડાઇ ૧૭૧૩.

આગ્રા આગળ એક મોટી લડાઇ થઇ જેમાં જુલફિકરખાં અને જહાંદારશાહ બન્ને માર્યા ગયા, ઇ. સ. ૧૭૧૩.

ફરૂખશિર ૧૭૧૩—૧૭૧૯.

ફરૂખશિર ૧૭૧૩-૧૭૧૯.

ફરૂખશિરનું ઉપર કહેલા બે સૈયદો આગળ કંઈ ચાલતું નહતું. એ માત્ર નામનોજ રાજા હતો. એ મારવાડના રાજા અજીતસિંહની દીકરી જોડે પરણ્યો હતો. જ્યારે એ રાજા માંદો પડયો ત્યારે હેમિલ્ટન નામના એક અંગ્રેજી વૈદે એને સાજો કર્યો. આથી રાજાએ ખુશી થઇ તેને કેટલીએક જાગીરો આપી, અને અંગ્રેજી માલ પરથી જકાત કાઢી નાંખી, ૧૭૧૬. ફરૂખશિરે ઉપર કહેલા સૈયદોના હાથમાંથી નિકળી જવાને ઘણાં કાવત્રાં કર્યાં, પણ આખરે તેઓએ એને મારી નાંખ્યો, અને ઔરંગજેબના છોકરા અકબરના પૌત્ર રફિયુદરજાત નામના એક બાળકને ગાદી આપી. આ બાળક પાંચ માસમાં મરણ પામ્યું, ઇ. સ. ૧૭૧૯.

રફિયુદરજાત ૧૭૧૯.

એ પછી એના ભાઈ રફિયુદ્દોલાને તેઓએ ગાદીએ બેસાડયો.

રફિયુદ્દોલા ૧૭૧૯.

એ પણ જ્યારે ત્રણ માસ રહી મરણ પામ્યો (ઈ. સ. ૧૭૧૯), ત્યારે એજ સૈયદો, જેઓ "કીંગમેકર" એટલે પાદશાહ બનાવનાર કહેવાય છે તેઓએ શાહઆલમના પૌત્ર મહમદશાહને ગાદી આપી. મહમદશાહ બાબરથી ગણતાં ૧૨ મો રાજા હતો.

મહમદશાહ ૧૭૧૯—૧૭૪૮.

મહમદશાહ ૧૭૧૯-૧૭૪૮.

આ રાજાના વખતમાં "પાદશાહ બનાવનાર" સૈયદો હુસન અને અબદલ્લાની પડતી આવી. દક્ષિણના સૂબેદાર નિઝામઉલમુલ્કે અને ઓઢીઆના સૂબા સાદતખાંએ તેમની સામે બંડ ઉઠાવ્યું. હસન દગાથી માર્યો ગયો, અને ઇ. સ. ૧૭૨૦માં દિલ્હી અને આગ્રાની વચ્ચે શાહપુરની લડાઈમાં અબદલ્લા હારી ગયો.

શાહપુરની લડાઈ ૧૭૨૦.

પાંચ વરસ વજીર તરીકે કામ ચલાવી ૧૭૨૪માં નિઝામઉલમુલ્ક સ્વતંત્રપણે દક્ષિણમાં રાજ્ય ચલાવવા લાગ્યો, જ્યાં તે ૧૭૪૮માં તેની ૧૦૪ વરસની વયે મરણ પામ્યો; એના વંશજો હૈદ્રાબાદના નિઝામો છે. આ વખતે નિઝામઉલમુલ્કની પેઠે અજમેરનો રાજા અજીતસિંહ પણ સ્વતંત્ર થયો. મહમદશાહના વખતમાં નાદિરશાહ

નાદિરશાહની ચઢાઈ ૧૭૩૮.

નામના એક ઇરાનીએ ઇ. સ. ૧૭૩૮માં હિંદુસ્તાનપર ચઢાઇ કરી; એણે કર્નાલની લડાઇમાં મોગલોને હરાવ્યા, દિલ્હી તાબે કર્યું, ત્રીસ હજાર રહેવાશીઓને કતલ કર્યા, અને પુષ્કળ દ્રવ્ય લઈ એ પાછો ઇરાનગયો, જ્યાં ૧૭૪૭માં એના કોઇ શત્રુએ તંબુમાં ધુસી જઈ એને મારી નાંખ્યો. **નાદિરશાહ**ના લશ્કર સાથે **અહમદશાહ અબદલી** હિંદુસ્તાનમાં એક સરદાર તરીકે પેહેલી વખત આવ્યો હતો.

અહમદશાહ અબદલી.

અહમદશાહે આ દેશપર પાછળથી છ ચઢાઇઓ કરી, અને છેલ્લી લડાઇમાં મરેઠાઓને પાણીપત આગળ ઇ. સ. ૧૭૬૧ માં હરાવ્યા (જુઓ પ્રકરણ ૫ મું). ઇ. સ. ૧૭૪૪માં **અલીમહમદ** નામના એક **રોહિલા** જાતના લૂંટારાએ **ઓઢિ**આમાં સ્વતંત્ર સત્તા સ્થાપી. ઈ. સ. ૧૭૪૮માં **અહમદશાહ** અબદલી જ્યારે હિંદુસ્તાન ઉપર મોટું લશ્કર લઈ પેહેલીવાર ચઢી આવ્યો

સરહિંદની લડાઇ ૧૭૪૮.

ત્યારે **મહમદશાહે** તેને **સ્થાનેશ્વરની** ઉત્તરે **સરહિંદ** આગળ હરાવ્યો, અને એજ વરસમાં એ મરણ પામ્યો. એની પછી એનો છોકરો **અહમદશાહ** ગાદીએ બેઠો.

અહમદશાહ ૧૭૪૮—૧૭૫૪.

અહમદશાહ ૧૭૪૮-૧૭૫૪.

અબદલીની બીજી ચઢાઇ ૧૭૪૮.

આ રાજાના વખતમાં ઘણા ખરા સઘળા સૂબાઓ સ્વતંત્ર થયા. અહમદશાહ અબદલીએ ૧૭૪૮ માં બીજીવાર ચઢાઇ કરી ત્યારે આ રાજાએ તેને **લાહોર** તથા **મુલતાન** આપી શાંત પાડયો. આ વખતે **મલ્હારરાવ હોલ્કરે** એકાએક ચઢી આવી **દિલ્હી** જીતી લીધું. **નિઝામઉલમુલ્ક**ના પૌત્ર **ગાઝીઉદ્દીન**ની સલાહથી અમીરોએ એ પાદશાહને પદભ્રષ્ટ કરી આંધળો કર્યો. આ રાજા ૧૭૫૪માં કેદખાનામાં મરણ પામ્યો.

આલમગિર ૨ જો ૧૭૫૪—૧૭૫૯.

આલમગિર ૨જો ૧૭૫૪-૧૭૫૯.

ગાઝીઉદ્દીને અહમદશાહના કાકા **આલમગિરને** ગાદી આપી. **ગાઝીઉદ્દીન સૈયદ હુસન** અને અબદલ્લાની માફક તેમના મરણ પછી "**કીંગમેકર**" (પાદશાહ બનાવનાર) થયો હતો, એટલે રાજ્યની સઘળી સત્તા એના હાથમાં આવી હતી. એ સરદાર ઘણો દગલબાજ હતો. પોતાનું કામ કાઢી લેવાને એ હરેક જાતના ઉપાયો લેવાને ડરતો નહીં. એણે એ રાજાનું ખુન કરાવ્યું, અને એનું માથું નદીમાં નંખાવી દેઈ એની જગ્યાએ એક છોકરાને ગાદીએ બેસાડયો. પણ આ પાદશાહને કોઇએ માન્યો નહીં, અને લોકો સામા થયા, તેથી **ગાઝીઉદ્દીન**ને નાસવું પડયું. **મરેઠા** લશ્કરે **સદાશિવરાવ**ની સરદારી નીચે **દિલ્હી** જીતી લીધું, પણ **અબદલીએ** તે પાછું જીતી લઇ **શાહઆલમ** બીજાને ગાદીએ બેસાડયો.

શાહઆલમ ૨ જો ૧૭૫૯—૧૮૦૬.

શાહઆલમ ૨ જો ૧૭૫૯-૧૮૦૬.

આ પાદશાહને એના બાપના મરણ પછી લગભગ બે વરસ બાહેર રખડવું પડયું. એને **નાજીબઉદ્દૌલા** નામે એક

ડાહ્યો વજીર હતો, પણ તેના મરણ પછી તેના પૌત્ર ગુલામકાદરે એ ઘરડા રાજાને હરાવી દિલ્હી જીત્યું, અને એની આંખો ફોડી નાંખી કેદ કર્યો. **મરેઠા**-ઓએ **લલિત**ખાં સરદાર પાસેથી **૧૭૭૧**માં **દિલ્હી** પાછું જીતી લઇ **શાહ**-આલમને તેના હાથમાંથી છોડવ્યો, અને પોતાના તાબામાં રાખ્યો; પણ ઇ. સ. ૧૮૦૩ માં અંગ્રેજ સરદાર **લોર્ડ લેકે** દિલ્હી જીત્યું ત્યારે તેને **મરેઠા**ના હાથમાંથી છોડાવી પેન્શન બાંધી આપ્યું (જુઓ **મરેઠા**ની બીજી લડાઇ). **ગુલામ કાદરને સિંધિયાએ** તેની ખરાબ ચાલને માટે પકડી રીબાવી રીબાવી મારી નાંખ્યો. **શાહ**આલમ ઇ. સ. ૧૮૦૬ માં મરણ પામ્યો. એના **પછી** એનો બીજો છોકરો **અ**કબર ૨ જો માત્ર નામનો પાદશાહ થયો, ૧૮૦૬. એનું રક્ષણ એના બાપની માફક અંગ્રેજ સરકારથી થયું. એ ૧૬ મો રાજા ગણાય છે. એ રાજા ૧૮૩૭માં મરણ પામ્યો; પછી ૧૭ મો ને છેલ્લો પાદશાહ **મ**હમદ **બ**હાદૂરશાહ થયો.

અકબર ૨ જો ૧૮૦૬-૧૮૩૭.

મહમદ બહાદૂરશાહ ૧૮૩૭—૧૮૬૨.

એ તૈમૂરના વંશનો છેલ્લો અને સત્તરમો મોગલ પાદશાહ હતો. ઇ. સ. ૧૮૫૭માં ઉઠેલા બળવામાં સામિલ થઈ બળવાખોરોને મદદ કરી એણે ઘણાંજ ક્રૂર ને પાપી કર્મો કરાવ્યાં, તેથી એને રંગુનમાં દેશનિકાલ કર્યો, જ્યાં એ ૧૮૬૨ માં મરણ પામ્યો.

મહમદ બહાદુરશાહ ૧૮૩૭-૧૮૬૨.

મોગલ રાજાઓનાં નામ, તથા તેમની કારકીર્દિનાં વરસો.

૧.—બાબર	૧૫૨૬—૧૫૩૦	૪ વરસ.
૨.—હુમાયું	૧૫૩૦—૧૫૪૦, ૧૫૫૬—૧૫૫૬	૧૧ વરસ.
૩.—અકબર	૧૫૫૬—૧૬૦૫	૪૯ વરસ.
૪.—સલીમ	૧૬૦૫—૧૬૨૭	૨૨ વરસ.
૫.—શાહજહાં	૧૬૨૭—૧૬૫૮	૩૧ વરસ.
૬.—ઔરંગઝેબ	૧૬૫૮—૧૭૦૭	૪૯ વરસ.
૭.—શાહઆલમ ૧ લો	૧૭૦૭—૧૭૧૨	૫ વરસ.
૮.—જહાંદારશાહ	૧૭૧૨—૧૭૧૩	૧ વરસ.
૯.—ફરૂખશિર	૧૭૧૩—૧૭૧૯	૬ વરસ.
૧૦.—રફિયુદરજાત	૧૭૧૯—૧૭૧૯	૫ માસ.
૧૧.—રફિયુદ્દૌલા	૧૭૧૯—૧૭૧૯	૩ માસ.
૧૨.—મહમદશાહ	૧૭૧૯—૧૭૪૮	૨૯ વરસ.
૧૩.—અહમદશાહ	૧૭૪૮—૧૭૫૪	૬ વરસ.
૧૪.—આલમગિર અથવા ઔરંગઝેબ ૨ જો.	૧૭૫૪—૧૭૫૯	૫ વરસ.
૧૫.—શાહઆલમ ૨ જો	૧૭૫૯—૧૮૦૬	૪૭ વરસ.
૧૬.—અકબર ૨ જો	૧૮૦૬—૧૮૩૭	૩૧ વરસ.
૧૭.—મહમદ બહાદુરશાહ	૧૮૩૭—૧૮૬૨	૨૫ વરસ.

પ્રકરણ ૫ મું.

મરેઠી રાજ્યનું ટુંક વર્ણન.

મહારાષ્ટ્ર અથવા નર્મદાની દક્ષિણ તરફનો દેશ, દક્ષિણ હિંદુસ્તાનની વાયવ્ય દિશાએ આવેલોછે. તેનો વિસ્તાર આસરે ૧,૦૨,૦૦૦ ચોરસ મૈલનો છે, અને તે માંહેલી વસ્તી આસરે ૬૦ લાખ માણસની છે. એનો પ્રાચીન ઇતિહાસ જણાયલો નથી, પણ ઈ. સ. ૧૩૦૦ ના વરસમાં અલાઉદ્દીન ખુનીએ એ દેશ ઉપર ચઢાઇ કરી, ત્યારથી એ જાણવામાં આવ્યો છે. એ રાજા પછી દિલ્હીના અફગાન રાજાઓએ એ દેશ પર ઘણીએક સ્વારીઓ કરી એ લૂંટયો હતો.

મહારાષ્ટ્રનો વિસ્તાર તથા વસ્તી.

ઇ. સ. ૧૩૪૭માં હુસન ગંગુ અથવા જફરખાં નામના મુસલમાન સરદારે દક્ષિણમાં એક સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. એ સરદાર પેહેલાં દિલ્હીના કોઈગંગુ નામે બ્રાહ્મણનો ગુલામ હતો. એવું કહેવાય છે કે જ્યારે એ ખેતરમાં કામ કરતો હતો ત્યારે એને સોનાના શિક્કાથી ભરેલું એક વાસણ જડયું. પ્રમાણિક હોવાથી તે વાસણ પોતાના શેઠ પાસે તે લઇ ગયો જેણે એવું ભવિષ્ય કહ્યું કે હસન કોઇ દિવસે રાજગાદીએ બેસશે; અને વળી એમ પણ કહ્યું કે જો આ મારી ભવિષ્ય વાણી ખરી પડે તો તારા વંશની સાથે મારૂં નામ પણ જોડવું. હુસને રાજા થઈ તે પ્રમાણે કર્યું અને તેથી એના વંશજો બ્રાહ્મણી વંશથી ઓળખાય છે. એ વંશના ૧૮ રાજાઓએ ૧૩૪૭ થી ૧૫૨૬ સુધી રાજ્ય કર્યું. ઈ. સ. ૧૫૦૦ માં એ આખાં રાજ્યનાં પાંચ જુદાંજ સ્વતંત્ર રાજ્યો થયાં:-૧-વરાડ, ૨-બીડર, ૩-ગોવળકોંડા, ૪-બિજાપુર, અને ૫-અહમદનગર. વરાડના રાજા ઇમાદશાહી, બીડરના બરીદશાહી, ગોવળકોંડાના કુતુબશાહી, બિજાપુરના આદિલશાહી, અને અહમદનગરના નિઝામશાહી વંશથી ઓળખાતા હતા. આ છેલ્લા વંશના હુસેન નિઝામશાહે બીજા મુસલમાન રાજાઓની મદદથી ૧૫૬૫માં તાલિકોટની લડાઇમાં રામરાજને હરાવી વિજયનગર જીતી લીધું. વરાડનું રાજ્ય ૧૫૭૨માં અહમદનગર સાથે જોડાયું; અહમદનગરનું રાજ્ય ૧૬૩૦માં અને બીડરનું ૧૬૫૭માં મોગલ રાજ્ય સાથે જોડાઇ ગયાં; તેમજ બિજાપુરનું ૧૬૮૬ માં અને ગોવળકોંડાનું રાજ્ય ૧૬૮૭ માં ઔરંગજેબે પોતાનાં રાજ્ય સાથે જોડી દીધાં.

બ્રાહ્મણી વંશ.

૧-ઇમાદશાહી. ૨-બરીદશાહી. ૩-કુતુબશાહી. ૪-આદિલશાહી. ૫-નિઝામશાહી વંશ.

દક્ષિણમાં દિલ્હીથી સ્વતંત્ર જે મુસલમાની રાજ્યો હતાં, તેમાં ઘણા એક મરેઠા તેમના લશ્કરના સરદારો હતા. એ સરદારોમાં ભોંસલે નામે ઓળખાતું એક કુટુંબ અહમદનગરમાં હતું તેમનો મુકામ દોલતાબાદની પાસે

માલોજી ભોંસલે

વેરોળ ગામમાં હતો; એ વંશનો **માલોજી ભોંસલે** પોતાની બહાદૂરીથી ઉંચી પદ્વીએ ચઢયો, અને પોતાના છોકરા શાહુજીનાં **નિઝામશાહી** વંશના **જાદવરાવ** નામના એક પ્રબળ સરદારની દીકરી **જીજીબાઈ** સાથે લગ્ન કરાવ્યાં. આ લગ્નથી જે પુત્ર થયો તે

શિવાજી જન્મ્યો ૧૬૨૭

શિવાજી હતો. **શિવાજીના સંભાજી** અને **વેન્કાજી** નામના બીજા બે ભાઇઓ હતા. **શિવાજી** મરેઠી રાજ્યનો સ્થાપનાર હતો, અને તે **કોકણ** પ્રાંતમાં **સિંહાદ્રિ** પર્વતના **સ્યુનરીના** કિલ્લામાં ઇ. સ. ૧૬૨૭ માં જન્મ્યો હતો. તેના બાપ **શાહજીને** કર્ણાટકમાં રહેવું પડતું હતું તેથી પોતાની જાગીરની દેખરેખ રાખવા, તેમજ **શિવાજીને** સારી રીતે ઉછેરવા માટેનું કામ તેણે **દાદાજી** કોંડે નામના એક બ્રાહ્મણને સોંપ્યું હતું. **શિવાજીએ** તેના હાથ તળે થોડા વખતમાં સારી તાલીમ લીધી, અને ૧૯ મે વરસે **બિજાપુરના** કેટલાક કિલ્લા તાબે કરી પુષ્કળ દોલત મેળવી. **શિવાજીની** આ ચાલથી ગુસ્સે થઇને **બિજાપુરના** રાજા **અલીઆદિલશાહે શાહજીને** કેદ કર્યો, જ્યાં તે ચાર વરસ સુધી રહ્યો. આખરે **શિવાજીએજ** તેને **શાહજહાંની** મદદથી છોડવ્યો, અને **બિજાપુરના** રાજાને વધારે દુઃખ દેવા લાગ્યો.

શિવાજીએ અફ્ઝલખાને મારી નાખ્યો ૧૬૫૯.

આથી તે રાજાએ ૧૬૫૯માં **અફ્ઝલખાં** નામના એક **સરદારને** લશ્કર આપી **શિવાજીને** સિક્ષા કરવા મોકલ્યો; પણ **શિવાજીએ** તેને દગાથી મારી નાંખ્યો, અને પોતાની **સત્તા** વધારતો ગયો ઇ.સ.૧૬૬૩માં તેણે સુરત લૂંટયું અને **૧૬૬૪** માં પોતાના બાપના મરણ પછી તેણે રાજા થઇ પોતાના નામના શિક્કા પડાવ્યા. જ્યારે **ઔરંગજેબે બિજાપુરનાં** રાજ્ય પર હુમલો કર્યો ત્યાર **શિવાજીએ** તેને ઘણી મદદ કરી, અને પોતાની બહાદૂરી બતાવી; પણ પાછળથી એણે **ઔરંગજેબનાજ** મુલકોપર સ્વારી કરી અને ત્યાં લૂંટફાટ ચલાવી, તેથી **ઔરંગજેબે શાઇસ્તખાં** અને બીજા કેટલાક સરદારોને લશ્કર આપી મોકલ્યા, અને જોકે તેઓએ એના ઘણાક કિલ્લા જીતી લીધા તોપણ તેઓ **શિવાજીને** વશ કરી શકયા નહીં. થોડા વખત પછી **ઔરંગજેબે** પોતે એક કાગળ લખી **શિવાજીને** પોતાની પાસે બોલાવ્યો. આ કાગળ લખી **ઔરંગજેબની** મતલબ **શિવાજીને** કંઇ માન આપવાની નહીં હતી, પણ મરેઠા લોકોનું જોર દિનપરદિન વધતું જોઇ, એણે **શિવાજી** તેમજ તેના છોકરાને બંદીખાને નાંખવાનો વિચાર કર્યો હતો. ઇ. સ. ૧૬૬૬માં એ બન્ને બાપ દીકરા **ઔરંગજેબ** પાસે ગયા. આ પાદશાહે તેમનું અપમાન કરી તુરત તેમને બંદીવાન બનાવ્યા. **શિવાજી** આથી કાંઇ નિરાશ થયો નહીં, પણ ઘણીજ હોંશિયારીથી **જોગીને** વેશે તે અને તેનો છોકરો પોતાની રાજધાની **રાયગઢમાં** નાસી ગયા. આ વખત મરેઠા **ઔરંગજેબના કટ્ટા શત્રુ** થયા. ૧૬૬૮માં **શિવાજીએ બિજાપુર** અને

ગોવળકોંડાના રાજ્યો પર ચઢાઇ કરી તેમની પાસેથી ખંડણી લીધી, અને

શિવાજીનોરાજ્યાભિષેકથયો૧૬૭૪.

૧૬૭૩માં સતારા જીતી લીધું. ૧૬૭૪માં **શિવાજીનો** મોટી ધામધુમથી રાજ્યાભિષેક થયા પછી પોતે **મહારાજાધિરાજ** પદ ધારણ કર્યું. બે વરસ પછી એક મોટું લશ્કર લઇ તેણે કર્ણાટક પર ચઢાઇ કરી, અને પોતાના ભાઇ વેન્કાજી પાસેથી તેના રાજ્યની પેદાશનો અર્ધો ભાગ લીધો.

શિવાજી મરણ પામ્યો ૧૬૮૦.

શિવાજીને પોતાના છોકરા સંભાજીની આડી ચાલને માટે ઘણો સંતાપ થતો હતો. તેને સુધારવાને એણે ઘણાક ઉપાયો લીધા, પણ તે સઘળા ફોકટ ગયા. **શિવાજી** પોતાની ૫૩ વરસની ઉમ્મરે ૧૬૮૦ માં તાવથી **રાયગઢમાં** મરણ પામ્યો. એને **સંભાજી** અને **રાજારામ** નામના બે દીકરા હતા. **શિવાજી બાબર** જેવો બહાદૂર, ચપળ, અને સાહસિક હતો. એના મરણથી ઔરંગજેબ ખુશી થયો ખરો, પણ બોલ્યો કે "શિવાજી એક નવા રાજ્યનો સ્થાપનાર બહાદૂર સરદાર હતો, અને જોકે ૧૯ વરસ સુધી મેં તેને તાબે કરવાને લશ્કર મોકલ્યાં તોપણ તેથી ન ડરતાં તે પોતાની રાજ્ય સત્તા વધારતોજ ગયો."

સંભાજી ૧૬૮૦—૧૬૮૯.

સંભાજી ૧૬૮૦-૧૬૮૯.

સંભાજી પોતાની ૨૩ વરસની વયે ગાદી પર બેઠો. કલુશા નામના એક બ્રાહ્મણને એણે પોતાનો સઘળો રાજ્યકારભાર સોંપ્યો, અને પોતે મોજમજામાં પડયો. **સંભાજી** બહાદૂર પણ ઘાતકી અને વ્યસની હતો. એણે પોતાના ભાઇ **રાજારામની** મા તથા બીજા ઘણાકોને મારી નખાવ્યાં. એના બાપ જેવો એ ચાલાક હતો નહીં એટલુંજ નહીં પણ તેના કીધેલા સુધારાઓ પણ એણે ટકવી રાખ્યા નહીં જ્યારે એ નિશામાં ચકચૂર થયો હતો ત્યારે મોગલ સ્વારોએ એને એકાએક

ઔરંગજેબે સંભાજીને મારી નંખાવ્યો ૧૬૮૯.

રત્નાગીરિમાં સંગમેશ્વર આગળ પકડી કેદ કર્યો, અને ૧૬૮૯માં ઘણી ક્રૂર રીતે મારી નાંખ્યો. **સંભાજીની** બાયડી અને ૭ વરસના તેણીના છોકરાને પણ પકડી ઔરંગજેબે કેદ કરી રાખ્યાં. આથી મરેઠાઓએ સંભાજીના ભાઈ **રાજારામને** રાજપ્રતિનિધિ કર્યો.

રાજારામ ૧૬૮૯—૧૭૦૦.

રાજારામ ૧૬૮૯-૧૭૦૦.

સંભાજીના છોકરા શિવાજી અથવા જેને ઔરંગજેબે મશ્કરીમાં **શાહુ** (શાહુકાર) કરી નામ આપ્યું હતું, તે બંદીખાને હોવાથી **રાજારામ** રાજ્યગાદીપર બેઠો. એણે **સતારામાં** રાજ્યગાદીની બેઠક કરી. ઔરંગજેબે એની સામે લડવાને એક મોટું લશ્કર મોકલ્યું અને **સતારા** જીતી લીધું. આથી **રાજારામ** નાસી ગયો, અને ઈ.

સિવાજી ૨ જો ૧૭૦૦-૧૭૦૮.

સ. ૧૭૦૦માં મરણ પામ્યો. એના મરણ પછી એનો છોકરો **શિવાજી ૨ જો** જે **દસ** વરસની વયનો હતો તે ગાદીએ બેઠો,

અને તે છોકરાની મા **તારાબાઇ** તેને નામે રાજ કરવા લાગી. આઠ વરસ સુધી **તારાબાઇએ** રાજ્યકારભાર ચલાવ્યો. **ઔરંગજેબે** તેનાં મરણ સુધી (૧૭૦૭) મરેઠાઓને એકદમ વશ કરવાને તરેહ તરેહના ઉપાયો લીધા, પણ તે સઘળા નિષ્ફળ ગયા.

શાહુ ૧૭૦૮—૧૭૪૮.

શાહુ ૧૭૦૮-૧૭૪૮.

સંભાજીનો છોકરો **શિવાજી** અથવા **શાહુ ઔરંગજેબના** મરણ પછી ૧૭૦૮માં છુટો થયો. એ જ્યારે બંદીખાનામાં હતો, ત્યારે એને ઔરંગજેબે કંઇપણ દુઃખ દીધું ન હતું, પણ સામી તેના પર ઘણી મેહેરબાની કરી હતી. **શાહુ** તુરત **સતારામાં** આવ્યો, અને ત્યાં ૨૪ વરસની ઉમરે પોતાની રાજધાની કરી ગાદીએ બેઠો; **તારાબાઇએ** તે "**શાહુ** રાજા પોતે નથી, પણ એક હગારો છે" એમ કહીને તેને પેહેલાં ગાદીએ બેસવા દીધો નહીં. પણ તેણી ફાવી નહીં, અને છેવટે પોતાના છોકરા **શિવાજી** સાથે કોલાપુર જઇ ત્યાં તેણીએ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. **શાહુએ** બંદીખાનામાં રહી ૧૮ વરસ સુધી મોજશોકમાં પોતાનો વખત ગુજાર્યો હતો, માટે તે બરાબર રાજ્ય ચલાવવાને અશક્ત હતો; આથી તેણે પોતાનો સઘળો રાજ્ય કારભાર **બાલાજી વિશ્વનાથ** નામના એક બ્રાહ્મણને પોતાનો પ્રધાન બનાવી સોંપી દીધો, ઇ. સ. ૧૭૧૪. આ અને એની પછીના સઘળા પ્રધાનો પેશ્વાના નામથી ઓળખાવા લાગ્યા. **બાલાજી વિશ્વનાથે** પ્રધાન તરીકે મરેઠી રાજ્ય ઘણું સરસ રીતે ચલાવ્યું, અને રાજ્યની હદ ઘણી વધારી. આ વખતથી રાજ્યની સઘળી સત્તા પેશ્વાઓના હાથમાં આવી.

પેહેલો પેશ્વા બાલાજી વિશ્વનાથ ૧૭૧૪-૧૭૨૦.

બાલાજી વિશ્વનાથ ૧૭૨૦માં મરણ પામ્યો ત્યારે **શાહુએ બાલાજીના** છોકરા **બાજીરાવને** પેશ્વા નિમ્યો. **બાજીરાવ બાલાજીના** હાથ નીચે **દામાજી ગાયકવાડ** નામે એક શૂરો સરદાર હતો; એ પોતાની બહાદૂરીથી મોટી પદ્વીએ ચઢ્યો હતો. એના વંશજો હાલ વડોદરામાં રાજ્ય ચલાવે છે. **દામાજી** શિવાય બીજા ઘણા શૂરા પુરૂષો **બાજીરાવના** હાથ નીચે ચાકરી કરતા હતા, તેમાં મુખ્ય ભરવાડના વંશનો **મલ્હારરાવ હોલ્કર** અને પેશ્વાનાં પગરખાં સાચવનારના વંશનો **રાણોજી સિંધિયા** હતા. **મલ્હારરાવના** વંશજો હાલ **ઈંદોરમાં** અને **રાણોજી સિંધિયાના** ગ્વાલિયરમાં રાજ્ય ચલાવે છે.

બીજો પેશ્વા બાજીરાવ ૧૭૨૦-૧૭૪૦.

ડભોઇની લડાઈ ૧૭૩૪.

ઇ. સ. ૧૭૩૪માં સેનાપતિ **ત્રિંબકરાવ ડાભાડે બાજીરાવની** સત્તા સામે થયો, પણ **ડભોઈની** લડાઇમાં તે માર્યો ગયો.

દક્ષિણનો સૂબેદાર **નિઝામઉલમુલ્ક** જે એક બહાદૂર અને ચતુર સરદાર હતો અને જે ૧૭૨૪માં **હૈદ્રાબાદમાં** મોગલ રાજ્યથી સ્વતંત્ર થઇ રાજ્ય કરવા લાગ્યો હતો, તેણે મરેઠા લોકનું બળ ઘણું વધતું જતું જોઇને તેમની વચ્ચે માંહોમાંહે કુસંપ કરાવવાની કોશેશ કરી, અને **કોલાપુરના** રાજાને

પેશ્વા સામે લડવાને ઉશ્કેર્યાં, પણ તેમાં તે ફાવ્યો નહીં. વળી જ્યારે મરેઠી ફોજે દિલ્હી ઉપર હુમલો કર્યો, ત્યારે નિઝામઉલમુલ્ક મોગલ પાદશાહની મદદે ગયો, પણ તેમાં તેણે ૧૭૩૬ માં ભોપાળ આગળ સખ્ત હાર ખાધી, અને તેને માળવા પ્રાંત, ચંબલ અને નર્મદા નદીની વચ્ચેનો મુલક, તેમજ ૫૦ લાખ રૂપિયા મરેઠા લોકને આપવા પડયા. બાજીરાવનો મુખ્ય મદદગાર એનોજ ભાઇ ચિમનાજી આપા હતો.

ભોપાળની લડાઇ ૧૭૩૬.

૧૭૩૯માં મરેઠા લોકે પોર્ટુગીઝ લોકના હાથમાંથી વસાઇ જીતી લીધું. આ પ્રમાણે શાહુ રાજાના પ્રધાન અથવા બીજા પેશ્વા બાજીરાવે ઘણીક જગ્યા મોગલ રાજા તેમજ બીજાઓના હાથમાંથી જીતી લઇ રાજ્યની હદ વધારી, અને ગુજરાત અને માળવાના રાજાઓ પાસેથી ખંડણી લીધી. બાજીરાવ ૧૭૪૦માં મરણ પામ્યો. એની પાછળ એનો છોકરો બાલાજી બાજીરાવ ત્રીજો પેશ્વા થયો, ૧૭૪૦–૧૭૬૧. શાહુ સતારામાં મોજમજા ભોગવીને ઈ. સ. ૧૭૪૮માં મરણ પામ્યો. એને કંઇ સંતાન ન હોવાથી એણે કોલ્હાપુરના રામરાજાને દત્તક કરી લીધો, જે એની પછી ગાદીએ બેઠો. શિવાજી જેને તેની મા તારાબાઇએ ૧૭૦૦ના વરસમાં ગાદીએ બેસાડયો હતો તેનો દીકરો એ રામરાજા હતો. રામરાજા ૧૭૭૭માં મરણ પામ્યો. એની પછી શાહુ રજો (૧૭૭૭–૧૮૧૮), પછી પ્રતાપસિંહ અથવા બાલા સાહેબ (૧૮૧૮–૧૮૪૦), અને છેલ્લો શાહજી અથવા આપા સાહેબ (૧૮૪૦–૧૮૪૮) માત્ર નામના રાજા થઇ ગયા. રાજ્યનો સઘળો કારભાર પેશ્વા ચલાવતા આવ્યા, માટે રાજ્યમાં ફેરફાર, ચઢાઇ ઇત્યાદિ પેશ્વાના વર્ણનમાં આવશે.

ત્રીજા પેશ્વા બાલાજી બાજીરાવ ૧૭૪૦–૧૭૬૧.

શાહુ મરણ પામ્યો ૧૭૪૮.

રામરાજા ૧૭૪૮–૧૭૭૭.

શાહુ ૨ જો ૧૭૭૭–૧૮૧૮.

પ્રતાપસિંહ ૧૮૧૮–૧૮૪૦.

આપાસાહેબ ૧૮૪૦–૧૮૪૮.

શાહુના મરણ પછી પેશ્વાઓ પુનામાં રહી પોતાનો સઘળો કારભાર ચલાવવા લાગ્યા. મરેઠાઓમાં લિંબકરાવ મામા અને હરીપંત, સરસ લડવૈયા, અને સકારામ બાપુ તથા નાના ફડનવીસ સરસ રાજકારભારીઓ થઇ ગયા.

મરેઠી રાજાઓનાં નામ તથા સાલ.

૧.—શિવાજી........................૧૬૬૪—૧૬૮૦
૨.—સંભાજી........................૧૬૮૦—૧૬૮૯
૩.—રાજારામ........................૧૬૮૯—૧૭૦૦
૪.—શિવાજી ૨ જો..................૧૭૦૦—૧૭૦૮
૫.—શાહુ........................૧૭૦૮—૧૭૪૮
૬.—રામરાજા........................૧૭૪૮—૧૭૭૭
૭.—શાહુ ૨ જો..................૧૭૭૭—૧૮૧૮
૮.—પ્રતાપસિંહ (બાલા સાહેબ)......૧૮૧૮—૧૮૪૦
૯.—શાહજી (આપા સાહેબ)..........૧૮૪૦—૧૮૪૮

આમ્બુરની પેહેલી લડાઇ ૧૭૪૧.

ઉદગીરની લડાઇ ૧૭૬૦.

ત્રીજા પેશ્વા બાલાજી બાજીરાવે કર્ણાટકપર હુમલો કરી ત્યાંના નવાબ દોસ્તઅલીને ૧૭૪૧માં આમ્બુરની લડાઇમાં હરાવ્યો, કારણકે તે પોતાના કાકા સાદતુલ્લાના મરણ પછી મરેઠા લોકની પરવાનગી વગર ત્યાંનો નવાબ થઇ પડયો હતો. ૧૭૫૭માં એણે કર્ણાટકપર પાછો હુમલો કર્યો, અને મ્હેસૂર અને આર્કટના નવાબ પાસેથી ખંડણી લીધી. ૧૭૬૦માં નિઝામને પાછો ઉદગીરની લડાઇમાં હરાવ્યો. આ વખતે મરેઠા લોકનો સેનાપતિ સદાશિવરાવ હતો. એણે નિઝામઉલમુલ્કના છોકરા સલાબતજંગ પાસેથી પણ ઘણાક મુલકો જીતી લીધા. આ પેશ્વાના વખતમાં મરેઠા ઉપર એક ભારે આફત આવી પડી, જેથી તેમનું જોર ઘણુંજ નબળું પડી ગયું :—

પાણીપતની લડાઇ ૧૭૬૧.

અફગાનીસ્તાનનો સુલતાન અહમદશાહ અબદલી જેણે હિંદુસ્તાનપર છવાર ચઢાઇ કરી હતી, તેણે ૧૭૪૬માં પંજાબ જીતી રાજ્ય ચલાવવા માટે એક હાકેમ ત્યાં નિમ્યો હતો. આ હાકેમને ૧૭૫૮માં મરેઠા લોકોએ મારી હાંકી કાઢયો, તેથી ૧૭૬૧માં અહમદશાહ એક મોટું લશ્કર લઇને હિંદુસ્તાનપર પાછો ચઢી આવ્યો, અને મરેઠા લોકોને પાણીપતના મેદાનમાં સખ્ત હાર આપી. આ લડાઇમાં સદાશિવરાવ, વિશ્વાસરાવ, જંકોજી સિંધિયા, ઇબ્રાહીમગાર્દી અને બીજા ઘણાક બહાદૂર સરદારો માર્યા ગયા. બાલાજી આ હારથી ઘણો-જ દલગીર થયો, અને તેજ વરસમાં પુનામાં મરણ પામ્યો.

ચોથો પેશ્વા માધવરાવ ૧૭૬૧—૧૭૭૨.

ચોથો પેશ્વા માધવરાવ ૧૭૬૧-૧૭૭૨.

ચેરકુલીની લડાઇ ૧૭૭૨.

બાલાજી બાજીરાવના દીકરા માધવરાવ પેશ્વાએ એક મોટું લશ્કર લઇ મ્હેસૂરના રાજા હૈદરઅલીપર બેવાર હુમલો કર્યો અને તેને ૧૭૭૨ માં શ્રીરંગપટણની પાસે ચેરકુલીની લડાઇમાં હરાવી તેની કેટલીક જગ્યા જીતી લીધી. આ પેશ્વા ઘણો બહાદૂર અને વિવેકી હતો. એ ૧૭ વરસની વયે ગાદીએ બેઠો માટે થોડોક વખત સુધી રાજ્યકારભાર એના કાકા રઘુનાથરાવે ચલાવ્યો. ઉમરે પુગતાંજ એણે રઘુનાથના હાથમાંથી સઘળી સત્તા લઇ લીધી, અને ઉપર કહ્યું તેમ મ્હેસૂરમાં તેમજ દિલ્હીમાં લડાઇઓ ચલાવી.

પાંચમો પેશ્વા નારાયણરાવ ૧૭૭૨—૧૭૭૩.

પાંચમો પેશ્વા નારાયણરાવ ૧૭૭૨-૧૭૭૩.

નારાયણરાવ, માધવરાવનો ભાઇ હતો. ૧૮ વરસની વયે એ પેશ્વાની ગાદીએ બેઠો, અને રાજ્યકારભાર પાછો એના કાકા રઘુનાથરાવે ચલાવ્યો. થોડા વખતમાં રઘુનાથરાવે એ પેશ્વાનું

રઘુનાથરાવ અથવા રાઘોબા ૧૭૭૩-૧૭૭૪.

કાસળ કાઢ્યું, અને પોતે પેશ્વા તરીકે એક વરસ સત્તા ચલાવી. આખરે એને એ ઓધ્ધો છોડી દેવાની ફરજ પડી, કારણકે એના પાપી કામને લીધે એ સઘળાઓને અણગમતો થયો.

છઠ્ઠો પેશ્વા માધવરાવ નારાયણ ૧૭૭૪-૧૭૯૫.

છઠ્ઠો પેશ્વા માધવરાવ નારાયણ ૧૭૭૪-૧૭૯૫.

સુરતની સંધી ૧૭૭૫.

આરાસની લડાઇ ૧૭૭૫.

પુરંધરનું તહનામું ૧૭૭૬.

માધવરાવ નારાયણ એના બાપ નારાયણરાવના મરણ પછી જન્મ્યો હતો. રઘુનાથરાવ(અથવા જે રાઘોબા કરી પણ કહેવાતો) જેણે નારાયણરાવને મારી નાંખી એક વરસ પેશ્વા તરીકે રાજ્યકારભાર ચલાવ્યો હતો, તે આ પેશ્વાની સામો થયો, અને અંગ્રેજો સાથે મળી જઇ ૧૭૭૫માં તેણે સુરત આગળ સંધી કરી. અંગ્રેજોને તેણે મદદ બદલ દર વરસે ૩૭ લાખ રૂપીઆ તથા સાલ્સેટ, અને મુંબઈ તથા વસાઇ આગળની કેટલીક જગ્યા આપી. અંગ્રેજોએ તેને પુનામાં પેશ્વા તરીકે ગાદીએ બેસાડવાને કર્નલ કીટિંગને એક લશ્કર આપી મોકલ્યો. આ સરદારે ૧૭૭૫માં આરાસના મેદાનમાં મરાઠા લોકોને હરાવ્યા. આ લડાઇમાં અંગ્રેજ તથા મરેઠી ફોજ પેહેલીજવાર સામસામી થઇ. ગવર્નર જેનરલ હેસ્ટિંગ્સે પાછળથી રઘુનાથરાવ સાથની સંધિ તોડી નાંખી, અને માધવરાવ નારાયણને પેશ્વા કબુલ કરી, તેના પ્રધાન નાના ફડનવીસ સાથે ૧૭૭૬માં પુના પાસે પુરંધર મુકામે તહનામું કર્યું, જેથી અંગ્રેજોને માત્ર સાલ્સેટ મળ્યું. સઘળું શાંત થયા પછી મરેઠા અંગ્રેજો પાસેથી સાલ્સેટ પાછું લઈ લેવાને ફ્રેંચ સરદાર લુબીન સાથે કાવત્રાં કરવા લાગ્યા, તેથી ગવર્નર જેનરલ હેસ્ટિંગ્સે પાછી રાઘોબા સાથની સુરતની સંધિ કબુલ રાખી, અને રાઘોબાને ગાદીએ બેસાડવા લશ્કર મોકલ્યું, (જુઓ મરાઠા સાથની પેહેલી લડાઇ). માધવરાવ નારાયણના પ્રધાન નાના ફડનવીસે ૧૭૯૫માં નિઝામઅલ્લી સાથે કુર્દલા* આગળ એક લડાઈ કરી તેને હરાવ્યો, કારણ કે તેણે ખંડણી ભરી નહોતી. એજ પ્રધાને રાઘોબાના છોકરા બાજીરાવ તથા તેના બીજા ભાઇઓને સ્યુનરીના કિલ્લામાં પુરી રાખ્યા હતા, તેથી આ પેશ્વા ઘણો દિલગીર થયો; અને જ્યારે તેમને છોડવવાને માટે તેનું કાંઇ ચાલ્યું નહીં, ત્યારે તેણે પોતાના મેહેલની અગાસી ઉપરથી ભૂસકો માર્યો, અને એ દિવસમાં મરણ પામ્યો, ઈ. સ. ૧૭૯૫.

કુર્દલા અથવા ખરડાની લડાઇ ૧૭૯૫.

સાતમો પેશ્વા બાજીરાવ રઘુનાથ (બાજીરાવ રજો) ૧૭૯૫-૧૮૧૮.

સાતમો પેશ્વા બાજીરાવ રજો ૧૭૯૫-૧૮૧૮.

સાતમા પેશ્વા બાજીરાવ ૨ જાનું નાના ફડનવીસ પાછો પ્રધાન તરીકે કામ ચલાવવા લાગ્યો. બાજીરાવની ધારણા દોલતરાવ સિંધિયા અને નાના ફડનવીસ જેઓ તેના ઉપર પોતાનું દબાણ

* કુર્દલા—અહમદનગરથી આશરે ૬૦ મૈલ દૂર.

ઘણું ચલાવતા હતા, તેમને દૂર કરવાની હતી. આ વિચારથી એણે **નાના** ફડનવીસને પકડી અહમદનગર મોકલાવ્યો, પણ થોડા વખતમાં એજ **પેશ્વાએ** એને પાછો છોડવ્યો. આ **પેશ્વાના** વખતમાં મરાઠાઓ માંહો માંહે ઘણા લડી મુઆ, અને તેથી રાજ્યનો પાયો નબળો થઈ ગયો. ઇ.

નાના ફડનવીસ મરણ પામ્યો ૧૮૦૦.

સ. ૧૮૦૦માં **નાના** ફડનવીસ જે મરેઠી રાજ્યનો એક મોટો ટેકો હતો તે મરણ પામ્યો. એના મરણ પછી એક વરસે હોલ્કરે **પેશ્વાને** પુનામાંથી નસાડી મેલ્યો જેથી તે **વસાઇ** જઇ ભરાઇ બેઠો, અને ત્યાં ૧૮૦૨માં વસાઈઆગળ અંગ્રેજો

વસાઇની સંધી ૧૮૦૨.

સાથ સલાહ કરી પાછો ગાદીએ બેઠો(જુઓ મરાઠા સાથની બીજી લડાઇ). થોડા વખત પછી એ **પેશ્વા** એના પ્રધાન ત્રિંબકજી ડેંગ્લેની ઊસ્કેરણીથી **અંગ્રેજો** સામે પાછાં કાવત્રાં કરવા લાગ્યો, તેથી **અંગ્રેજોએ** તેની સામે કેટલીક લડાઇઓ કરી ૧૮૧૮માં તેનું સઘળું રાજપાટ લઈલીધું; અને તેને આઠ લાખ રૂપિયાનું વર્ષાસન બાંધી આપી કનોજની પાસે બિથુરમાં રહેવા મોકલ્યો.(જુઓ મરાઠા સાથની **ચોથી** લડાઇ).એને કાંઈ સંતાન ન હોવાથી એણે **નાના** સાહેબ, જેણે ૧૮૫૭માં બળવાની

બાજીરાવ મરણ પામ્યો. ૧૮૫૩.

વખતે કાનપુરમાં ઘણા નિર્દયપણે અંગ્રેજ સ્ત્રી અને બાળકોને કાપી નાંખ્યાં તેને પોતાનો વારસ કર્યો. **બાજી**રાવ ૧૮૫૩માં મરણ પામ્યો. **નાના** સાહેબને અંગ્રેજોએ **પેશ્વા** કબુલ ન રાખવાથી તેણે બળવા વખતે ભારે કતલ ચલાવી, અને **નેપાળમાં** નાસી ગયો, જ્યાં તે મરણ પામેલો ધારવામાં આવે છે.આ પ્રમાણે **બાળાજી** **વિશ્વનાથના અથવા પેશ્વાના** વંશનો છેડો આવ્યો.

મરેઠી રાજ્યની પડતીનાં કારણો—૧લું–**પાણીપતની** લડાઇ પછી મરેઠા લોકો માંહો માંહે લડવા તથા આપમતલબી થવા લાગ્યા. આનું પરીણામ એ થયું કે તેમનાં પાંચ સ્વતંત્ર રાજ્યો થયાં;અને તેઓએ જુદી જુદી જગ્યામાં પોતાની **સત્તા** સ્થાપી:-(૧)**પેશ્વાની** ગાદી પુનામાં,(૨)**ભોંસલાની નાગ**પુરમાં, (૩)**સિંધિયાની ગ્વાલિયરમાં**,(૪)હોલ્કરની ઇંદોરમાં,અને (૫)ગાયકવાડની **વડોદરામાં** થઇ.૨–**નારાયણરાવના** ખૂનને લીધે મરેઠા સરદારોમાંનો સંપ તુટી ગયો. ૩–**વસાઈની** સંધિથી મરેઠી રાજ્યની સ્વતંત્રતાનો નાશ થયો અને ૪–**અંગ્રેજો** સાથની લડાઇમાં તેમની સખ્ત હાર–આ કારણોથી મરેઠી રાજ્યની પડતી થઇ.

પેશ્વાના નામ તથા સાલ.

૧.—બાલાજી વિશ્વનાથ...૧૭૧૪—૧૭૨૦
૨.—બાજીરાવ..........૧૭૨૦—૧૭૪૦
૩.—બાલાજી બાજીરાવ...૧૭૪૦—૧૭૬૧
૪.—માધવરાવ.........૧૭૬૧—૧૭૭૨
૫.—નારાયણરાવ.......૧૭૭૨—૧૭૭૩ (રઘુનાથરાવ ૧૭૭૩–૧૭૭૪)
૬.—માધવરાવ નારાયણ..૧૭૭૪—૧૭૯૫
૭.—બાજીરાવ ૨જો.....૧૭૯૫—૧૮૧૮

પ્રકરણ ૬ ઠું.

હિંદુસ્તાનમાં યુરોપીઅન લોકોનાં થાણાં.

(૧) પોર્ટુગીઝ.

યુરોપ અને હિંદુસ્તાન વચ્ચેનો જળમાર્ગ શોધી કાઢ્યો તે પહેલાં ત્યાંનો વેપાર મધ્ય એશિઆમાં થઇ જમીન રસ્તે ચાલતો હતો; ત્યાંથી અરબ વેપારીઓ જળ માર્ગે રાતા સમુદ્ર અને ઇરાની અખાતના બંદરો સુધી, અને વળી ત્યાંથી ભૂમધ્ય સમુદ્રને માર્ગે વેનિસ અને જિનોઆના લોકો આખા યુરોપમાં ચલાવતા.

ઈ. સ. ની ૧૬મી સદી સુધી આખા યુરોપમાં પોર્ટુગીઝ લોકોએ દરિયાનો વેપાર પોતાનાજ હાથમાં રાખ્યો હતો. તેઓએ મોટી મોટી સફરો કરીને આફ્રિકા મધેના મડીરા બેટ ઇ. સ. ૧૪૨૦માં અને કેપવર્ડ બેટ ઇ. સ. ૧૪૬૦માં શોધી કાઢ્યા; ત્યારપછી આફ્રિકાની પ્રદક્ષિણા કરવાનો વિચાર કર્યો.

બાર્થોલો મેડિયાસ ૧૪૮૭. ઇ સ. ૧૪૮૭માં પોર્ટુગીઝ નાવિક સરદાર બાર્થોલોમેો ડીયાસે આફ્રિકાના દક્ષિણ છેડા સુધી સફર કીધી; ત્યાં તેનાં વહાણોને તોફાન લાગવાથી તેણે તે ભૂશિરનું નામ "કેપ ઓફ સ્ટોર્મ્સ" (તોફાની ભૂશિર) પાડ્યું, પણ પોર્ટુગલના રાજા, બીજા જોને તેનું નામ "કેપ ઓફ ગુડ હોપ" એટલે સારી આશાની ભૂશિર રાખ્યું. ઈ સ. ૧૪૯૭માં પોર્ટુગલના રાજા ઇમાન્યુઅલે વાસ્કોડિગામાને બીજી સફરને માટે મોકલ્યો. તે "કેપ ઓફ ગુડ હોપ"

વાસ્કોડિગામા ૧૪૯૭. વટાવી એકદમ હિંદી મહાસાગર ઓળંગી ૧૪૯૮ માં મલબાર કિનારે કાલિકટ બંદરે ઉતર્યો. આ વખતે દિલ્હીમાં સિંકદરસૂર રાજ કરતો હતો, અને કાલિકટમાં હિંદુ રાજા ઝામોરિન હતો. ત્યાં છ મહિના રહ્યા કેડે તે પાછો પોર્ટુગલ ગયો.

કાબ્રાલ ૧૫૦૦. ઇ. સ. ૧૫૦૦ના વરસમાં કાબ્રાલ હિંદુસ્તાન ખાતે સફર કરવા નિકળ્યો. એટલાન્ટિક મહાસાગર પસાર કરતી વખતે એને તોફાન નડ્યું, જેથી એ પશ્ચિમ તરફ ઘસડાઈ ગયો. આનું પરિણામ એ નિપજ્યું કે તેણે અમેરિકાનો રસાળ બ્રાઝિલ દેશ શોધી કાઢ્યો અને ત્યાંથી કાલિકટ આવ્યો. કાબ્રાલને ત્યાંના મૂર (અરબ) વેપારીઓ જોડે કજીઓ થયાથી તેણે તેમનાં વહાણો બાળી નાંખ્યાં, અને પછી કોચિન હંકારી ગયો. અહિંયા તેને ત્યાંના રાજાએ સારો આવકાર દીધો. કાબ્રાલ ૧૫૦૧માં પાછો સ્વદેશ ગયો. ઈ. સ. ૧૫૦૨માં વાસ્કોડિગામા પાછો હિંદુસ્તાનભણી આવ્યો અને કોચિન તથા કાનાનોરના રાજાઓ જોડે સંધિ કરી, કાલિકટના

ઝામોરીન રાજા સામે લડયો, પણ તેમાં તે ફાવ્યો નહીં, અને પાછો પોર્ટુગલ ગયો. ઇ.સ.૧૫૦૫માં ફ્રાન્સિસ્કો આલ્મેડા નામના સરદારને હિંદુસ્તાનમાં પહેલા સૂબા તરીકે મોકલ્યો તે પેહેલાં, ઝામોરિને ગુજરાતના અને બીજા રાજાઓની મદદથી પોર્ટુગીઝ લોકોને કોચિનમાંથી હાંકી કાઢવાને ત્રણ વાર કોશેશ કરી હતી, પણ તેમાં તે ફાવ્યો નહતો. ઇ.સ. ૧૫૦૯માં

ફ્રાન્સિસ્કો આલ્મેડા ૧૫૦૫.

આલ્ફોન્સો આલબુકર્ક ૧૫૦૯.

આલ્ફોન્સો આલ્બુકર્ક, બીજો સૂબો થઇ આવ્યો, કાલિકટ લેવાને ફોકટ પ્રયત્ન કર્યા પછી તેણે ઈ.સ. ૧૫૧૦માં ગોવા, જે આ વખતે બિજાપુરના રાજા ઇબ્રાહીમ આદિલશાહના હાથમાં હતું તે જીતી લીધું. ત્યાર પછી તેજ વરસમાં ઇરાની અખાતમાં ઓર્મઝ બેટ અને ઈ. સ. ૧૫૧૧માં મલાયા દ્વિપકલ્પમાં મલાક્કા જીતી લીધા. એની જગ્યાએ બીજો સૂબો નિમાયાથી એ ઘણો દિલગીર થયો. અને ૧૫૧૫માં ગોવા આગળ મરણ પામ્યો. આ પ્રમાણે પોર્ટુગીઝ લોકે હિંદુસ્તાન અને આસપાસની જગ્યામાં પોતાના થાણાં ઘણાં જલદીથી વધાર્યાં, પણ પાછળથી હરિફાઇને લીધે તેઓ ઘણાં ખરાં ખોઈ બેઠા. હાલ તેમના હાથમાં ગોવા-મલબાર કિનારે, દિવ-કાઠીયાવાડની દક્ષિણે અને દમણ-મુંબઈની ઉત્તરે છે.

આલબુકર્ક મરણ પામ્યો ૧૫૧૫.

(૨) ડચ અથવા વલંદા.

પોર્ટુગીઝ લોકો પછી વલંદા લોકો સત્તરમી સદીમાં વેપાર કરવાને આવ્યા. ઇ.સ. ૧૫૯૬માં હૌટમેન નામે એક હોલાન્ડનો રહેવાસી કેપ ઓફ ગુડ હોપને રસ્તેથી સુમાત્રા જઇ પહોંચ્યો, અને ત્યાં વેપાર કરવા લાગ્યો. થોડા વખતમાં ડચ લોકોએ પોર્ટુગીઝ લોકોને મસાલાના બેટમાંથી(ઈ.સ. ૧૬૧૦માં)હાંકી કાઢયા, અને જાવાની ઉત્તરે બેતેવિયા વસાવી ત્યાં પોતાની રાજધાની કરી. ઈ.સ. ૧૬૪૦માં મલાક્કામાંથી પણ પોર્ટુગીઝ લોકોને હાંકી કાઢયા, અને પોતે ત્યાં એકલા વેપાર કરવા લાગ્યા; પણ આ વેપાર લાંબો વખત તેમના હાથમાં રહ્યો નહીં. આ વખતે અંગ્રેજો પણ વેપાર અર્થે આવ્યા હતા.

હૌટમેન ૧૫૯૬.

પોર્ટુગીઝ પાસેથી મલાક્કા જીતી લીધું ૧૬૪૦.

વલંદાઓનાં મુખ્ય થાણાં નિગાપટમ, મદ્રાસની નૈરૂત્યે સાદ્રાસ, મદ્રાસની ઉત્તરે પુલિકટ, અને હુગલી નદી આગળ ચિન્સુરા હતાં, જે સઘળાં અંગ્રેજોએ પાછળથી લેઇ લીધાં-૧૭૮૩.

(૩) અંગ્રેજો.

પોર્ટુગીઝ અને વલંદાઓની માફક અંગ્રેજો પણ સોળમી સદી અધવારતાં હિંદુસ્તાન ખાતે વેપાર કરવા આવ્યા. ઇ. સ. ૧૫૭૯માં સ્ટિવન્સ નામે એક સાહસિક અંગ્રેજ પેહેલ વેહેલો

સ્ટિવન્સ ૧૫૭૯.

હિંદુસ્તાન ખાતે આવ્યો હતો; અને પાંચ વરસ પછી ફિચ, ન્યુબેરી અને લીડસ હિંદુસ્તાનમાં વેપારી તરીકે રાણી ઇલીઝાબેથ પાસેથી એક પત્ર લઇ અકબર પાસે આવ્યા. ઇ.સ. ૧૬૦૦ના વરસમાં અર્લ ઓફ કુમરલેન્ડના ઉપરીપણાં નીચે વેપારીઓની એક મંડળી ઉભી થઇ, અને તેઓએ હિંદુસ્તાનમાં વેપાર કરવાને માટે રાણી ઇલીઝાબેથ પાસેથી પટો મેળવ્યો. એ મંડળીનું નામ "ઇસ્ટ ઇન્ડીસમાં વેપાર કરનારી કમ્પની અને અધિકારી" હતું.

વેપારીની મંડળી ૧૬૦૦.

ઈ.સ. ૧૬૧૬માં અંગ્રેજોએ પેહેલાં જાવાની અંદર બેન્ડમમાં, અને પછી સુરત, કાલિકટ, અને મછલીપટણમાં નાહની નાહની કોઠીઓ ઘાલી. અંગ્રેજોનાં આ પરાક્રમોથી વલંદા લોકોને તેમની અદેખાઇ આવી અને ૧૬૨૩ માં મસાલાના બેટોમાંના આમ્બોયના નામે એક બેટમાં ૧૦ અંગ્રેજ, ૯ જાપાની, અને ૧ પોર્ટુગીઝને દ્વેષભાવથી કાંઈ બ્હાનું કાઢી કતલ કર્યા. આ બનાવથી અંગ્રેજોનાં મન ઘણાં ઉશ્કેરાયાં, અને તેઓએ આખરે જે સઘળા માર્યા ગયા તેમના વારસોને નુકસાનને પેટે આસરે ૩૬,૦૦૦ રૂપિયા વલંદા પાસેથી અપાવ્યા.

આમ્બોયનામાં કતલ ૧૬૨૩.

ઇ.સ. ૧૬૩૯માં આર્માગામમાં* જે અંગ્રેજોની કોઠી હતી તે ત્યાંથી તેઓએ કાઢી નાંખી, અને ત્યાંના અધિકારી મી૦ ફ્રાન્સિસ ડેએ ચંદ્રગિરીના રાજા પાસેથી મદ્રાસપટમ ખરીદ કરી ત્યાં ફોર્ટ સેન્ટ જયોર્જ બાંધ્યો, અને મદ્રાસ વસાવ્યું.

ફોર્ટ સેન્ટ જયોર્જ બાંધ્યો ૧૬૩૯.

ઇ. સ. ૧૬૬૨માં પોર્ટુગલના રાજાએ પોતાની દીકરી કેથેરાઇનની પહેરામણીમાં ઈંગ્લાંડના બીજા ચાર્લ્સ રાજાને મુંબઈ આપ્યું. ઈંગ્લાંડના આ રાજાએ આ બેટ ઈ.સ. ૧૬૬૮માં "કુમ્પની"ને વરસ દહાડે અમુક રકમ લેવાની બોલીએ પોતાનો હકક વેચ્યો.

બીજા ચાર્લ્સને મુંબઇ મળ્યું ૧૬૬૨. કમ્પનીને મુંબઈ મળ્યું ૧૬૬૮. ફોર્ટસેન્ટ દેવિડ બાંધ્યો ૧૬૯૧. ફોર્ટ સેંટવિલિયમ બાંધ્યો ૧૭૦૦

ઇ.સ. ૧૬૯૧માં પોન્ડિચરીની દક્ષિણે ટેગનાપટમમાં જગ્યા ખરીદ કરી "કુમ્પની"એ ફોર્ટ સેન્ટ દેવિડ, અને ૧૭૦૦માં કલકત્તામાં ફોર્ટ વિલિયમ નામે કિલ્લા બાંધ્યા.

ઇ. સ. ૧૬૯૮માં ઉભી થએલી વેપાર કરનાર બીજી કમ્પની જેને "હરીફ"કુમ્પની કહેતા તે, અને ૧૬૦૦માં ઉભી થએલી "ઇસ્ટ ઇન્ડિસમાં વેપાર કરનારી કુમ્પની અને અધિકારી" આ બે કુમ્પનીઓ ઇ.સ. ૧૭૦૯માં જોડાઇ ગઇ, અને તેનું નામ "ધી યુનાઇટેડ ઇસ્ટ ઇન્ડિયા કુમ્પની" રાખ્યું.

ધી યુનાઈટેડ ઇસ્ટ ઇન્ડિયા કમ્પની ૧૭૦૯

---

*આર્માગામ — મદ્રાસની ઉત્તરે ૬૬ મૈલ દૂર.

(૪) ફ્રેન્ચ.

માર્ટિને પોન્ડિચરી વસાવ્યું ૧૬૭૪.

ચંદ્રનગર ૧૬૮૮માં, ને મહે ૧૭૨૫માં વસાવ્યાં.

ફ્રેન્ચ લોકે પણ હિંદુસ્તાનમાં વેપાર કરવાને ઈ. સ. ૧૬૦૪માં એક કમ્પની સ્થાપી. આ પછી ઇ. સ. ૧૭૧૯ સુધીમાં એક પછી એક ૭ ફ્રેન્ચ કમ્પનીઓ થઈ. ફ્રેન્ચ લોકે પેહેલાં ૧૬૬૪માં પોતાની કોઠી સુરતમાં અને પછી ૧૬૬૯માં મછલીપટણમાં ઘાલી. ૧૬૭૪માં બિજાપુરના રાજા રામરાજ પાસેથી થોડી જગ્યા લઇ ફ્રેન્ચ ગવર્નર માર્ટિને પોન્ડિચરી વસાવ્યું. ૧૬૮૮માં તેઓએ ઔરંગજેબ પાસેથી ચંદ્રનગર લીધું અને ૧૭૨૫ માં પશ્ચિમ કિનારે મહે વસાવ્યું.

ડેન લોકોનાં થાણા-ટ્રૈંકિવબાર અને સેરામપુર.

પોર્ટુગીઝ, ડચ અથવા વલંદા, અંગ્રેજ અને ફ્રેન્ચ શિવાય ડેન્માર્કના રહેવાસી ડેન લોકોએ પણ વેપારને અર્થે (૧૬૧૨-૧૬૭૦) હિંદુસ્તાનમાં કમ્પનીઓ ઉભી કરી હતી. એમનાં સંસ્થાનો કોરોમાંડલ કિનારાપર ટ્રૈંકિવબાર અને સેરામપુર હતાં, જે અંગ્રેજોએ ૧૮૪૫માં તેમની કનેથી વેચાતાં લીધાં.

સતરમી સદી અધવારતાં હિંદુસ્તાનમાં ફ્રેન્ચ અને અંગ્રેજો વચ્ચે મોટી હરીફાઇ ચાલવા લાગી. બન્ને પ્રજાએ એક બીજાને હિંદુસ્તાનમાંથી હાંકી કહાડવાને ઉપાયો લીધા, અને લાંબો વખત સુધી કર્ણાટકમાં બે મોટી લડાઇઓ કરી, જેમાં આખરે અંગ્રેજોનો જય થયો. હાલ ફ્રેન્ચ લોકના હાથમાં પોન્ડિચરી અને કારિકલ (કોરોમાંડલ કિનારાપર), મહે (મલબાર કિનારે), ચંદ્રનગર (હુગ્લી નદીપર,) અને યાનાઉન (ઓરિસ્સા આગળ) છે.

પ્રકરણ ૭ મું.

બાબ ૧ લો.

× કર્ણાટકમાં પેહેલી લડાઇ ૧૭૪૪—૧૭૫૪.

લડાઇનું કારણ:—પોન્ડિચરીનો ફ્રેન્ચ ગવર્નર ડુપ્લી અંગ્રેજોને તેમનાં થાણાં ઉપર હુમલો કરી હિંદુસ્તાનની બાહેર હાંકી કાઢવાની તક જોયા કરતો હતો, તેથી જ્યારે યુરોપમાં ઇંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે "ઓસ્ટ્રિયન સકસેશન"(ઓસ્ટ્રિઆની ગાદી માટે)ની લડાઇ સળગી, ત્યારે આ તક જોઈ ડુપ્લીએ ઇ. સ. ૧૭૪૬માં બુરબોન અને મોરિશિયસના હાકેમ લાબોર્ડોનેની સરદારી નીચે એક મોટું નૌકાસૈન્ય અંગ્રેજો સામું મોકલ્યું.

લાબોર્ડોનેએ અંગ્રેજોના ફોર્ટ સેન્ટ જ્યોર્જ ઉપર હલ્લો કર્યો અને તે

× કેટલાક ઈતિહાસ કર્તાઓએ આ લડાઈના બે ભાગ કર્યાછે-પેહેલી ૧૭૪૪થી ૧૭૪૮ સુધી અને બીજી ૧૭૪૯થી ૧૭૫૪ સુધી; આ પ્રમાણે તેઓ કર્ણાટકમાં ત્રણ લડાઇઓ ગણેછે.

ફોર્ટસેંટ જયોર્જ છતી લીધો ૧૭૪૬.

૧૭૪૬માં લઇ લીધો; પણ તેણે ચાર લાખ રૂપિયા લઇને તે પાછો આપ્યો, અને મોરિશિયસ પાછો ગયો. ડુપ્લી આથી ચિડાઇ ગયો અને તે આપવા ના કહી. લાબોર્ડોને મોરિશિયસથી ફ્રાન્સ ગયો, ત્યારે તેને આ કામને માટે ત્રણ વરસ બંદીખાને રહેવું પડયું, અને ત્યાંથી છૂટયા પછી તે ૧૭૫૩માં મરણ પામ્યો.

ફોર્ટ સેન્ટ ડેવિડ ઉપર હુમલો ૧૭૪૬. એકસ-લા-શાપેલનું તહનામું ૧૭૪૮.

ઈ.સ. ૧૭૪૬માં ડુપ્લીએ ફોર્ટ સેન્ટ ડેવિડ ઉપર હુમલો કર્યો, પણ તેમાં તે ફાવ્યો નહીં, અને ૧૭૪૮માં ઈંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે "એકસ-લા-શાપેલ"નું તહનામું થયું તેથી તેમની વચ્ચે દુશ્મનાઇ થોડોવાર બંધ પડી.

અંગ્રેજોને દેવિકોટ મળ્યું ૧૭૪૮.

ઈ.સ. ૧૭૪૮માં શિવાજીના ભાઇ વેન્કાજીનો વંશજ તંજોરનો રાજા શાહુજી જેને એના ભાઇ પ્રતાપસિંહે ગાદીએથી ઊઠાડી મેલ્યો હતો તેણે ગાદી મેળવવાને અંગ્રેજોની મદદ માંગી. આ કામને માટે અંગ્રેજોને દેવિકોટ * મળ્યું; પણ રૈયત શાહુજીને ચાહાતી ન હતી તે માટે અંગ્રેજોએ પ્રતાપસિંહને રાજા કબુલ કર્યો.

હૈદ્રાબાદ અને આર્કાટની ગાદી માટે વઢવાડ ૧૭૫૦.

દક્ષિણનો સૂબો નિઝામ ઉલમુલ્ક સ્વતંત્રપણે રાજ્ય કરી પોતાની ૧૦૪ વરસની વયે ૧૭૪૮માં મરણ પામ્યો. તેના વડા છોકરાએ રાજ્યગાદી લીધી નહીં, પણ પોતાના છોકરા મુજફ્ફરજંગને આપી. આ ઉપરથી નિઝામ ઉલમુલ્કનો બીજો છોકરો નાઝિરજંગ તેની સામો થયો ઈ.સ. ૧૭૫૦. એજ વરસમાં કર્ણાટકની રાજધાની આર્કટમાં‡ પણ ગાદી બાબત લડાઇ સળગી. આર્કટની ગાદી માટેના હરીફો અનવારૂદ્દીન અને ચંદાસાહેબ હતા. નાઝિરજંગ અને અનવારૂદ્દીને પોતાના લશ્કર ભેગાં કર્યાં, અને મુજફ્ફરજંગ અને ચંદાસાહેબ જેમને ડુપ્લીની મદદ હતી તેમની સામે લડયા. અનવારૂદ્દીન અમ્બુરની× લડાઇમાં માર્યો ગયો, અને તેનો છોકરો

અમ્બુરની લડાઈ (બીજી) ૧૭૫૦.

મહમદઅલી ત્રિચિનાપોલી નાસી ગયો. નાઝિરજંગ પણ પોતાની છાવણીમાં એનાજ સિપાઇઓને હાથે માર્યો ગયો, તેથી હવે વગર હરકતે મુજફ્ફરજંગ હૈદ્રાબાદનો અને ચંદાસાહેબ કર્ણાટકનો નવાબ થયો. મુજફ્ફરજંગ પણ થોડા દિવસમાં માર્યો ગયો, તેથી નાઝિરનો ભાઇ સલાબતજંગ ગાદીએ બેઠો ૧૭૫૧. આ ફતેહથી ફુલાઈ

ડુપ્લી ફતેહઆબાદ ૧૭૫૧

જઇને ડુપ્લીએ એક સ્તંભ ઉભો કર્યો અને ત્યાંની જગ્યાનું નામ "ડુપ્લી ફતેહઆબાદ" આપ્યું. ચંદાસાહેબે અનવારૂદ્દીનનો છોકરો મહમદઅલી, જે ત્રિચિનાપોલી નાસી

*દેવિકોટ-પોન્ડિચરીની દક્ષિણે ૩૭ મૈલ પર.

‡આર્કટ-મદ્રાસની પશ્ચિમે ૬૮ મૈલ દૂર. ×અમ્બુર-આર્કટની ઉત્તરે ૫૦ મૈલ દૂર.

ગયો હતો, તેની ઉપર ફ્રેન્ચ લોકોની મદદ લઈ હવે ચઢાઇ કરી. અંગ્રેજો મહમદઅલ્લીના મળતીઆ હતા, પણ આ બન્નેનાં લશ્કર સામે તેઓ લડી શકે એવું હતું નહીં, કારણ કે ફ્રેન્ચ લોકો આ વખતે ઘણા પ્રબળ ગણાતા હતા. જ્યારે ફ્રેન્ચ અને ચંદાસાહેબે ત્રિચિનાપોલી પર ઘેરો નાંખ્યો, ત્યારે કલાઇવ જે હિંદુસ્તાનમાં ગુમાસ્તાની નોકરી કરવા ઈંગ્લાંડથી આવ્યો હતો તેણે મદ્રાસના હાકેમ મિ૦ સોન્ડર્સને એવું કહ્યું કે જો આપણે આ બન્ને મોટાં લશ્કર સામે લડવા કરતાં ચંદાસાહેબ જે પોતાનું લગભગ સઘળું લશ્કર લેઇ લડવા આવ્યો છે તેની રાજધાની આર્કટપર હુમલો કરીએ, તો તે તુરત ત્રિચિનાપોલીમાંથી નિકળી પોતાનાં રાજનો બચાવ કરવા દોડી આવશે. આ વાત તે હાકેમે પસંદ કીધી, અને કલાઇવનેજ ફક્ત ૨૦૦ યુરોપીઆન અને ૩૦૦ દેશી સિપાઇઓ આપી આર્કટપર મોકલ્યો. એણે ત્યાં જઇ પોહોંચતાંજ આર્કટ લઈ લીધું. આ ખબર સાંભળીને ચંદાસાહેબે પોતાના છોકરા રાજાસાહેબને દશ હજાર માણસનું લશ્કર આપી મોકલ્યો. કલાઇવે આવાં મોટાં લશ્કર સામે સાત અઠવાડિયાં સુધી ટકાવ કર્યો, અને મરેઠા સરદાર મોરારીરાવની મદદ મળતાંજ તેણે રાજાસાહેબ ૧૭૫૧માં આર્નિ* આગળ અને ૧૭૫૨માં કોવેરીપાક† આગળ હરાવ્યો; પાછા ફરતાં દુપ્લીનો બંધાવેલો "દુપ્લી ફતેહઆબાદ"નો સ્તંભ એણે તોડી ફ્રેન્ચ લોકોનું અપમાન કર્યું.

આર્નિની લડાઇ ૧૭૫૧.

મેજર લોરેન્સ ૧૭૫૨માં એક મોટું લશ્કર લઇ હિંદુસ્તાન આવ્યો; તેણે કલાઇવ સાથે મળી જઈ ત્રિચિનાપોલીપર હુમલો કર્યો. વળી મહમદઅલ્લીની મદદે તંજોરનો રાજા પ્રતાપસિંહ, મ્હેસૂરના રાજ્યનો સરદાર નંડીરાજ, અને મરાઠા સરદાર મોરારીરાવ પણ આવ્યા હતા. આવું મોટું લશ્કર જોઇ ફ્રેન્ચ લોકો ત્રિચિનાપોલીમાંથી નાસી ગયા, અને શ્રીરંગામના‡ કિલ્લામાં ભરાયા, પણ થોડાં અઠવાડિયાંમાં તેમને તાબે થવાની ફરજ પડી ૧૭૫૨. ચંદાસાહેબને તેનાં લશ્કરે તજી દીધો, તેથી તે તંજોરના લશ્કરના સરદારને શરણ થયો, જેણે તેને મારી નાંખ્યો (૧૭૫૨) અને તેનું માથું મહમદઅલ્લી આગળ મોકલાવ્યું. એજ વરસમાં ઈબાહુર§ આગળ એક યુદ્ધ થયું તેમાં લોરેન્સે ફ્રેન્ચ લોકોને હરાવ્યા અને કલાઇવે ૧૭૫૩માં કોવેલોંગ અને ચિંગલપટ¶ નામના બે કિલ્લા જીતી લીધા અને પોતે વિલાયત ગયો.

ચંદાસાહેબને મારી નાંખ્યો ૧૭૫૨.

કલાઇવે કોવેલોંગ અને ચિંગલપટ જીત્યા ૧૭૫૩.

*આર્નિ-મદ્રાસની નૈઋત્ય કોણે ૭૪ મૈલ દૂર. ‡શ્રીરંગામ-ત્રિચિનાપોલીની પાસે †કોવેરીપાક-ત્રિચિનાપોલી આગળ. §બાહુર-પોન્ડિચરીની પાસે. ¶કોવેલોંગ અને ચિંગલપટ-મદ્રાસની દક્ષિણે ૨૨ મૈલ દૂર, સમુદ્રને કાંઠે.

ઈંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે આ વખતે સલાહ હોવા છતાં ડુપ્લી અંગ્રેજો સામે કાવત્રાં કરતો માલમ પડયો, તેથી ફ્રેન્ચ સરકારે ૧૭૫૪માં એને પાછો બોલાવી લીધો, અને એની જગ્યા એ ગોડ્યુને નિમ્યો.

ડુપ્લી મરણ પામ્યો ૧૭૬૪. હિંદુસ્તાનમાં ફ્રેન્ચ સત્તાનો અટકાવ થયાથી ડુપ્લીની ફ્રાન્સમાં ઘણી ગેરઆબરૂ થઇ, અને તે ઈ. સ. ૧૭૬૪માં ઘણી

ગોડ્યુ ૧૭૫૫. ગરીબ હાલતમાં પેરિસ ખાતે મરણ પામ્યો. ગોડ્યુએ ૧૭૫૫માં અંગ્રેજો સાથે સંધિ કરી જે અંગ્રેજોને લાભકારી હતી.

બાબ ૨ જો.

બંગાળામાં પહેલી લડાઇ ૧૭૫૬—૧૭૫૭.

ઔરંગઝેબનાં મરણ પછી બંગાળાના સૂબા મુર્શીદ કુલીખાં અથવા જાફરખાંએ સ્વતંત્રપણે ત્યાં રાજ્ય કર્યું. એનાં મરણ પછી એનો પુત્ર સુજાખાં ૧૭૨૫માં ગાદીએ બેઠો અને સારી રીતે રાજ ચલાવી ૧૭૪૦માં મરણ પામ્યો. એના પછી એના પુત્રના હાથમાંથી સુજાખાંના ભાઈ

સુરાજાદૌલા નવાબ થયો ૧૭૫૬. અલિવર્દીખાંએ એજ વરસમાં ગાદી છીનવી લીધી. એ ઘણો પ્રબળ નવાબ હતો. એનાં મરણ પછી ૧૭૫૬માં એનો પૌત્ર સુરાજાદૌલા ૧૮ વરસની વયે બંગાળા, બહાર, અને ઓડિયાનો નવાબ થઇ ગાદીએ બેઠો.

લડાઇનાં કારણ:—૧–સુરાજાદૌલા અંગ્રેજોને ઘણો ધિક્કારતો હતો. ૨–એના રાજ્યમાંથી એક શ્રીમંત હિંદુ શાહુકાર એના જુલમને લીધે પોતાનો જીવ તથા દોલત બચાવવાને કલકત્તે નાસી ગયો, ત્યારે એણે અંગ્રેજો પાસેથી તેને માગ્યો; પણ જ્યારે તેઓએ તેને સ્વાધીન કરવા ના કહી, ત્યારે એની રાજધાની મુર્શીદાબાદની પાસે કાસીમબજારમાં અંગ્રેજોની

કાસીમબજાર લૂંટયું ૧૭૫૬. જે કોઠી હતી તે એણે લૂંટી, અને એક મોટાં લશ્કર સહિત કલકત્તાપર ચઢી આવ્યો.

અંગ્રેજોએ આવાં મોટાં લશ્કર સામે લડવાની કંઇપણ તયારી કરી નહતી તોપણ ચાર દિવસ સુધી સામા થયા પછી તેમાંના ઘણાક વહાણોપર નાસી ગયા. માત્ર ૧૪૬ માણસ હોલવેલ નામના સરદારના હાથ નીચે સામે થવા ફોર્ટ વિલિયમમાં રહ્યા; તેઓને પણ તુરત તાબે થવાની જરૂર પડી.

"બ્લેક હોલ" અથવા અંધારી કોટડી ૧૭૫૬. ૧૭૫૬—**"બ્લેક હોલ"** અથવા **અંધારી કોટડી:**—આ ૧૪૬ માણસોને સુરાજાદૌલાએ પકડી એક અંધારી કોટડીમાં રાતે ઘોંચી ઘાલ્યા. તે કોટડી માત્ર ૧૮ ચોરસ ફીટ હતી, અને તે ફોર્ટ વિલિયમનું એક સાધારણ કેદખાનું હતું. સવારે જ્યારે તે કેદખાનાનું બારણું ઉઘાડયું, ત્યારે માત્ર ૨૩ જણ જીવતા દેખાયા;

બાકીના ખરાબ હવાથી, ગરમીથી, તેમજ પાણી ન મળવાથી મરણ પામ્યા.

તુલાજી આંગરિયાનો ઘેરિયાગઢ જીત્યો ૧૭૫૬.

આ સમાચાર જેવા મદ્રાસમાં પહોંચ્યા કે તુરતજ અંગ્રેજોએ સુરાજાદૌલા સામે લડવાની તૈયારી કરી. આ વખતે કલાઇવ પણ એડમિરલ વોટસનની આરમાર સહિત ઈંગ્લાંડથી આવ્યો હતો ૧૭૫૬. એણે આવતાંને વાર પશ્ચિમ કિનારા ઉપરના તુલાજી આંગરિયા નામે મરેઠા ચાંચિયાનો ઘેરિયાગઢ જીતી લીધો, અને આંધારી કોટડીનું વેર લેવાને ગયો.

કલાઇવે ચંદ્રનગર જીતી લીધું ૧૭૫૭.

કલાઇવે ૧૭૫૭ માં હુગલી કિલ્લો, અને પછી તુરત કલકત્તા પાછાં જીતી લઇ સુરાજાદૌલાને સલાહ કરવાની જરૂર પાડી. એજ વરસમાં કલાઇવે કલકત્તાની ઉત્તરે ફ્રેન્ચ લોકોનું થાણું ચંદ્રનગર હતું તે પણ જીતી લીધું.

સેનાપતિ મિરજાફર અને ખજાનચી રાયદુર્લભ.

સુરાજાદૌલા, ઉપલી હારોથી ઘણું અપમાન થયલું સમજીને છુપીરીતે મોટું લશ્કર ભેગું કરવા લાગ્યો અને ફ્રેન્ચ લોકોને પોતાની તરફ લેવાને ઘણીક કોશેશ કરી. કલાઇવે આ વાત સાંભળી ત્યારે પોતે પણ છુપી તૈયારી કરી, અને સુરાજાદૌલાના લશ્કરના સેનાપતિ મિરજાફરને નવાબની ગાદીએ બેસાડવાની કબુલાતથી, તેમજ તેના ખજાનચી રાયદુર્લભને પૈસાની મોટી આશા આપી પોતાના પક્ષમાં લીધા. આ કામ પાર ઉતારવામાં અમિચંદ નામનો એક હિંદુ વચ્ચે પડ્યો હતો. જ્યારે લડાઇની સઘળી તૈયારી પૂરી થઇ ત્યારે છેલ્લી ઘડીએ અમિચંદ બાહેર આવ્યો, અને કલાઇવને કહ્યું કે જો મારી મહેનતને માટે મને ૩૦ લાખ રૂપિયા નહીં આપશે તો હું આ સઘળી વાત નવાબને કહી દઇશ.

કલાઈવે અમિચંદને છેતર્યો.

આથી કલાઇવે લુચ્ચાઈ કરી પોતાને હાથે એડમિરલ વોટસનની સહી કરીને એક બીજો દસ્તાવેજ અમિચંદને આપી, તુરતવેળા તેને શાંત પાડ્યો.

કલાઇવે પછી સુરાજાદૌલા પર ફ્રેન્ચ લોક સાથે ખટપટ કરવાનો, અને તુરતની થયલી સલાહ તોડવાનો વાંક કાઢી નુકશાનીનો બદલો માગવા એક કાગળ લખ્યો. આથી નવાબ એકદમ પોતાનાં સઘળાં લશ્કર સહિત લડવા બાહેર નિકળી આવ્યો. ઇ. સ ૧૭૫૭માં પ્લાસીના* મેદાનમાં બન્ને

પ્લાસીની લડાઇ ૧૭૫૭.

લશ્કરો સામસામાં થયાં. કલાઇવ મિરજાફરનાં લશ્કરની મદદને માટે રાહ જોતો બેઠો, પણ જ્યારે તે નહીં આવ્યું ત્યારે પોતેજ પોતાનાં લશ્કર સાથે સુરાજાદૌલાનાં લશ્કર સામે કૂચ કરી.

સુરાજાદૌલાને મારી નાંખ્યો ૧૭૫૭.

થોડા વખતમાં સુરાજાદૌલાનું લશ્કર હારી જઇ નાસી ગયું અને નવાબ પોતે નાસી જતાં પકડાયો, તેને મિરજાફરના છોકરા મિરાને મારી નંખાવ્યો ૧૭૫૭.

---

*પ્લાસી કલકત્તાની ઉત્તરે ૭૦ મેલ અને મુર્શીદાબાદની દક્ષિણે ૩૦ મેલ પર.

મિરજાફરે જોકે લડાઈમાં મદદ કરી નહતી, તોપણ ક્લાઇવે તેને સુરાજદૌલાને ઠેકાણે બંગાળા, બહાર અને ઓઢિયાનો નવાબ કબુલ કર્યો. સુરાજદૌલાનો ભંડાર જે પુષ્કળ હતો, તે કરાર પ્રમાણે સઘળાઓએ વેંહેંચી લીધો; લશ્કરી અમલદારો તથા સિપાઇઓને પણ સારી બક્ષિસ મળી. ક્લાઇવનો એકલાનો હિસ્સો આસરે ૩ લાખ રૂપિયાનો હતો. કમ્પનીને નુકશાનને પેટે મિરજાફરે ૧ કરોડ રૂપિયા, તેમજ કલકત્તાની આસપાસનો દેશ જે હાલ ચોવીસ પ્રગણાને નામે ઓળખાયછે તે આપ્યા.

અમિચંદને કાંઈ મલ્યું નહીં તેથી તે બિચારો ઘણોજ ઉદાસ થઇ હાથ ઘસતો રહી ગયો.

કલાઇવ બંગાળાનો ગવર્નર ૧૭૫૮.

ક્લાઇવ ૧૭૫૮માં બંગાળાનો પેહેલો ગવર્નર નિમાયો, અને ૧૭૬૦ સુધી નોકરી પર રહી એણે કમ્પનીની સારી સેવા બજાવી.

બાબ ૩ જો

કર્ણાટકમાં બીજી લડાઇ ૧૭૫૬—૧૭૬૧.

લડાઇનું કારણ—ઈ.સ. ૧૭૫૬માં ઈંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે "ધી સેવન યર્સ વૉર"નામની લડાઈ સળગી, ત્યારે હિંદુસ્તાનમાં પણ આ બે હરીફ પ્રજાઓ વચ્ચે લડાઇ ચાલી.

લાલીએ ફોર્ટ સેન્ટ ડેવિડ તોડી નાંખ્યો ૧૭૫૮.

ઈ. સ. ૧૭૫૮માં ફ્રેન્ચ સેનાપતિ લાલી ફ્રાન્સથી એક મોટું લશ્કર લઇ પોન્ડિચરી આવ્યો, અને ફોર્ટ સેન્ટ ડેવિડ ઉપર હુમલો કરી તેના કોટ કિલ્લા તોડી નાંખ્યા. આ પછી તુરત તેણે દક્ષિણમાંથી બુસિને પોતાની મદદે બોલાવીને ફોર્ટ સેન્ટ જયોર્જ ઉપર હલ્લો કર્યો, પણ એ બન્ને સરદારોમાં કુસંપ હોવાથી, તેમજ તેમના સિપાઇઓમાં સારી કવાયદ નહોતાથી, તેમને માર ખાઇ પાછું પોન્ડિચરી ફરવું પડયું. આ કિલ્લાનો બચાવ કરનાર લૉરેન્સ અને ડેલિયડ સરદારો હતા.

કન્ડોરની લડાઈ ૧૭૫૯.

૧૭૫૯માં જ્યારે બુસિને લાલીએ ઉત્તર સરકારથી બોલાવ્યો, ત્યારે કલાઇવે કર્નલ ફોર્ડને ત્યાં મોકલ્યો, જ્યાં તેણે ફ્રેન્ચ લોકોને કન્ડોર આગળ હરાવ્યા અને મછલીપટમ લઇ લીધું.

વાંડીવાશની લડાઇ ૧૭૫૯.

એજ વરસમાં અંગ્રેજ સરદાર સર આયર કૂટ ઈંગ્લાંડથી એક મોટું લશ્કર લઈ આવ્યો, અને એણે વાંડીવાશની* મોટી લડાઇમાં ફ્રેન્ચ સરદારો લાલી અને બુસિને સખત હાર આપી, અને બુસિ કેદ પકડાયો. આ વખતથી ફ્રેન્ચ સત્તા હિંદુસ્તાનમાંથી જતી

*વાંડીવાશ-મદ્રાસની નૈરૂત્યે ૭૩ મૈલ પર.

અંગ્રેજોએ પોન્ડિચરી જીતી લીધું ૧૭૬૧.

રહી. કર્નલ કૂટે ત્યારપછી ૧૭૬૧માં પોન્ડિચરી ઉપર હુમલો કર્યો, અને ફ્રેન્ચ લોકોને ત્યાં હરાવી તેના કિલ્લા તોડી નાંખ્યા. વળી થિયાગઢ* અને ગિંજી$ નામના બીજા બે ડુંગરી કિલ્લા પણ અંગ્રેજોએ હાથ કરી લીધા, તેથી ફ્રેન્ચ લોકોનું હિંદુસ્તાનમાં એકે લશ્કરી થાણું રહ્યું નહીં, અને તેમની ઇસ્ટ ઇન્ડિયા કમ્પની પણ ૧૭૬૯માં ભાંગી પડી.

લાલીને ફાંસી દીધી ૧૭૬૭.

ઇ.સ. ૧૭૬૬માં લાલી ફ્રાન્સ પાછો ગયો; એના વખતમાં ફ્રેન્ચ સત્તા હિંદુસ્તાનમાંથી તદન જતી રહી તેથી એને ગેરવાજબી રીતે ફાંસી દીધી ૧૭૬૭.

બાબ ૪થો.

બંગાળામાં બીજી લડાઇ ૧૭૫૯—૧૭૬૭.

શાહઆલમ જે દિલ્હીના બાદશાહ આલમગીર બીજાનો છોકરો હતો તેણે બંગાળાપર દાવો કર્યો, અને અયોધ્યાના સૂબા સુજાદૌલા સાથે મળી જઇ મિરજાફર સામે એક મોટું લશ્કર લેઇ ગયો, અને પટણાને ઘેરો ઘાલ્યો. રામનારાયણ નામના એક હિંદુ સૂબેદારે તેનો બહાદૂરીથી બચાવ કર્યો; અને કલાઇવ પોતે પટણાના બચાવને માટે આવેછે એવું સાંભળતાંજ તેઓ નાસી ગયા. મિરજાફરે આથી ખુશી થઇને કલાઇવને અમીર–ઉલ–ઉમરાવનો ખેતાબ આપ્યો, અને કલકત્તાની આસપાસની જગ્યાનું ભાડું, વરસના ત્રણ લાખ રૂપિયા, જે કમ્પની પાસેથી તેને મળતું હતું, તે તેણે તેને આપી દીધું.

ડચ.

મિરજાફર અંગ્રેજોની માંગણીથી, તેમજ તેમની સત્તાથી કાયર થઇ ગયો, અને તેણે તેમના હાથમાંથી છુટવાને ૧૭૫૯માં છુપી રીતે ડચ લોકોની મદદ માંગી. ચિન્સુરાના+ ડચ લોકે બેતેવિયામાં એ વિષે લખાણ કર્યું, અને કલકત્તાપર હુમલો કરવાને એક લશ્કર તૈયાર કર્યું; પણ આ વાતની ખબર મળતાંજ કલાઇવે

ચિન્સુરાની લડાઈ ૧૭૫૯.

અને કર્નલ ફોર્ડે તેમને હરાવી ચિન્સુરાને ઘેરો ઘાલ્યો. આથી ડચ લોકે માફી માંગી અને લડાઇનો ખરચ આપી અંગ્રેજો સાથે સંધિ કરી.

એક વરસ પછી (૧૭૬૦) કલાઇવ પાછો ઇંગ્લાંડ ગયો, જ્યાં તેને રાજા તેમજ પ્રજા તરફથી બહુ માન મળ્યું, અને તેને અમીરની પદ્દી પણ મળી. એની જગ્યાએ કામ ચલાવવા વાન્સિટાર્ટ નિમાયો. એનામાં કલાઇવ

---

*થિયાગઢ અને ઢુગિંજી પોન્ડિચરીની વાયવ્યકોણે ૩૫ મૈલ પર.

+ચિન્સુરા- હુગલી નદી આગળ.

જેવી અમલ ચલાવવાની શક્તિ હતી નહીં, તેથી બંગાળા ઘણી માઠી હાલતમાં આવી પડયું:—બંગાળાની માઠી હાલતનાં કારણો:—

૧ - મિરજાફર ઘણો ઉડાઉ ખરચ કરવાથી પૈસાની તંગીમાં આવી પડયો, અને એનો છોકરો મિરાન ૧૭૬૦માં વીજળી પડવાથી મરણ પામ્યો, તેથી એ વધારે નિરાશ થયો.

૨ — મિરજાફરે પોતાના જમાઈ મિરકાસિમને કમ્પનીના લેણદેણનો બંદોબસ્ત કરવા કલકત્તે મોકલ્યો, ત્યારે તેની હોશિયારી જોઇ વાન્સિટાર્ટે મિરજાફરને કલકત્તે તેડી લઇ તેની જગ્યાએ તેને નવાબ બનાવ્યો. એ પણ મિરજાફરની માફક અંગ્રેજોની ઉપરા ઊપરી પૈસાની માગણીથી કાયર થઇ તેમનો શત્રુ થયો.

મિરકાસીમ.

૩—મિરકાસિમે ગાદીએ બેસતાંજ પટણાના સૂબા રામનારાયણ પર બળજોરીથી લોકોના પૈસા લેવાનું તહોમત મૂકી તેને મારી નાંખ્યો. આ કામની વચ્ચે અંગ્રેજો પડયા નહીં તેથી દેશીઓ ઘણા ચિડાયા.

૪—મેજર મન્રોના હાથ નીચેના સિપાઇઓએ ૧૭૬૪માં બંડ ઉઠાવ્યું અને વધારે પગાર માગ્યો પણ મન્રો સરદાર દૃઢ રહ્યો, અને જ્યારે તેમનામાંના ૨૦ જણને તોપને મોહડે ઉડાડી નાંખ્યા, ત્યારે તેઓ શાંત થયા.

મિરકાસિમ પોતાનું રાજ્ય પેહેલાં ઘણી સારી રીતે ચલાવવા લાગ્યો. ગાદીએ બેસવાની ખુશાલીમાં એણે અંગ્રેજોને છુપી બક્ષિસો ઉપરાંત કમ્પનીને મિદનાપુર,[1] બર્દવાન,[2] અને ચિતેગાંગ[3] આપ્યાં. શાહઆલમ અને સુજાઉદ્દૌલા પાછા બહારપ્રાંત પર ચઢી આવ્યા પણ તેમને કર્નાક સરદારે હરાવ્યા. પાછળથી અંગ્રેજોના સમજાવ્યાથી તેઓ પટણા ગયા, જ્યાં મિરકાસિમ જ્યારે શાહઆલમને વરસ દહાડે ૨૪ લાખ રૂપિયા આપવા કબુલ થયો, ત્યારે તે પાદશાહે તેને બંગાળા, બહાર અને ઓરિસાનો નવાબ કબુલ કર્યો.

મિદનાપુર, બર્દવાન અને ચિતેગાંગ કમ્પનીને આપ્યાં.

લડાઇનું કારણ—થોડા વખતમાં અંગ્રેજો અને મિરકાસમ વચ્ચે પણ જગાત બાબત બિગાડ થયો. નવાબના અમલદારોએ અંગ્રેજી માલના વહાણો અટકાવ્યાં, તેથી મી૦ એલિસ અને બીજા અમલદારોએ પટણા લેઇ લીધું; પણ મિરકાસમના લશ્કરે તે પાછું જીતી લીધું, અને ત્યાંના સઘળા અંગ્રેજોને કેદ કર્યા. આ થી કલકત્તાની કૌન્સિલે મિરકાસિમને ગાદીએથી ઉઠાડીને ઘરડા મિરજાફરને પાછો નવાબ બનાવ્યો; પણ આથી નવાબ કાંઇ અટક્યો નહીં.

અંગ્રેજ અને મિરકાસમ વચ્ચે કેટલીક નાહાની નાહાની લડાઇઓ

૧-કલકત્તાની પશ્ચિમે. ૨-હુગલી નદીની ઉત્તરે. ૩-બંગાળાના ઉપસાગરના ઇશાન કોણના કિનારા પર.

ઘેરિયાની લડાઇ ૧૭૬૩. અંગ્રેજોએ મોંગિર જીતીલીધું ૧૭૬૩. પટણામાં કતલ૧૭૬૩. પટણાની પેહેલીલડાઇ૧૭૬૩ પટણાની બીજી,બક્ષાર અને કાલ્પીની લડાઈઓ૧૭૬૪

થયા પછી ઘેરિયા*આગળ એક મોટી લડાઈ ૧૭૬૩માં થઇ, જેમાં મિરકાસિમ હારી ગયો,અને અંગ્રેજોએ મોંગીર લઇ લીધું.આ હારથી ચિડાઈજઇને મિરકાસિમે પટણાના સઘળા અંગ્રેજોને કતલ કરવાને હુકમ કીધો.આ નિર્દય કામ વોલ્ટર રેન્હાર્ટ, સોમર્સ અથવા સમરૂ નામથી ઓળખાતા એક જર્મને કર્યું; એમાં ૪૮ અંગ્રેજો(જેમાં મી૦એલિસ પણ હતો)અને ૧૦૦ સિપાઇઓને ગોળીથી મારી નાંખ્યા ૧૭૬૩. અંગ્રેજોએ આથી ન ડરતાં પટણા ઉપર હુમલોકરી ૧૭૬૩ માં તે પાછું જીતી લીધું,તેથી મિરકાસિમ અયોધ્યા સુજાદૌલાની છાવણીમાં નાસી ગયો.આ વખતે સુજાદૌલાની છાવણીમાં શાહઆલમ પણ હતો. અહમદશાહ અબદલી જેણે મરેઠાઓને ૧૭૬૧માં પાણીપતની લડાઇમાં તદન નબળા કરી નાંખ્યા હતા,તેનો આ નવાબ મદદગાર હતો. એક મોટું લશ્કર લઇને સુજાદૌલા અને મિરકાસિમે પટણાપર પાછો હુમલો કર્યો, પણ મેજર કર્નાકે તેમને હરાવ્યા ૧૭૬૪. પછી તેજ વરસમાં સોન નદીપર બક્ષાર× આગળ મેજર મન્રોએ તેમને પાછા હરાવ્યા; આથી શાહઆલમ અંગ્રેજો સાથે હવે મળી ગયો. સુજાદૌલા દિલ્હી નાસી ગયો અને મરેઠાઓની મદદ માગી, પણ કર્નાકે અલહાબાદ જીતી લઇ તેને (કોરા) કાલ્પી‡ આગળ પાછો હરાવ્યો. ત્યારે તે પણ અંગ્રેજોને શરણ થયો ૧૭૬૪.

પ્રકરણ ૮મું.

હિંદુસ્તાનમાં સુધારા અને ફેરફાર.

મિરજાફર મરણ પામ્યો ૧૭૬૫. કલાઇવ ત્રીજીવાર હિંદુસ્તાન ખાતે આવ્યો ૧૭૬૫.

ઘરડો મિરજાફર ૧૭૬૫માં મરણ પામ્યો,અને તેની જગ્યાએ તેના બીજા છોકરા નાઝીમઉદ-દૌલાને નામનો નવાબ બનાવ્યો; પણ બંગાળામાં પેહેલેથીજ ઘણું અંધેર ચાલતું હતું તેથી તેનો બંદોબસ્ત કરવાને ઇસ્ટ ઇન્ડિયા કુમ્પનીના અધિકારીઓએ કલાઇવને ત્રીજીવાર ૧૭૬૫માં હિંદુસ્તાન ખાતે મોકલ્યો.એણે નીચે પ્રમાણેના સુધારા કર્યા:—

૧.—અયોધ્યાના નવાબ સુજાદૌલાને ખરચને પેટે ૫૦ લાખ રૂપિયા લઇ તેની ગાદી પાછી આપી, અને તે અંગ્રેજોનો મિત્ર થઇ રહ્યો.

*ઘેરિયા—ગોવાની ઉતરે આશરે ૮૨ મૈલ પર.

×બક્ષાર—બનારસની વાયવ્ય કોણે ૫૮ મૈલ પર.

‡કાલ્પી—જમના નદીના કિનારાપર કાનપુરથી ૪૦ મૈલ દૂર.

કલાઈવના સુધારા. ૨.—દિલ્હીના શાહનશાહ શાહઆલમને કોરા*અને અલ્લાહબાદ પાછા આપ્યા.

૩.—શાહઆલમે બંગાળા, બહાર અને ઓરિસા (ઓઢિયા) વરસ દહાડે ૨૬ લાખ રૂપિયા લેવાની બોલીએ અંગ્રેજોને સ્વાધીન કર્યા; આથી નાઝીમઉદ-દૌલાને પેન્શન લઇ ગાદી છોડવી પડી.

૪.—સરકારી નોકરોનો પગાર વધારી આપ્યો, પણ તેમને ખાનગી વેપાર કરવાની સખત બંદી કરી.

૫.—લશ્કર જ્યારે લડવા પર હોય ત્યારે તેને બમણું ભાથું મળતું હતું તે કલાઇવે ઘણું ઘટાડી નાંખ્યું; આથી બસેં અમલદારોએ રાજીનામું આપ્યું; પણ કલાઇવે તેમની દરકાર કર્યા વગર તેમની જગ્યા મદ્રાસથી માણસો મંગાવી પૂરી.

કલાઈવ મરણ પામ્યો ૧૭૭૪. કલાઇવ ઇ. સ. ૧૭૬૭માં છેલ્લીવાર હિંદુસ્તાન છોડી ઇંગ્લાંડ ગયો, ત્યાં તેને ઘણુંજ માન મળ્યું. એ એના હરીફ ડુપ્લી પછી દસ વરસે ઈ. સ. ૧૭૭૪માં મરણ પામ્યો.

હેરિવરેલ્સ્ત ૧૭૬૭-૬૯. જોનકોર્ટિયર ૧૭૬૯-૧૭૭૨ કલાઇવના ઇંગ્લાંડ જવા પછી ૧૭૬૭–૬૯ સુધી બંગાળાના હાકેમ હેરિવરેલ્સ્ત અને ૧૭૬૯–૭૨ સુધી જોન કોર્ટિયર થયા. એમના વખતમાં પાછું બંગાળામાં ભારેઅંધેર ચાલ્યું. અંગ્રેજ અમલદારો એકદમ પૈસાદાર થવાને તરેહ તરેહના ઉપાયો લેતા; તેથી આખરે ૧૭૭૨માં ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના અધિકારીઓને ત્યાં સુધારો કરવાને ચાંપતા ઉપાયો લેવા પડયા. તેઓએ બંગાળાનો વહિવટ પોતાના હાથમાં લીધો, અને વોરન હેસ્ટિંગ્સને ત્યાંનો હાકેમ બનાવ્યો.

હેસ્ટિંગ્સ ૧૭૭૨-૭૪. હેસ્ટિંગ્સ કલાઇવ પછી સાત વરસે એટલે ૧૭૩૨માં જન્મ્યો હતો. ૧૭૫૦માં એ દિવાની ખાતાના અમલદાર તરીકે હિંદુસ્તાનમાં આવ્યો. સુરાજદૌલાએ મુર્શીદાબાદનીપાસે કાસીમ બજારની અંગ્રેજોની કોઠી લૂંટી, ત્યારે એ ત્યાં પકડાયો હતો, પણ ત્યાંથી એ નાસી આવ્યો અને ૧૭૫૭ની પ્લાસીની લડાઇ પછી એ મુર્શીદાબાદનો "રેસિડંટ" નિમાયો. ૧૭૬૪માં એ ઇંગ્લાંડ ગયો, અને ૧૭૬૮માં મદ્રાસની કૌન્સિલમાં એક સભાસદ તરીકે હિંદુસ્તાન પાછો આવ્યો. ચાર વરસ પછી તે કલકત્તાનો હાકેમ નિમાયો;એના વખતમાં ઘણાક સુધારા થયા:-

રેગ્યુલેટિંગ એક્ટ ૧૭૭૩. ઇ. સ. ૧૭૭૩માં "રેગ્યુલેટીંગ એક્ટ" એટલે રાજ્યકારભાર ચલાવવાનો કાયદો પસાર થયો; તેમાં એવા ઠરાવ થયા કે:-

૧.—કમ્પનીએ ઇંગ્લાંડની સરકારને વરસ દહાડે ૪,૦૦,૦૦૦ પૌંડ આપવા.

---

*કોરા—અલાહબાદથી ૪૫ મેલ દૂર.

૨.—મુંબઇ તથા મદ્રાસમાં કૌન્સિલ સાથે એક ગવર્નર રાખવો, પણ એ હાકેમોની ઉપર બંગાળામાં એક ગવર્નર જેનરલ કૌન્સિલની મદદથી અમલ ચલાવે.

૩.—કલકત્તામાં એક અદાલત સ્થાપવી, અને ત્યાં એક વડો અને તેના હાથ નીચે ત્રણ ન્યાયાધીશો રાખવા.

૪.—કોઇપણ સરકારી નોકરે કોઈ પાસેથી કંઈ પણ જાતની બક્ષિસ લેવી નહીં.

હેસ્ટિંગ્સ પેહેલો ગવર્નર જેનરલ ૧૭૭૪.

વોરન હેસ્ટિંગ્સ આ ધારાથી કરીને ૧૭૭૪માં પેહેલો ગવર્નર જેનરલ નિમાયો. એની કૌન્સિલના ચાર મેમ્બરો, મોન્સન, કલેવરિંગ, ફ્રાન્સિસ અને બારવેલ હતા. બારવેલ માત્ર એકમત થઇ હેસ્ટિંગ્સને સર્વ કામમાં મદદ કરતો, પણ બાકીના ત્રણ જણ દરેક બાબતમાં તેની સામા થતા. હેસ્ટિંગ્સે રાજ્યનો વધતો જતો ખરચ ઓછો કરવાને, તેમજ આગલી લડાઇઓથી કમ્પનીનો ખજાનો ખાલી થયલો પાછો ભરવાને નીચલા ચાર ઉપાયો લીધાઃ—(૧) બંગાળાના નવાબને જે પેન્શન મળતું હતું તે અડધું કરી નાંખ્યું. (૨) કમ્પનીનો ખજાનો ખાલી થઈ ગયો હતો તે પાછો ભરવાને કાશીના જમીનદાર રાજા

કાશીનો ચૈયતસિંહ અને અયોધ્યાનો અજોફદૌલા ૧૭૮૧.

ચૈયતસિંહ અને અયોધ્યાના નવાબ સુજાદૌલાના છોકરા અજોફદૌલાપર કમ્પનીના માગતા રૂપિયાની ઉઘરાણી કરી ૧૭૮૧. કાશી પ્રાંત કમ્પનીએ કંઇ અમુક રકમ લેવાની બોલીએ ચૈયતસિંહને આપ્યો હતો, અને અજોફદૌલાએ પોતાની બોલી પ્રમાણે ખંડણી ભરી ન હતી. આ બાબતનો બંદોબસ્ત કરવા હેસ્ટિંગ્સ પોતે કાશી ગયો. ચૈયતસિંહ નાસી જતાં પકડાયો, તેથી ત્યાંના લોકો ઘણા ઉસ્કેરાયા, અને પકડનારાઓને કાપી નાંખ્યા, તેમાં હેસ્ટિંગ્સ સેહેજ બચી ગયો. લશ્કરની મદદ આવતાંજ ચૈયતસિંહ ગ્વાલિયર પાછો નાસી ગયો, તેથી હેસ્ટિંગ્સે એના ભત્રિજાને વધારે ખંડણી આપવાની સરતે ગાદીએ બેસાડયો. અજોફદૌલાને પણ કંઈ ઉપાય ન સૂજવાથી તેણે પોતાની મા અને દાદી પાસેથી પૈસા કઢાવી કમ્પનીને ભર્યા. (૩)

હેસ્ટિંગ્સે રોહિલા લોકોને હાંકી કાઢયા ૧૭૭૪.

દિલ્હીના પાદશાહને અંગ્રેજો બંગાળા, બહાર અને ઓરિસ્સાને માટે જે ૨૬ લાખ રૂપિયા આપતા હતા તે હવે બંધ કર્યા, કારણ કે પાદશાહ મરેઠાઓના હાથમાં કેદ પકડાયો હતો. (૪) હેસ્ટિંગ્સે ૧૭૭૪માં અયોધ્યાના નવાબ પાસેથી (૧૭૭૩માં બનારસ આગળ તેમની વચ્ચે જે સંધિ થઇ હતી તે પ્રમાણે) ૪૦ લાખ રૂપિયા લઇ રોહિલા લોકોને અયોધ્યામાંથી હાંકી કાઢયા. રોહિલા એ અહમદશાહ અબદલીની સ્વારી સાથે આવેલા અફગાનો હતા. એ લોકોએ અયોધ્યાની વાયવ્ય

કટરા અથવા રામપુરની લડાઇ ૧૭૭૪.

દિશાએ ૧૭૪૪માં પોતાની સત્તા સ્થાપી હતી, અને એમની સંખ્યા ૨૦,૦૦૦ની હતી. એમને હાંકી કાઢવાને કર્નલ ચેમ્પિઅન એક લશ્કર લઈ ત્યાં ગયો. તેણે રોહિલાના સરદાર હાફિઝરેહેમતને ૧૭૭૪માં કટરા અથવા રામપુરની લડાઈમાં હરાવ્યો, અને એ સઘળાને દેશમાંથી હાંકી કાઢયા.

નન્દકુમારને ફાંસી દીધી ૧૭૭૬.

કૌન્સિલના મેમ્બરોની ઉસ્કેરણીથી હુગલીના ફોજદાર રાજા નન્દકુમાર નામના એક બ્રાહ્મણે હેસ્ટિંગ્સપર લાંચ લેવાનો આરોપ મૂકયો, અને તે બાબતની તપાસ ચાલતી હતી તેટલામાં એજ બ્રાહ્મણ ઉપર જૂઠા દસ્તાવેજો બનાવ્યાનું તોહોમત મૂકાયું, અને તેની નવી અદાલતમાં વડા ન્યાયાધીશ સર એલીજા ઈમ્પી આગળ તપાસ ચાલી–૧૭૭૫. તેની ઉપર આ તોહોમત સાબિત થવાથી તેને ફાંસી દીધી–૧૭૭૬.

હેસ્ટિંગ્સની તપાસ ૧૭૮૮-૧૭૯૫.

હેસ્ટિંગ્સ મરણ પામ્યો. ૧૮૧૮.

ચૈયતસિંહ અને અયોધ્યાની બેગમો પાસેથી કમ્પનીનો ખજાનો ભરવાની મતલબથી હેસ્ટિંગ્સે પૈસાની રકમો પડાવી લીધી તેથી, અને ઉપર કહેલાં બીજાં કારણોથી કોર્ટ ઓફ ડિરેકટરોએ એને ઠપકો દીધો, તેથી એ રાજીનામું આપી વિલાયત ગયો; ત્યાં એના ઉપર અન્યાયનો આરોપ મૂકી અદાલતમાં એનો ઇન્સાફ ચલાવ્યો. એ ઇન્સાફ સાત વરસ (૧૭૮૮-૧૭૯૫)સુધી ચાલ્યો, પણ અંતે કોઇ પણ ગુનો એના ઉપર સાબિત થયો નહીં. એ ઇ. સ. ૧૮૧૮માં મરણ પામ્યો.

એના વખતમાં હિંદુસ્તાનનો રાજ્યકારભાર ચલાવવાને માટે બે બિલ (કાયદાના મુસદા) રજુ કરવામાં આવ્યા. એ મિ૦ ફૉકસ અને મિ૦ પિટનાં બિલને નામે ઓળખાય છે.

મિ૦ ફૉકસનું બિલ ૧૭૮૪.

મિ૦ ફૉકસનું બિલ ૧૭૮૪–હિંદુસ્તાનમાં બરાબર રાજ્યકારભાર ચલાવવા વિષે ઇંગ્લાંડમાં વારંવાર તકરારો ચાલતી. આ વખતે ઇંગ્લાંડના વજીર મિ૦ ફૉકસે જે બિલ રજુ કર્યું તેમાં એ હતું કે કમ્પની પાસેથી હિંદુસ્તાનનું રાજ્ય લઇને ઇંગ્લાંડની ગાદીને સ્વાધીન કરવું, અને તેનો વહિવટ ૧૬ માણસની મંડળી ચલાવે. આ ૧૬ માંના ૯ જણ રાજ્યકારભાર, અને બાકીના ૭ વેપાર ચલાવે. પણ આ બિલને ટેકો ન મળવાથી તે રદ ગયું.

મિ૦ પિટનું બિલ ૧૭૮૪.

મિ૦ પિટનું બિલ ૧૭૮૪–મુખ્ય પ્રધાન મિ૦ પિટે ઉપલાં બિલમાં ફેરફાર કરીને તે પાછું મૂકયું, અને તે પસાર થયું. આ બિલમાં કલમો એવી મતલબની હતી કે (૧) કમ્પની પોતાનો અધિકાર જેમ છે તેમ રાખે, પણ "બોર્ડ ઓફ કનટ્રોલ" નામે એક ૭ મેમ્બરોની નવી મંડળી કરવી, જે મંડળી રાજાતરફથી નિમાય અને તે "કોર્ટ ઓફ ડિરેકટર્સ"ના વહિવટ ઉપર દેખરેખ રાખે, તથા તે

મનાં કામકાજો જે ગેરવાજબી લાગે તે અટકાવી શકે; (૨) ગવર્નર જેનરલની કૌન્સિલના ચારના ત્રણ મેમ્બરો રાખવા; (૩) કોઇપણ દેશી રાજા સાથે "કોર્ટ ઓફ ડિરેક્ટર્સ"ના હુકમ વગર લડાઇ અથવા સંધિ કરવી નહીં; અને (૪) મદ્રાસ અને મુંબઇમાં પણ એક કૌન્સિલ રાખવી.

પ્રકરણ ૯ મું.

બાબ ૧ લો.

મ્હેસૂરની પેહેલી લડાઇ ૧૭૬૭—૧૭૬૯.

હૈદરઅલ્લી મ્હેસૂરનાં રાજ્યનો ધણી થયો તે પેહેલાં તે રાજ્ય હિંદુ રાજાઓના હાથમાં હતું, જેઓ "વુડયાર" એટલે સરદાર અથવા ધણીના નામથી ઓળખાતા હતા. ઇ. સ. ૧૬૧૦માં રાજવુડ્યાર નામના હાકેમે શ્રીરંગપટણ જીતી લીધું અને એના વંશજો તેમાં મુખ્ય કરી દેવરાજે મ્હેસૂરને બહુ આબાદ અને મજબુત કર્યું. હૈદરઅલ્લી જે ૧૭૦૨માં જન્મ્યો હતો તે જયારે આ રાજ્યનો ધણી થઇ પડયો તે વખતે દેવરાજ અને નંદરાજ નામે દિવાન ત્યાં રાજ્યકારભાર ચલાવતા હતા, કારણ કે રાજા કૃષ્ણરાય નાહાની વયનો હતો. આ દિવાનના હાથ નીચે હૈદર પેહેલાં નાયક તરીકે ૨૭ વરસની વયે નોકરી કરવા લાગ્યો. હૈદરનો દાદો કોઇ પંજાબનો ફકીર હતો, અને એનો બાપ ફતેહ મહમદ મ્હેસૂરના રાજમાં નાયક હતો. નંદરાજે હૈદરની હોંશિયારી જોઇ તેને ઊંચી પદ્વીએ ચઢાવ્યો. એણે ધીમે ધીમે લૂંટ અને લુચ્ચાઇથી પોતાનું લશ્કર વધાર્યું, અને દેવરાજના મરણ પછી નંદરાજને દૂર કરી રાજા કૃષ્ણરાયને વરસ દહાડે ત્રણ લાખ રૂપિયા આપવા કહી મ્હેસૂરની ગાદીનો એ ધણી થઇ પડયો—૧૭૬૧. ૧૭૬૩માં હૈદરે બેડનોર+ ઉપર હુમલો કરી તે લૂંટયું અને નંદરાજને પાછળથી કંઇક વાંકને માટે બંદીખાને નાંખ્યો.

હૈદરઅલ્લી.

હૈદર મ્હેસૂરનો ધણી થયો ૧૭૬૧.

લડાઇનું કારણ—હૈદરનું બળ દિનપરદિન વધતું ગયાથી તેની આસપાસના રાજાઓને ડર લાગ્યો. તેને આગળ વધતાં અટકાવવાને પેશ્વા, નિઝામ, અને અંગ્રેજોએ એકસંપ કર્યો, પણ હૈદરે નિઝામ અને મરેઠાને લાંચ આપી પોતાના પક્ષમાં લીધા, અને અંગ્રેજનાં રાજ ઉપર હુમલો કરવા લાગ્યો.

કર્નલ સ્મિથ જે મદ્રાસમાં હતો તેની ઉપર હૈદરે પેહેલાં હુમલો કર્યો, પણ ૧૭૬૭માં ચંગામ* અને પછી ત્રિનોમાલીની† લડાઇમાં એણે સખ્ત હાર ખાધી. એજ વરસમાં એણે અમ્બુરગઢ§ ઉપર હુમલો કર્યો, તેમાં પણ એ ફાવ્યો નહીં. આ

ચંગામ અને ત્રિનોમાલીની લડાઇ ૧૭૬૭.

+ બેદનોર—મ્હેસૂરની વાયવ્યે. *ચંગામ અને † ત્રિનોમાલી—મદ્રાસની દક્ષિણે આર્કટમાં. § અમ્બુર—આર્કટની પશ્ચિમે ૫૦ મૈલ દૂર.

વખતે હૈદરનો છોકરો ટીપુ જે માત્ર ૧૭ વરસની વયનો હતો, તે થોડુંક લશ્કર લઈ મદ્રાસ સુધી લૂંટફાટ કરતો વધી ગયો.

નિઝામના રાજ્યપર કર્નલ પીચે ૧૭૬૮માં હુમલો કર્યો ત્યારે નિઝામ હૈદરનો પક્ષ છોડી અંગ્રેજનો મિત્ર થયો, અને તેમની સાથે સંધિ કરી. હૈદરે પણ અંગ્રેજોને લડાઇના ખરચ બદલ ૧૦ લાખ રૂપિયા તેમજ કેટલીક જગ્યા આપીને સંધિ કરવા માંગી, કારણ કે તેને તેના હમેશના દુશ્મન મરેઠાની ચઢાઇની ધાસ્તી લાગતી હતી. પણ અંગ્રેજોની માગણી ઘણી મોટી હોવાથી તેણે તે કબૂલ કરી નહીં, અને બન્નેએ લડાઇને માટે પાછી તૈયારી કરી.

મદ્રાસની સંધિ ૧૭૬૯.

મુંબઇથી એક નહાનું લશ્કર હૈદર સામે મોકલવામાં આવ્યું, પણ તે તદન હારી ગયું. કર્નલ સ્મિથે ઘણી ચપળતાથી હૈદરના કેટલાક કિલ્લા જીતી લીધા, પણ હૈદર જ્યારે એકદમ મદ્રાસ તરફ ધસી ગયો, ત્યારે અંગ્રેજોને તેની સાથે સંધિ કરવી પડી, ૧૭૬૯.

સલાહની સરતો. ૧. લડાઇની વખતે એક બીજાની જે જગ્યા લીધી હોય તે પાછી આપવી.

૨. જો કોઈપણ શત્રુ એમાંથી એકના રાજ્ય ઉપર ચઢી આવે તો બીજાએ તેને મદદ કરવી.

બાબ ૨ જો.

મરેઠા સાથે પેહેલી લડાઇ ૧૭૭૬—૧૭૮૨.

સુરતની સંધિ ૧૭૭૫.

આરાસની લડાઈ ૧૭૭૫.

પુરંધરનું તહનામું ૧૭૭૬.

ઈ. સ. ૧૭૭૩ માં પાંચમા પેશ્વા નારાયણરાવનું કાસળ કાઢી તેનો કાકો રાઘોબા પેશ્વા તરીકે સત્તા ચલાવતો હતો. જ્યારે મરેઠાઓ એની સત્તા સામા થયા, અને નારાયણરાવનો છોકરો માધવરાવ, જે એના બાપના મરણ પછી જન્મ્યો હતો, તેને તેઓએ પેશ્વા કબૂલ કર્યો, ત્યારે એણે મુંબઇમાં અંગ્રેજોની મદદ માગી, અને તેમની સાથે ૧૭૭૫માં સુરત આગળ સંધિ કરી, જેથી અંગ્રેજોને મદદ કરવા બદલ મુંબઇની ઉત્તરે સાલસેટ, વસાઇ અને મુંબઇની આસપાસની કેટલીક જગ્યા આપવા એણે કબૂલ કરી. રાઘોબાને પેશ્વાની ગાડીએ બેસાડવાને અંગ્રેજોએ કર્નલ કીટિંગને મોકલ્યો, જેણે ૧૭૭૫માં મરેઠાઓને માહી નદી આગળના આરાસના મેદાનમાં હરાવ્યા. વોરન હેસ્ટિંગ્સે આ કામ ઘણું જોખમ ભરેલું જાણીને ૧૭૭૬માં ફક્ત પેશ્વા માધવરાવ નારાયણની તરફથી સકારામ બાપુ અને નાના ફડનવીસ સાથે પુનાની પાસે પુરંધર આગળ સંધિ કરી. જેથી અંગ્રેજોને માત્ર સાલસેટ મળ્યું.

લડાઈનું કારણ.—અંગ્રેજો પાસેથી સાલસેટ પાછું લઇ લેવા, અને તેમને ત્યાંથી હાંકી કાઢવાને પુનામાં પેશ્વા ફ્રેન્ચ લોકો સાથે મળીજઇ કાવત્રાં કરતો જણાયો ત્યારે હેસ્ટિંગ્સે રાઘોબાને પેશ્વા કબુલ કરી તેને પુનાની ગાદીએ બેસાડવાને લડાઈ પ્રગટ કરી.

તલેગામની લડાઇ ૧૭૭૯.
વરગામની સંધિ ૧૭૭૯.

મુંબઇથી કર્નલ કોકબર્નની સરદારી નીચે એક લશ્કર પુના તરફ મોકલવામાં આવ્યું, પણ તે તલેગામ આગળ ૧૭૭૯માં તદન હારી ગયું, અને નામને લાંછન લાગે એવી વરગામ આગળ સંધિ કરી; એમાં એવો કરાર થયોકે ૧૭૭૩ પછીની મરેઠાઓની જે જગ્યા અંગ્રેજોએ લીધી હોય, તે પાછી આપવી, એટલે કે અંગ્રેજોએ સાલસેટ આપી દેવો.

વોરન હેસ્ટિંગ્સે આ સંધિ કબુલ રાખી નહીં, અને તુરત કર્નલ ગોડાર્ડને એક લશ્કર આપી મોકલ્યો. ગોડાર્ડ સુરત ગયો, ત્યાંથી આગળ વધી ડભોઇ તથા અમદાવાદ જીતી લીધાં, અને ૧૭૮૦માં સિંધિયા, હોલકર અને પેશ્વાના લશ્કરને હરાવ્યું. એજ વરસે કર્નલ પોપહેમે કાલ્પીની ઉત્તરે

સાલબાઈની સલાહ ૧૭૮૨.

લાહરનગર અને ગ્વાલિયર સર કર્યાં. આ હારથી જ્યારે નિઝામ અને હૈદરઅલી પેશ્વાની મદદે જવા તૈયાર થયા, ત્યારે અંગ્રેજોને સાલબાઇ*આગળ ૧૭૮૨માં સલાહ કરવી પડી.

સાલબાઇની સલાહની સરતો—૧. અંગ્રેજોએ માધવરાવ નારાયણને પેશ્વા કબુલ કરવો.

૨. પેશ્વાએ રાઘોબાને ૨૫,૦૦૦ રૂપિયાનો મહિનો આપવો, અને તેની મરજીમાં આવે ત્યાં રહેવા દેવો.

૩. પુરંધર આગળ તહનામું થયા પછીની જે જગ્યા અંગ્રેજોએ જીતી લીધી હોય, તે પાછી આપવી.

૪. અંગ્રેજ તથા પોર્ટુગીઝ શિવાય બીજા યુરોપીયનોને મરેઠી રાજ્યમાં રહેવા દેવા નહીં.

૫. વરગામની સંધિ વખતે સિંધિયાએ અંગ્રેજોની સારી સેવા બજાવી તેથી તેને ભરૂચ આપવું.

બાબ ૩ જો.

મૈસુરની બીજી લડાઈ ૧૭૮૦—૧૭૮૪.

લડાઇનાં કારણ—૧. જ્યારે મરેઠા લોકોએ હૈદરને ૧૭૭૨ માં ચરકુલીની લડાઇમાં હરાવ્યો, ત્યારે તેણે ૧૭૬૯ની મદ્રાસની સંધિ પ્રમાણે અંગ્રેજોની મદદમાગી; પણ અંગ્રેજોએ તેને તે આપી નહીં તેથી હૈદર ઘણો ગુસ્સે થયો.

૨. ઈંગ્લાંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઇ સળગ્યાથી અંગ્રેજોએ ૧૭૭૮માં પોન્ડિચરી જીતી લેઇ ૧૭૭૯માં જ્યારે માહી લીધું, ત્યારે હૈદર એમ કહી

*સાલબાઇ—ગ્વાલિયરની પાસે.

તેમની સામે થયો કે આહી મારા રાજ્યનો ભાગ છે.

અંગ્રેજોએ જ્યારે તેનું કાંઈ સાંભળ્યું નહીં ત્યારે હૈદર ૯૦ હજાર માણસનું એક લશ્કર લઇ શ્રીરંગપટણથી નિકળ્યો, અને કર્ણાટક જીતી લઈ મદ્રાસથી ૫૦ મૈલ દૂર કંજીવરમ આગળ ધસી આવ્યો; આ વખતે તેની ઉમર ૭૮ વરસની હતી.

હૈદરે કર્ણાટક જીત્યું ૧૭૮૦.

૧૭૮૦–કર્નલ બેલીનો પરાજય.—કર્નલ બેલી ૨,૮૦૦ માણસ લઇ ગંતુર જવા નિકળ્યો, અને હેકટર મન્રો, જે બંગાળાની લડાઇમાં પ્રખ્યાત થયો હતો, તેનાં લશ્કર સાથે મળી જવાનો હતો; પણ તે મળી જાય તે પેહેલાં હૈદરે પોલીલોરની* (પેહેલી) લડાઇમાં હરાવી તેને અને તેના ૨૫૦ માણસોને બંધીવાન કીધા. જો ફ્રેન્ચ લોકો વચ્ચે પડયા નહોત તો બધા બંધીવાનોને દુશ્મનોએ કાપી નાંખ્યા હોત. કર્નલ બેલીની હાર થવાથી, હેકટર મન્રોને પોતાનાં લશ્કર સહિત મદ્રાસ તરફ પાછું ફરવું પડયું.

પોલીલોરની પેહેલી લડાઇ ૧૭૮૦.

હેસ્ટિંગ્સે આ માઠા સમાચાર સાંભળતાંજ ગયલી આબરૂ પાછી મેળવવાને મોટી તૈયારી કરવા માંડી, અને ત્રણ અઠવાડિયાંમાં એક મોટું લશ્કર ભેગું કરી તેની સરદારી બંગાળાના સેનાપતિ સર આયર કૂટને આપી મદ્રાસ મોકલ્યો. હૈદરે ૧૭૮૧માં આર્કાટ પર ઘેરો ઘાલ્યો અને ૭ અઠવાડિયાંમાં તે જીતી લીધું.

કૂટે મદ્રાસથી નિકળી દુશ્મનોના ઘણા કિલ્લા જીતી લીધા, પણ ચિલામબ્રમ† લેતાં હાર ખાધી. હૈદર કૂટને એક સખત હાર આપવાના વિચારથી તેની સામે પોતાનું મોટું લશ્કર લઇ ગયો. બન્નેનાં સૈન્યો પોર્ટોનોવો+ આગળ સામસામા થયાં, અને જોકે કૂટના લશ્કરની સંખ્યા ઘણીજ નાહાની હતી તોપણ તેણે હૈદર ઉપર પૂર્ણ જય મેળવ્યો. આ લડાઇમાં હૈદરનાં ૧૦ હજાર માણસ માર્યા ગયાં, ૧૭૮૧.

ચિલામબ્રમની લડાઇ ૧૭૮૧.

પોર્ટોનોવોની લડાઇ ૧૭૮૧.

હેસ્ટિંગ્સે એક બીજું નાહાનું લશ્કર પીઅર્સની સરદારી નીચે મોકલ્યું, અને તે કૂટના લશ્કર સાથે મળી ગયું. પોલીલોરનું મેદાન જેમાં કર્નલ બેલીનો પરાજય થયો હતો ત્યાં ૧૭૮૧ માં હૈદર ફરીથી કૂટના લશ્કર સામે લડયો. હૈદરનાં જો કે ૨,૦૦૦ માણસ માર્યાં ગયાં તોપણ કૂટથી પૂર્ણ જય મેળવી શકાયો નહીં. ત્યાર પછી તુરત શોલિંગર¶ આગળ બીજી એક મોટી લડાઇ થઇ, જેમાં હૈદર તદન હારી ગયો.

પોલીલોરની લડાઇ ૧૭૮૧. (બીજી)

શોલિંગરની લડાઈ ૧૭૮૧.

*પોલીલોર—મદ્રાસની પશ્ચિમે કંજીવરમની પાસે. †ચિલામબ્રમ પોન્ડિચરીની દક્ષિણે ૩૫ મૈલ પર. +પોર્ટોનોવો—પોન્ડિચરીની દક્ષિણે ૩૨ મૈલ પર. ¶શોલિંગર—મદ્રાસની પશ્ચિમે.

અંગ્રેજ અને ડચ લોકો સાથે લડાઇ સળગ્યાથી, ડચ લોક હૈદરને મદદ આપવા તૈયાર થયા; પણ કમ્પનીનાં લશ્કરે તેમનાં સંસ્થાનો ઉપર ચઢાઇ કીધી, અને નિગાપટમ, તથા સિંહલદ્વીપમાંનું ત્રિંકોમાલી જીતી લીધાં, ૧૭૮૧.

હૈદરઅલ્લી આટલી હાર ખાવા છતાં હિમ્મત હાર્યો નહીં, અને તેણે લડવા માટે પાછી તૈયારી કરી.

કર્નલ બ્રેથવેટનો પરાજય ૧૭૮૨.—કર્નલ બ્રેથવેટ એક નાહાના લશ્કર સહિત તંજોરમાં જીત મેળવતો હતો, પણ હૈદરના છોકરા ટીપુના ભેદુઓના કહેવાપર ભરૂસો રાખતાં તે ફસી ગયો અને દશગણા લશ્કરથી તે ઘેરાઇ ગયો, જેથી એને આખરે તાબે થવાની જરૂર પડી. આ વખતે પણ ફ્રેન્ચ લોકો વચ્ચે પડયા, અને પકડાએલાઓના જીવ બચાવ્યા.

તેલિચરિના નાયર લોકોની બાહાદુરી. હૈદરે મલબાર કિનારાપર તેલિચરિને ઘેરો ઘાલવા એક લશ્કર મોકલ્યું, પણ ત્યાંના રહેવાસીઓએ એ લશ્કર સામે ઘણી બહાદુરીથી ટકાવ કર્યો, અને મુંબઇથી મદદ મળતાંજ હૈદરનાં લકસ્રપર ધસારો કરી તેનાં ૧,૨૦૦ માણસને કેદ પકડયાં, ૧૭૮૨.

હૈદર મરણ પામ્યો ૧૭૮૨. હૈદર ઈ.સ.૧૭૮૨માં તેની ૮૦ વરસની વયે ચિતોડમાં મરણ પામ્યો. એ અભણ અને ક્રૂર હતો, પણ ઉમંગી અને દૃઢ મનનો હોવાથી લાંબો વખત સુધી એણે આ મોટી પદ્દી ભોગવી.

પૂર્નિયા અને કૃષ્ણરાવ. હૈદરના મરણના સમાચાર પૂર્નિયા અને કૃષ્ણરાવ નામના એના બે કારભારીઓએ છુપાવી રાખ્યા, અને ટીપુ જે ૪૦૦ મૈલ દૂર મલબાર કિનારે હતો તેને છૂપી ખબર આપ્યાથી તે ઉતાવળે ત્યાં ગયો. હૈદર મરણ પામ્યો ત્યારે તેની પાસે ૧ લાખ માણસની ફોજ, ૩ કરોડ રૂપિયા, અને પુરકળ ઝવેરાત હતું. આ સઘળાનો ટીપુ ધણી થયો, અને તેના બાપની માફક અંગ્રેજો સામે લડવા તૈયાર થયો.

પનિયાનીની લડાઈ ૧૭૮૨. ૧૭૮૨માં તે એકદમ પશ્ચિમ કાંઠે ગયો. મેજર એબિંગ્ટને કાલિકટ જીતી લીધું, અને ફ્રેન્ચ લોકોની મદદ સહિત ટીપુ તેની સામે આવે છે એમ સાંભળતાંજ પનિયાનીમાં* પોતાનો બચાવ કરી બેઠો. ટીપુ તેની સામે લડયો, પણ તેમાં એણે સખત હાર ખાધી.

જેનરલ મેથ્યુસનો પરાજય ૧૭૮૩. **જેનરલ મેથ્યુસનો પરાજય**—૧૭૮૩માં જનરલ મેથ્યુસે મ્હેસૂરમાનો બેડનોરનો કિલ્લો જીતીલીધો; આથી ટીપુપોતાનું સઘળું લશ્કર લઈ ત્યાં ગયો, અને તે કિલ્લાને ઘેરો

*પનિયાની—કાલિકટની નૈરૃત્યે ૩૬ મૈલ પર.

ઘાલ્યો. મેથ્યુસ તથા તેના લશ્કરને વગર ઇજા કરવે જવા દેવાની સરત કરી તેને તાબે થવા કહ્યું. જ્યારે મેથ્યુસે કંઇ ઊપાય ન મળવાથી તેમ કર્યું અને તે કિલ્લો ટીપુના હાથમાં આવ્યો ત્યારે આ દગલબાજે તે બધાને ઘણી ક્રૂર રીતે મારી નાંખ્યા, ૧૭૮૩.

માંગ્લોરની સલાહ ૧૭૮૪. ૧૭૮૪માં ટીપુએ પાછી મલબાર કિનારે માંગ્લોરપર ચઢાઇ કરી, પણ આઠ અઠવાડિયાં સુધી કર્નલ કેમ્પબેલે તેનું બહાદૂરીથી સંરક્ષણ કર્યું. એટલામાં ઇગ્લાન્ડ અને ફ્રાન્સ વચ્ચે સલાહ થવાથી ફ્રેન્ચ લોકો ટીપુને છોડી ગયા, અને કર્નલ ફુલર્ટન છેક મ્હેસૂર પર લશ્કર લઇ ચઢી ગયો, ત્યારે ટીપુએ અંગ્રેજો સાથે માંગ્લોર મુકામે તહનામું કર્યું ૧૭૮૪.

સલાહની સરતો.—૧. ટીપુએ અંગ્રેજ તરફના સઘળા કેદીઓને છોડી દેવા.

૨. દરેક પક્ષવાળાઓ આ લડાઈની વખતે એક બીજાની જે જગ્યા લીધી હોય તે પાછી આપવી.

બાબ ૪થો.

મ્હેસૂરની ત્રીજી લડાઇ ૧૭૯૦—૧૭૯૨.

લોર્ડ કોર્નવોલિસ ૧૭૮૬-૧૭૯૩. વોરન હેસ્ટિંગ્સ પછી ૧૭૮૬ માં લોર્ડ કોર્નવોલિસ ગવર્નર જેનરલ થઈ હિંદુસ્તાન ખાતે આવ્યો. એને લડાઇ ટંટાથી દૂર રહીને સમાધાનીથી રાજ્ય ચલાવવાને સૂચના થઇ હતી, પરંતુ ટીપુના જુલમ અને આડી વર્તણુકને લીધે એને તેની સાથે પાછી લડાઇ કરવી પડી.

ટીપુએ અંગ્રેજો સાથે સંધિ હોવાથી પોતાનું ઘાતકીપણું કેનેડા અને કુર્ગના* લોકોપર ચલાવ્યું અને ત્યાં બે ચઢાઇઓ કરી એક લાખ રહેવાસીઓને બંધીવાન કરી તેમને જોર જુલમથી મુસલમાન કર્યા. એમને આ સજા કરવાનું કારણ એ હતું કે જ્યારે અંગ્રેજ અને હૈદર વચ્ચે લડાઇ ચાલી હતી, ત્યારે તેઓ હૈદરની જુસરીમાંથી નિકળી જઇ સ્વતંત્ર થયા હતા. મરેઠા અને નિઝામે ટીપુનું જોર તોડી નાંખવાને તેના રાજ્યપર પાછી ચઢાઇ કરી, પણ ટીપુએ તેમને આ વખતે ફાવવા દીધા નહીં. આ ફતેહથી ફુલાઈ જઇને ટીપુએ મલબારના નાયર લોકોની ઉપર ચઢાઇ કરી તેમને જોર જુલમથી મુસલમાની ધર્મ કબુલ કરાવ્યો; અને જ્યારે તેમનામાંના કેટલાક ત્રાવણકોર નાસી ગયા, ત્યારે ટીપુએ ત્યાં ચઢાઈ કરી—૧૭૮૯, પણ ત્યાં એની સખત હાર થવાથી ત્રણ મહિનામાં એ પાછું એક મોટું લશ્કર લઈ ત્યાં ગયો

* મ્હૈસૂરની પશ્ચિમે.

૧૭૯૦. ત્રાવણકોરનો રાજા થોડાંક વરસપર અંગ્રેજોનો મિત્ર થયો હતો, માટે **લોર્ડ કોર્નવોલિસે ટીપુને** એ કામથી હાથ ઉઠાવવાને સમજાવ્યો, પણ **ટીપુએ** કંઇ દરકાર કરી નહીં, તેથી એને લડાઈ કરવી પડી.

લડાઇનાં કારણ.—૧. ૧૭૮૪માં **માંગ્લોર** મુકામે સલાહ થઇ હતી તોપણ **ટીપુ અંગ્રેજો** સામે લડવાની તૈયારી કરતો હતો.

૨. ત્રાવણકોરનો રાજા **અંગ્રેજનો** મિત્ર હતો, તેના ઉપર **અંગ્રેજોના** ના કહેવા છતાં **ટીપુએ** ચઢાઇ કરી.

અરિકેરાની લડાઇ ૧૭૯૧.

લોર્ડ કોર્નવોલિસે નિઝામ અને મરેઠાને પોતાના પક્ષમાં લીધા, અને પોતે એક મોટું લશ્કર લઇ **ટીપુના** રાજ્યમાં કૂચ કરી બેંગ્લોર છાપો મારી લઇ લીધું. **ટીપુ** તુરત ત્યાં લડવા ગયો, પણ ૧૭૯૧માં **શ્રીરંગપટણથી** થોડે દૂર **અરિકેરાની** લડાઇમાં તે હારી ગયો. **લોર્ડ કોર્નવોલિસ** આ તકનો લાભ લઇ સીધો **શ્રીરંગપટણ** પર ચાલ્યો, પણ ખોરાક ઘટી જવાથી તેને પાછું ફરવું પડયું.

સિમોગા જીત્યું ૧૭૯૧

બીજી તરફથી **હાર્ટલી** અને **લિટલ** નામના સરદારોએ **શ્રીરંગપટણની** વાયવ્ય દિશાએથી **સિમોગા** અને બીજી જગ્યાઓ જીતી લીધી ૧૭૯૧.

૧૭૯૨ માં લડાઇની સઘળી તૈયારી કરીને **લોર્ડ કોર્નવોલિસે** પાછી **શ્રીરંગપટણ** પર ચઢાઇ કરી. એની મદદે **આસદઅલ્લીની** સરદારી નીચે નિઝામનું લશ્કર અને **હુરીપંતની** સરદારી નીચે મરેઠા લશ્કર આવ્યાં હતાં. બીજી બાજુએથી **જેનરલ એબરક્રોમ્બી** અને **કુર્ગના** રાજા, જેને **ટીપુએ** બંદીખાને નાંખી ઘણું દુઃખ દીધું હતું, અને જે આખરે બંદીખાનેથી નાસી ગયો હતો, તે બન્ને **કોર્નવોલિસના** લશ્કર સાથ મહા મુશીબતે મળી ગયા. આથી **ટીપુ** હિમ્મત હારી ગયો, અને **શ્રીરંગપટણ** આગળ **કોર્નવોલિસની** કહેલી સખત સરતો પર સલાહ કરી.

શ્રીરંગપટણની સલાહ ૧૭૯૨.

સલાહની સરતો—૧. **ટીપુએ અંગ્રેજોને** અને તેમના મદદગારોને પોતાનું અર્ધું રાજ્ય આપવું.

૨ **કુર્ગના** રાજાને તેનો મુલક પાછો આપવો અને **ત્રાવણકોરના** અને **અંગ્રેજો** સાથ દોસ્તી રાખનાર બીજા રાજાઓને એણે ઉપદ્રવ કરવો નહીં.

૩. લડાઇના ખરચ બદલ ત્રણ કરોડ ત્રીસ લાખ રૂપિયા આપવા.

૪. એણે ઉપલી સરતો પુરી થાય ત્યાં સુધી પોતાના બે છોકરા **અંગ્રેજોને** સ્વાધીન કરવા.

છ વરસ પછી જ્યારે ઉપલી સરતો પૂરી થઇ ત્યારે **ટીપુના** બન્ને છોકરાઓ પાછા તેમના બાપ પાસે મોકલવામાં આવ્યા હતા. લોર્ડ કોર્નવોલિસ ૧૭૯૩માં વિલાયત ગયો તેની જગ્યાએ સર **જોનશોર** (૧૭૯૩–૧૭૯૮) ગવર્નર જેનરલ નિમાયો. એણે લડાઇ ટંટાથી દૂર રહી રાજ્યકારભાર ચલાવ્યો. ૧૭૯૭માં અયોધ્યાનો નવાબ મરણ પામ્યો, તેની જગ્યાએ વઝીર-

અલ્લી નવાબ થયો; પણ તે હકદાર વારસ નથી એવું માલમ પડવાથી તેની જગ્યાએ અસોફદૌલાના ભાઇ સાદતઅલ્લીને સર જોનશોરે નવાબ કબુલકરી ગાદીએ બેસાડયો ૧૭૯૮. આ કામ માટે કમ્પનીને ૧૨ લાખ રૂપિયા મલ્યા.

બાબ ૫ મો.

મૈસૂરની ચોથી લડાઈ ૧૭૯૮—૧૭૯૯.

લોર્ડમોર્નિંગ્ટન ૧૭૯૮-૧૮૦૫

ટીપુ શ્રીરંગપટણ આગળની સલાહથી ઘણો નબળો થઇ ગયો ખરો, પણ તે વશ થયો નહતો. સલાહ થઇ ત્યારથી તે **અંગ્રેજો**પર કટ્ટું વેર રાખી છાની તૈયારીઓ કરતો ગયો, અને ફ્રેન્ચ લોકોની મદદ વાસ્તે છુપો કાગળ પત્રનો વહેવાર ચલાવવા લાગ્યો, તે એટલે સુધી કે ૧૭૯૭માં ફ્રાન્સના વિખ્યાત **નેપોલિયન બોનાપાર્ટે** પોતે એને મદદ આપવાને એક કાગળ લખ્યો. આ જોઈ ગવરનર **જેનરલ લોરડ મોર્નિંગ્ટને** તેને આથી હાથ ઉઠાવવાને એક એલચી મોકલ્યો, પણ **ટીપુ**એ તેનું અપમાન કરી તેને પાછો કાઢયો, તેથી લડાઈ પ્રગટ થઇ.

લડાઇનું કારણ—**ટીપુ**એ **અંગ્રેજો**ને તેના રાજ્યમાંથી હાંકી કાઢવાને ફ્રેન્ચ લોકોની મદદ માંગી અને તેને સમજાવવા મોકલેલા એલચીનું અપમાન કર્યું.

લડાઈની સઘળી ગોઠવણ **મદ્રાસ**માં થઈ. ૨૦,૮૦૦ માણસનું એક લશ્કર ભેગું થયું, તેની સાથે **મિરઆલમ**ની સરદારી નીચે ૨૦,૦૦૦ માણસનું **નિઝામ**નું લશ્કર આવી મળ્યું; એ લશ્કરની સરદારી **કર્નલ વેલેસ્લિ** જે પાછળથી **ડયુક ઓફ વેલિંગ્ટન** થયો તેને આપી.

સદાસિર અને માલ્વેલીની લડાઇ ૧૭૯૯.

મુંબઈથી એક બીજાં નાહાનાં લશ્કરે બીજાં છુટાં પડેલાં બે નાહાનાં લશ્કર સાથે મળી **ટીપુ**નાં રાજ્યમાં કુચ કરી. આ લશ્કરનો સરદાર **જેનરલ સ્ટુઅર્ટ** હતો, અને આ સઘળાં લશ્કરનો સેનાપતિ **જેનરલ હેરિસ** હતો. પેહેલી લડાઇ ૧૭૯૯ માં **સદાસિર*** (સીડસૂર) આગળ થઈ જેમાં **જેનરલ સ્ટુઅર્ટે ટીપુ**નો પરાજ્ય કર્યો. બીજી મોટી લડાઇ **માલ્વેલી** આગળ તેજ વરસમાં થઇ, જેમાં **હેરીસે** તેને હરાવ્યો. આ લડાઇમાં **ટીપુ**નાં ૧,૦૦૦ અને **અંગ્રેજો**નાં માત્ર ૬૯ માણસ માર્યા ગયાં.

શ્રીરંગપટણની લડાઇ ૧૭૯૯.

જેનરલ હેરિસ હવે એકદમ **શ્રીરંગપટણ** ઉપર ધસી ગયો. **ટીપુ** આ જોઈ ઘણો નિરાશ થયો, અને સલાહ કરવા માગી પણ **હેરિસે** એક કરોડ રૂપિયા બે દિવસમાં **ટીપુ**એ આપવા તથા તેના ચાર છોકરા અને ચાર સરદાર ઓળમાં આપવા એવી ઘણીજ સખત સરતો તેની આગળ મૂકી તેથી તે ચિડાઇ ગયો, અને લડાઇ ચાલુ કરી. **જેનરલ બેર્ડ**,

---

* સદાસિર અને માલ્વેલી—શ્રીરંગપટણથી આશરે ૩૦ મૈલપર.

જેમે ચાર વરસ સુધી ટીપુએ શ્રીરંગપટણમાં બંદીખાને રાખ્યો હતો તે લશ્કર લઇ શેહેરમાં ઘુસી ગયો અને થોડા વખતમાં તે શેહેર જીતી લીધું.

ટીપુ મરણ પામ્યો ૧૭૯૯.

ટીપુ બહાદૂરીથી પોતાના શેહેરનો બચાવ કરતાં પડ્યો ૧૭૯૯. એની લાશ ઘણા દમામથી લાલબાગ જે હૈદરે બંધાવ્યો હતો, ત્યાં દાટવામાં આવી.

મ્હેસૂરનાં રાજ્યના ત્રણ ભાગ.

મ્હેસૂર અંગ્રેજે જીત્યા ખરા, પણ તેઓ તે સઘળી જગ્યાના ધણી થયા નહીં. મ્હૈસૂરનો થોડો ભાગ તેમના મદદગાર નિઝામને આપ્યો; કેનેડા, કોઇમબેટુર, વાઇનાદ* અને બીજી થોડીક જગ્યા પોતે રાખી અને થોડોક ભાગ જે હિંદુ રાજા કનેથી હૈદરે રાજ લઇ લીધું હતું તેના વારસ કૃષ્ણરાજને આપ્યો. કૃષ્ણરાજ માત્ર પાંચ વરસનો બાળક હતો, અને ઘણી ગરીબી હાલતમાં તે કોઇ ગામડાંમાં રહેતો હતો.

કૃષ્ણરાજ.

પ્રધાન પુર્નિયા.

કૃષ્ણરાજ નાહાની વયનો હોવાથી પૂર્નિયા, જે હૈદરના વખતમાં પ્રધાન હતો તેણેજ લાંબો વખત સુધી પ્રધાન તરીકે આ રાજનો રાજકારોબાર સારી રીતે ચલાવ્યો. ઉમરે પુગતાં કૃષ્ણરાજે તેના પ્રધાન પૂર્નિયાને કાઢી મેળી રાજ્ય કારભાર એવો તો ખરાબ રીતે ચલાવ્યો કે ૧૮૩૨માં લોર્ડ બેન્ટિકે સઘળો હક્ક તેની પાસેથી લઈ લીધો અને રાજ્ય અંગ્રેજી આશરા તળે રાખી ૧૮૮૧માં તેના દત્તક ચામરાજેંદ્રને પાછું સ્વાધીન કર્યું.

નિઝામ સાથે તહનામું ૧૮૦૦.

સિકંદ્રાબાદમાં જે અંગ્રેજી લશ્કર હતું તેનો પગાર નિઝામથી આપી શકાયો નહીં, તેથી તેણે મ્હૈસૂરનો મળેલો ભાગ અંગ્રેજોને પાછો આપી દઇ પોતાનું દેવું પતાવ્યું. ઉમદત-અલ-ઓમરાવ (મહમદઅલ્લીના પુત્ર) ના મરણ પછી તેનો છોકરો અલીહુસેન નવાબ થયો; પણ ટીપુ સાથના તેના બાપના કાવત્રાં અંગ્રેજ લોકોને માલમ પડવાથી તેઓએ તેની સાથે સખત સંધી કરવા માંગી જે તેણે કબુલ કરી નહીં. આ ઉપરથી તેઓએ તેના પિત્રાઇ ભાઇ અજીમુદૌલાને નવાબ કબુલ કરી ખરચ બાદ કરતાં મેહેસૂલનો પાંચમો ભાગ તેને આપવાની બોલીએ તેનો આખો મુલક લઇ લીધો.

કર્ણાટક ખાલસા થયું ૧૮૦૧.

બાબ ૬ ઠો.

મરેઠા સાથે બીજી લડાઈ ૧૮૦૨—૧૮૦૩.

આ વખતે ગ્વાલિયરનો સિંધિયા દોલતરાવ અને ઇન્દોરનો હોલ્કર જસવંતરાવ બન્ને જણા શ્રેષ્ઠતા ભોગવવાને માંહેમાંહે લડતા હતા; એમાં હોલ્કર ફાવતો મહોતો, કારણ કે પેશ્વા સિંધિયાની તરફદારી કરતો હતો.

---

* નીલગિરિની પાસે.

ઇ.સ. ૧૮૦૧માં હોલ્કર એક લશ્કર લઇ એકદમ પુના ઉપર ચઢી આવ્યો, અને ત્યાં આગળ પેશ્વાને હરાવ્યો. બાજીરાવ પેશ્વા નાહાસી વસાઇ ગયો, અને ત્યાં પોતાની ગાદી પાછી મેળવવાને અંગ્રેજો સાથે ૧૮૦૨માં સંધિ કરી.

વસાઇની સંધિ—૧. પેશ્વાએ પુનામાં અંગ્રેજની છાવણી નાંખવા દેવી, અને તેના ખરચ માટે વરસ દહાડે ૨૬ લાખ રૂપિયા આપવા.

વસાઇની સંધિ ૧૮૦૨.

૨. એણે પોતાના રાજ્યમાં અંગ્રેજો સાથે દુશ્મનાઇ રાખનાર કોઇપણ યુરોપીયન પ્રજાને રહેવા દેવી નહીં.

૩. સુરત અને તેની આસપાસની જગ્યા જે આ વખતે અંગ્રેજોના હાથમાં હતી તેની ઉપર પેશ્વાએ કંઇ પણ દાવો કરવો નહીં.

૪. પેશ્વાએ અંગ્રેજોના વિશ્વાસુ મિત્ર થઇ રહેવું.

લડાઇનાં કારણ—૧. દોલતરાવ સિંધિયા અને વરાડનો રઘુજી ભોંસલે વસાઇની સંધિ વિરૂદ્ધ થયા, અને તે તેઓએ કબુલ કરી નહીં, તેથી અંગ્રેજોને તેમની સામે લડવું પડયું.

૨. હોલ્કર જે પુનામાં હતો તેને બહાર કાઢી પેશ્વાને ગાદીએ બેસાડવા માટે અંગ્રેજોએ લશ્કર મોકલ્યું.

જેનરલ વેલેસ્લિ અને સ્ટિવનસનની સરદારી નીચે બે મોટાં લશ્કર તૈયાર કર્યાં. હોલ્કર આ સાંભળી પુનાથી માળવા નાહાસી ગયો, અને ત્યાં લુંટ ફાટ કરવા લાગ્યો. આથી પેશ્વા નિર્વિઘ્નપણે પુનાની ગાદીએ બેઠો, પણ સિંધિયા અને રઘુજી ભોંસલે અંગ્રેજો સામે લડવાને તૈયાર થયા.

આ વખતે મરેઠી રાજનો વિસ્તાર દિલ્હીથી તે કાવેરી નદી સુધી, અને મહાનદીના મૂખ આગળથી તે ખંભાતના અખાત સુધીનો હતો.

એસેની લડાઈ ૧૮૦૩.

ઇ. સ. ૧૮૦૩—લડાઇની શરૂઆતમાં અંગ્રેજોએ અહમદનગર જીતી લીધું, અને સ્ટિવનસને જાલના હસ્ત કર્યું. આ પછી જેનરલ વેલેસ્લિએ મ્હૈસૂરમાંથી આવીને મરેઠાનાં મોટાં લશ્કરને એસે* આગળ હરાવ્યું, જેથી દોલતરાવ અને રઘુજી નાસી ગયા.

ઈ. સ ૧૮૦૩—કર્નલ સ્ટિવનસને ખાનદેશમાં અશીરગઢ અને બુરાનપુર જીતી લીધાં, લોર્ડ લેકે કાનપુરમાંથી નિકળી અલિગઢ† છાપો મારી લઇલીધું, અને ૨૮૧ તોપ કબજે કરી. એજ સરદારે પછી સિંધિયાનાં મોટાં લશ્કર સામે દિલ્હી આગળ એક મોટી જીત મળવી; દિલ્હી તાબે કર્યું, અને શાહઆલમ બીજો, જેને મરેઠાઓએ કેદ કર્યો હતો તે અંગ્રેજોના હાથમાં આવ્યાથી તેઓએ તેને છુટો કરી સારૂં પેન્શન આપ્યું. દિલ્હીની લડાઇમાં સિંધિયાની નોકરીમાં રહેલા કેટલાક ફ્રેન્ચ સરદારો પકડાયા. આગ્રા પણ આ

અલિગઢની લડાઇ ૧૮૦૩.

દિલ્હીની લડાઇ ૧૮૦૩.

---

*એસે—પૂર્ણા નદી ઉપર જાફરાબાદની પશ્ચિમે.

†અલિગઢ—આગ્રાની ઉત્તરે ૫૩ મૈલ પર.

લડાઇ પછી લેકે તુરત જીતી લીધું આ શેહેરમાંથી પુષ્કળ ખજાનો મળ્યો જે સિપાઇઓમાં તેણે વેંહેંચી નાંખ્યો.

લાસ્વારીની લડાઈ ૧૮૦૩. ત્રીજી વખતે **લોર્ડ લેકે સિંધિયાનાં** બીજાં લસ્કર સામે કૂચ કરી. આ લસ્કરનું નામ **"દક્ષિણનું અજીત"** લસ્કર હતું.

લાસવારી¶ આગળ બન્ને લસ્કરો સામસામા થયાં, જેમાં **સિંધિયાના** અજીત લસ્કરનો પરાજય થયો.

આરગામની લડાઈ ૧૮૦૩. જેનરલ **વેલેસ્લિએ એસે** આગળ જીત મેળવ્યા પછી **આરગામ*** આગળ **સિંધિયાનાં** લસ્કરનો પાછો પરાજય કર્યો, અને **વરાડના** રાજાનો **ગાવિલગઢ**× જીતી લીધો. રઘુજી **ભોંસલે** આ હારેથી લાચાર થયો, અને તેણે **અંગ્રેજો** સાથે **દેવગામ** આગળ સંધિ કરી, ૧૮૦૩.

દેવગામની સલાહની સરતો—૧. રાજાએ કટક પ્રાંત, તેમજ **વર્ધા** નદીના પશ્ચિમ કાંઠાનો ભાગ, અને **ગાવિલગઢ** તથા તેની આસપાસની જગ્યા **અંગ્રેજોને** આપવી.

૨. **નિઝામ** અને **પેશ્વા** સાથે જે કંઇ વાંધો ઉઠે તેનો ચુકાદો **અંગ્રેજો** પાસે કરાવવો.

૩. **અંગ્રેજો** સાથે દુશ્મનાઈ રાખનાર કોઇપણ પારકી પ્રજાને પોતાનાં રાજમાં રાખવી નહીં.

સિરજીઅંજ ગામની સંધિ ૧૮૦૩. **સિંધિયાએ** પણ કંઇ બીજો ઉપાય ન મળવાથી **અંગ્રેજો** સાથે ૧૮૦૩માં સંધિ કરી. એ સંધિને **સિરજીઅંજગામની**‡ સંધિ કહે છે.

સિરજીઅંજ ગામની સલાહની સરતો—૧. **ગંગા** અને **જમના** નદી વચ્ચે આવેલો મૂલક, **જેપુર**, **જોધપુર**, અને **ગોહદની** ઉત્તરનો પ્રદેશ, તેમજ **અહમદનગર**, **ભરૂચ** અને **ગોદાવરી** આગળનો કેટલોક મૂલક **અંગ્રેજોને** આપવો.

૨. **અંગ્રેજ** સાથે દોસ્તી રાખનાર રાજાઓ (**નિઝામ**, **ગાયકવાડ**, અને **પેશ્વા**) ઉપર કંઇ પણ રીતનો દાવો કરવો નહીં.

૩. **પેશ્વા** સાથે જે કાંઇ વાંધો ઉઠે તેનો ચુકાદો **અંગ્રેજો** પાસે કરાવવો.

બાબ ૭ મો.

મરેઠા સાથે ત્રીજી લડાઇ ૧૮૦૪—૧૮૦૫.

લડાઇનાં કારણ—૧. **હોલ્કરે પેશ્વાને પુનામાંથી** નસાડી મૂક્યો.

૨. **હોલ્કરે** કોઇની દરકાર ન કરતાં **માળવામાં** લૂંટ ચલાવી.

જ્યાં સુધી **હોલ્કરનું** જોર નરમ પડે નહીં ત્યાં સુધી **પેશ્વા**, જે હાલ

¶ લાસવારી—આગ્રાની વાયવ્ય કોણમાં ૭૩ મૈલપર.

* આરગામ-વરાડ પ્રાંતમાં. × ગાવિલગઢ—એલિચપુરની વાયવ્ય દિશાએ આસરે ૧૫ મૈલ પર. ‡ સિરજીઅંજ ગામ—એલિચપુરની પાસે.

અંગ્રેજોનો મિત્ર થયો હતો તે નિર્ભયપણે ગાદીએ બેસવાનો નથી, એવો વિચાર કરી અંગ્રેજોએ તેની સામે લડવાને હવે તૈયારી કરી. હોલ્કર પાસે સિંધિયા અને વરાડના રાજાની ચાકરી છોડી ગએલા સિપાઇઓ મળીને ૭૫,૦૦૦ માણસનું કવાયત પામેલું લશ્કર અને ૧૯૨ તોપો હતી.

કર્નલ મોન્સનની હાર ૧૮૦૪

૧૮૦૪.—લડાઇની શરૂઆતમાં હોલ્કરે કેટલીક જીતો મેળવી. કર્નલ મોન્સન મુકુંદ્રાની નાળમાં ઘેરાઇ ગયો અને તેને પોતાનો સઘળો સરસામાન મુકી દઇ નાસવું પડ્યું, જેથી તેનાં ઘણાં માણસો માર્યાં ગયાં. આ હાર વરગામની સન્ધિ (૧૭૭૯), અથવા કર્નલ બેલીની હાર (૧૭૮૦) જેવી અંગ્રેજોનાં નામને હિણું લગાડનારી હતી.

હોલ્કરે આથી ફુલાઇ જઇ દિલ્હી ઉપર એકદમ હુમલો કર્યો, પણ કર્નલ ઓકટર્લોની અને બર્ન્સે ઘણી બહાદૂરીથી તેનો બચાવ કર્યો, જેથી હોલ્કરને સાત દિવસમાં ત્યાંથી પાછું ફરવું પડ્યું.

દીગ તથા ફરૂકાબાદની લડાઈ ૧૮૦૪.

૧૮૦૪—જેનરલ ફ્રેઝર અને કર્નલ મોન્સને દીગ* આગળ હોલ્કરના લશ્કરનો પરાજય કરી તેની ૮૭ તોપો લઇ લીધી, જેમાંની ૧૪ તોપો કર્નલ મોન્સને મુકુંદ્રાની નાળમાં ખોઇ દીધેલી હતી તે હતી. લોર્ડ લેકે ફરૂકાબાદ+ આગળ તેની બીજી ફોજને સખત હાર આપી દીગગઢ જીતી લીધો, અને પછી ૧૮૦૫માં ભરતપુરના‡ કિલ્લા પર હુમલો કર્યો.

ભરતપુરના કિલ્લા પર હુમલો ૧૮૦૫.

દીગગઢ અને ભરતપુરનો કિલ્લો ભરતપુરના જાટ રાજા રણજીતસિંહનો હતો; તેણે આ લડાઇઓમાં હોલ્કરને મદદ કરી હતી, તેથી અંગ્રેજોએ તેના કિલ્લાઓ ઉપર હુમલો કર્યો. ભરતપુરનો કિલ્લો ઘણો મજબુત અને તેનો ઘેરાવો આશરે સાત કે આઠ મૈલનો છે. એને ફરતી દિવાલ ઘણી મજબૂત હોવાથી દેશી લોકોનો એવો વિચાર હતો કે એ કોઇથી જીતી શકાય એવો નથી. લોર્ડ લેકે એ કિલ્લાપર ચાર વખત હુમલો કર્યો, પણ રાજાએ બહાદૂરીથી તેનો બચાવ કર્યો.

ભરતપુરના રાજા સાથે સંધિ ૧૮૦૫.

આખરે હોલ્કર પોતાની સઘળી જગ્યા ખોઇ બેઠો તે જાણી રાજાએ અંગ્રેજો સાથે સંધિ કરી.

સલાહની સરતો:—૧૮૦૫.–૧. ભરતપુરના રાજાએ અંગ્રેજોને ૨૦ લાખ રૂપિયા આપવા.

૨. હોલ્કર સાથનો સઘળો સંબંધ તોડી નાંખવો.

૩ દીગ અંગ્રેજોને સ્વાધીન કરવું, અને જો રાજા અંગ્રેજોનો મિત્ર થઇ રહે તો તે તેઓએ તેને પાછું આપવું.

---

*દીગ–આગ્રાની વાયવ્ય કોણે ૫૭ મૈલ પર.

+ફરૂકાબાદ–ગંગા નદીને પશ્ચિમ કાંઠે–લખનૌથી ૯૦ મૈલ પર.

‡ભરતપુર–આગ્રાની વાયવ્ય કોણે ૩૦ મૈલ પર.

હોલ્કરના ચંદોર* અને જાલના* તેમજ ઉજ્જન, ઇંદોર અને આખો માળવા પ્રાંત અંગ્રેજોએ જીતી લીધા, તેથી હોલ્કર ઘણો નિરાશ થયો, અને અંગ્રેજો સાથ સંધિ કરવા તૈયાર થયો; પણ જ્યારે દોલતરાવ સિંધિયા પાછો અંગ્રેજની સામે લડાઇ કરવા હોલ્કરનો મળતીઓ થયો (કારણકે અંગ્રેજોએ જીતેલો ગ્વાલિયર તથા ગોહદ‡ના રાજનો ભાગ એને પાછો આપ્યો નહીં) ત્યારે લડાઈ પાછી ચાલુ થઇ.

લોર્ડ કોર્નવોલિસ ૧૮૦૫-૧૮૦૫.

૧૮૦૫માં લોર્ડ મોર્નિંગ્ટન (લોર્ડ વેલેસ્લિ) સ્વદેશ ગયો, જ્યાંએની સારી ચાકરીને માટે એને વીસ લાખ રૂપિયાનું ઇનામ મળ્યું; એની જગ્યાએ લોર્ડ કોર્નવોલિસ બીજીવાર ગવર્નર જેનરલ થઇ આવ્યો. એને લડાઇ કરવાથી દૂર રહી હરકોઇ પ્રકારે સલાહસંપથી રાજ્ય ચલાવવા માટે મોકલ્યો હતો, પણ બે માસમાં એ બનારસ આગળ ગાજીપુરમાં મરણ પામ્યો (૧૮૦૫), તેથી બીજો ગવર્નર જેનરલ નિમાઇ આવે તેટલો વખત તેની જગ્યાએ કૌન્સિલના વડા મેમ્બર સર જ્યોર્જ બાર્લોએ રાજ્યાધિકાર ચલાવ્યો.

જ્યોર્જ બાર્લો ૧૮૦૫-૧૮૦૭.

એણે લોર્ડ કોર્નવોલિસના વિચાર પ્રમાણે ચાલીને સિંધિયા તથા હોલ્કર સાથે સંધિ કરી, જે એ બન્ને રાજાઓને ઘણી ફાયદાકારક હતી.

સિંધિયા સાથે બીજી વાર સંધિ ૧૮૦૫.

૧૮૦૫—સિંધિયા સાથે સલાહની સરતો:—

૧. ૧૮૦૩માં સિરજીઅંજગામ આગળના કરેલા કોલકરાર સિંધિયાએ બહાલ રાખવા.

૨. સિંધિયાને ગ્વાલિયર અને ગોહદના રાજ્યનો ભાગ પાછો આપવો.

જસવંતરાવ હોલ્કર પંજાબ નાસી ગયો હતો, ત્યાં તેણે અંગ્રેજો સામે લડવાને શીખ લોકની મદદ માગી, પણ જ્યારે તેની ધારણા પાર પડી નહીં, ત્યારે આખરે તેને પણ બિયાસ નદીને કાંઠે રાયપુરઘાટ આગળ સંધિ કરી.

હોલ્કર સાથ સંધિ ૧૮૦૫.

૧૮૦૫—હોલ્કર સાથે રાયપુરઘાટની સલાહની સરતો:—

૧. હોલ્કરે ચંબળ નદીની ઉત્તર તરફની જગ્યા પર કંઇપણ દાવો કરવો નહીં.

૨. હોલ્કરે કોઇ બીજી યુરોપીઅન પ્રજાને પોતાનાં રાજ્યમાં રાખવી નહીં.

૩. હોલ્કરે સઘળા જીતેલા મુલકો એને પાછા સ્વાધીન કરવા.

સર જ્યોર્જ બાર્લોની આવી રાજ્યનીતિથી દેશીઓમાં અંગ્રેજો વિષે

---

* ચંદોર અને જાલના—ઔરંગાબાદની વાયવ્ય દિશાએ ૮૭ મૈલ પર.

‡ ગોહદ—ગ્વાલિયરની ઉત્તરે ૨૩ મૈલ પર.

સારો વિચાર રહ્યો નહીં; અને જેપુર, બુંદી* અને બીજા રજપૂત રાજાઓ જેઓએ અંગ્રેજોના મિત્ર થઈ લડાઇની વખતે સારી મદદ કરી હતી તેમની ઊપર જ્યારે સિંધિયા અને હોલ્કરે ચઢાઇ કરીને ઘણો જુલમ ગુજાર્યો, ત્યારે અંગ્રેજો તેમને બચાવવાને વચ્ચે પડયા નહીં, તેથી દેશી રાજાઓનાં મન ઘણાં ખાટાં થયાં.

૧૮૦૬—સર જયોર્જ બાર્લોની કારકીર્દિમાં દેશી સિપાઇઓએ વેલોરમાં§ બંડ કર્યું. આ બંડનું કારણ એ હતું કે તેમને ચોકસ ઘાટની પાઘડી ઘાલવાનો તેમજ દાઢી મુછ એકસરખાં રાખવાનો તથા કપાળપર ટીલું નહીં કરવાનો હુકમ થયો હતો, જે તેમને પસંદ પડયો નહીં. બંડનું ખરૂં કારણ તો એવું ધારવામાં આવેછે કે ટીપુના બે છોકરા જેમને વેલોરમાં નજરકેદ રાખ્યા હતા, તેઓએ સિપાઇઓને ઉશ્કેર્યા. દેશી સિપાઇઓએ પોતાની છાવણીમાંથી બાહેર નિકળી ૧૧૩ યુરોપીઅનોને કાપી નાંખ્યા. કર્નલ ગિલેસ્પિ જે ૧૬ મૈલ દૂર આર્કટમાં હતો તેણે તુરત આવી એ બંડ બેસાડી દીધું; અને જ્યારે પાછો સઘળો બંદોબસ્ત થયો ત્યારે ટીપુના છોકરાઓને કુલકત્તે મોકલાવ્યા. ૧૮૦૭ માં લોર્ડ મિન્ટો ગવર્નર જેનરલ થઇ આવ્યો, ત્યારે સર જયોર્જ બાર્લોને મદ્રાસનો ગવર્નર નિમ્યો, જ્યાં તેણે છ વરસ અમલ ચલાવ્યો. અહિંયાં પણ એના "ટેન્ટ કોન્ટ્રેકટ" એટલે લશ્કરના સરદારોને તેમના સિપાઇઓને માટે તંબુ પૂરા પાડવા બદલ પૈસા મળતા તે ધારો રદ કર્યો તેથી લશ્કરમાં બંડ ઉઠયું, જે જલદી સમી ગયું; પણ સેનાધિપતિ મેકડોવલ રાજીનામું આપી વિલાયત ગયો.

વેલોરમાં બંડ ૧૮૦૬.

લોર્ડ મિન્ટો ૧૮૦૭-૧૮૧૩. મદ્રાસમાં બંડ ૧૮૦૭.

—∞—

બાબ ૮ મો.

નેપાલ સાથે લડાઇ ૧૮૧૪—૧૮૧૬.

લોર્ડ મિન્ટો પછી મોઇરાનો અર્લ જે પાછળથી માર્કિવસ ઓફ હેસ્ટિંગ્સ થયો, તે ગવર્નર જેનરલ નિમાયો. એના વખતમાં નેપાલ સાથે લડાઈ સળગી. નેપાલના રહેવાસી ગુર્ખા લોકો ઈ. સ. ૧૭૬૭માં નેપાલના ધણી થયા તે વખતે તેમનો સરદાર પૃથુનારાયણ હતો. આ સરદાર સૂર્યવંશનો રાજા જે ત્યાં રાજ્ય કરતો હતો તેને હરાવી પોતે ગાદીએ બેઠો હતો. પૃથુનારાયણનો વંશજ વિક્રમશાહ ૧૮૦૫ માં નાહાની વયે ગાદીએ બેઠો તેથી રાજ્યકારભાર ભિમસિંહ નામનો સરદાર ચલાવતો હતો.

મોઈરાનો અર્લ ૧૮૧૪—૧૮૨૩.

* બુંદી-માળવાની ઉત્તરે. § વેલોર-મદ્રાસ ઇલાકામાં આર્કટ પાસે.

લડાઇનાં કારણઃ—૧. ગુર્ખા લોકે **અંગ્રેજો**ના મુલક પર ચઢી આવી લૂંટ ચલાવી.

૨. અંગ્રેજો સાથે મિત્રાચારી રાખનાર **ભોટ**વાળના* જમીનદારને કેદ કરી તેની જગ્યા તેઓએ લઇ લીધી.

૩. ૧૮ અંગ્રેજ અમલદારોને **ભોટ**વાળમાં મારી નાંખ્યા.

અંગ્રેજોએ લશ્કરની ચાર ટુકડીઓ **ગિલેસ્પિ**, ઉડ, **માર્લે**, અને **ઓક્ટર્લોની**ની સરદારી નીચે જુદે જુદે રસ્તેથી **ને**પાલમાં મોકલી; પણ ઉંચા ડુંગરા, ખરાબ હવા, તેમજ **ગુર્ખા** લોકોની બહાદુરીને લીધે અંગ્રેજોને પેહેલાં કાંઇ મોટો જય મળ્યો નહીં. **વે**લોરનું બંડ બેસાડી નાખનાર કર્નલ **ગિલેસ્પિ** કલંગા ઉપર હુમલો કરતાં માર્યો ગયો; **જે**નરલ **માર્લે**એ **જૈ**ટક ઉપર હુમલો કર્યો, પણ તેમાં તે ફાવ્યો નહીં. **જે**નરલ ઉડ પૂર્વ તરફથી ગયો હતો, તે પણ હારી ગયો, અને તેનાં ઘણાં માણસો માર્યાં ગયાં. માત્ર કર્નલ **ઓક્ટર્લોની**એ ઘણીજ મુશ્કેલીથી ૧૮૧૫માં **મ**લૂન જીતી લીધું.

ગિલેસ્પિ, ઉડ, માર્લે અને ઓક્ટર્લોની સરદારો.

મલૂનની લડાઇ ૧૮૧૫.

બીજી સ્વારી કર્નલ **ઓક્ટર્લોની**નીજ સરદારી નીચે **ને**પાલમાં કરવામાં આવી. ગુર્ખા સરદાર **અ**મીરસિંહ તેની સામે લડવા આવ્યો; પણ આખરે તે હારી ગયો અને **રા**મગઢ અને **અ**લ્મોરાના કિલ્લા અંગ્રેજોના હાથમાં આવ્યા. નેપાલના રાજાએ હવે સલાહ કરવા માંગી, પણ **અં**ગ્રેજોની સરત ઘણી કઠણ હોવાથી રાજાએ તે કબુલ કરી નહીં, અને ૧૮૧૬માં લડાઇ પાછી ચાલુ થઇ. કર્નલ (હાલ સર **દે**વિડ) **ઓ**ક્ટર્લોની ગુર્ખા લોકો સામે **મ**કવાનપુર આગળ લડયો, અને તેમના સરદાર **સ**મશેર**રા**ણાને બે વાર હરાવી **ર**ણજોરસિંહ સરદાર પાસેથી **હુ**રિહરપુરનો કિલ્લો જીતી લીધો. આથી રાજાએ આખેરે અંગ્રેજો સાથે **સિ**ગાઉલી આગળ સંધિ કરી, ૧૮૧૬.

રામગઢ અને અલ્મોરાના કિલ્લા જીતી લીધા.

મકવાનપુરની લડાઇ ૧૮૧૬.

સિગાઉલીની સંધિ ૧૮૧૬.

સિગાઉલીની સલાહની સરતોઃ—૧. અગ્નિ કોણમાં **સિ**ક્કિમ જે રાજા રોકી બેઠો હતો, ત્યાંથી તેણે નિકળી જવું.

૨ નૈરૃત્યકોણ તરફની કેટલીક જગ્યા રાજાએ અંગ્રેજોને આપવી.

આ બીજી સરતથી અંગ્રેજોને **સિ**મલા, **મ**સુરી, અને **નૈ**નિતાલ નામની શીતલ ટેકરીઓ મળી.

—ooo—

બાબ ૯મો.

પિંઢારા સાથે લડાઈ ૧૮૧૬—૧૮૧૭.

લડાઇનું કારણઃ—પિંઢારા લોક અંગ્રેજ સરકાર તથા તેમના મિત્રોના રાજ્ય પર ચઢી આવ્યા અને ત્યાં તેઓએ ઘણી ક્રૂરતા વાપરી.

---

* ભોટવાળ-અયોધ્યામાં.

પિંઢારા. આ લોક મૂળ મરેઠા લશ્કરના સિપાઇઓ હતા. હોલ્કર અને સિંધિયાને અંગ્રેજો સાથ સંધિ થવાથી આ બાકુતી સિપાઇઓ લૂંટારાનો ધંધો કરવા લાગ્યા જે ઉપરથી તેઓ પિંઢારા કહેવાતા. તેઓ કાંઇ એક નાત જાતના નહોતા. તેમનામાં હલકી વરણના હિંદુ તેમજ મુસલમાનો હતા. આ પિંઢારાઓનું રહેઠાણ માળવામાં હતું અને તેમના સરદારો અમીરખાં, ચિતુ(છટુ)અને કરીમ હતા. ૧૮૧૬માં આ લૂંટારાઓને મેજર લેશિંગ્ટન અને મેકડોવલ સરદારનાં લશ્કરોએ ઘણી હાનિ કરી તેમને વિખેરી નાંખ્યા હતા, પણ તેઓ શાંત થયા નહીં હતા. આથી લોર્ડ હેસ્ટિંગ્સે ૧૮૧૭માં તેમનો નાશ કરવાને એક ઘણું મોટું લશ્કર સર ટોમસ હિસ્લોપની સરદારી નીચે મોકલ્યું. આ જોઈ અમીરખાંએ તુરત અંગ્રેજોની પક્ષમાં જઇ પોતાનાં લશ્કરનાં માણસોને ચાકરીપરથી કાઢી મેલી પોતાનું લશ્કર તોડી નાંખ્યું, જેના બદલામાં અંગ્રેજોએ તેને કંઇક જગ્યા

અમીરખાં. આપી. ચિતુ અને કરીમ હવે બધી તરફથી ઘેરાઈ ગયા. અને તેમનાં લશ્કરોનો નાશ થયો. કરીમ અંગ્રેજોને શરણે

કરીમ. આવી શાંત સ્વભાવનો જાગીરદાર થઇ બેઠો, અને ચિતુ

ચિતુ. જંગલોમાં નાહાસી ગયો, જ્યાં તેને વાઘે મારી નાંખ્યો.

ભાગ ૧૦ મો.

મરેઠા સાથે ચોથી લડાઇ ૧૮૧૭—૧૮૧૮.

લડાઇનું કારણ—જ્યારે પેશ્વા અંગ્રેજોથી છૂટો થવાને હોલ્કર, સિંધિયા, અને ભોંસલે જોડે છાની મસલત કરતો જણાયો, ત્યારે અંગ્રેજોએ તેની સાથે સખ્ત સરતો પર સંધિ કરવા માંગી, જેથી પેશ્વા ચિડાઇ ગયો.

ઇ.સ. ૧૮૧૭માં બાજીરાવ પેશ્વાની દરબારમાં મોન્સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન રેસિડંટ નિમાયો હતો. બાજીરાવ અંગ્રેજોથી છૂટો થવાને હોલ્કર, સિંધિયા અને ભોંસલે જોડે જે છાની મસલત કરતો હતો તેની, અને ૧૮૦૨ માં વસાઈ આગળ થયલા કોલકરારો તોડી નાંખવાને લડાઈની તૈયારી કરતો હતો તેની આ રેસિડંટને ખબર હતી. આ ઉપરથી ૧૮૧૭માં એક નવો પણ

પેશ્વા સાથના નવા કરાર ૧૮૧૭. સખ્ત કોલકરાર પેશ્વા સાથે થયો જેથી (૧) ગાયકવાડ સ્વતંત્ર થયો;(૨) પુનામાં વધુ લશ્કર રાખવાના ખરચ પેટે અંગ્રેજોએ માળવા, ગુજરાત અને અહમદનગર લીધાં; (૩)રેસિડંટની પરવાનગી શિવાય બીજા રાજાઓ જોડે વેહેવાર રાખવો નહીં; અને (૪) પેશ્વાએ પોતાના પ્રધાન ત્રિંબકજી ડેંગલેને રેસિડંટના સ્વાધીનમાં આપવો, એવા ઠરાવ થયા. આ સખ્ત સરતોથી પેશ્વા ઘણો ચિડાઇ ગયો

અને પિંઢારા સામે અંગ્રેજોને મદદ આપવાને બહાને એક મોટું લશ્કર ભેગું કરી રાખ્યું.

પેશ્વાનો પ્રધાન ત્રિંબકજી ડેંગલે કોઇ હલકી વરણનો પુરૂષ હતો, અને તે અંગ્રેજો સામે દ્વેષ રાખતો હતો. જ્યારે ૧૮૧૩માં ફતેહસિંગરાવ ગાયકવાડને પેશ્વા સાથે માંગતા લેણાનો કજીઓ થયો ત્યારે તેનો નિવેડો લાવવાને ગાયકવાડે પોતાના પ્રધાન ગંગાધર શાસ્ત્રીને પુને મોકલ્યો; પણ આજ પ્રધાને તેને પંઢરપુરમાં× મારી નંખાવ્યો.

ખડકીની લડાઇ ૧૮૧૭.

૧૮૧૭—પેશ્વા તરફથી લડાઇની તૈયારી થતી જોઇને અંગ્રેજ રેસિડંટ પુના છોડી ખડકી* ગયો. આથી પેશ્વાએ ખડકી ઉપર હુમલો કર્યો. પેશ્વાનું લશ્કર ૨૬,૦૦૦ માણસનું હતું, અને અંગ્રેજનું મેજર ફોર્ડની સરદારી નીચે ૨,૮૦૦ માણસનું હતું. લડતાં પેશ્વા હારી ગયો, અને પુના અંગ્રેજના હાથમાં આવ્યું. પેશ્વા પહેલાં સતારે, અને પછી પંઢરપુર નાસી ગયો.

કોરેગામની લડાઈ ૧૮૧૮.

૧૮૧૮ માં પેશ્વાએ એક બીજું લશ્કર ભેગું કર્યું, અને અંગ્રેજ સરદાર સ્ટોન્ટનનાં લશ્કરપર કોરેગામ¶ આગળ હુમલો કર્યો, પણ તેમાં તેની પૂર્ણ હાર થયાથી તે કર્ણાટક અને પછી શોલાપુર નાસી ગયો.

અંગ્રેજોએ સતારા જીત્યું. ૧૮૧૮.

અંગ્રેજોએ ૧૮૧૮માં સતારા જીતી લીધું; અને એક ઢંઢેરો પીટાવી બાજીરાવ અને તેના વારસોનો હક છીનવી લીધો, અને સતારાના રાજા શાહુના છોકરા પ્રતાપસિંહને તેનો નિરા અને વારણા નદીની વચ્ચેનો મુલક આપ્યો.

આશટેની લડાઈ ૧૮૧૮.

પેશ્વા મરણ પામ્યો ૧૮૫૩.

૧૮૧૮માં પેશ્વાના સેનાધિપતિ ગોખલેએ શોલાપુર અને પુરંધરની વચ્ચે આશટે ગામ આગળ અંગ્રેજો સામે છેલ્લી લડાઇ કરી, જેમાં ગોખલે અને તેનાં ઘણાં માણસો માર્યાં ગયાં. આથી બાજીરાવ હવે લાચાર થઈ સર જોન માલ્કમને શરણ થયો, જેણે એને કાનપુર પાસે બિથુરમાં રાખ્યો, અને વરસ દહાડે ૮ લાખ રૂપિયાનું પેન્શન આપવું કર્યું, જ્યાં તે ૧૮૫૩ ના જાનેવારી માસમાં મરણ પામ્યો.

સતારા ખાલસા થયું ૧૮૪૯.

બાજીરાવના શરણ થવા પછી સતારાના રાજા બીજા શાહુના છોકરા પ્રતાપસિંહને પેશ્વાની ગાદી આપી, તે પણ પોતાનું ભલું કરનાર અંગ્રેજો સામે કાવત્રાં કરવા લાગ્યો, તેથી તેને પદભ્રષ્ટ કરી તેના ભાઇ શાહજીને

× પંઢરપુર-ભીમા નદી પર. * ખડકી-પુનાથી ૪ મૈલપર.

¶ કોરેગામ-ભીમા નદી ઉપર-પુનાથી ૧૭ મૈલ દૂર.

નામનો પેશ્વા કરી બેસાડ્યો, અને એના મરણ પછી ૧૮૪૯ માં સતારા ખાલસા કર્યું.

પેશ્વાનો પ્રધાન ત્રિંબકજી ડેંગલે જેને થાણાના કિલ્લામાં અંગ્રેજોએ બંદીવાન કર્યો હતો અને જે ત્યાંથી નાસી ગયો હતો તે પણ પાછો અંગ્રેજોના હાથમાં સપડાયો; તેને ગંગા નદી ઉપરના ચુનારગઢમાં કેદ કર્યો, જ્યાં તે મરણ પામ્યો.

બાજીરાવને કંઇ સંતાન ન હોવાથી તેણે નાના સાહેબને દત્તક કીધો, પણ અંગ્રેજોએ તેને કબુલ રાખ્યો નહીં. એજ ક્રૂર અને પાપી માણસે ઇ. સ. ૧૮૫૭ના બળવાની વખતે કાનપુરમાં ત્રાસદાયક કામો કર્યાં હતાં (જુઓ પ્રકરણ ૧૦ મું). આ પ્રમાણે બાલાજી વિશ્વનાથના વંશનો છેડો આવ્યો.

નાના સાહેબ.

નાગપુરનો રાજ્ય કારભાર:—નાગપુરનો રાજા પરસાજી ઘેલો અને નાહાની વયનો હોવાથી એનો પિત્રાઇ ભાઇ આપાસાહેબ રાજ પ્રતિનિધિ થયો હતો. એણે એ બાળકનું કાસળ કાઢયું અને પોતે રાજપાટનો માલીક થઇ (૧૮૧૭), અંગ્રેજો સામે કાવત્રાં કરવા લાગ્યો. થોડા વખતમાં એણે નાગપુરની પશ્ચિમે સિતાબલ્દીની ટેકરી આગળ અંગ્રેજી લશ્કરપર હુમલો કર્યો ૧૮૧૭, પણ કર્નલ સ્કોટ અને ફિટઝરલ્ડે તેનો પરાજય કર્યો, અને જેનરલ ડવટનનું લશ્કર આવી પોંહોંચતાંજ તેને પાછો નાગપુર આગળ હરાવ્યો; જ્યારે જેનરલ હાર્ડિમેને તેને ત્રીજી વખત જબલપુર આગળ હરાવ્યો ત્યારે તે અંગ્રેજોને શરણ થયો, જેઓએ એની સાથે સરતો કરી એને ગાદી પાછી આપી ૧૮૧૭. ગાદીએ બેસતાંજ આપાસાહેબ અંગ્રેજો સામે પાછાં કાવત્રાં કરવા લાગ્યો; આથી ત્યાંના રેસિડંટ મિ૦ જેન્કિન્સે તેને પકડી અલાહબાદ મોકલ્યો, પણ માર્ગમાં તે નાસી ગયો, અને અશીરગઢમાં ચિતુ પિંઢારા સાથે મળી ગયો. જ્યારે અશીરગઢ અંગ્રેજોએ જીતી લીધું ત્યારે તે ત્યાંથી શીખ રાજાને આશ્રય જઇ રહ્યો, અને વળી ત્યાંથી જોધપુર નાઠો, જ્યાં તે ૧૮૪૦માં મરણ પામ્યો. અંગ્રેજોએ રઘુજી ભોંસલેના પૌત્રને નાગપુરની ગાદીએ બેસાડ્યો, અને ૧૮૫૩માં તે અપુત્ર મરણ પામવાથી નાગપુર પણ અંગ્રેજી રાજ્ય સાથ જોડી નાંખ્યું.

સિતાબલ્દીની લડાઇ ૧૮૧૭.

નાગપુરની લડાઇ ૧૮૧૭.

જબલપુરની લડાઇ ૧૮૧૭.

આપા સાહેબ મરણ પામ્યો ૧૮૪૦.

નાગપુર ખાલસા થયું ૧૮૫૩.

હોલ્કરના સરદારોનું બંડ ૧૮૧૭—જસવંતરાવ હોલ્કર ઇ. સ. ૧૮૧૧ માં ગાંડો થઇ મરણ પામ્યો, અને એનું રાજ્ય ઘણી માઠી હાલતમાં આવી પડયું. એનો છોકરો મલ્હારરાવ હોલ્કર નાની વયનો હોવાથી એની મા તુલસીબાઇ રાજકારભાર ચલાવતી હતી.

તુલસીબાઇ.

પણ તેણી તે કામ ચલાવવાને લાયક ન હોવાથી તેણીનું લશ્કર ફિતુરી થયું, અને અંગ્રેજો સામે લડવા તત્પર થયું. તુલસીબાઈએ તેમની સાથે અંગ્રેજો સામે લડવાને સામિલ થવાની આનાકાની કરી, ત્યારે તેના સરદારોએ તેને મારી નાંખી, અને ચંબલ નદીની શાખા સિપરા આગળ માહિદપુરમાં લશ્કર ભેગું કર્યું; પણ અંગ્રેજ સરદાર હિસ્લોપ અને માલ્કમે તેમની સામે લડી તેમને હરાવ્યા (૧૮૧૭), અને મંડેસર[1] આગળ નાહાના મલ્હારાવ જોડે તહનામું કર્યું.

માહિદપુરની લડાઇ ૧૮૧૭.

૧૮૧૮—મંડેસરની સલાહની સરતો:—

મંડેસર આગળ તહનામું ૧૮૧૮.

૧. હોલ્કરે રજપૂત રાજાઓ પાસેથી ખંડણી લેવાનો દાવો કરવો નહીં.

૨. હોલ્કરનાં રાજ્યને અંગ્રેજનાં રક્ષણ નીચે રાખવું.

બાબ ૧૧ મો.

બ્રહ્મી લોક સાથે પેહેલી લડાઇ ૧૮૨૩—૧૮૨૬.

લોર્ડ આમ્હર્સ્ટ ૧૮૨૩-૧૮૨૮.

માર્કિસ ઓફ હેસ્ટિંગ્સ પછી લોર્ડ આમ્હર્સ્ટ ૧૮૨૩માં ગવર્નર જેનરલ નિમાયો. એને હિંદુસ્તાનમાં આવ્યા કેડે થોડા દિવસમાં બ્રહ્મી લોક સાથે લડાઇ કરવાની જરૂર પડી.

એલોમ્પ્રા.

ઈ. સ. ૧૭૫૩માં એલોમ્પ્રા નામે એક સહાસિક પુરૂષે એક મોટું લસ્કર લઈ પેગુમાંથી નિકળી આવા સર કર્યું હતું, અને મણીપુર, આરાકાન તથા આસામ જીતી લઇ પોતાનાં રાજની હદ વધારી હતી. એલોમ્પ્રાની પછી થયલા અધિપતિઓએ ધીમે ધીમે આખો બ્રહ્મ દેશ જીત્યો, અને પછી બંગાળાના બ્રિટિશ સંસ્થાનોપર ધસ્યા.

લડાઇનાં કારણ:—૧. બ્રહ્મી લોકે ૧૮૨૩માં શાહપુરીના[2] બેટમાં અંગ્રેજી રયતના બચાવને માટે રાખેલા ૧૩ સિપાઇઓને મારી નાંખ્યા.

૨. તેઓએ અંગ્રેજના મિત્ર કાચારના[3] રાજાના મૂલકપર સ્વારી કરી.

આવી અઘટિત ચાલ ચલાવવાથી દૂર રહેવાને આવાની દરબારમાં લોર્ડ આમ્હર્સ્ટે લખાણ કર્યું, પણ તેનો જવાબ તેમણે તિરસ્કારથી વાળ્યો, ત્યારે આખરે ૧૮૨૪માં લડાઇ પ્રગટ થઇ.

રંગુન જીતી લીધું ૧૮૨૪.

કેમેન્ડિન જીત્યું ૧૮૨૪.

એન્ડેમેન ટાપુના કોર્નવેલિસ બંદરમાં મદ્રાસ અને બંગાળાનું લશ્કર ભેગું થયું, અને ત્યાંથી તે લશ્કર એકદમ રંગુન પર ચઢી ગયું. આ લશ્કરનો સરદાર સર આર્ચિબોલ્ડ કેમ્પબેલ હતો. આ સરદારે રંગુન જીતી લીધું, અને બ્રહ્મી લોકના કેટલાક મોરચા તોડી તેમને નસાડી મેલ્યા. આગળ વધીને અંગ્રેજ્વેક્ષે

---

૧ મંડેસર—મહિદપુરની ઉત્તરે રજપૂતાનામાં.

૨ શાહપુરી—આરાકાનની વાયવ્ય દિશાએ. ૩ કાચાર—આરાકાનની ઉત્તરે.

માર્ટાબાન લીધું ૧૮૨૫. ડેનાબ્યુ, પ્રોમ અને આરાકાન જીતી લીધાં ૧૮૨૫.

ક્રેમેન્ડિન જીત્યું. આ પછી ચોમાસું બેસવાથી અને લશ્કરમાં મંદવાડ હોવાથી લશ્કર આગળ વધ્યું નહીં, પણ તે મટિ જતાંજ ૧૮૨૫માં કર્નલ ગોડવિને માર્ટાબાન સર કર્યું, અને પછી તુરત અંગ્રેજી લશ્કર ડેનાબ્યુ પર ચઢી ગયું. અહિંયાં બ્રહ્મી લોકનો સરદાર મહાબંદુલા તેમની સામે લડવા આવ્યો પણ તે માર્યો ગયો. ડેનાબ્યુ લીધા પછી પ્રોમપર ચઢાઇ કરી, અને પછી કર્નલ મોરિસને આરાકાન જીતી લીધું.

હવે બ્રહ્મી લોકના રાજાએ સંધિ કરવા માગી, પણ સરતો કઠણ હોવાથી રાજાએ તે કબુલ કરી નહીં, અને લડાઇ પાછી ચાલુ કરી.

પગામની લડાઈ ૧૮૨૬.

અંગ્રેજી લશ્કર લડાઇ પ્રગટ થતાંજ મેલૂનપર હુમલો કરી પગામ શેહેર તરફ વધ્યું; અહિંયાં એક મોટી લડાઇ થઇ જેમાં સર આર્ચિબોલ્ડ કેમ્પબેલે ૨૦૦૦ માણસ સહિત ૧૮,૦૦૦ બ્રહ્મી લોકનો પરાજય કર્યો. આ લડાઇમાં બ્રહ્મી સરદાર મહાનેમિયો હતો. ૧૮૨૬માં તેમની રાજધાની આવા ઉપર અંગ્રેજી લશ્કરે કૂચ કરી જ્યારે તે લશ્કર રાજધાનીથી માત્ર ૪૫ મૈલ દૂર યન્ડબુ શેહેર આગળ આવ્યું, ત્યારે રાજા હિમ્મત હારી ગયો, અને અંગ્રેજો સાથે સલાહ કરી.

યન્ડબુની સલાહની સરતો:—૧૮૨૬.

યન્ડબુની સલાહ ૧૮૨૬.

૧. રાજાએ આસામ, કાચાર અને જિન્ટિયા ઉપરથી સમૂળગો હાથ ઉઠાવવો.

૨. અંગ્રેજોને આરાકાન, તેનાસરિમ વિગેરે કેટલાક પ્રાંતો આપવા.

૩. લડાઇના ખરચ બદલ રાજાએ એક કરોડ રૂપિયા આપવા.

બરાખપુરમાં બંડ ૧૮૨૫.

આ લડાઇની વખતે ૪૭મી દેશી પલટણે કલકત્તા આગળ બરાખપુરમાં બંડ કર્યું; એમને બ્રહ્મદેશમાં જવાનો હુકમ મળવાથી તેઓ ત્યાં જતા બીધા, કારણ કે તેમની અગાઊ ગયલાં લશ્કરનાં ઘણાંક માણસો તાવ, ખરાબ હવા, અને પાણીની તંગીથી મરી ગયાં હતાં. જ્યારે હુકમ માનવાની તેમને ફરજ પાડી, ત્યારે તેઓએ બંડ કર્યું; પણ સેનાધિપતિ પેજેટે તેમના ઉપર તોપોનો મારો ચલાવી તેમને વિખેરી નાંખ્યા, અને તેમનામાંના કેટલાકને ફાંસી દીધી, ૧૮૨૫.

બાબ ૧૨ મો.

ભરતપુરને ઘેરો ઘાલી જીતી લીધું ૧૮૨૫—૧૮૨૬.

બળદેવસિંહ.

ભરતપુરનો રાજા ૧૮૨૩માં અપુત્ર મરણ પામ્યો, તેથી તેનો ભાઇ બળદેવસિંહ ગાદીએ બેઠો; પણ એનો ભત્રિજો દુર્જનસાલ ગાદી માટે દાવો કરવા લાગ્યો. અંગ્રેજોએ બળદેવસિંહનો હક્ક વ્યાજબી

ગણ્યો, અને તેને ગાદીએ બેસવા દીધો. ઇ. સ. ૧૮૨૫ માં તેના મરણ પછી તેનો છોકરો બળવંતસિંહ ગાદીએ બેઠો; પણ દુર્જનસાલ તુરત તેને કેદ કરી રાજ્યનો ધણી થઈ પડયો. આ ઉપરથી ગવર્નર જેનરલ લોર્ડ આમ્હર્સ્ટે થોડોકવાર આનાકાની કર્યા પછી બળવંતસિંહને પાછી ગાદી અપાવવાને એક લશ્કર આપી લોર્ડ કોમ્બર્મિયરને મોકલ્યો. આ સરદારે ૨૫મી ડિસેમ્બર ૧૮૨૫ ને દિને તે કિલ્લાપર ઘેરો ઘાલ્યો. કિલ્લો ઘણો મજબૂત હોવાથી તોપના મારાની તેના પર કંઇ અસર થઇ નહીં ત્યારે સુરંગ ફોડી તેનો કેટલોક ભાગ ઉરાડી દીધો, અને પછી અંદર દાખલ થઈ ૧૮૨૬ ના જાનેવારી માસમાં તે જીતી લીધો. ૧૮૦૫ માં લોર્ડ લેકે જે કિલ્લાપર વ્યર્થ હલ્લો કર્યો હતો, અને જે દેશીઓ એવું ધારતા હતા કે ન જીતાય એવો છે, તે આજ કિલ્લો હતો. દુર્જનસાલને ગાદીએથી ઉઠાડી બળવંતસિંહને પાછો ગાદીએ બેસાડયો, અને દેશમાં સલાહ શાંતી થઇ.

બળવંતસિંહ. દુર્જનસાલ.

ભરતપુરનો કિલ્લો જીત્યો ૧૮૨૬.

લોર્ડ આમ્હર્સ્ટના હિંદુસ્તાન છોડયા પછી લોર્ડ વિલ્યમ બેન્ટિક જેણે સ્પેન, પોર્ટુગલ અને સિસિલીમાં બહુ બહાદૂરી બતાવી હતી તેણે ૧૮૨૮–૧૮૩૫ સુધી ગવર્નર જેનરલ તરીકે અમલ ચલાવ્યો. એના વખતમાં કોઇ પણ લડાઇ થઇ નહીં અને એણે રાજ્ય કારભાર સલાહ સંપથી ચલાવી રૈયતને બહુ સુખી કરી. ૧૮૦૬ માં વેલોરમાં જ્યારે બંડ થયું ત્યારે એ મદ્રાસનો હાકેમ હતો. એણે ૧૮૩૪માં કુર્ગનું રાજ્ય અંગ્રેજી રાજ્ય સાથે જોડી નાંખ્યું, અને સતી થવાની, બાળહત્યાની અને એવી બીજી ભુંડી રસમોનો અટકાવ કર્યો. એના પછી લોર્ડ ઓકલેન્ડે ૧૮૩૬–૧૮૪૨ સુધી ગવર્નર જેનરલ તરીકે રાજ્ય કારભાર ચલાવ્યો.

બાબ ૧૩ મો.

અફગાન લોક સાથે પેહેલી લડાઇ ૧૮૩૮–૧૮૪૨.

લડાઇનું કારણ—અફગાનિસ્તાનમાં અહમદશાહ અબદલીનો પૌત્ર શાહસુજા રાજ્ય કરતો હતો, તેને તેના ભાઇ મહમદે પોતાના વજીર ફતેહખાંની મદદથી પદભ્રષ્ટ કરી પોતે રાજ્યનો ધણી થયો ૧૮૩૧. થોડા વખતમાં આ રાજાએ ફતેહખાંને આંધળો કરી કાંઇ વાંક માટે મારી નાંખ્યો, તેથી બરકઝાઇ જાતના લોકે મહમદને મારી નાંખી તેમના સરદાર દોસ્ત મહમદને કાબુલની ગાદી આપી. ૧૮૩૪માં શાહસુજાએ ગાદી પાછી મેળવવાને ફોકટ પ્રયત્ન કર્યા પછી હિંદુસ્તાનમાં આવી અંગ્રેજોનો તે મિત્ર થઇ લુદિયાનામાં* રહ્યો, જ્યાં અંગ્રેજોએ તેને ૪૦૦૦ રૂપિયાનો મહિનો બાંધી

શાહસુજા.

દોસ્ત મહમદ.

* લુદિયાના–સતલજ નદી આગળ.

આપ્યો. આ વખતે રૂશિયન લોકો **દોસ્ત મહમદ** સાથે મળી જઈ **અંગ્રેજો** સામે કાવત્રાં કરતા હતા, તેથી ગવર્નર **જેનરલ લોર્ડ ઓકલેન્ડે** તે અમીર સાથે દોસ્તી કરવાને **એલેકઝાન્ડર બર્ન્સને** મોકલ્યો, પણ તે નાઉમેદ થઇ પાછો ફર્યો. **કાબુલના** અમીરની આવી વર્તણુક જોઇ **લોર્ડ ઓકલેન્ડે** પંજાબના મહારાજા **રણજીતસિંહ** અને **શાહસુજા** જોડે ૧૮૩૮માં સંધિ કરી, અને **શાહસુજાને** **કાબુલની** ગાદી પાછી અપાવવાને લડાઇ પ્રગટ કરી.

લોર્ડ ઓકલેન્ડ ૧૮૩૬-૧૮૪૨

મુંબઈ, બંગાળા, અને **મદ્રાસના** લશ્કરોને **કાબુલ** જવાને હુકમ થયો. એ ત્રણે લશ્કરની સરદારી **સર જોન કીનને** આપી. આ ત્રણ ટુકડીઓમાંની એકનો **શાહસુજા** અને એક બીજીનો **શાહસુજાનો** છોકરો **તૈમુર**, નામના સરદાર થયા.

સર જોન કીન.

આ ત્રણે લશ્કર **કંદહારમાં** ભેગાં થવાનાં હતાં. **મુંબઇનાં** લશ્કરને ત્યાં જતાં **સિંધના** અમીરો, જેઓ આ વખત સુધી સ્વતંત્રપણે રાજ્ય ચલાવતા હતા, તેઓએ હરકત કીધી. આથી આ ટુકડીએ તેમની સામે લડાઇ કરી તેમને હરાવ્યા અને **કરાંચી** જીતી લઇ **કંદહારમાં** ગએલાં લશ્કર સાથે તે મળી ગઇ, ૧૮૩૯. એજ વરસમાં **અંગ્રેજોનો** મિત્ર અને મદદગાર **પંજાબનો** મહારાજા **રણજીતસિંહ** મરણ પામ્યો. **કંદહારમાંથી** **અંગ્રેજી** લશ્કર **કાબુલ** તરફ ચાલ્યું. રસ્તામાં જતાં **ગિઝની** જીતી લીધું, અને ત્યાંથી મહા મુશિબતે **કાબુલમાં** દાખલ થયું. **દોસ્ત મહમદ** લડયા વગર **બોખારા** તરફ નાસી ગયો તેથી **શાહસુજાને** પાછો તેની ગાદીપર બેસાડયો, અને મિ૦ **મેકનોટનને** **શાહસુજાની** દરબારમાં વકીલ નિમ્યો.

કરાંચી જીત્યું. ૧૮૩૯.

ગિઝની જીત્યું ૧૮૩૯.

અંગ્રેજોએ લડાઇનો અંત આવ્યો એવું જાણીને **શાહસુજાના** બચાવને માટે **જેનરલ નોટ** અને કર્નલ **સેલની** સરદારી નીચેનું **બંગાળાનું** થોડુંક લશ્કર રાખી, બાકીનું સઘળું પાછું **હિંદુસ્તાન** ખાતે મોકલાવી દીધું.

અફગાન લોકો બાકી રહેલાં લશ્કરને ઘણો ઉપદ્રવ કરવા લાગ્યા, અને વારંવાર તેમની જોડે નાની નાની લડાઇઓ થતી. **દોસ્ત મહમદ** એક લશ્કર લઇ **શાહસુજા** સામે લડવા આવ્યો, પરંતુ તેનો કર્નલ **સેલે** કાબુલની ઉત્તરે **પરવાન** આગળ ૧૮૪૦ માં પરાજય કર્યો, જેથી તે આખરે મિ૦ **મેકનોટનને** શરણ ગયો, જેણે તેને માન આપી પોતાની સાથે થોડોકવાર રાખીને પછી કલકત્તે મોકલાવ્યો, જ્યાં તેને એક સારૂં પેન્શન આપતું કર્યું.

પરવાનની લડાઇ ૧૮૪૦.

કાબુલમાં દંગો ૧૮૪૧.

લગભગ બે વરસ સુધી **અફગાનિસ્તાનમાં** શાંતી રહી; પણ **અંગ્રેજી** લશ્કરની ખરાબ વર્તણુંક અને **ખૈબર ઘાટ** વેપાર

માટે ખુલ્લો રાખવાને આપવા કહેલા પૈસા ઓછા કરવાથી ૧૮૪૧માં કાબુલમાં એક દંગો થયો. આ દંગાનો ઉશ્કેરનાર દોસ્ત મહમદનો છોકરો અકબરખાં હતો. રોબર્ટ સેલને હિંદુસ્તાનમાં આવતાં વાટમાં બળવાખોરોથી બહુ નુકસાન ખમવું પડ્યું તેથી તે ઘણી મુશીબતે જલાલાબાદમાં દાખલ થઇ ત્યાંનો કિલ્લો સમરાવી પોતાનો બચાવ કરતો બેઠો. એટલામાં

બર્ન્સ અને મેકનોટનને મારી નાંખ્યા.

કાબુલમાં બળવાખોરોએ સર એલેકઝાન્ડર બર્ન્સ અને બીજા અમલદારોને કાપી નાંખ્યા. સર વિલ્યમ મેકનોટન અને તેના સાથીઓને અકબરખાંએ સલાહ કરવાને બાહાને દગાથી મારી નાંખ્યા, અને બીજાઓને જલાલાબાદ સહીસલામત લઇજવાનું વચન આપી કેદ કર્યા. જેઓ કેદી થયા હતા તેમાં સેલ, મેકનોટન અને કેટલાક અમલદારોની બૈરીઓ પણ હતી. બાકીનાં લગભગ ૧૬,૦૦૦ માણસો નાસભાગમાં પડી હિંદુસ્તાન ખાતે આવવા નિકળી પડયાં. રસ્તામાં આ ખુની અફગાનોથી તેમજ ઠંડીથી તેમને એટલું તો દુઃખ ખમવું પડયું, કે તેમનામાંથી

શાહસુજાને મારી નાંખ્યો ૧૮૪૨.

ડાક્ટર બ્રાઇડન માત્ર સહીસલામત જલાલાબાદ જઇ પહોંચ્યો, અને ૧૨૦ કેદી શિવાય બાકીનાં સઘળાં મરણ પામ્યાં. શાહસુજાને બળવાખોરોએ ૧૮૪૨ માં મારી નાંખ્યો, અને તેનું મુડદું કોઇ ખાઇમાં નાંખી દીધું.

આ વખતે સેલ સરદાર જલાલાબાદમાં, પોલક પેશાવરમાં, અને નોટ કંદહારમાં પોતાના લશ્કર સહિત હતા. ઇ.સ. ૧૮૪૨

લોર્ડ એલેન્બરો ૧૮૪૨-૧૮૪૪.

માં લોર્ડ ઓકલેન્ડ હિંદુસ્તાન છોડી ગયો, અને તેની જગ્યાએ લોર્ડ એલેન્બરો ગવર્નર જેનરલ થઇ આવ્યો. તેણે ગયલી આબરૂ પાછી મેળવવાને ચાંપતા ઉપાયો લીધા.

રોબર્ટ સેલ જલાલાબાદમાં હતો તેને મારી કાઢવાને અકબરખાં પોતે એક લશ્કર લઇ ગયો; પણ આ બહાદૂર સરદારે પોતાનાં થોડાં માણસથી તેને હરાવી નસાડી મેલ્યો. રોબર્ટ સેલને મદદ આપવાને જેનરલ પોલકને મોકલ્યો; આ સરદાર ખૈબરઘાટને રસ્તે જતાં દુશ્મનો રસ્તો રોકી બેઠા હતા તેમની સામે ઘણી ચાલાકીથી લડયો, અને તેમને પહાડની બન્ને બાજુપરથી વિખેરી નાંખી જલાલાબાદમાં સેલનાં લશ્કર સાથે મળી ગયો. જલાલાબાદથી આ બન્ને લશ્કર આગળ ચાલ્યાં; અકબરખાં તેમની સામે

ટિઝીનઘાટની લડાઇ ૧૮૪૨.

એક મોટું લશ્કર લઇ પાછો લડવા આવ્યો, પણ ટેઝીનઘાટમાં તેના લશ્કરનો પરાજય થયો, અને પોલક તથા સેલ સરદારો વગર અટકાવે કુંડ કાબુલમાં પેઠા, (૧૮૪૨).

જેનરલ નોટ કંદહારમાંથી કાબુલ જવા નિકળ્યો. ગિઝનીથી આસરે ૨૦ મૈલ દૂર નોની આગળ જતાં ગિઝનીનો સૂબો સમસુદ્દીન-

નોનીની લડાઇ ૧૮૪૨.

ખાં પોતાનું ૧૨૦૦૦ બારહજાર માણસનું લશ્કર લઇ તેની સામે લડવા આવ્યો. એક ભારે લડાઇ થઇ, જેમાં

સમસુદ્દીનખાં તદન હારી ગયો, ૧૮૪૨. જેનરલ નોટ હવે આગળ ધસ્યો, પણ સમસુદ્દીનખાં પાછો એક મોટું લશ્કર લઇ મેદાન આગળ લડવા આવ્યો, અને નોટે પાછો તેનો પરાજય કર્યો. આ પછી જેનરલ નોટ, પોલક અને સેલનાં લશ્કર જોડે કાબુલમાં મળી ગયો.

મેદાનની લડાઇ ૧૮૪૨.

અકબરખાં આવી હારો થવાથી ઘણો ગુસ્સામાં આવ્યો, અને અંગ્રેજી કેદીઓને તુર્કસ્તાનમાં જુલુમ ખાતે બંદીવાન કરવાનો, અથવા તેમને ગુલામો તરીકે ત્યાં વેચી નાંખવાનો હુકમ કર્યો. આ બંદીવાનો સલીહ મહમદ નામના સરદારના હાથમાં હતા. આ સરદારને અંગ્રેજોએ લાંચ આપી તેમને છોડવ્યા, અને તેમની સલામતીને માટે કર્નલ રિચમન્ડ અને પાછળથી સેલ એક લશ્કર લેઇ તેમને સામે મળવા ગયા, અને ખુશાલીના પોકાર સાથે તેમને કાબુલ લઇ આવ્યા.

અફગાનો હવે કાબુલની ઉત્તરે ઈસ્તલિફ શેહેરમાં નાસી ગયા, પણ પોલક તેમને ત્યાંથી પણ મારી નસાડી મેલ્યા. આ જગ્યામાંથી ૧૮૪૧માં અંગ્રેજોનો ચોરી લીધેલો લગભગ સઘળો સામાન તેને પાછો મળી આવ્યો

ઈસ્તલિફ લૂટયું ૧૮૪૨.

શાહસુજાને બળવાખોરોએ મારી નાંખ્યો હતો, તેથી હવે અંગ્રેજોને કાબુલમાં લાંબો વખત રહેવાની જરૂર રહી નહીં, અને આબરૂ સહિત પાછા ફર્યા; પણ અફગાનોને તેમનાં પાપી કામને માટે શિક્ષા કરવાના વિચારથી ઔરંગઝેબના વખતમાં પ્રખ્યાત શિલ્પશાસ્ત્રી અલિમર્દાનખાંએ બાંધેલું મોટું બજાર તેઓએ બાળી નાંખ્યું. આ બજાર વેપારનું મોટું મથક હતું; એ ૬૦૦ ફીટ લાંબું હતું ને એમાં ૨,૦૦૦ દુકાનો હતી. આજ બજારમાં મિ૦ મેકનોટનનાં મુડદાંને ખુલ્લું મુકી અંગ્રેજોનું અપમાન કર્યું હતું. સઘળું અંગ્રેજી લશ્કર હિંદુસ્તાનમાં આવ્યા પછી લોર્ડ એલેન્બરોએ દોસ્ત મહમદ અને બીજા કેદીઓને છોડી મેલ્યા, અને લડાઇનો અંત આણ્યો.

દોસ્ત મહમદ પાછો અફગાનિસ્તાનની ગાદીએ બેઠો અને ૧૮૬૩માં મરણ પામ્યો. એને ૧૬ છોકરા હતા. તેઓ ગાદી માટે માંહોમાંહે લડયા, અને આખરે શિરઅલી નામના છોકરાએ ૧૮૬૮માં રાજગાદી મેળવી.

દોસ્ત મહમદ મરણ પામ્યો ૧૮૬૩.

બાબ ૧૪ મો.

સિંધમાં લડાઇ ૧૮૪૨—૧૮૪૩.

ઈ. સ. ૧૭૮૬ માં મિરફતેહખાં નામના એક બલુચિસ્તાનના સરદારે સિંધપર હુમલો કરી તે જીતી લીધું હતું, અને ત્યાંના રહેવાસીઓ

સિંધના ત્રણ ભાગ:—
૧. હૈદ્રાબાદ,
૨. ખેરપુર,
૩. મિરપુર.

ઉપર ભારે જુલમ ગુજાર્યો હતો. સિંધના ત્રણ ભાગ હતા; ૧–હૈદ્રાબાદ, ૨–ખેરપુર, ૩–મિરપુર; અને એ ત્રણેપર એકેકો અમલદાર જે અમીરને નામે ઓળખાતો તે રાજ ચલાવતો. આ અમીરો જોડે વેપાર ચલાવવાને અંગ્રેજ સરકારે આગળ ઘણી કોશેશ કરી હતી, પણ તેઓ કાંઇ સમજ્યા નહીં હતા.

લડાઇનાં કારણ:—૧. સિંધુ નદીપર વગર જકાતે અંગ્રેજોને વેપાર કરવા દેવાની, અને હૈદ્રાબાદમાં રેસિડન્ટ અને મદદ વાસ્તે લશ્કર રાખવાની જે સંધિ કબુલ કરવા તેમને ફરજ પાડી હતી, તે સંધિ અમીરો તોડી નાંખવા માગતા હતા.

૨. અફગાનિસ્તાનની લડાઇ વખતે અંગ્રેજી લશ્કરને તેઓએ ઘણી હરકત કીધી હતી, અને તેઓ અંગ્રેજો સામે દ્વેષભાવ રાખતા જણાયા, તેથી ત્યાંના રેસિડન્ટ સર જેમ્સ ઓટ્રમને વધારે સખત સંધિ કબુલ કરાવવાની જરૂર પડી. આથી તેમને ઘણો ગુસ્સો લાગ્યો.

૩. સખત સંધિઓ કબુલ કર્યા પછી તેઓએ રેસિડન્ટના મકાનપર એકદમ હલ્લો કર્યો. આથી લડાઇ જાગી.

અમીરોએ રેસિડન્ટના મકાનપર ઓચિંતો હુમલો કર્યો, ત્યારે ત્યાંના સિપાઇઓ તેમની સામે થોડીકવાર બહાદુરીથી લડયા, પણ તેમની સંખ્યા ઘણીજ થોડી હોવાથી અંતે તેમને સિંધુ નદીપર એક અંગ્રેજી આગબોટમાં નાસી જવું પડયું.

મિયાનીની લડાઇ ૧૮૪૩.

અમીરોની આવી અઘટિત વર્તણુકને લીધે ગવર્નર જેનરલ લોર્ડ એલેન્બરોએ સર ચાર્લસ નેપિયરને એક લશ્કર આપી સિંધપર મોકલ્યો. આ સરદારે ૧૮૪૩માં મિયાની*આગળ તેમને હરાવ્યા. આથી ખેરપુરઅને હૈદ્રાબાદના છ અમીરો એને શરણે ગયા.

હૈદ્રાબાદની લડાઇ ૧૮૪૩.

મિરપુરનો અમીર શિરમહમદ તાબે થયો નહીં, તેથી એજ વરસમાં સર ચાર્લસ નેપિયરે તેને હૈદ્રાબાદ આગળ હરાવ્યો, અને મિરપુર તથા અકબર પાદશાહની જન્મભૂમિ અમરકોટ જીતી લીધાં. આ બે લડાઇઓથી સિંધની લડાઇનો અંત આવ્યો.

સિંધ ખાલસા થયું ૧૮૪૩.

અમીરોએ પોતાની પ્રજા ઉપર બહુ જુલમ ગુજાર્યો હતો, માટે એ આખો પ્રાંત ખાલસા કર્યો, અને અમીરોને સારૂં પેન્શન આપી બનારસ મોકલ્યા.

પ્રકરણ ૧૫ મો.

ગ્વાલિયરમાં લડાઇ ૧૮૪૩.

લડાઇનું કારણ:—દોલતરાવ સિંધિયા ૧૮૨૭માં અપુત્ર મરણ

* મિયાની–હૈદ્રાબાદથી ૬ મેલ દૂર.

જંકોજી

પામ્યો. તેની વિધવા મહારાણી બાઇજાબાઇએ ૧૮૩૩ સુધી તેણીના દત્તક જંકોજીને નામે રાજકારભાર ચલાવ્યો, જે વરસમાં જંકોજીએ પોતે ઉમરે પુગ્યાથી રાજ ચલાવવા માંડ્યું. જંકોજી પણ ૧૮૪૩માં અપુત્ર મરણ પામ્યો, તેથી તેની ગાદીએ તેના દત્તપુત્ર ભગીરતરાવને બેસાડ્યો. આ બાળ રાજાની વતી રાજકારભાર

ભગીરતરાવ. વચ્ચે કજીઓ મામાસાહેબ.

ચલાવવાને મહારાણી અને (જંકોજીના મામા) મામાસાહેબ થયો. અંગ્રેજી રેસિડન્ટે મામાસાહેબનો પક્ષ કર્યો તેથી મહારાણી અને તેણીના મિત્રોએ આ રેસિડન્ટને પણ ગ્વાલિયરમાંથી કાઢી મેલ્યો. લોર્ડ એલેન્બરોને આ સબબને લીધે લડાઇ કરવાની જરૂર પડી.

મહારાજપુરની લડાઈ ૧૮૪૩. પનિયારની લડાઈ ૧૮૪૩.

૧૮૪૩—સર હ્યુગોફ અને લોર્ડ એલેન્બરો પોતે એક મોટું લસ્કર લઈ ગ્વાલિયર ભણી ગયા. મહારાજપુર* આગળ એક મોટી લડાઇ થઇ, તેમાં મરેઠી ફોજનો પરાજય થયો. એજ દિવસે જેનરલ ગ્રે, જેને એક લસ્કર આપી બીજે રસ્તેથી ત્યાં મોકલ્યો હતો, તેણે પણ પનિયાર† આગળ બીજી મરેઠી ફોજને હરાવી. આ હારોથી સિંધિયાની તોપો, દારૂગોળો સર્વે અંગ્રેજોને હાથ આવ્યું; આથી મહારાણીએ તેમની જોડે સલાહ કરી.

સલાહની સરતો:—૧. મહારાજા ઉમ્મરનો થાય ત્યાં સુધી રાજકારભાર એક પંચ નિમવામાં આવે તે ચલાવે.

૨. ગ્વાલિયરમાંનું અંગ્રેજી લસ્કર વધારવું, અને સિંધિયાએ રેસિડન્ટના કહ્યા પ્રમાણે ચાલવું.

૩. અંગ્રેજોનું દેવું સિંધિયાએ જલદી ભરી દેવું.

બાબ ૧૬ મો.

પંજાબમાં પેહેલી લડાઈ ૧૮૪૫—૧૮૪૭.

શીખ લોકો:—જેમ મરેઠા લોકો વિશે અલાઉદ્દીન ખુનીએ તેમના દેશપર ચઢાઇ કરી ત્યારથી આપણે જાણવા લાગ્યા, તેમજ શીખ લોકો બાબરના વખતથી જાણમાં આવ્યા. એમના ધર્મનો સ્થાપનાર

નાનક જન્મ્યો. ૧૪૬૯.

નાનક ઇ.સ. ૧૪૬૯માં લાહોર આગળ સુર્યનગરીમાં જન્મ્યો હતો. એ એક સુધારો કરનાર હિંદુ ભક્ત હતો. હિંદુ તથા મુસલમાનોને એક કરવાના વિચારથી એણે બન્નેનાં શાસ્ત્રોમાંથી સાર કાઢી આ ધર્મ સ્થાપ્યો હતો. એક ઇશ્વરને માનવો, જાતિભેદ કાઢી નાંખવો, સદગુણ એજ ધર્મ છે, બીજા ધર્મો સામે ઇર્ષા અથવા ક્રોધ કરવાં નહીં અને સારાં કામો કરવાં, એ એનો બોધ છે. આ ધર્મમાં ઘણા લોકો ભળ્યા, અને બાબરના રાજથી તે શાહજહાંના રાજ (૧૫૨૬—૧૬૫૮) સુધીમાં તેઓ ઘણા સલાહ સંપથી રહ્યા; પણ ઔરંગજેબના વખતથી તેઓ મુસલમાનોના વેરી થયા,

*મહારાજપુર-ગ્વાલિયરની ઉત્તરે. † પનિયાર-ગ્વાલિયરની દક્ષિણે ૧૨ મૈલ દૂર.

કારણ કે એ પાદશાહે તેમને ઘણું દુઃખ દીધું, અને તેમના મુખ્ય સરદારનું અપમાન કરી તેને મારી નાંખ્યો. નાનક પછી તેનાં દશમાં

ગુરૂગોવિંદ.

ચેલા ગુરૂગોવિંદે મુસલમાનો પર વેર લેવાના ઉપાયો લીધા, પણ તેમાં તે ફાવ્યો નહીં, અને ઔરંગજેબે તેના છોકરાઓને પકડી મારી નાંખ્યા. ગુરૂગોવિંદ આવાં મોટાં સંકટથી ગાંડો થઇ મરણ પામ્યો, પણ તેના ચેલાઓ નિરાશ થયા નહીં. ઔરંગજેબના મરણ સુધી તેઓ પહાડોમાં રહ્યા અને પછી ધીમે ધીમે તેઓ પંજાબના ધણી થઇ પડયા. રણજીતસિંહ એમના રાજ્યનો સ્થાપનાર હતો, અને તે ઇ. સ. ૧૭૮૦માં જન્મ્યો હતો. એના વખતમાં પંજાબમાં જે જુદાં જુદાં ૧૨ સ્વતંત્ર રાજ્યો હતાં તે બધાંને એક કરી એણે એક પ્રબળ રાજ સ્થાપ્યું.

રણજીતસિંહ.

રણજીતસિંહ, પેહલાં અહમદશાહ અબ્દલીના પૌત્ર ઝમાનશાહનો નિમેલો લાહોરનો હાકેમ હતો. એનું લશ્કર ફ્રેન્ચ તથા ઇટેલિયન અમલદારોથી કવાયત પામ્યું હતું. ઇ.સ. ૧૮૩૯માં રણજીતસિંહના મરણ પછી તેના રાજ્યમાં અવ્યવસ્થા થઇ. રણજીતસિંહ પછી તેનો મંદ બુદ્ધીનો કુંવર ખારકસિંહ રાજા થયો, પણ કોઇએ એને ઝેર દેવાથી એ ૧૮૪૦માં મરણ પામ્યો. એની પછી એનો છોકરો નિહાલસિંહ ગાદીએ આવ્યો, પણ તેજ દિવસે કંઇ અકસ્માતથી તે મરણ પામ્યો, તેથી તેના કાકા શેરસિંહે ગાદી લીધી. ઇ.સ. ૧૮૪૩માં રણજીતસિંહના પ્રધાન ધ્યાનસિંહે શેરસિંહ તેમજ તેના છોકરાને મારી નંખાવ્યા. આથી બે વરસ સુધી રાજમાં ભારે બખેડા થયા, અને ૧૮૪૫માં રણજીતસિંહની માનીતી રાણી ઝાંદકુંવરે પોતાના છોકરા ધુલીપસિંહના નામની દુવાઇ ફેરવી.

ખારકસિંહ ૧૮૩૯. નિહાલસિંહ ૧૮૪૦. શેરસિંહ ૧૮૪૦-૪૩. ધ્યાનસિંહ ૧૮૪૩-૪૫. ધુલીપસિંહ ૧૮૪૫.

રાજા નાહાનો વયનો હોવાથી રાજ્યકારભાર ચલાવવાને એક સભા ઠેરવી. આ સભા શીખ લશ્કરને પોતાના કબજામાં રાખી શકી નહીં. સિપાઇઓ લડવાને આતુર થઇ રહ્યા, અને તેમણે અંગ્રેજી રાજપર હુમલો કરવાનો ઠરાવ કર્યો.

હેન્રિ હાર્ડિંજ ૧૮૪૫-૧૮૪૮.

લોર્ડ એલેનબરો પછી સર હેન્રિ હાર્ડિંજ ગવર્નર જેનરલ થઇ આવ્યો, ૧૮૪૪. એ ઘણો અનુભવી લડવૈયો હતો, અને સ્પેન સાથની લડાઇમાં એનો એક હાથ કપાઇ ગયો હતો. એણે શીખ લોકોનું જોર ઘણું વધેલું જોઇ મીરત અને સતલજ નદીની વચ્ચે ૩૨,૦૦૦ માણસોનું લશ્કર ભેગું કર્યું.

લડાઇનું કારણઃ—શીખ લોકે સતલજ નદી ઓળંગી એકાએક અંગ્રેજનાં થાણા ફિરોજપુર* ઉપર હુમલો કર્યો.

મુદકીની લડાઇ ૧૮૪૫.

સર હુ ગોફ લશ્કર લઇ તેમની સામે થયો. બન્ને લશ્કર ફિરોજપુરથી આશરે ૨૦ મૈલ દૂર મુદકી આગળ સામસામાં

* ફિરોજપુર—સતલજ નદી આગળ.

થયાં. અંગ્રેજી લશ્કર ૧૧,૦૦૦ માણસનું હતું અને શીખ લોકનું લાલસિંહની સરદારી નીચે ૩૦,૦૦૦નું હતું. આ લડાઇમાં શીખ લોકોનો પરાજય થયો, અને તેમની ૧૭ તોપો અંગ્રેજોના હાથમાં આવી ૧૮૪૫. જલાલાબાદનો વીર સર રોબર્ટ સેલ જેણે અફગાન લોક સાથેની લડાઇમાં ઘણી બહાદુરી બતાવી હતી તે આ લડાઇમાં માર્યો ગયો.

ફિરોજ શેહેરની લડાઈ ૧૮૪૫.

બીજી મોટી લડાઇ ફિરોજશેહેર+ આગળ ૧૮૪૫માં થઇ. આ વખતે ગવર્નર જેનરલ પોતે હ્યુ ગોફના લશ્કર સાથે ગયો અને ૫,૦૦૦ માણસની મદદ મળતાંજ ગોફ સરદારે શીખ લોકપર હુમલો કર્યો. લડાઇ આખી રાત ચાલી અને શીખ લોકે અંગ્રેજી લશ્કરનાં ઘણાંક માણસો માર્યાં; પણ પ્રભાતે સર હેન્રિ હાર્ડિંજે લશ્કર લઈ ડાબી બાજુએથી, અને સર હ્યુ ગોફે જમણી બાજુએથી દુશ્મનો પર હલ્લો કર્યો, અને તેમને હરાવ્યા. અંગ્રેજોની જીત થઈ ખરી, પણ લશ્કર થાકી જવાથી, અને દારૂગોળો ખૂટી જવાથી, ભાગી જતા દુશ્મનોની પુઠે તેમનાથી જઇ શકાયું નહીં.

બદીવાલની લડાઇ ૧૮૪૬.

શીખ લોક હાર્યા છતાં નાઉમેદ થયા નહીં. એક મહિનાની અંદર તેઓ પાછા સતલજ નદી ઓળંગી અંગ્રેજો સામે લડવા આવ્યા (૧૮૪૬.) આ વખતે એમનું લશ્કર ઘણું મોટું હતું. એમને આગળ વધતાં અટકાવવાને સર હેરિ સ્મિથને મોકલ્યો. લુદિયાના તરફ જતાં બદીવાલ આગળ શીખ સરદાર ગુલાબસિંહે એકાએક અંગ્રેજી લશ્કર પર હુમલો કર્યો, તેથી અંગ્રેજોને ઘણી હાની પોંહોંચી. થોડા દિવસ પછી લશ્કર કુમકે આવી પોંહોંચતાંજ અલિવાલ* આગળ શીખ લોક પર સર હેરિ સ્મિથે પાછો હુમલો કર્યો, અને તેમને હરાવ્યા. અંગ્રેજોએ તેમનો સર્વે સરસામન તેમજ ૫૬ તોપો જીતી લીધી.

અલિવાલની લડાઈ ૧૮૪૬.

સોબ્રાનની લડાઇ ૧૮૪૬.

હવે સર હ્યુ ગોફ અને હેરિ સ્મિથનાં લશ્કરો સાથે મળી જઇ સતલજ નદી ઓળંગી આગળ વધ્યાં. એમને આગળ વધતાં અટકાવવાને શીખ લોકોનું લશ્કર સોબ્રાન† આગળ સામું થયું. એમનો સરદાર વૃદ્ધ શામસિંહ હતો. સર હ્યુ ગોફે તેમની ઉપર હુમલો કર્યો. શીખ લોકો મરણિયા થઇ કલાક સુધી લડયા. બન્ને તરફનાં હજારો માણસો માર્યાં ગયાં. અંતે શામસિંહ બહાદૂરીથી લડતાં રણમાં પડયો, અને શીખ લોકો હિમ્મત હારી નાસવા લાગ્યા, ૧૮૪૬. અંગ્રેજી લશ્કર આથી લાહોર તરફ ધસી ગયું, અને શીખ લોકને સલાહ કરવાને ફરજ પાડી.

લાહોરની સલાહ ૧૮૪૬.

લાહોરની સલાહની સરતો:-૧. બિયાસ અને સતલજ નદીની વચ્ચેનો જલંધર દોઆબનો પ્રાંત અંગ્રેજોને આપવો.

\+ ફિરોજ શેહેર-મુદકીથી ૧૦ મેલ દૂર.
* અલિવાલ-ફિરોજપુરની પૂર્વે.
† સોબ્રાન-ફિરોજપુરની ઉત્તરે, સતલજ નદીના કિનારા પર.

૨. લડાઈના ખરચ બદલ ૧ કરોડ ૫૦ લાખ રૂપિયા આપવા.

૩. લાહોરની ગાદીએ રણજીતસિંહનો બાળકુમાર રહે, પણ તે ઉમરે પહોંચે ત્યાં (૧૮૫૪) સુધી રાજનો સઘળો વહિવટ ત્યાં રાખેલા અંગ્રેજી રેસિડન્ટની આજ્ઞા પ્રમાણે ચાલે.

૪. લાહોરમાં એક અંગ્રેજી લશ્કર રાખવું.

૫. જમુનો રાજા ગુલાબસિંહ જે એક શ્રીમંત અને વગવાળો સરદાર હતો, તેની પાસેથી અંગ્રેજોએ પૈસાની અમુક રકમ લઈ તેને કાશ્મીર અને તેની આસપાસની જગ્યાનો રાજા કબુલ કરાવ્યો.

સર હેન્રિ હાર્ડિંજ અને સર હ્યુ ગોફને તેમની બહાદૂરીને માટે ઉમરાવની પદ્વી મળી, અને જેનરલ સ્મિથને બેરોનેટનો ઇલિકાબ મળ્યો. સર હેન્રિ હાર્ડિંજ ૧૮૪૮માં ઈંગ્લાંડ ગયો, અને તેની જગ્યાએ લોર્ડ ડેલહોસી આવ્યો. ઇ.સ. ૧૮૪૬માં કાશ્મીરમાં ચાંદકુંવર અને લાલસિંહની ઉશ્કેરણીથી ગુલાબસિંહ સામે લોકોએ બંડ ઉઠાવ્યું પણ તે તુરત સમી ગયું, અને એ બન્નેને લાહોરની બાહેર લઇ જવામાં આવ્યાં.

લોર્ડ ડેલહોસી ૧૮૪૮–૧૮૫૬.

બાબ ૧૭ મો.

પંજાબમાં બીજી લડાઇ ૧૮૪૮—૧૮૪૯.

લડાઈનું કારણઃ—મુલતાનનો સૂબો લાલમૂળરાજ લાહોરમાંથી અંગ્રેજી ફોજને કાઢી મેલવાને શીખ લોકો સાથે કાવત્રાં કરતો જણાયો; આથી તેને ત્યાંથી કાઢી મેલી તેની જગ્યાએ સરદાર ખાનસિંગને નિમ્યો, અને તેને રાજ્યાભિષેક કરવાને મિ૦ વાન્સ એગન્યુ અને એન્ડરસન અમલદારને મોકલ્યા. શીખ લોકે તેમના મુલતાનમાં આવી પહોંચતાંજ ફિસાદ ઉઠાવ્યો, અને તેમને કાપી નાંખ્યા. લાલમૂળરાજે આ ખુન કરનારાઓને સારૂ ઇનામ આપ્યું એટલુંજ નહીં પણ તે અંગ્રેજો સામે લડવાને તૈયારી કરવા લાગ્યો.

આખું પંજાબ અંગ્રેજો સામે ઉઠેલું જોઇને લેફ્ટનંટ એડવર્ડ્સ જે લીહામાં* હતો તેણે પઠાણ અને બીજાઓનું તુરત એક લશ્કર ઉભું કર્યું, અને બાવલપુરના† નવાબની મદદ મેળવી, કર્નલ કોર્ટલેન્ડ જે ડેરા ઇસ્માએલમાં[1] હતો, તેનાં લશ્કર સાથે પોતાનું લશ્કર જોડી નાંખ્યું.

---

* લીહા—સિંધુ નદી આગળ. † બાવલપુર—સતલજ નદી પર.

[1] ડેરા ઇસ્માએલ—લીહાની ઉત્તરે સિંધુ નદી પર.

કિનેરીની લડાઈ ૧૮૪૮. સદુસેનની લડાઈ ૧૮૪૮.

ઇ. સ. ૧૮૪૮માં શીખલોકે આ ભેગાં થયલાં લશ્કરપર હુમલો કર્યો; પણ મુલતાનથી આસરે ૨૦ મૈલ દૂર કિનેરી આગળ તેમનો પરાજય થયો. થોડા દિવસ પછી સદુસેન* આગળ એક બીજી મોટી લડાઈ થઈ તેમાં લાલમૂળરાજ હારીગયો.

પછી જેનરલ વિશનું લશ્કર કુમકે આવતાંજ અંગ્રેજોએ મુલતાનપર ઘેરો ઘાલ્યો; પણ શેરસિંગ સરદાર જે પેહેલાં અંગ્રેજોનો મિત્ર થઇ રહ્યો હતો તે આ વખતે તેમને છોડી દેઇ ૫,૦૦૦ માણસના લશ્કર સાથે દુશ્મનને જઈ મળ્યો, તેથી આ ઘેરો ઉઠાવી લેવાની જેનરલ વિશને ફરજ પડી. આ અંગ્રેજ સરદાર મુલતાનથી સાત મૈલ દૂર પડાવ નાંખી બીજાં લશ્કરની રાહ જોતો બેઠો.

રામનગરની લડાઇ ૧૮૪૯.

એટલામાં લોર્ડ ગોફે લાહોર તરફ લશ્કર સાથ કૂચ કરી. શીખ લોકો રામનગર[1] આગળ છાવણી કરી બેઠા હતા, ત્યાંથી લોર્ડ ગોફે લડાઈ કરી તેમને ચિનાબને બીજે કાંઠે હાંકી કાઢ્યા ૧૮૪૯.

લાલમૂળરાજ શરણ થયો ૧૮૪૯.

જેનરલ વિશે મુંબઈથી મદદ મળતાંજ પાછો મુલતાન પર ઘેરો ઘાલ્યો અને તે જીતી લીધું. મૂળરાજ અંગ્રેજ સામો ઘણીવાર લડ્યા પછી અંતે શરણે થયો, ૧૮૪૯. આ શીખ સરદારને વાન્સઍગન્યુ અને ઍન્ડરસનને મારી નંખાવવાને માટે લાહોરમાં જન્મપર્યંત કેદ રાખ્યો. મુલતાનમાં બંદોબસ્ત રાખવાને જેનરલ ઍડવર્ડસને

ચિલિયનવાલાની લડાઇ ૧૮૪૯.

થોડાંક લશ્કર સાથે રાખ્યો, અને બાકીનું લશ્કર લેઈ જેનરલ વિશ લોર્ડ ગોફનાં લશ્કર સાથે મળી ગયો. લોર્ડ ગોફ શેરસિંગનાં લશ્કર સામે લડવાને ચિલિયનવાલા[2] આગળ ગયો. અહિંયાં એક મોટી લડાઇ થઇ, ૧૮૪૯. શીખ લોકને ત્યાંથી હરાવી હાંકી કાઢ્યા, અને તેમની ૪૦ તોપો જીતી લીધી, પણ અંગ્રેજી લશ્કરને બહુ ખમવું પડ્યું. તેમના ૩૮ અમલદારો તેમજ લગભગ ૬૦૦ સિપાહીઓ માર્યા ગયા અને ૧૫૦૦ માણસ જખમી થયાં.

આ માત્ર નામની ફતેહથી હિંદુસ્તાનનાં તેમજ ઇંગ્લાંડનાં લોકનાં મન બહુ વ્યાકુળ થયાં, અને લોર્ડ ગોફને તેની ઉતાવળ અને અવિચારી કામને માટે ઠપકો આપી લશ્કરનું ઊપરીપણું સિંધ જીતનાર સર ચાર્લ્સ નેપિયરને આપ્યું.

ગુજરાતની લડાઇ ૧૮૪૯.

સર ચાર્લ્સ નેપિયર ઇંગ્લાંડથી લશ્કર સહિત આવી પહોંચ્યો તે પેહેલાં લોર્ડ ગોફે શીખ લોકો સાથે ગુજરાતમાં[3] એક

---

* સદુસેન—મુલતાનની ઉત્તરે.

૧ રામનગર—ચિનાબ નદી પર. ૨ ચિલિયનવાલા—જેલમ અને ચિનાબ નદીની વચ્ચે. ૩ ગુજરાત—લાહોરની ઉત્તરે ૬૦ મૈલ પર.

બીજી મોટી લડાઇ કરી. ૧૮૪૯.આ લડાઇમાં **શેરસિંગ**ની પૂર્ણ હાર થઇ અને **લોર્ડ ગોફે** પોતાની **ચિલિયનવાલા**ની લડાઇમાં ગયલી આબરૂ પાછી મેળવી.

દોસ્તમહમદ.

ગુજરાતની લડાઇથી **શીખ** લોક સાથની લડાઇનો અંત આવ્યો, અને ૧૬,૦૦૦ **શીખ** લોકો પોતાનાં હથિયાર છોડી દેઇ શરણ થયા. **શીખ** લોકોએ **દોસ્ત મહમદ**ને પેશાવર આપી દેવાની કબુલાતે અફ્ગાન લસ્કરની મદદ માંગી હતી, તે લસ્કર પણ આ લડાઇમાં હારી જવાથી નાસી ગયું; અને તેની પાછળ **જેનરલ ગિલ્બર્ટ** છેક **ખૈબર** ઘાટ સુધી ગયો. ૧૮૪૯ના **માર્ચ** મહિનાની ૨૯મી તારીખે **પંજાબ અંગ્રેજી** રાજ્ય સાથે

પંજાબ અંગ્રેજી રાજ્ય સાથે જોડી નાખ્યું ૧૮૪૯.

જોડી દીધું, અને મહારાજા ધુલીપસિંહને રૂપિયા ૫,૮૦,૦૦૦ નું વર્ષાસન બાંધી આપ્યું. **અંગ્રેજો**ને **પંજાબ**માંથી જે લુંટ મળી તેમાં **કોહ-એ-નુર** નામનો દુનિયામાં સર્વથી મોટો હીરો હતો, જે હાલ ઇંગ્લાંડની મહારાણી પાસેછે. એ હીરો પેહેલાં **માળવા**ના **ભોજ** રાજાનો હતો, જેના હાથમાંથી લોદી વંશના પછી **મોગલ**વંશના રાજાઓના, અને પછી **અહમદશાહ** **અબદલી**, પછી **શાહસુજા** અને છેલ્લાં રણજીતસિંહના હાથમાં આવ્યો હતો.

બાબ ૧૮ મો.

બ્રહ્મી લોક સાથે બીજી લડાઇ ૧૮૫૨—૧૮૫૩.

લડાઇનું કારણ:—રંગુનના સુબાએ કેટલાક **અંગ્રેજી** બેપારીઓ સાથે માઠી ચાલ ચલાવી, અને ત્યાંના બે **અંગ્રેજી** વહાણોના કપ્તાનોનું અપમાન કર્યું. **આવા**ની દરબારે એ માટે કાંઇ બંદોબસ્ત કરી પાધરો જવાબ વાળ્યો નહીં, તેથી લડાઇ થઇ.

પેગુ જીતી લીધો ૧૮૫૨.

નૌકાપતિ લેમ્બર્ટ અને **જેનરલ ગોડવિન** એ બન્નેએ રંગુન અને આસપાસની જગ્યાપર હુમલા કર્યા થોડા મહિનામાં **પેગુ** અથવા રંગુનથી **પ્રોમ** સુધીનો મુલક તેગણે જીતી લઇ **અંગ્રેજી** રાજ્ય સાથે જોડી દીધો, ૧૮૫૨. આ પ્રમાણે પેહેલી અને બીજી બ્રહ્મી લોક સાથની લડાઇમાં અંગ્રેજોએ **આરાકાન**, **તેનાસરિમ**, અને તેમની વચ્ચેનો મુલક **પેગુ** જીતી લીધાં.

ઇ. સ. ૧૮૫૩ ના **જુન** મહિનામાં આ લડાઇનો અંત આવ્યો, અને રાજા સાથ સંધિ થઇ.

સલાહની સરતો:—૧. રાજાએ બધા **અંગ્રેજ** તરફના કેદીઓને છોડી મેલવા.

૨. **પેગુ અંગ્રેજો**ને આપવો.

બાબ ૧૯ મો.

બ્રહ્મી લોક સાથે ત્રીજી લડાઇ ૧૮૮૫-૧૮૮૬.

લડાઇનાં કારણ:—બ્રહ્મીરાજા **થીબાએ** પોતાની રૈયતપર બહુ જુલમ ગુજાર્યો, અંગ્રેજ વેપારીઓ સાથે માઠી ચાલ ચલાવી, અને અંગ્રેજોને આ માટે પાધરો જવાબ આપવાને બદલે વળી ફ્રેન્ચ લોકો સાથે સંધિ કરી.

બ્રહ્મદેશ ખાલસા થયો-૧૮૮૬

આ માટે જ્યારે એ રાજાએ કાંઇ બંદોબસ્ત કર્યો નહીં, ત્યારે કર્નલ **સ્લેડન** અને જેનરલ **પેન્ડરઘાસ્ટે** તેનાં રાજ્યપર હુમલો કર્યો, અને થોડા વખતમાં તેનું સઘળું રાજ જીતી લેઇ **અંગ્રેજી** રાજ્ય સાથે જોડી નાંખ્યું. રાજા **થીબાને** હિંદુસ્તાનમાં રાખી તેને લાયકનું મોટું પેન્શન આપ્યું.

પ્રકરણ ૧૦ મું.

હિંદુસ્તાનમાં બળવો—૧૮૫૭.

અર્લ કેનિંગ. ૧૮૫૬-૧૮૬૨.

લોર્ડ ડેલહૌસી પછી **અર્લ કેનિંગે** ૧૮૫૬—૧૮૬૨ સુધી ગવર્નર જેનરલ તરીકે રાજ્યકારભાર ચલાવ્યો.

હેરાતપર ચઢાઇ ૧૮૩૭.

ઇરાન જોડે લડાઇ:—ઇ.સ. ૧૮૫૬માં **અંગ્રેજોએ** ઈરાન જોડે લડાઇ કીધી. ઇરાનના **શાહે** જ્યારે રૂશિયાની ઉશ્કેરણીથી હેરાત જીતી લેવાને ૧૮૩૭માં ચઢાઇ કરી ત્યારે **અંગ્રેજો** તેની સામે થયાથી તેને પાછું ફરવું પડયું હતું. આ વખતથી **શાહ અંગ્રેજોપર** ગુસ્સે થયો હતો, અને ૧૮૫૬માં **અંગ્રેજો** સામે આડી ચાલ ચલાવવા લાગ્યો. આથી **જેનરલ સર જેમ્સ આઉટ્રમને** ઇરાનપર ચઢાઇ કરવા મોકલ્યો. આ સરદારે તુરત બુશાયર જીતી લીધું અને આગળ વધ્યો,

બુશાયર જીતી લીધું ૧૮૫૬.

એટલામાં **શાહે** માફી માંગી, અને **અંગ્રેજો** સાથે સંધિ કરી, ૧૮૫૭. આ સંધિ પેરિસમાં થઈ, તેમાં **શાહે હેરાત** તથા **અફગાનિસ્તાનપર** દાવો કરવો નહીં, એવી કબુલાત આપી.

ચીન સાથે લડાઇ ૧૮૫૭.

ચીન સાથે લડાઇ ૧૮૫૭:—**ચીનની** સરકારે **અંગ્રેજો** સાથે અદાવત રાખી અંગ્રેજી વેપારીઓનું એક વહાણ લૂંટયું અને તેમને માઠું લાગે એવી રીતે વર્તી; કંતાનના હાકેમે તો સઘળા **અંગ્રેજોને** કાપી નાંખવાનો હુકમ કર્યો. **આથી લોર્ડ એલગીનની** સરદારી નીચે એક લશ્કર **ઈંગ્લાંડથી** મોકલવામાં આવ્યું.

કંતાન જીત્યું ૧૮૫૭.

આ બહાદૂર સરદારે તુરત કંતાનપર તોપનો માર ચલાવી ત્યાંના હાકેમને બંદીવાન કરી કલકત્તે મોકલ્યો. **અહિયાંથી** હવે જ્યારે લશ્કર **સેનધાઈ** ઉપર ચાલ્યું ત્યારે રાજાએ સલાહ

કરી, તેમાં નીચે મુજબના કરાર થયા :—

૧. ચીનના રાજાએ અંગ્રેજોને બે કરોડ દશ લાખ ડાલર આપવા.
૨. અંગ્રેજોને કંતાન, આમોય, શેંઘાઇ, વિગેરે પાંચ બંદરોમાં વેપાર કરવાને છુટ આપવી.
૩. હૉંગકોંગ અંગ્રેજોને સ્વાધીન કરવો.

આ લડાઈ જ્યારે ચાલતી હતી, ત્યારે હિંદુસ્તાનમાં બળવો ઉઠ્યો. આ સાંભળતાંજ એલગીન સરદારે ચીનમાં બંદોબસ્ત માટે થોડું લશ્કર રાખ્યું, અને બાકીનું હિંદુસ્તાન ખાતે મોકલી આપ્યું.

૧૮૫૭ ના બળવાનાં કારણો :—આ બળવાનાં ઘણાં જુદાં જુદાં કારણો આપવામાં આવેછે. પણ લૉર્ડ ડેલહૌસીની દેશી રાજ્યો અંગ્રેજી રાજ સાથે જોડી દેવાની રાજનીતિ, તેમજ રાજકારભારમાં જુદા જુદા ફેરફારો, સિપાઈ અને અમલદાર વચ્ચેનો અણબનાવ, અફગાનિસ્તાનની લડાઇની વખતે અંગ્રેજોપર વિતેલી વિપત્તિ, દેશીઓને અંગ્રેજો ખ્રિસ્તિ કરવા ધારેછે એવો મૂર્ખાઇ ભરેલો વિચાર, તેમજ વળી દિલ્હીના પાદશાહની, બાજીરાવના દત્તક નાનાસાહેબની, અયોધ્યા અને જહાંન્સીની બેગમોની અને એવા બીજાઓની પોતાનું રાજ્ય પાછું મેળવવાની ધારણાથી કરેલી ઉશ્કેરણી, એ આ બળવાના માનવા લાયક કારણોછે. ઇ. સ ૧૮૫૭માં દેશી લશ્કરમાં એન્ફીલ્ડ નામની બંદુકો દાખલ કર્યાથી હીંદુ તેમજ મુસલમાનોનાં મન ઉશ્કેરવાને અંગ્રેજોના દુશ્મનોએ એવી અફવા ઉડાવી કે તે બંદુકોના કાર્ટ્રિજ (કાર્તૂસો) ને ગાય અને ડુકકરની ચરબી લગાડેલીછે. બન્ને ધર્મવાળાએ આ વાત ખરી માનીને બળવો ઉઠાવ્યો.

બરાનપુરમાં બંડ.

બરાનપુરમાં ૧૯ મી બંગાળી પલટણે પેહેલાં બંડ કર્યું પણ તે પલટણને તુરત તોડી નાંખી. મીરતમાં મે મહિનાની ૧૦ મી તારીખે બળવાનો ભભૂકો ઉઠ્યો. ત્યાંના કેટલાક સિપાઇઓને અંગ્રેજ અમલદારોએ કેદ કર્યા, ત્યારે દિલ્હી પાસે આખું મીરત તે સિપાઇઓના બચાવ માટે અંગ્રેજો સામું થયું; જે જે યુરોપીઅન મળ્યા તેમને કાપી નાંખ્યા. અને પછી તેઓ દિલ્હી ગયા.

મીરતમાં બંડ.

દિલ્હીમાં બંડ.

દિલ્હીમાં પણ મે મહિનાની ૧૧ મી તારીખે બંડ ઉઠ્યું અને ત્યાંના ઘણાક અંગ્રેજોને મોગલ વંશના છેલ્લા બાદશાહ, મહમદ બહાદુરશાહના દેખતાં કાપી નાંખ્યા. આ પાદશાહે બળવાખોરોને તેમ કરતાં અટકાવવાને, અથવા તો અંગ્રેજોને બચાવવાને કંઇપણ ઉપાય લીધા નહીં. દિલ્હી બળવાખોરોને હાથ ગયાની જેવી ખબર બાહેર પડી, તેવીજ બંગાળા અને વાયવ્ય પ્રાંતોની પલટણોએ પોતાના અમલદારોને કાપી નાંખ્યા, અને તેઓ પણ બાહેર પડયા. એમને જોઇ ફિરોજપુર, કાનપુર, જહાન્સી, શાહજહાંપુર, બનારસ, અલાહબાદ, મોરાદાબાદ, જલંધર, બેરિલી, અને બીજી ઘણીક જગ્યાઓમાં બળવા ઉઠયા. માત્ર પંજાબમાં સર જોન લોરેન્સની બાહોશીથી શીખ લોકે, તેમજ નામાંકિત પ્રધાન સર સાલાર-

પંજાબમાં સર જોન લોરેન્સ.

હૈદ્રાબાદમાં સર સાલારજંગ.

કાનપુરમાં કતલ. — જંગની હોંશીયારીથી હૈદ્રાબાદના મુસલમાનોએ વફાદાર રહી આ બળવામાં સામિલ ન થતાં સામી અંગ્રેજોને મદદ કરી; એમાં શીખ લોકના લશ્કરની મદદ ઘણીજ હતી. સર્વેથી ઘણો ત્રાસદાયક દેખાવ કાનપુરમાં થયો. ત્યાંના લશ્કરે બંડ કરી સઘળા અંગ્રેજ અમલદારો તથા તેમની બાયડી અને છોકરાંઓને ઘેરી લીધાં; ત્રણ અઠવાડિયાં સુધી અમલદારોએ વ્હીલરની સરદારી નીચે બળવાખોરો સામે ટકાવ કર્યો, અને મહા કષ્ટ ખમ્યાં. આ બળવાખોરોનો ઉપરી નાનાસાહેબ (બાજીરાવ ૨ જાનો દત્તક), તથા તેનો પ્રધાન અઝિમુલ્લા હતા. જ્યારે નાનાસાહેબે આ અમલદારોને તેમના બાયડી છોકરાં સહિત અલાહબાદ સહીસલામત લઈ જવાનું વચન આપ્યું ત્યારેજ તેઓ તેને શરણ થયા; પણ આ દગલબાજ ચંડાળે પોતાનું વચન પાળ્યું નહીં. એના બોલપર વિશ્વાસ રાખી આસરે ૪૫૦ જણ ગંગા નદીમાં મછવામાં બેસી અલાહબાદ જવા નિકળ્યાં, પણ તે સઘળાંને નાનાના હોકમથી બળવાખોરોએ ગોળીથી મારી નાંખ્યાં. માત્ર ચાર જણ આમાંથી બચી ગયાં. જુલાઈ માસની ૧૫ મી તારીખે વળી એ ચંડાળે ૧૨૫ બાળકો અને સ્ત્રીઓને નાહાના ઓરડામાં પુર્યાં, અને પછી તેમને કાપી નાંખી તેમના શરીરના કકડા કૂવામાં નાંખીદીધા.

સર હેન્રી લારેન્સ. — અયોધ્યાના કમિશનર સર હેન્રિ લોરેન્સે આ બળવા વિશે સાંભળતાંજ લકનૌના કિલ્લામાં ખોરાક ભરી રાખ્યો અને ત્યાંના સઘળા યુરોપીઅનો સાથે પોતાનો બચાવ કરી બેઠો. બળવાખોરોએ ત્યાં ઘણાક હુમલા કર્યા, પણ સઘળા વ્યર્થ ગયા. આ કમિશનરના

હેવલોક. — બચાવને માટે હેવલોક સરદાર આવ્યો પણ તે કંઈ કરી શકયો નહીં. બે મહિના રહીને કેમ્પબેલ સરદાર થોડુંક લશ્કર લઈ જ્યારે આવ્યો ત્યારે તેઓ ત્યાંથી બાહેર નિકળ્યાં, અને વેર લેવાને તૈયારીઓ કરી.

એક લશ્કર કાનપુરમાં મોકલ્યું, જેણે ત્યાંના બંડખોર સિપાઈઓને મારી વિખેરી નાંખ્યા.

દિલ્હીમાં બંડખોરની સંખ્યા બહુ હતી. બર્નાડ, નિકલસન, વિલ્સન, સ્મિથ અને બીજા અમલદારોએ ઘણી બહાદૂરીથી છેક સપ્ટેમ્બર માસમાં દિલ્હી પાછું જીતી લીધું, અને મહમદ બહાદૂરશાહ, તેના છોકરા અને પૌત્રને હોડસન સરદારે પકડી કેદ કર્યા. પાદશાહને પાછળથી બંધીવાન

મહમદ બહાદૂરશાહ મરણ પામ્યો ૧૮૬૨. — દાખલ રંગુન મોકલી દીધો, જ્યાં તે ૧૮૬૨ માં મરણ પામ્યો; બહાદૂરશાહના છોકરાઓ અને પૌત્ર પેહેરેગીર ઉપર હુમલો કરી તેમના હાથમાંથી નાસી જતા હતા, ત્યારે તેમને ગોળીથી મારી નાંખવાની હોડસનને ફરજ પડી.

અયોધ્યા—દિલ્હી જીતી લીધા પછી લાંબો વખત સુધી હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં લડાઈ ચાલી. અયોધ્યાની બેગમ, બરેલીનો નવાબ, ફૈઝાબાદનો મોલવી, અને બિથુરનો નાનાસાહેબ અયોધ્યા અને રોહિલખંડમાં હોવાથી, ત્યાં બળવો ઘણા જોસથી ઉઠયો. સર કોલીન કેમ્પબેલે ગુર્ખા લોકના રાજા જંગબહાદુરની મદદથી તેમની સામે લડાઇ કરી, અને તેમને વિખેરી નાંખ્યા. સર હ્યુ રોઝે મધ્ય હિંદુસ્તાનમાં બંડખોરને મારી નસાડી મેલ્યા; એની સામે લડવા આવેલાં નાનાસાહેબનો સગો તાતીઆટોપી અને જહાંન્સીની રાણી હતાં. જહાંન્સીનો મજબુત ગઢ સર હ્યુ રોઝે જીતી લીધો, અને રાણી પોતે ગ્વાલિયરનો બચાવ કરતાં રણમાં પડી. તાતીઆટોપી પણ ૧૮૫૯માં પકડાયો, અને કાનપુરમાં ચાલેલી કતલમાં તે સામિલ હતો માટે તેને ફાંસી દીધી.

સર કોલિન કેમ્પબેલ.

તાતીઆટોપી. તાતીઆટોપીને ફાંસી દીધી. ૧૮૫૯.

નાનાસાહેબ પણ નેપાલનાં જંગલોમાં નાસી ગયો, જ્યાં તે મરણ પામ્યો એવું ધારવામાં આવેછે. આ પ્રમાણે આ ભયંકર બળવાનો અંત આવ્યાથી જે લોકો એમાં સામિલ થયલા પુરવાર થયા તેમના કેટલાક આગેવાનોને મારી નાંખ્યા, અને બાકીનાઓને દેશનિકાલ કર્યા. ગવર્નર જેનરલ લોર્ડ કેનિંગ આ બંડખોર સામે ઘણી દયાળુ રીતે વર્ત્યો, તેથી ઘણા અંગ્રેજોએ તેની નિંદા અને હાંસી કરી. તે સઘળાઓનો વિચાર એવો હતો કે આ ફિતુરમાં સામિલ થનારા સઘળાઓને તેમના ચંડાળ કામોને માટે મારી નાંખવાહતા.

પ્રકરણ ૧૧ મું.

રાજ્યમાં ફેરફાર.

આ બળવો સમ્યા પછી રાજ્યમાં ઘણાક ફેરફારો થયાઃ—(૧) ૧૮૫૮ના આગસ્ટ માસમાં અંગ્રેજી પાર્લામેંટે "ઈંડિયા બિલ" પસાર કરીને હિંદુસ્તાનનું રાજ્ય ઇસ્ટ ઇન્ડિયા કમ્પની પાસેથી લઇ લીધું, અને ઇંગ્લાંડના ગાદીપતિને સ્વાધીન કર્યું. (૨) હિંદુસ્તાનને માટે એક "સેક્રેટરી ઓફ સ્ટેટ" નિમ્યો, અને તેને મદદ કરવાને ૧૫ માણસોની, દસ વરસ સુધી ઓધ્ધો ભોગવનારી, એક કોન્સિલ કીધી; આ કોન્સિલના પંદરમાંના આઠ એવા હોવા જોઇએ કે જેઓએ ૧૦ વરસ હિંદુસ્તાનમાં નોકરી કરી હોય. (૩) ગવર્નર જેનરલને વાઇસરોયનો

હિંદુસ્તાનનું રાજ્ય ઇંગ્લાંડના ગાદીપતિને સ્વાધીન થયું.

ગવર્નર જેનરલને વાઇસરોયનો ઇલકાબ મળ્યો.

નવો ઇલકાબ મળ્યો. (૪) કમ્પનીનાં હિંદુસ્તાનમાં નોકરી કરનાર અંગ્રેજી લશ્કરને બ્રિટિશ રાજ્યનાં લશ્કર સાથે મેળી નાંખ્યું.(૫)ગવર્નર જેનરલની, તેમજ મુંબઈ તથા મદ્રાસની કૌન્સિલમાં કાયદા બાંધવા માટે દેશી મેમ્બરોને દાખલ કીધા. (૬) ઇલાકાઓમાં સુપ્રીમ કોર્ટને બદલે ન્યાયની હાઇ કોર્ટો સ્થપાઇ.

હાઇકોર્ટ સ્થપાઇ.

મહારાણીનો ઢંઢેરો:—ઉપર લખેલા ફેરફારો હિંદુસ્તાનમાં દાખલ કર્યા પછી ૧લી નવેમ્બર ૧૮૫૮ને દિને અલાહબાદમાં મોટી દરબાર ભરીને લોર્ડ કેનિંગે મહારાણીનો ઢંઢેરો વાંચી સંભળાવ્યો. આ ઢંઢેરામાં હિંદુસ્તાનના દેશીઓને ધર્મ સંબંધી છૂટ આપી; બળવામાં જે સઘળાઓએ ભાગ લીધો હતો,તેઓમાંના ખુન કરનારા તથા આગેવાનો શિવાય સઘળાને માફી બક્ષી; અંગ્રેજના વફાદાર રાજાઓને દત્ત પુત્ર કરવાનો હક આપ્યો; ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીના દિવાની તથા મુલકી તથા લશ્કરી ખાતામાં જેઓ નોકરી કરતા હતા,તેમને તેમની જગ્યાપર બહાલ રાખ્યા;દેશી રાજ્યો સાથે કમ્પનીએ જે કરારો કર્યા હતા તે મંજુર રાખ્યા; અને ધર્મનો કંઇ ભેદ ન રાખી સરકારી નોકરીમાં યોગ્ય પુરૂષોને રાખવાની અને વારસા બાબત તથા જમીન સંબંધી હક્કો વિશે કોઇને પણ નારાજી નહી કરવાની કબુલાત આપી છે.

અલાહબાદમાં દરબાર.

મહારાણીનો ઢંઢેરો.

લોર્ડ કેનિંગ સને ૧૮૬૨માં હિંદુસ્તાન છોડી સ્વદેશ ગયો અને ત્યાં એક મહિનામાં મરણ પામ્યો.

લોર્ડ કેનિંગ મરણ પામ્યો ૧૮૬૨.

પ્રકરણ ૧૨મું.

ગવર્નર્સ જેનરલ અને તેમની કારકીર્દિ.

(૧) વોર્ન હેસ્ટિંગ્સ—૧૭૭૪—૧૭૮૫.

ઇ. સ. ૧૭૭૩માં રેગ્યુલેટિંગ એક્ટ પસાર થયો તે ધારાની રૂઇએ હેસ્ટિંગ્સ પેહેલ વેહેલો ગવર્નર જેનરલ થયો. તેણે ૧૩ વરસ (બે વરસ ગવર્નર તરીકે) કમ્પનીને અગણિત ફાયદા થાય એવી રીતે અમલ ચલાવ્યો. જેમ હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યનો પાયો નાંખનાર ક્લાઇવ હતો, તેમ રાજકારભારની રચના રચનાર હેસ્ટિંગ્સ હતો. એની કૌન્સિલના મેમ્બરો મોન્સન,ક્લેવરિંગ,ફ્રાન્સિસ, અને બારવેલ હતા. હેસ્ટિંગ્સને સર્વ કામકાજોમાં બારવેલ એકમત થઇ મદદ આપતો,પણ ઉપલા ત્રણ દરેક બાબતમાં તેની યોજનાની સામા થતા. આ ત્રણ મેમ્બરોની ઉશ્કેરણીથી રાજા નન્દકુમાર નામના એક બ્રાહ્મણે હેસ્ટિંગ્સ

કૌન્સિલના મેમ્બરો.

ઉપર લાંચ લેવાનો આરોપ મુકયો, અને તે બાબતની તજવીજ ચાલતી હતી તેટલામાં એજ બ્રાહ્મણ ઉપર જુઠા દસ્તાવેજો બનાવ્યાનું તોહોમત મુકાયું, અને તેની નવી અદાલતમાં વડા ન્યાયાધીશ સર એલીજા ઇમ્પી આગળ તપાસ ચાલી, ૧૭૭૫. તેના ઉપર આ તોહોમત સાબિત થવાથી તેને ૧૭૭૬માં ફાંસી દીધી.

નન્દકુમારને ફાંસી દીધી. ૧૭૭૬.

હેસ્ટિંગ્સે ૧૭૭૪માં રોહિલા લોકોને અયોધ્યામાંથી હાંકી કાઢી કમ્પનીને ૪૦ લાખ રૂપિયાનો ફાયદો કરી આપ્યો. એણે ૧૭૭૬–૮૨ સુધી મરેઠાની પેહેલી લડાઈ, અને ૧૭૮૦–૮૪ સુધી મ્હૈસુરની બીજી લડાઇ કરી તેમનો ધણી સારી રીતે અંત આણ્યો.

કમ્પનીનો ખજાનો આ લડાઇઓથી ખાલી થઇ ગયો, ત્યારે એણે કાશીના જમીનદાર રાજા ચૈયતસિંહ અને અયોધ્યાના નવાબ અજોફદોલાની પાસે કમ્પનીનું લેણું માંગ્યું. કાશીપ્રાંત અમુક પૈસાની રકમ લેવાની બોલીએ ચૈયતસિંહને કમ્પનીએ આપ્યો હતો; અને અજોફદોલાએ કરાર પ્રમાણે લાંબો વખત સુધી ખંડણી ભરી ન હતી. જ્યારે આ બન્ને જણાએ આ માંગણી સામે વાંધો ઉઠાવ્યો, ત્યારે હેસ્ટિંગ્સ પોતે આ વિષેનો બંદોબસ્ત કરવા કાશી ગયો. ચૈયતસિંહ એની સામો થયો, તેથી હેસ્ટિંગ્સે તેને પકડયો. આથી ત્યાંનું લોક ઘણું ઉશ્કેરાયું અને હુલ્લડ કરી પકડનારાઓને કાપી નાંખ્યા, તેમાં હેસ્ટિંગ્સ સેહેજ બચી ગયો. લશ્કર મદદે આવી પોહોંચતાંજ ચૈયતસિંહ ગ્વાલિયર નાસી ગયો, તેથી તેની જગ્યાએ તેના ભત્રિજાને રાજા કરી હેસ્ટિંગ્સે કાશી પ્રાંતની ખંડણીની વાર્ષીક રકમ વધારી. અજોફદોલાએ પણ કંઇ ઉપાય ન મળવાથી પોતાની મા અને દાદી પાસેથી પૈસા કઢાવી હેસ્ટિંગ્સને આપ્યા.

ચૈયતસિંહ અને અજોફદોલા

હેસ્ટિંગ્સનાં આ કામો એના ઉપરીઓને ગમ્યાં નહીં, તેથી એણે ૧૭૮૫માં પોતાનો હોદ્દો છોડયો, અને ઈંગ્લાંડ ગયો, જ્યાં એને રાજા અને પ્રધાન તરફથી ઘણું માન મળ્યું; પણ એના દુશ્મનો, જેમાં મુખ્ય પિટ, બર્ક, અને ફ્રાન્સિસ હતા, તેઓએ એનાં ઘણાંક કામો ધિક્કારી કાઢ્યાં, અને એના ઉપર જુલમનાં અને એવાં બીજાં કામનો આરોપ મુકી એને ઇન્સાફની તપાસપર અણાવ્યો, ૧૭૮૮.

પિટ, બર્ક અને ફ્રાન્સિસ

આ તપાસ સાત વરસ એટલે ૧૭૯૫ સુધી ચાલી, જેમાં એના ઉપર મુકેલાં તોહોમતો ખોટાં ઠર્યાં. હેસ્ટિંગ્સને પોતાનો બચાવ કરવામાં એક લાખ પૌન્ડનો ખરચ થયો હતો. એ પોતાની ૮૬ વર્ષની ઉમરે ઇ.સ. ૧૮૧૮માં મરણ પામ્યો. આ ગવર્નર જેનરલ ઘણો બુદ્ધિમાન, પ્રવિણ, અને દ્રઢ મનનો હતો. એણે હિંદુસ્તાનમાં વિદ્યાને બહુ ઉત્તેજન આપ્યું.

હેસ્ટિંગ્સ મરણ પામ્યો ૧૮૧૮.

સરજોન મેક- ફરસન ૧૭૮૫-૧૭૮૬. હેસ્ટિંગ્સના ઇંગ્લાંડ જવા પછી સર જોન મેકફરસન જે કૌન્સિલનો વડો સભાસદ હતો, તેણે ૨૦ મહિના ગવર્નર જેનરલ તરીકે કામ ચલાવ્યું, ૧૭૮૫-૮૬.

(૨) લોર્ડ કોર્નવોલિસ ૧૭૮૬—૧૭૯૩.

આ ગવર્નર જેનરલ સપ્ટેમ્બર માસમાં કલકત્તે આવ્યો, અને સલાહ સંપથી રાજકારભાર ચલાવવાને ઉપાયો લેવા લાગ્યો. કમ્પનીના નોકરો જે વેપાર કરતા હતા અને તેથી જે બિગાડો થતો હતો, તેનો એણે એકદમ અટકાવ કર્યો. અના વખતમાં ૧૭૯૦-૯૨ સુધી મ્હૈસૂરની ત્રીજી લડાઇ ચાલી, જેમાં ટીપુને ૧૭૯૧માં અરિકેરાની લડાઇમાં હરાવી તેની ઘણીક જગ્યા જીતી લીધી. લોર્ડ કોર્નવોલિસે પોતાની કારકીર્દિનાં છેલ્લાં વરસમાં મેહેસુલ ખાતામાં જમાબંદીની ત્રણ નવી રીતો દાખલ કરીઃ—જમીનદારી ગામવારી, અને રાયતવારી.

જમાબંદીની ત્રણ રીતો. ૧. જમીનદારી રીત એ છે કે મોટા મોટા જમીનદારોએ તેમની જમીનની જમાબંદી હમેશ સુધી સરકારને ભરવી આ રીત બંગાળામાં દાખલ કરી.

૨. ગામવારી રીતઃ—ગામના લોકોને પોતાની હદમાં આવેલી જગ્યાની ઉપજને માટે જવાબદાર કર્યા. આ રીત મધ્યપ્રાંતો, બંગાળાના વાયવ્ય પ્રાંતો અને પંજાબમાં દાખલ કરી.

૩. રાયતવારી રીતઃ—આ રીતમાં દરેક ખેડુતે જમીનને માટે સરકારમાં શું ભરવું એ નક્કી કર્યું. આ રીત મુંબઇ તથા મદ્રાસમાં દાખલ કરી.

(૩) સરજોનશોર ૧૭૯૩—૧૭૯૮.

સર જોન શોર પેહેલાં મુલકી ખાતાનો નોકર હતો, તેથી એ આ દેશનું સારૂં જ્ઞાન ધરાવતો હતો. એની કારકીર્દિમાં મરેઠા લોકોએ નિઝામને ૧૭૯૫માં કુર્દલાની લડાઇમાં હરાવ્યો, અને છઠ્ઠા પેશ્વા માધવરાવ નારાયણના પ્રધાન નાના ફડનવીસે મરેઠી રાજને ઘણી ચઢતી હાલતમાં આણ્યું. સર જોન શોરે નિઝામને મરેઠા સામે મદદ કરી નહીં તેમાં એણે મોટી ભૂલ કીધેલી કહેવાયછે. બંગાળાના અંગ્રેજી અમલદારોએ વળી મોટા પગાર માંગ્યા, તે એણે સામે થયા વગર તેમને આપ્યા. ઇ. સ. ૧૭૯૭માં અયોધ્યાનો નવાબ અસોફુદ્દોલા મરણ પામ્યો તેની જગ્યાએ વઝીરઅલી નવાબ થયો; પણ તે હકદાર વારસ નથી એવું માલમ પડવાથી તેની જગ્યાએ અસોફુદ્દોલાના ભાઇ સાદતઅલીને સર જોન શોરે નવાબ કબુલ કરી ગાદીએ બેસાડયો.

(૪) લોર્ડ મોર્નિંગ્ટન (માર્કવિસ વેલેસ્લી) ૧૭૯૮—૧૮૦૫.

લોર્ડ મોર્નિંગ્ટનની કારકીર્દિમાં મ્હૈસૂરની ચોથી (૧૭૯૮-૯૯) અને મરેઠા સાથની બીજી તથા ત્રીજી (૧૮૦૨-૧૮૦૪) લડાઇઓ થઈ. મ્હૈસૂરની

ચોથી લડાઇમાં ટીપુ શ્રીરંગપટણની લડાઇમાં માર્યો ગયો. આ ગવર્નર જેનરલે ૧૮૦૧ માં અયોધ્યામાં સુધારો કર્યો; ૧૮૦૨ માં મરેઠા સાથે વસાઇ આગળ સંધિ કરી; ૧૮૦૩ માં વરાડના રાજા રઘુજી ભોંસલે તેમજ દોલતરાવ સિંધિયાને હરાવી સલાહ કરવાની જરૂર પાડી; દિલ્હીના રાજા શાહઆલમને મરેઠા સરદારોએ કેદ રાખ્યો હતો તેને છોડવ્યો; જસવંતરાવ હોલ્કરને હરાવી તેની સાથે સંધિ કરી; અને ભરતપુરના રાજાને ૧૮૦૫ માં સલાહ કરવાની ફરજ પાડી. લોર્ડ મોર્નિંગ્ટન ઘણો ભણેલો અને બુદ્ધિમાન હતો. એણે હિંદુસ્તાનમાં "સબ્સિડિયરી સિસ્ટમ" એટલે સાહ્યભૂતસેના સ્થાપી, જેથી ૧–દેશી રાજાઓએ પોતાના દેશમાં પોતાના ખરચે અંગ્રેજી લશ્કર રાખવા તથા ૨–અંગ્રેજોની પરવાનગી વગર પારકાં રાજ્યો સાથે સંધિ નહીં કરવી અને ૩-અંગ્રેજોની સત્તા હિંદુસ્તાનમાં શ્રેષ્ઠછે, એમ કબુલ કર્યું. ઇ. સ. ૧૮૦૫ માં જ્યારે એ સ્વદેશ ગયો ત્યારે એને ઘણું માન અને ૨૦ લાખ રૂપિયા બક્ષિસ તરીકે મળ્યા.

દિલ્હીના રાજાને છોડવ્યો ૧૮૦૩.

(૫) માર્કવિસ કોર્નવોલિસ (બીજીવાર) ૧૮૦૫—૧૮૦૫.

ઇંગ્લાંડની સરકાર આ વખતે સમાધાની જોવાને ઘણી આતુર હતી, તેથી આ ગવર્નર જેનરલને બને ત્યાં લગી લડાઇનો અંત લાવવાની સુચના આપી હિંદુસ્તાન ખાતે પાછો મોકલ્યો; પણ એ બે માસમાં બનારસ આગળ ગાજીપુરમાં મરણ પામ્યો, અને એની જગ્યાએ સર જ્યોર્જ બાર્લો, જે કૌન્સિલનો વડો સભાસદ હતો, તેણે ૧૮૦૫-૧૮૦૭ સુધી રાજકારભાર ચલાવ્યો. એણે પોતાના પૂર્વાધિકારીના વિચાર અમલમાં આણ્યા, અને અંગ્રેજોએ ભારે લડાઇઓ કરી સિંધિયા તથા હોલ્કર પાસેથી જે જગ્યાઓ જીતી લીધી હતી, તે એણે તેમને પાછી આપી એટલુંજ નહીં, પણ અંગ્રેજ સાથે દોસ્તી રાખનાર રાજાઓ જેઓને હોલ્કર તથા સિંધિયાએ પાછળથી લડાઇ કરી ઘણું દુઃખ દીધું, તેમને મદદ પણ આપી નહીં. એના વખતમાં વેલોરમાં તેમજ સિકંદ્રાબાદ, વલાજાબાદ અને નંદીદુર્ગમાં બંડ ઉઠયાં (૧૮૦૬). આ બંડનું કારણ એ હતું કે સર જ્યોર્જ બાર્લોએ હિંદુ સિપાઇઓને કપાળપર ટીલું કરવાને ના કહી, અને બધાને એક સરખી દાઢી મુછ રાખવાનો તથા ચોકસ ઘાટની પાઘડી ઘાલવાનો હુકમ કર્યો. ઇ. સ. ૧૮૦૭માં લોર્ડ મિન્ટો ગવર્નર જેનરલ થઇ આવ્યો, અને સર જ્યોર્જ બાર્લો ૧૮૦૭—૧૮૧૩ સુધી મદ્રાસનો ગવર્નર રહ્યો. અહિંયાં પણ એના "રેન્ટ કોન્ટ્રેક્ટ" નામના અણગમતા સુધારાથી

સર જ્યોર્જ બાર્લો ૧૮૦૫-૧૮૦૭.

વેલોર, સિકંદ્રાબાદ, વલાજાબાદ, અને નંદીદુર્ગમાં બંડ ૧૮૦૬.

મદ્રાસમાં બંડ ૧૮૦૭.

બંડ થયું અને લશ્કરનો સેનાધિપતિ જેનરલ મેકડોવલ પોતાનો હોદ્દો છોડી વિલાયત ગયો.

(૬) લોર્ડ મિન્ટો ૧૮૦૭—૧૮૧૩.

ઇ. સ. ૧૮૦૯માં આ ગવર્નર જેનરલે લાહોરના રાજા રણજીતસિંહ સાથે (પેહેલી) સંધિ કરી, કારણકે આ વખતે રૂશિયન લોકની હિંદુસ્તાનપર ચઢી આવવાની ધાસ્તી હતી. એજ વરસમાં એણે જાવા, બુર્બોન, (જે ૧૮૧૪માં પાછું ફ્રેન્ચ લોકોને સ્વાધીન કર્યું) તથા આઇલ ઓફ ફ્રાન્સ જીતી લીધાં, અને સિંધ, કાબુલ, તથા ઇરાન જોડે દોસ્તી કરી. એ ૧૮૧૩માં ઇંગ્લાંડ ગયો, ત્યારે એને એની સારી ચાકરીને માટે અમીરી પદ્વી મળી.

જાવા, બુર્બોન, આઇલ ઓફ ફ્રાન્સ જીત્યાં ૧૮૦૯.

(૭) મોઇરાનો અર્લ (માર્કવિસ ઓફ હેસ્ટિંગ્સ) ૧૮૧૪—૧૮૨૩.

એની કારકીર્દિમાં નેપાલ (૧૮૧૪-૧૬) પિંઢારા (૧૮૧૬-૧૭)અને મરેઠા સાથની ચોથી (૧૮૧૭-૧૮) લડાઇઓ થઇ, જેમાં અંગ્રેજોનો જય થયો; અને છેલ્લા પેશ્વા બાજીરાવ બીજાને અને નાગપુરના આપા સાહેબને શરણ થવું પડયું. નવ વરસ સુધી એણે પોતાની નોકરી ઘણી ચાલાકીથી બજાવી, અને કમ્પનીની મેહેસુલ ઘણી વધારી. એની સારી નોકરીને માટે એને ૬૦,૦૦૦ પૌન્ડનો એક વજીફો બક્ષિસ મળ્યો, અને એના મરણ પછી પણ એના વારસોને બીજા ૨૦,૦૦૦ પૌન્ડ મળ્યા.

(૮) લોર્ડ આમ્હર્સ્ટ ૧૮૨૩—૧૮૨૮.

આ ગવર્નર જેનરલને આવતાંનેવાર બ્રહ્મી લોક સાથે (પેહેલી) લડાઇ (૧૮૨૪-૨૬)કરવી પડી જેમાં એણે રંગુન, ડોનાબ્યુ, પ્રોમ અને મલાગાની લડાઇ (૧૮૨૫-૨૬) માં હરાવ્યા. ૧૮૨૬માં ભરતપુરના રાજા સાથે લડાઇ કરી ત્યાંનો કિલ્લો જે ન જીતાય એવો ધારવામાં આવતો હતો અને જે ઇ.સ. ૧૮૦૫માં લોર્ડ લેકે ઉરાડી નાંખવાને ફોકટ પ્રયત્ન કર્યો હતો, તે આ વખતે લોર્ડ કોમ્બરમિઅરે ઉરાડી નાંખ્યો. લોર્ડ આમ્હર્સ્ટે સિમ્લામાં પોતાનો રહેવાનો મુકામ પેહેલ વેહેલો કર્યો. આ જગ્યા ગુરખા લોક પાસેથી જીતેલી જગ્યાઓમાંની એક છે, અને તે ૭,૦૦૦ ફીટ ઉંચી છે. એના વખતમાં ૪૭મી દેશી પલટણે ૧૮૨૫માં બરાખપુરમાં બંડ કર્યું જે એણે તુરત બેસાડી દીધું.

(૯) લોર્ડ વિલ્યમ બેન્ટિક ૧૮૨૮—૧૮૩૫.

ઈ.સ. ૧૮૦૬માં વેલોરમાં જ્યારે બંડ થયું ત્યારે એ મદ્રાસનો ગવર્નર હતો. એણે પોતાનું નામ લોક કલ્યાણના કામ કરવાથી મેળવ્યું. એની કારકીર્દિમાં (૧) કુર્ગનું રાજ્ય કમ્પનીના રાજ્ય સાથે જોડી દેવામાં આવ્યું, કારણકે ત્યાંનો ગાંડો રાજા પોતાની રૈયતપર જુલમ કરતો હતો, અને કમ્પની સાથે કઢંગી રીતે વર્તતો હતો.

કુર્ગનું રાજ્ય જોડી નાંખ્યું ૧૮૩૪.

(૨) ૧૮૩૩માં કમ્પનીના પટાનો વખત પુરો થયાથી હિંદુસ્તાન તથા ચીન સાથે વેપાર કરવાની બધાને છૂટ મળી. આથી ઈસ્ટ ઇન્ડિયા કમ્પની ફક્ત રાજ્ય કરનાર મંડળી રહી. (૩) બ્રાહ્મણોમાં સતીનો ઘાતકી ચાલ, રજપૂતોમાં સ્ત્રી બાળકોને મારી નાંખવાનો, અને જગન્નાથજીના મંદીરમાં કમકમાટ ઉપજાવે એવી ક્રીયા કરવાનો ચાલ જે હતો તે એણે તદન બંધ પાડયો. ઘણા અસલના વખતથી ઠગી એટલે ફાંસીયા લોકો વેપાર કે જાત્રા

ઠગી લોક.

કરવાને અર્થે ટોળાબંધ સાથે ફરતા, અને માણસોના ગળાંમાં ફાંસો નાખી મારી નાંખતા, ને તેમને કાળી દેવીને ભોગ આપતા. આ પાપી ધંધો પણ લોર્ડ વિલ્યમ બેન્ટિકે જડમૂળથી ઉખેડી નાંખ્યો, અને ઘણાઓને સખત શિક્ષા કરી. આ ગવર્નર જેનરલનું કલકત્તામાં એક પૂતળું છે જે ઉપર મેકોલેની કલમથી લખાયલો એક લેખ છે, જેમાં એનાં ઘણાં

સર સી.ટી.મે-ટકાફ ૧૮૩૫-૩૬.

વખાણ ગાયાં છે. એના વખતમાં ઇંગ્લાંડ અને હિંદુસ્તાન વચ્ચે પેહેલવેહેલી "સ્ટીમરો" આવજાવ કરવા લાગી. એ ૧૮૩૫માં હિંદુસ્તાન છોડી ગયો અને એની જગ્યાએ સર સી. ટી. મેટકાફ કામ ચલાઉ ગવર્નર જેનરલ નિમાયો.

(૧૦) લોર્ડ ઓકલેન્ડ ૧૮૩૬—૧૮૪૨.

એણે અયોધ્યાની બેગમે ૧૮૩૭માં જે બંડ ઉઠાવ્યું, તે ચાલાકીથી બેસાડી દીધું, અને અફગાન લોક સાથે શાહશુજાને તેની ગાદી પાછી અપાવવાને (૧૮૩૮–૪૨ સુધી) લડાઇ કરી, જેમાં અંગ્રેજોને મહા કષ્ટ ભોગવવાં પડયાં. ઇ.સ. ૧૮૪૦માં એણે ચીન સાથે લડાઇ કરી કારણકે ચીનની સરકારે પોતાના મુલકમાં અફીણ આવતું બંધ કર્યું અને અંગ્રેજી વેપારીઓની ત્યાં છૂપી રીતે મોકલેલી ૨૦ હજાર અફીણની પેટીનો નાશ કર્યો. થોડા વખતમાં અંગ્રેજી લશ્કરે હોન્ગકોંગ લીધું અને નાનકીન આગળ ૧૮૪૨માં ચીન સાથે સલાહ કરી અને વેપારને માટે એમોય, નિંગપો, ફુચુ અને શંગાહી– એ ચાર બંદરો ખુલ્લાં મુકાવ્યાં. ૧૮૪૨ના માર્ચ મહિનામાં

ચીન સાથે લ-ડાઈ ૧૮૪૦.

એ હિંદુસ્તાન છોડી ગયો, અને એની જગ્યાએ લોર્ડ એલેન્બરો થયો.

(૧૧) લોર્ડ એલેન્બરો ૧૮૪૨—૧૮૪૪.

પેહેલી અફગાન લડાઇનો અંત હજી આવ્યો ન હતો. અંગ્રેજોએ જે દુઃખ ખમ્યાં હતાં તેનું વેર લેવાને આ ગવર્નર જેનરલે ચાંપતા ઉપાયો લીધા, અને તેઝીનઘાટ, નોની અને નેદાનની લડાઇઓ (૧૮૪૨)માં અફગાન લોકોને હરાવી આ લડાઇનો અંત આણ્યો. એણે ૧૮૪૩માં સિંધમાં મિયાની તથા હૈદ્રાબાદની તથા તેજ વરસમાં ગ્વાલિયરમાં મહારાજપુર તથા પનિયારની

લડાઇઓ કીધી અને સિંધ પ્રાંત અંગ્રેજી રાજ્ય સાથે જોડી નાંખી સર ચાર્લ્સ નેપિયરને ત્યાંનો કમિશનર નિમ્યો. લોર્ડ એલેન્બરો "કોર્ટ ઓફ ડિરેક્ટર્સના" વિચારોથી ઉલટાજ વિચારો ધરાવતો હતો માટે તેને પાછો બોલાવી લીધો, અને સર હેન્રિ હાર્ડિંજને તેની જગ્યાએ મોકલ્યો.

(૧૨) સર હેન્રિ હાર્ડિંજ ૧૮૪૪—૧૮૪૮.

એ એક અનુભવી શૂરવીર હતો. યુરોપમાં સ્પેન સાથના વિગ્રહમાં લડતાં એનો એક હાથ કપાઇ ગયો હતો. એની સારી ચાકરીને માટે એને ઉમરાવની પદ્ધી મળી હતી. એની કારકીર્દિમાં પંજાબ સાથનો (૧૮૪૫-૪૭) પેહેલો વિગ્રહ થયો, જેમાં મુદકી, ફિરોજ શહેર (૧૮૪૫) અને બદ્દીવાલ, અલિવાલ અને સોબ્રોન (૧૮૪૬)ની લડાઇઓમાં શીખ લોક સામે લડતાં એણે પોતાની ઘણી ચાલાકી વાપરી અને તેમને હરાવ્યા. એણે ઘણા એક સુધારા કર્યા—બાળહત્યા, સતી અને મનુષ્યના ભોગ આપવાની કમકમાટ ભરેલી રસમોનો અટકાવ કર્યો, વેપારને ઉત્તેજન આપ્યું, અને આગ્રાનો તાજમેહેલ સમરાવ્યો. ઇ.સ. ૧૮૪૮માં ૪૨ મહિના હકુમત ચલાવી એ ઇંગ્લાંડ ગયો.

(૧૩) અર્લ ઓફ ડેલહૌસી ૧૮૪૮—૧૮૫૬.

હિંદુસ્તાનના ગવર્નર જેનરલમાં એ મોટો ગણાયછે. એ મોટા મનનો, દયાળુ, અને સલાહને ચાહનાર હતો. એને પંજાબ સાથે બીજો (૧૮૪૮-૪૯) અને બ્રહ્મી લોક સાથે બીજો (૧૮૫૨-૫૩) વિગ્રહ કરવાની ફરજ પડી. આમાના પહેલામાં કિનેરી, સદુસેન (૧૮૪૮), રામનગર, ચિલિયનવાલા અને ગુજરાત (૧૮૪૯)ની લડાઇઓ કરી પંજાબ પ્રાંત ૧૮૪૯માં અને, બીજીમાં પેગુ ૧૮૫૨માં અંગ્રેજી રાજ્ય સાથે જોડી દીધાં. એ શિવાય નાગપુર ૧૮૫૩માં, અયોધ્યા અને તંજોર ૧૮૫૬માં ખાલસા થયાં. એણે રાજ્યકારભારમાં ઘણા સુધારા કર્યા; નેહેરો બંધાવી; ગંગાની નેહેર જે હિંદુસ્તાનમાં સર્વથી મોટી ગણાય છે તે એણે ખુલ્લી કરી, આગગાડીની સડકો એના વખતમાં નંખાઈ, ટપાલ ખાતામાં સુધારા કર્યા, અને તારો નંખાયા.

ચાર્લ્સ ઉડનું બિલ. સને ૧૮૫૩માં બોર્ડ ઓફ કન્ટ્રોલના પ્રેસિડન્ટ સર ચાર્લ્સ ઉડને હાથે પાર્લામેન્ટમાં એક બિલ પસાર થયું, તેથી કમ્પનીના પટામાં કેટલાક અગત્યના ફેરફાર થયા:—

૧. ડિરેક્ટર્સની સંખ્યા ઘટાડી ૨૪ ની ૧૮ કરી, અને તેમાંના ૬ ગાદીપતિ તરફથી નિમવામાં આવ્યા.

૨. હિંદુસ્તાનને માટે કાયદા બાંધનારી એક સભા સ્થાપી.

૩. વૈદક ખાતાંની અને સિવિલ સર્વિસની ચાકરીમાં જે કોઇ ઉમેદવાર ઠેરવેલી પરિક્ષામાં પસાર થાય તેને દાખલ કરવો.

૪. બંગાળા ઈલાકાની સરકાર માટે એક લેફ્‌ટનન્ટ ગવર્નર નિમ્યો. લોર્ડ ડેલહૌસી ૧૮૫૬ માં પોતાનો અધિકાર છોડી ઈંગ્લાંડ ગયો અને ૧૮૬૦ માં માંદગીના સબબથી એ પોતાની ૪૮ વરસની વયે મરણ પામ્યો. એની સારી ચાકરીને માટે એને વરસ દહાડે ૫,૦૦૦ પૌન્ડનું પેન્શન મળ્યું. એની "એનેક્સેશન પોલિસિ" એટલે દેશી રાજ્યો અંગ્રેજી રાજ્ય સાથે જોડી નાખવાની રાજનીતિ કહેવાયછે.

(૧૪) અર્લ ઓફ્‌ કેનિંગ ૧૮૫૬—૧૮૬૨.

અર્લ કેનિંગ, અર્લ ઓફ્‌ ડેલહૌસીનો મિત્ર હતો. એના વખતમાં ચીન તથા ઇરાન જોડે લડાઇ થઇ, ૧૮૫૬. બીજે વરસે(૧૮૫૭માં)બંગાળાના લશ્કરના સિપાઇઓએ બળવો કર્યો, અને તે બળવો લગભગ આખા દેશમાં સળગી ઉઠયો. ૧૮૫૮માં આ બળવો સમી ગયા પછી રાજમાં ઘણા ફેરફારો થયા; તેમાં મુખ્ય એ હતા કે ઇસ્ટ ઇન્ડયા કુમ્પની જે રાજકારભાર ચલાવવાની હિંદુસ્તાનમાં સત્તા ભોગવતી હતી, તે સત્તા ઇંગ્લાંડના ગાદીપતિને મળી; હિંદુસ્તાન ખાતેનો ઇંગ્લાંડમાં એક સેક્રેટરી નિમાયો, અને તેની મદદને માટે ૧૫ સભાસદ નિમ્યા; દરેક ઇલાકામાં હાઇકોર્ટ સ્થાપી; અને ગવર્નર જેનરલને "વાઇસરોય"નો નવો ઇલકાબ મળ્યો. અર્લ કેનિંગ ૧૮૬૨માં હિંદુસ્તાન છોડી સ્વદેશ ગયો, અને ત્યાં તેજ વરસમાં મરણ પામ્યો. એ છેલ્લો ગવર્નર જેનરલ તેમજ પેહેલો "વાઇસરોય" હતો.

રાજમાં ફેરફાર.

(૨) લોર્ડ એલ્ગીન ૧૮૬૨—૧૮૬૩.

અર્લ કેનિંગ પછી લોર્ડ એલ્ગીન વાઇસરોય થઈ આવ્યો. એના વખતમાં વાહાબી લોકે અંગ્રેજો સામે બંડ ઉઠાવ્યું અને લૂટફાટ કરવા લાગ્યા, પણ થોડા વખતમાં અંગ્રેજી લશ્કરે તેમને મારી સરહદ ઉપર લૂંટ ચલાવતા બંધ પાડયા. એણે કાયદા બાંધવા માટે ત્રણ અંગ્રેજ અને ત્રણ દેશી ગ્રહસ્થોની કૌન્સિલ ઠરાવી. આ વાઇસરોય ૧૮૬૩ના નવેમ્બર માસમાં મરણ પામ્યો

વાહાબી લોકનું બંડ.

(૩) લોર્ડ લોરેન્સ ૧૮૬૪—૧૮૬૯.

ત્રીજા વાઇસરોય(પંજાબનો રક્ષક) લોર્ડ લોરેન્સે ૧૮૬૪-૬૯ સુધી રાજ્યકારભાર ચલાવ્યો. એના વખતમાં ભૂતાન(૧૮૬૪) અને એબિસિન્યા જોડે (૧૮૬૮) લડાઇઓ થઈ. એબિસિન્યાની લડાઇ ત્યાંના રાજા થીઓડોર જોડે થઇ. એ રાજાએ કેટલાક અંગ્રેજ વેપારીઓ જેઓ એના દેશમાં હતા તેમને કેદ કર્યા અને જ્યારે તેમને છોડવા એણે ના પાડી ત્યારે અંગ્રેજ સરદાર લોર્ડ

અયોધ્યા, બુંદેલખંડ અને ઉત્તર હિંદુસ્તાનમાં ભારે દુકાળ ૧૮૬૬.

નેપિયરને એક લશ્કર આપી મોકલ્યો, જેણે મગડલા નામનો પ્રખ્યાત ગઢ જીતી લીધો, અને રાજા આત્મઘાત કરી મરણ પામ્યો.૧૮૬૬માં અયોધ્યા, બુંદેલખંડ અને ઊત્તર હિંદુસ્તાનમાં એક ભારે દુકાળ પડયો. એણે રૈયતને સુખી કરવાને ઘણાક ઉપાયો લીધા. ખેડુતોની હાલત સુધારી અને અફ્ગાનિસ્તાનમાં શેરઅલ્લીને ત્યાંનો અમીર કબુલ કર્યો. લોર્ડ લોરેન્સ ૧૮૬૯ માં ઇંગ્લાંડ ગયો, ત્યાં એને એની સારી નોકરીને માટે ઉમરાવની પદ્દી મળી. આ વાઇસરોય ૧૮૭૯માં મરણ પામ્યો.

(૪) લોર્ડ મેયો ૧૮૬૯—૧૮૭૨.

લોર્ડ મેયોએ રાજ્યના કેટલાક ખાતાંઓમાં સુધારા કર્યા અને પુષ્કળ નેહેરો અને રેલવે બંધાવી. અફ્ગાનિસ્તાનના અમીર શેરઅલ્લી જોડે અંબાલા આગળ મુલાકાત કરી બન્ને દેશો વચ્ચે મિત્રાચારીનો ગાંઠ મજબૂત કર્યો. ૧૮૬૯–૭૦માં નામદાર "ડયુક ઓફ એડિન્બરો" હિંદુસ્તાનમાં આવ્યો. ૧૮૭૨માં એંડામેન ટાપુનાં પોર્ટ બ્લેરમાં ત્યાંના ગુનેહગારોની કેવી દેખરેખ ચાલેછે તે તપાસવાને લોર્ડ મેયો ગયો, ત્યારે શિરઅલ્લી નામના એક અફ્ગાન ખુનીએ તેને મારી નાંખ્યો.

ડયુક ઓફ એડિન્બરો આવ્યો ૧૮૬૯–૭૦.

(૫) લોર્ડ નોર્થબ્રુક ૧૮૭૨—૧૮૭૬.

એના વખતમાં બંગાળામાં એક ભારે દુકાળ પડયો, પણ રાજ્ય તરફથી મોટી મદદ આપી એણે લાખોના પ્રાણ ઉગાર્યા. ૧૮૭૫માં વડોદરાના રાજા મલ્હારરાવ ગાયકવાડની ઉપર કેટલાંક તોહોમત મુકાયાં; તેની તપાસ ત્રણ દેશી અને ત્રણ અંગ્રેજ ગ્રહસ્થો આગળ ચાલી. ત્રણે દેશીઓએ તે રાજા પર મુકેલાં તોહોમતો ખોટાં છે એવો અભિપ્રાય આપ્યો, પણ ત્રણે અંગ્રેજોએ તેમનાથી ઉલટા વિચાર જણાવ્યા, તેથી લોર્ડ નોર્થબ્રુકે અંગ્રેજોના વિચારોને મળતો થઈ ગાયકવાડને પદભ્રષ્ટ કરી મદ્રાસમાં કેદ કર્યો ૧૮૭૫, અને તેના વંશના એક બાળક શિયાજીરાવને આગલા રાજા ખંડેરાવની વિધવા જમનાબાઇ પાસે દત્તક લેવડાવી ગાદી આપી. ૧૮૭૫–૭૬માં પ્રિન્સ ઓફ વેલ્સ હિંદુસ્તાનમાં આવ્યો તે વખતે દેશીઓ તરફથી તેને ભારે આવકાર મળ્યો.

મલ્હારરાવને પદભ્રષ્ટ કર્યો ૧૮૭૫.

પ્રિન્સ ઓફ વેલ્સ હિંદુસ્તાન ખાતે આવ્યો ૧૮૭૫-૭૬.

(૬) લોર્ડ લિટન ૧૮૭૬—૧૮૮૦.

લોર્ડ નોર્થબ્રુક પછી લોર્ડ લિટન ૧૮૭૬માં વાઇસરોય થઇને આવ્યો. એજ વરસમાં મહારાણી વિક્ટોરિયાએ "કૈસરે હિંદ" પદ ધારણ કર્યું. આ માટે દિલ્હીમાં સર્વથી મોટું દરબાર ભરાયું. આ વાઇસરોયે કપડપરથી જકાત કાઢી નાંખી, અને દેશી પત્રો, ચોપાનિયાં

કૈસરે હિંદ.

અફગાનિસ્તાન જોડે વિગ્રહ ૧૮૭૮–૮૦.

ગંદમક આગળ સંધિ.

વિગેરેનો કેટલોક હક છીનવી લીધો. એના વખતમાં ૧૮૭૭માં ભારે દુકાળ પડયો, અને લાખોના જીવ ગયા. ઇ.સ. ૧૮૭૮–૮૦ સુધી અફગાનિસ્તાન જોડે (બીજો) વિગ્રહ થયો. ત્યાંનો અમીર શેરઅલી રૂસ લોક સાથે મળી ગયો, તેથી તેની સામે લડવાને લશ્કર મોકલ્યું. શેરઅલી નાસી ગયો, અને તેના છોકરા યાકુબખાંએ ગંદમક આગળ અંગ્રેજો સાથ સંધિ કરી, અને બ્રિટીશ અમલદારને કાબુલમાં રાખવાની પરવાનગી આપી. થોડા વખતમાં તે અમલદાર (સર લુઇ કેવનરી)ને તેણે મારી નંખાવ્યો, તેથી તેની સાથે પાછી લડાઈ કરી તેને હરાવ્યો, અને હિંદુસ્તાનમાં બંધીવાન કરી આણ્યો. એણે ધંધા રોજગારપર વેરો નાંખ્યો અને મિઠાંપર કર વધાર્યો.

(૭) માર્કવિસ ઓફ રિપન ૧૮૮૦—૧૮૮૪.

કંદહારમાંથી અંગ્રેજી લશ્કર બોલાવી લીધું ૧૮૮૧.

આ લોક પ્રિય વાઇસરોયે અફગાનિસ્તાન સાથની લડાઇનો અંત આણ્યો; દેશીઓને મોટા હોદ્દા આપવાનો હુકમ કાઢયો, દેશી કારીગીરીને ઉત્તેજન આપ્યું, સ્થાનીક સ્વરાજ્ય સ્થાપ્યું, ખેડુતો ઊપરનો જુલમ અટકાવ્યો, અને દેશી પત્રો, ચોપાનિયાં વિગેરેને તેમનું સ્વતંત્રપણું પાછું આપ્યું; અમીર અબદુલ રહેમાનને અફગાનિસ્તાનનો અમીર કબુલ રાખ્યો, અને ૧૮૮૧માં હિંદુસ્તાનનું તમામ લશ્કર કંદહારથી પાછું બોલાવી લીધું. આથી હિંદુસ્તાનમાં ભારે શાંતી થઈ. દેશીઓનું ભલું ઇચ્છનાર આ વાઇસરોયને પોતાનો હોદ્દો છોડતી વખતે હિંદુસ્તાનની પ્રજા તરફથી એટલું તો માન મળ્યું કે, એવું એના કોઇપણ પૂર્વાધિકારીને મળ્યું ન હતું. ૧૮૮૩માં માહારાણીના કુંવર ડયુક ઓફ કોનોટે મિરતની ફોજનું ઉપરીપણું લીધું.

(૮) લોર્ડ ડફ્રિન ૧૮૮૫—૧૮૮૮.

બ્રહ્મદેશ ખાલસા કર્યો ૧૮૮૫-૮૬.

એના વખતમાં રશિયા જોડે કંઈક ખટપટ ચાલી, પણ તેનો સલાહસંપથી છેડો આવ્યો. બ્રહ્મદેશના રાજા થીબોની અંગ્રેજ વેપારીઓ સાથેની માઠી ચાલને લીધે, પોતાની રૈયતપર જુલમ ગુજારવાને લીધે, અને અંગ્રેજ લોકોને સતાવવાના વિચારથી ફ્રેન્ચ લોકોને કાંઈ હક્કો આપ્યા તેથી તેના રાજ્યપર હુમલો કર્યો, અને થોડા વખતમાં જેનરલ પેન્ડરઘાસ્ત અને કર્નલ સ્લેડને તે દેશ તાબે કરી અંગ્રેજી રાજ્ય સાથે જોડી નાંખ્યો. રાજાને પણ કેદ કરી હિંદુસ્તાનમાં આણ્યો. લોર્ડ ડફ્રિને આખા બ્રિટિશ હિંદુસ્તાન પર, બ્રહ્મી લોક સાથેની ત્રીજી લડાઇ (૧૮૮૫)નો જે ખરચ થયો હતો તેની ખોટ પુરી પાડવાને "ઇનકમ ટેક્સ" એટલે આવક પર કર નાંખ્યો, તેમજ નિમક, તેલ વિગેરેપર કર વધાર્યો. આ વાઇસરોયે ગ્વાલિયર કિલ્લો જે અંગ્રેજોએ અગાઉ સિંધિયા પાસેથી જીતી લીધો હતો તે તેને પાછો સ્વાધિન કર્યો.

આપણી કૃપાળુ મહારાણી વિકટોરિયાનું રાજ્ય પચાસ વર્ષ યથાસ્થિત ચાલ્યું તેની ખુશાલી (જુબિલી)ને માટે તા૦ ૧૬મી તથા ૧૭મી ફેબ્રુઆરી ૧૮૮૭ના બે દિવસો તહેવાર તરીકે આખા હિંદુસ્તાનમાં પાળવામાં આવ્યા હતા, અને પેહલે દિવસે સઘળે ઠેકાણે ભભૂકદાર રોશની કરવામાં આવીહતી. લોર્ડ ડફ્રિને ૧૮૮૮ના માસ ડિસેમ્બરમાં પોતાનો હોદ્દો છોડયો અને એની જગ્યાએ લોર્ડ લેન્સડૌન આવ્યો.

(૯) લોર્ડ લેન્સડૌન ૧૮૮૮—૧૮૯૩.

આ વાઇસરોયના વખતમાં અંગ્રેજી લશ્કરે કાશ્મીરની સરહદપર હુંઝા તથા નગર તાયફાવાળાઓપર ફતેહ મેળવી, તેમજ મિરનઝાઈ,ચિનલુશાઈ, કાળા પર્વત અને મણીપુર પર ચઢાઇઓ કરી. આ છેલ્લી ચઢાઈમાં મિ૦ ક્વિન્ટન એને બીજા પાંચ અમલદારોને ત્યાંના લોકોએ મારી નાંખ્યા તેથી તેમના ૭ આગેવાનોને ફાંસી દીધી,અને બીજાઓને કાંઈ ઓછી શિક્ષા કરી રાજ્ય ગાદી પાંચ વરસની વયના ચુરચંદ નામના બાળકને આપી.

૧૮૮૯-૯૦ માં આપણી કૃપાળુ મહારાણીના પૌત્ર પ્રિન્સ આલ્બર્ટ વિકટર અને રશિયાના બાદશાહનો વડો દીકરો હિંદુસ્તાન આવ્યા, અને ૧૮૯૨ના જાન્યુઆરી મહિનામાં આલબર્ટ વિકટર તાવના રોગથી વિલાયતમાં મરણ પામ્યો.આ અકાળ મરણથી ઇંગ્લાંડ તેમજ હિંદુસ્તાનના લોકોમાં ભારે ખેદ ઉત્પન થયો. મહારાજા ધુલીપસિંહ, જે પંજાબ અંગ્રેજી રાજ્ય સાથે જોડી નાંખ્યા પછી વિલાયત જઇ રહ્યા હતો તે, પોતાની પાછળ કેટલાંક છોકરાં મેળી ૧૮૯૩માં મરણ પામ્યો.એજ વરસમાં અંગ્રેજ સરકાર અને અફગાનિસ્તાનના અમીર વચ્ચે કાંઇ ગેર સમજુતી થયાથી અંગ્રેજ સરકારે સર મોર્ટિમર ડયુરંડને થોડાક રસાલા સાથે તેનો બંદોબસ્ત કરવા કાબુલ મોકલ્યો. અમીરે તેને બહુ સારો આવકાર દીધો અને સઘળી ગેર સમજુતીનો સારી રીતે છેડો આવ્યો. અમીરને વરસ દહાડે જે ૧૨ લાખ રૂપીયા મળતા હતા તે વધારી ૧૮ કર્યા, અને અમીરે અંગ્રેજોને જે જગ્યા માટે વાંધો હતો તે આપી.

(૧૦) લોર્ડ એલ્ગીન ૧૮૯૪—૧૮૯૯.

બીજા વાઇસરોય લોર્ડ એલ્ગીન જેણે હિંદુસ્તાનમાં ૧૮૬૨-૬૩ માં રાજ્યકારભાર ચલાવ્યો હતો તેનો છોકરો ૧૮૯૪માં વાઇસરોય નિમાયો. સને ૧૮૯૫માં સરહદપર કાશ્મિરને લગતાં ચીત્રાલપર જેનરલ લોની સરદારી નીચે ચઢાઇ કરવામાં આવી હતી અને ત્યાંના સરદાર શેરઅફઝલ, અને બીજાઓને કેદ કરી હિંદુસ્તાન ખાતે બંદીવાન તરીકે લાવવામાં આવ્યા હતા. એજ વરસમાં હિંદુસ્તાનમાં થતા લખલુટ ખરચની તપાસ કરવાને ચોદ મહરયોનું એક રોયલ કમિશન નિમવામાં આવ્યું હતું. સને ૧૮૯૬માં બેટેનબર્ગનો શાહજાદો તે આપણી મહારાણીનો જમાઇ જે એશાન્ટિ ચઢાઇમાં અંગ્રેજી લશ્કર સાથે લડવા ગયો હતો તે તાવથી ત્યાં મરણ પામ્યો. તેની લાશ ઈંગ્લાંડમાં લાવવામાં આવી હતી. ૧૮૯૬માં હિંદુસ્તાનમાં બ્યુબોનિક

પ્લેગ એટલે મરકી શરૂ થઈ. મુંબઇમાં એ મરકીએ પહેલ વહેલો દેખાવ દીધો. તા૦૨૦ જુન ૧૮૯૬ને દિને આપણી કૃપાળુ મહારાણીને રાજ્યગાદીએ બેસવાને૬૦મું વરસ શરૂ થયું. ઈંગ્લાંડનાં સર્વે રાજ્ય કરતાઓમાં એમનું રાજ્ય લાંબુ ગણાય છે અને તેની ખુશાળી (ડાયમંડ જ્યુબિલી) માટે તા૦ ૨૧ તા૦ ૨૨ જુન ૧૮૯૭ના દિવસો દુન્યાનાં સઘળાં બ્રિટિશ રાજ્યોમાં તેહેવાર તરીકે પાળવામાં આવ્યા હતા.

(૧૧) લોર્ડ કર્ઝન ૧૮૯૯.

પ્રકરણ ૧૩ મું.

મહાન પુરૂષોની જીંદગીનો ટુંક હેવાલ.

લાબોર્ડોને.

લાબોર્ડોને ફ્રેન્ચ નૌકાસેનાધિપતિ હતો. એણે ઈ. સ. ૧૭૨૫માં મહે જીતી લીધું જે અદ્યાપિ સુધી ફ્રેન્ચના તાબામાં છે. ઇ. સ. ૧૭૪૬માં ડુપ્લીએ એને અંગ્રેજો સામે લડવાને મોટું નૌકાસૈન્ય આપી મોકલ્યો. એણે અંગ્રેજોનો ફોર્ટ સેન્ટ જ્યોર્જ જીતી લીધો પણ તે ચાર લાખ રૂપિયા લઇ અંગ્રેજોને પાછો આપ્યો અને મોરિશિયસમાં રહી ત્યાં બહુ સુધારા કર્યા; જ્યારે એ ફ્રાન્સ પાછો ગયો ત્યારે ફોર્ટ સેન્ટ જ્યોર્જ અંગ્રેજોને પાછો આપવા માટે એને ત્રણ વરસ બંદીખાને રહેવું પડયું અને ત્યાંથી છૂટવા પછી એ ૧૭૫૩ માં મરણ પામ્યો.

ડુપ્લી.

ડુપ્લી ચંદ્રનગરમાં ફ્રેન્ચ વેપારી હતો. એ ઘણો હોંશિયાર હોવાથી ફ્રેન્ચ સરકારે ૧૭૪૨માં એને પોન્ડિચરીનો હાકેમ નિમ્યો.એ શેહેરનો એણે અંગ્રેજો સામે ઘણી બહાદૂરીથી બચાવ કર્યો,તેથી એને માર્કવિસનો ખેતાબ મળ્યો. એની મૂળ ધારણા અંગ્રેજોને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢવાની અને એ દેશપર ફ્રેન્ચ સત્તા વધારવાની હતી;આથી એણે અંગ્રેજોનાં થાણાં ઉપર ઘણી વખત હુમલા કર્યા પણ એમાં એ ફાવ્યો નહીં.૧૭૫૦માં એણે હૈદ્રાબાદ અને આર્કટમાં ગાદીના વારસા બાબતની લડાઇમાં ભારે હિમ્મત વાપરી અને ફ્રેન્ચ લોકો એની બહાદૂરીને લીધે હિંદુસ્તાનમાં સર્વથી સરસ ગણાવા લાગ્યા.એણે ૧૭૫૦માં મેળવેલી ફતેહથી ફુલાઇ જઇને એક શેહેર વસાવ્યું, અને ત્યાં એક સ્તંભ ઉભો કરી તેનું નામ "ડુપ્લી ફતેહઆબાદ" પાડ્યું. ડુપ્લીના પરાક્રમોથી એના શત્રુઓ એની અદેખાઇ કરવા લાગ્યા, અને એને ૧૭૫૪માં ફ્રાન્સ પાછો બોલાવી લીધો, જ્યાં એની ઉપર ફ્રેન્ચ સત્તાનો ખરાબ ઉપયોગ કરવાનું તોહોમત મૂકીને એને કેદ કર્યો; ત્યાંથી એ

ત્રણ વરસે છૂટયો, અને ૧૭૬૪માં ઘણી ગરીબી હાલતમાં દલગીરીથી એ મરણ પામ્યો. એની જગ્યાએ ગોડ્યું હિંદુસ્તાનનાં ફ્રેન્ચ થાણા પર ગવર્નર નિમાયો, ૧૭૫૫. યુરોપીઅન અમલદારોના હાથ નીચે દેશીઓને કવાયત આપી તેમનું પેહલવેહેલું એક સારૂં લશ્કર બનાવવાનું માન દુપ્લીને ઘટે છે.

કૌન્ટ–ડી–લાલી.

કૌન્ટ–ડી–લાલી જાતનો આઇરિશ હતો, પણ ફ્રાન્સ જઈ ત્યાં એક લશ્કરી અમલદાર થયો હતો. એની હોંશિયારી તથા બહાદુરી જોઇને ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીએ એને પોન્ડિચરીનો હાકેમ બનાવ્યો. એણે હિંદુસ્તાનમાં આવી અંગ્રેજોનો ફોર્ટ સેન્ટ ડેવિડ જીતી લઇ તોડી નાંખ્યો, ૧૭૫૮. ત્યાર પછી એણે એજ વરસે બુસ્સિને દક્ષિણમાંથી બોલાવી મદ્રાસમાં ફોર્ટ સેન્ટ જ્યોર્જ પર હલ્લો કર્યો, પણ તેમાં એ ફાવ્યો નહીં. કૌન્ટ–ડી–લાલી અને બુસ્સિ એ બન્નેએ પોતાનાં સૈન્ય ભેગાં કરી વાંડિવાશ ઉપર ચઢાઈ કરી, પણ અંગ્રેજ સરદાર કર્નલ કૂટે તેમને હરાવ્યા, ૧૭૫૯. એ વરસ પછી અંગ્રેજોએ પોન્ડિચરી ઉપર હુમલો કર્યો, અને તેના કોટ કિલ્લા તોડી નાંખ્યા, અને લાલીને બંદીવાન કરી મદ્રાસ મોકલ્યો. ૧૭૬૩માં ફ્રેન્ચ અને અંગ્રેજો વચ્ચે સલાહ થવાથી અંગ્રેજોએ પોન્ડિચરી ફ્રેન્ચ લોકોને પાછું આપ્યું, અને સઘળા બંદીવાનોને છોડી દીધા. કૌન્ટ–ડી–લાલી ફ્રાન્સ પાછો ગયો, ત્યાં લોકો તેની સામે ઘણા ઉશ્કેરાયા, કારણ કે ફ્રેન્ચ સત્તા હિંદુસ્તાનમાંથી તદ્દન જતી રહી હતી, અને તેને આ કારણ માટે ૧૭૬૬માં ગેરવાજબી રીતે ફાંસી દીધી.

બુસ્સિ

બુસ્સિ એક બહાદૂર ફ્રેન્ચ સરદાર હતો. એ ઇ.સ. ૧૭૧૮માં જન્મ્યો હતો. એણે મરેઠાઓ સામે બે વાર લડીને સલાબતજંગને મદદ કરી. ૧૭૫૩માં એને નિઝામે ઉત્તર સરકાર, જેનો વિસ્તાર ૧૭,૦૦૦ ચોરસ મૈલનો છે, તે એની ચાકરીના બદલામાં આપ્યો; પણ થોડા વખતમાં અંગ્રેજ સરદાર કર્નલ ફોર્ડે ફ્રેન્ચ લોકોને હરાવીને તે જીતી લીધો. ૧૭૫૯માં બુસ્સિએ વાંડિવાશ આગળ અંગ્રેજોપર હુમલો કર્યો, પણ તેમાં તે હારી ગયો અને કેદ પકડાયો. થોડા વખતમાં તે છૂટો થયો, અને પાછો અંગ્રેજો સામે લડવા અને ટીપુને મદદ કરવા માટે આવ્યો; પણ ૧૭૮૩માં તેના આવી પોહોંચ્યા પછી બીજે દિવસે તે કર્ણાટકમાં મરણ પામ્યો.

કલાઇવ.

કલાઇવ ઇ. સ. ૧૭૨૫ ના વરસમાં જન્મ્યો હતો. બચપણથી ઘણો તોફાની હોવાથી તેનાં માબાપે તેને ઈસ્ટ ઇન્ડિયા કમ્પનીમાં તેની ૧૮ વરસની વયે કારકુનની નોકરી અપાવી હિંદુસ્તાન ખાતે મોકલાવી દીધો; પણ થોડા વખતમાં લખવાનું કામ છોડીને એ લશ્કરમાં જોડાયો. આ વખતે ફ્રેન્ચ

લોકોએ આર્કટના નવાબ ચંદાસાહેબની સાથે મળીને અંગ્રેજના મળતિયા મહમદઅલીપર જ્યારે હુમલો કર્યો, ત્યારે મદ્રાસના હાકેમ મિ૦ સોન્ડર્સે કલાઇવને થોડું લશ્કર આપી આર્કટ મોકલ્યો. તેણે મોરારિરાવ નામના એક મરેઠા સરદારની મદદથી ત્યાંનો કિલ્લો જીતી લીધો, અને ચંદાસાહેબના છોકરા રાજાસાહેબને આર્નિ આગળ ૧૭૫૧માં હરાવ્યો. ત્યાંથી પાછા ફરતાં દુપ્લીનો બંધાવેલો સ્તંભ એણે તોડી નાંખી ફ્રેન્ચ લોકોનું અપમાન કર્યું, અને તેમના હાથમાંથી કંજીવરમ લઈ, તેમને ૧૭૫૨માં બાહુરની લડાઇમાં હરાવી ૧૭૫૩માં એ ઈંગ્લાંડ ગયો. ત્રણ વરસ પછી (૧૭૫૬) કલાઇવ ફોર્ટ સેન્ટ દેવિડનો હાકેમ થઇ હિંદુસ્તાન પાછો આવ્યો, અને તુરત તુલાજી આંગરિયા નામના એક ચાંચિયાને હરાવી તેનો ઘેરિયાગઢ હસ્તગત કરી લીધો. થોડા માસ પછી અંધારી કોટડીનું વેર લેવાને કલાઇવને મદ્રાસ સરકારે હુકમ કર્યો. કલાઇવે ૧૭૫૭ માં સુરાજાદોલાને હરાવ્યો, કલકત્તા પાછું જીત્યું, અને નવાબને પાછી સલાહ કરવાની જરૂર પાડી; પણ એ સલાહ લાંબો વખત રહી નહીં. સુરાજાદોલા ફ્રેન્ચ લોકો સાથે અંગ્રેજોને હિંદુસ્તાનમાંથી હાંકી કાઢવાને છૂપાં કાવત્રાં કરતો માલમ પડયો ત્યારે કલાઇવે પહેલાં ફ્રેન્ચ લોકોનું ચંદ્રનગર લઇ લીધું, અને એ નવાબને સખત સજા કરવાની તૈયારી કરી. એ નવાબનાજ કેટલાક મુખ્ય સરદારો એની સામે કાવત્રાં કરવા લાગ્યા, અને કલાઇવે તેમને ઉત્તેજન આપ્યું. આ સરદારોમાં મુખ્ય મિરજાફર—જે એના લશ્કરનો સેનાપતિ હતો તે, અને રાયદુર્લભ—જે મુખ્ય ખજાનચી હતો, તે હતા. લડાઇની બધી જોઇતી તૈયારીઓ થઇ રહી ત્યારે અમિચંદ નામનો એક શ્રીમંત વેપારી જે અંગ્રેજો સાથે આ કાવત્રાં કરવામાં સામિલ હતો, તેણે કલાઇવને કહ્યું કે જો તમો મને ૩૦લાખ રૂપિયા આપવા કબુલ નહીં કરશો તો હું આ સઘળાં કાવત્રાં સુરાજાદોલા આગળ ઉઘાડાં પાડીશ. આ સાંભળી કલાઇવે તેને ધીરજ આપવા એક ખોટો દસ્તાવેજ લખી તેપર પોતાને હાથે એડમિરલ વોટસનની સહી કીધી. અમિચંદે આ ખોટો દસ્તાવેજ છે એમ જાણ્યું નહીં, અને પૈસા મેળવવાની આશામાં મૂંગો બેઠો. કલાઇવે સઘળી તૈયારી થયા પછી સુરાજાદોલા પર એક કાગળ લખી જણાવ્યું કે ફ્રેન્ચ લોકો સાથના તારાં કાવત્રાંથી, તેમજ સલાહ તોડવાથી અમોને જે નુકશાન થયુંછે તે તારે બધું ભરી આપવું, નહીંતો અમો તારાં રાજ્યપર ચઢાઈ કરીશું. આથી નવાબ ચિડાયો, અને એક મોટું લશ્કર લઇ પોતે અંગ્રેજોની સામે ગયો. કલાઇવે થોડાં લશ્કરથી તેને ૧૭૫૭માં પ્લાસિની લડાઇમાં હરાવ્યો. સુરાજાદોલા નાસી જતાં પકડાયો, અને તેને મિરજાફરના છોકરા મિરાને મારી નાંખ્યો, ૧૭૫૭. એ નવાબ મરણ પામ્યો ત્યારે એની ઉમ્મર માત્ર ૨૦ વરસની હતી. અમિચંદે જ્યારે કલાઇવનાં કાવત્રાં જાણ્યાં ત્યારે તે મુર્છાંગત થઈ હાથ ઘસતો રહી

ગયો. જ્યારે શાહઆલમ અને સુજાદોલાએ પટણા પર ઘેરો ઘાલ્યો ત્યારે કલાઇવે મિરજાફરને મદદ કરી, જેથી નવાબે કલકત્તાની આસપાસની જગ્યાનું જે ભાડું મળતું હતું તે કલાઇવને આપી દીધું. ૧૭૬૦માં કલાઇવ બીજી વાર ઇંગ્લાંડ ગયો, જ્યાં તેને ઘણું માન મળ્યું. ૧૭૬૫માં કલાઇવને બંગાળામાં સુધારા કરવાને હિંદુસ્તાન પાછો મોકલ્યો. એણે બંગાળા, બહાર, અને ઓરિસા અંગ્રેજી રાજ સાથે જોડી દીધાં, સરકારી નોકરોનો પગાર વધારી આપ્યો અને એવા બીજા સુધારા કર્યા. ૧૭૬૭ માં એ પાછો ઇંગ્લાંડ ગયો, ત્યાં એના દુશ્મનોએ એના ઉપર ઘણાએક તોહોમત મુકયાં પણ તે સાબિત થયાં નહીં. એ ૧૭૭૪માં એના હિંદુસ્તાનના હરીફ ડુંલી પછી દસ વરસે મરણ પામ્યો.

મેજર લોરેન્સ.

મેજર લોરેન્સ ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની નોકરીમાં એક સરસ સરદાર હતો. તે ૧૭૪૮ માં હિંદુસ્તાનમાં આવ્યો, અને તુરત ફ્રેન્ચ લોકો સાથે લડાઇમાં ગુંથાયો. આ લડાઇમાં પેહેલાં અંગ્રેજ લોકો હાર્યા, અને મેજર લોરેન્સ કેદ પકડાયો; પણ પાછળથી અંગ્રેજો ફતેહ પામ્યા. ૧૭૪૯માં એણે તંજોરના રાજા શાહુ જેને તેના ભાઈ પ્રતાપસિંહે ગાદી ઉપરથી ઉઠાડી મેલ્યો હતો, તેને મદદ કરી પાછી ગાદી અપાવી, તેથી તેની મેહેનતના બદલામાં શાહુએ અંગ્રેજોને દેવિકોટ આપ્યું-ઈ.સ. ૧૭૪૯. એજ વરસમાં એ મદ્રાસનો હાકેમ નિમાયો અને એક વરસ પછી સ્વદેશ ગયો. ૧૭૫૨ માં એ એના મિત્ર કલાઇવ સાથે હિંદુસ્તાન પાછો આવ્યો. લોરેન્સે ૧૭૫૨માં ફ્રેન્ચ લોકોને બાહુરની લડાઇમાં હરાવી તેમને શ્રીરંગામના કિલ્લામાં ઘેરી લીધા. ૧૭૫૫માં ફ્રેન્ચ લોકોએ ત્રિચિનાપોલિપર ઘેરો ઘાલ્યો, પણ લોરેન્સે તેમને મારી પાછા હઠાવ્યા. ૧૭૫૮માં તેઓએ કૌન્ટ-ડી-લાલીની સરદારી નીચે મદ્રાસપર ઘેરો ઘાલ્યો, ત્યારે પણ એ સરદારે એવીજ બહાદુરી દેખાડી. ૧૭૫૯માં લોરેન્સ બિમારીને લીધે ઈંગ્લાંડ પાછો ગયો, જ્યાં તે ૧૭૭૫ માં તેની ૭૮ વરસની વયે મરણ પામ્યો.

સર ઈ. કૂટ.

આ પ્રખ્યાત સરદાર આયરલેન્ડમાં ૧૭૨૬માં જન્મ્યો હતો. એણે ચંદ્રનગર (૧૭૫૭)ના અને પોન્ડિચરી (૧૭૬૧)ના ઘેરામાં તેમજ પ્લાસી (૧૭૫૭) અને વોન્ડિવાશ (૧૭૫૯) ની લડાઇમાં મોટું નામ કાઢયું. જે વખતે હૈદર સાથે અંગ્રેજો લડાઈ ચલાવતા હતા અને હૈદરે કર્નલ બેલીને પોલીલોરની લડાઇમાં હરાવ્યો હતો (૧૭૮૦) તે વખતે કૂટ જેને બંગાળાનો સેનાપતિ નિમ્યો હતો, તેને તુરત લશ્કર સહિત હૈદર સામે લડવા મોકલ્યો. તેણે પોર્ટોનોવો આગળ ૧૭૮૧માં હૈદરને હરાવ્યો; ત્યાર પછી કૂટે ઘણી ચાલાકીથી પોતાનું લશ્કર પિઅર્સ સરદારના લશ્કર સાથે જોડી દીધું, અને

પોલીલોર આગળ લડયો, પણ તેમાં એકે પક્ષની હાર કે જીત થઇ નહીં. કુટે પાછો એજ વરસમાં શોલિંગર આગળ તેને હરાવ્યો. જ્યારે ફ્રેન્ચ સરદાર બુસ્સિ એક મોટું લશ્કર લઈ હિંદુસ્તાન આવ્યો,ત્યારે કુટને તેની સામે લડવા મોકલ્યો. તે મદ્રાસમાં પોતાનાં લશ્કર સહિત આવી પોંહોંચ્યો, પણ ત્યાં એ બે દિવસ પછી મરણ પામ્યો ઈ. સ. ૧૭૮૩.

લોર્ડ લેક.

આ નામાંકિત અંગ્રેજ સરદાર ૧૭૪૪માં જન્મ્યો હતો; યુરોપની તેમજ અમેરિકાની લડાઇઓમાં એણે ઘણી બહાદૂરી બતાવી હતી. ૧૭૯૩ તથા ૧૭૯૪માં હોલાન્ડની મોટી લડાઇઓ એ જીત્યો હતો. ૧૮૦૦ની સાલમાં એ હિંદુસ્તાનમાં સેનાપતિ નિમાયો; આ વખતે અંગ્રેજો અને મરેઠા વચ્ચે જબરી લડાઇ થવાની તૈયારીઓ થતી હતી. લોર્ડ લેકે પેહેલાં દોલતરાવ સિંધિયા અને તેના મદદગાર વરાડના રાજા રઘુજી ભોંસલે સાથે લડાઇઓ ચલાવી. આ શૂરા સરદારે તેમને અલિગઢ,દિલ્હી,અને લાસવારી (૧૮૦૩)ની લડાઇમાં હરાવ્યા.દિલ્હીની લડાઈમાં એણે એ જગ્યાના પાદશાહ શાહઆલમ, જેને મરેઠાઓએ પકડી કેદ કર્યો હતો, તેને છૂટો કાધો, અને પછી આગ્રા જીત્યું. સિંધિયાના લશ્કરનો સેનાપતિ પેરન નામે એક ફ્રેન્ચ સરદાર હતો, તે પણ અલિગઢની લડાઇમાં કેદ પકડાયો. આ લડાઇઓ પછી જસવંતરાવ હોલ્કર અને તેના મદદગાર ભરતપુરના રાજા સાથે લડાઈ ચલાવી, લોર્ડ લેકે તેમને ફતેહગર (ફરૂકાબાદ) ની લડાઇમાં (૧૮૦૪) હરાવ્યા, અને દીગ કિલ્લો જીતી લીધો. ૧૮૦૫માં એ સરદારે ભરતપુરના કિલ્લા પર હુમલો કર્યો, પણ એ ઘણો મજબૂત હોવાથી તે લઇ શકાયો નહીં. (૧૮૨૬ માં એજ કિલ્લો અંગ્રેજ સરદાર લોર્ડ કોમ્બર્મિયરે જીત્યો હતો). ૧૮૦૭માં એ પાછો વિલાયત ગયો જ્યાં તેને મોટું માન અને માર્કવિસનો ખેતાબ મળ્યો. આ બહાદૂર લડવૈયો ૧૮૦૮માં મરણ પામ્યો.

રોબર્ટ સેલ.

રોબર્ટ સેલ જે "જલાલાબાદનો પેહેલવાન" કરી કહેવાય છે,તે ૧૭૯૫ માં માત્ર ૧૫ વરસની ઉમરે ઇસ્ટિ ઇન્ડિયા કમ્પનીમાં નોકર રહ્યો હતો. આ સરદાર અફગાન લોક સાથની પેહેલી લડાઇમાં ઘણો પ્રખ્યાત થયો. આ લડાઇની અગાઉ એ ૧૭૯૯માં શ્રીરંગપટણના ઘેરામાં, ૧૮૧૬માં મોરિશિયસમાં, અને ૧૮૨૪માં રંગુનમાં લડયો હતો. રંગુનના કિલ્લા ઉપર ચઢીજવામાં એ સર્વથી પેહેલો હતો.એણે ૧૮૪૦ માં દોસ્તમહમદને પરવાનની લડાઇમાં હરાવ્યો. ૧૮૪૨માં એણે જલાલાબાદમાં ઘણાં શૂરવીરપણે દોસ્ત મહમદના છોકરા અકબરખાં સામે ટકાવ કર્યો ને તેને હરાવી બીજા સરદારો સાથે મળીને કાબુલ જીત્યું,અને પોતાની સ્ત્રી તથા છોકરી જેઓને બીજાઓ

સાથે અકબરખાંએ બંદીવાન કર્યા હતાં તેમને છોડવ્યાં.૧૮૪૫માં પંજાબની પેહેલી લડાઇમાં મુદકી આગળ શીખ લોકો સાથે લડતાં એની ૬૫ વરસની વયે એ મરણ પામ્યો.

તૈમૂરલંગ.

તૈમૂરલંગ ઇ.સ. ૧૩૩૬માં સમરકંદમાં જન્મ્યો હતો.હુસન નામનો સરદાર જે જંઘિસખાંના મરણ પછી તેના રાજ્યના એક ભાગમાં અમલ ચલાવતો હતો તેની સાથે પેહેલાં તે મળી ગયો અને ૧૩૬૯માં તેનેજ હરાવી તે જગ્યાનો પોતે ધણી થયો. ઇ. સ. ૧૩૯૮ માં તે હિંદુસ્તાનપર ચઢાઇ કરવા છેક સિંધુ નદી સુધી ધસી આવ્યો અને ફતેહઆબાદ અને બીજાં શેહેરોનો નાશ કરી દિલ્હીપર ધસ્યો. આ વખતે તઘલખ વંશનો મહમદશાહ રાજ્યગાદીપર હતો,જેને ગુજરાત નાસી જવાની ફરજ પડી. પાંચ દિવસ સુધી ત્યાં લૂંટ ચલાવી પુષ્કળ દોલત લઇ પાછો ફર્યો. ઇ. સ. ૧૪૦૫માં જેવી એ ચીન દેશપર હુમલો કરવાની તૈયારી કરતો હતો તેવામાં મરણ પામ્યો.

બેહેરામખાં.

એ પેહેલાં હુમાયુંનો વજીર હતો. ૧૫૫૬માં હુમાયુંના મરણ પછી તેનો છોકરો અકબર ગાદીએ બેઠો. એ રાજા માત્ર ૧૩ વરસની વયનો હોવાથી બેહેરામખાં રાજ ચલાવવા લાગ્યો.બેહેરામખાંને લોકો ખાનબાબા એટલે રાજપિતા કહેતા. એણે ૧૫૫૬ માં મહમદ આદિલશાહના વજીર હેમુને તથા સિકંદરસુરને પાણીપતની લડાઇમાં હરાવ્યા. બેહેરામ પાછળથી ગર્વિષ્ટ અને તીખા સ્વભાવનો થવાથી અકબરે તેના હાથમાંથી સઘળી સત્તા છીનવી લીધી. બેહેરામે આથી બંડ ઉઠાવ્યું પણ અકબરે તે તુરત સમાવી દીધું. આ પછી બેહેરામ મક્કે જવા નિકળ્યો પણ ગુજરાતમાં તેને મુબારકખાં નામના કોઇ પઠાણે મારી નાંખ્યો, ઈ. સ. ૧૫૬૦.

ચાંદબીબી.

આસરે ઇ. સ. ૧૫૭૫માં ચાંદબીબી અહમદનગરની રાણી થઇ. જ્યારે અકબરે ઇ. સ. ૧૫૯૫માં અહમદનગર જીતવાને પોતાના છોકરા મોરાદને અને પોતાના આગલા વજીર બેહેરામના છોકરા મિરજાખાંને મોકલ્યા ત્યારે ચાંદબીબીએ ઘણી બહાદૂરીથી તે જગ્યાનો બચાવ કર્યો, અને મોરાદ અને મિરજાખાંના લશ્કરને મારી કાઢયું; પણ ઈ. સ. ૧૫૯૯માં ચાંદબીબીને તેના કોઇ વેરીએ મારી નાંખી ત્યારે અહમદનગર મોગલ લોકના તાબામાં ગયું.

નુરજહાં.

નુરજહાં અયાઝ નામના કોઇ ગરીબ હાલતમાં આવી પડેલા ઉમરાવની બેટી હતી; તે અકબરના જનાનખાનામાં પોતાની મા જોડે જતી. તે બહુ રૂપાળી હતી તેથી સલીમે તેને જોઇને અકબર જીવતો હતો ત્યારે તેની સાથ પરણવા માંગ્યું, પણ અકબરે તેમ ન કરતાં તેને શીરઅફગાન નામના એક બહાદૂર હાકેમ સાથે પરણાવી. સલીમે ગાદીએ આવ્યા પછી તેની સાથે પોતે પરણવાના વિચારથી શીરઅફગાનને મારી નંખાવ્યો. ઈ.સ. ૧૬૧૧માં સલીમ નુરજહાં જોડે પરણ્યો અને નુરજહાંએ પોતાના બાપ અને ભાઇને મોટી પદ્વી અપાવી. નુરજહાંએ જાંહાંગીરના નાના છોકરા શહેરિયાર જેની સાથે તેણે પોતાના આગલા ધણીની દીકરી પરણાવી હતી તેને ગાદી અપાવવાને કોશેશ કીધી પણ તેમાં તે નિષ્ફળ થઈ. એને મોહોબતખાં નામના શૂરા સરદાર જોડે કજીઓ થયો તેથી તે સરદારે ૧૬૨૬માં જાંહાંગીરને કેદ કર્યો પણ નુરજહાંએ તેને ઘણીક યુક્તિ કરી છોડવ્યો. જાંહાંગીરના મરણ પછી તેણે એકાંતવાસ પકડયો અને ૧૬૪૬માં મરણ પામી.

મલીકંબર.

મલીકંબર એક હબસી ઉમરાવ હતો. જ્યારે ઈ. સ. ૧૫૯૯માં ચાંદબીબીનું તેના વેરીઓએ ખુન કર્યું અને અકબરે અહમદનગરનો થોડોક ભાગ જીતી લીધો ત્યારે ચાંદબીબીના આ હબસી વજીરે અહમદનગરનો બાકીનો થોડોક ભાગ બચાવી રાખ્યો. થોડા વખત પછી એણે મોગલ સરદારને હરાવી અહમદનગર પાછું જીતી લીધું, પણ ૧૬૧૬માં અકબરના પૌત્ર શાહજહાંએ એને પાછો તાબે કર્યો અને પાછો એ મોગલ સરદારોને હરાવી સ્વતંત્ર થયો. આ વખતે શાહજહાંએ એના બાપની સામે બંડ ઉઠાવ્યું અને મલીકંબર સાથે મળી ગયો. મલીકંબર ૧૬૨૬માં સ્વતંત્રપણે રાજ્ય કરી મરણ પામ્યો. ઈ.સ. ૧૬૩૭માં શાહજહાંએ અહમદનગર મોગલ રાજ્ય સાથે જોડી નાંખ્યું.

મોહોબતખાં.

મોહોબતખાં જાંહાંગીરના રાજ્યમાં એક મોટો સરદાર થયો તે પહેલાં એ કાબુલનો સુબેદાર હતો. જાંહાંગીર એશઆરામમાં પડવાથી મોહોબતખાં એ ધીમે ધીમે રાજ્યમાં પોતાનો વગ ઘણો વધાર્યો, અને શાહજાદા પરવીઝની સાથે દોસ્તી કરી. સલીમની મરજી પોતાના દીકરા શહેરિયારને ગાદી અપાવાની હતી, પણ મોહોબતખાંએ પરવીઝનો પક્ષ કર્યો તેથી નુરજહાંને ઈ. સ. ૧૬૨૫માં તેની સાથે કજીઓ થયો. નુરજહાંએ એના ઉપર સરકારી નાણું ખાઈ જવાનું ખોટું તોહોમત મુકી એને ઘણો સતાવ્યો. તેથી આ અમીરે ૫,૦૦૦ રજપૂત સ્વારો લઇ સલીમને કેદ કર્યો, ઇ.સ. ૧૬૨૬. નુરજહાંએ સલીમને તરેહવાર યુક્તિઓથી આખરે મોહબતખાંના હાથમાંથી છોડવ્યો, પણ ૧૬૨૭માં કાસ્મીરથી લાહોર જતાં સલીમ મરણ પામ્યો, ત્યારે આ સરદારે તેના દીકરા શાહજહાંને ગાદી મેળવવા માટે મદદ કરી.

નિઝામઉલમુલ્ક.

એ ઔરંગઝેબના એક માનીતા સરદાર ગાઝીઉદ્દીનનો છોકરો હતો, અને ૧૬૪૪માં જન્મ્યો હતો. એની બહાદૂરીને લીધે એને પેહેલાં અસફજાં અને પછી નિઝામઉલમુલ્ક એટલે રાજ્યનો બંદોબસ્ત કરનાર એ ખેતાબો મળ્યા. ઈ.સ. ૧૭૧૩માં એ દક્ષિણનો સૂબો થયો; પણ "પાદશાહ બનાવનાર" સૈયદોની અદેખાઇથી ૧૭૧૪માં એની જગ્યાએ હુસનઅલીખાંને નિમ્યો અને એને ગુજરાત અને પછી માળવામાં સૂબો નિમ્યો; આથી એ અયોધ્યાના નવાબ સાદતખાં સાથે મળી ગયો અને ૧૭૨૦માં શાહપુરની લડાઇમાં એ સૈયદોને એણે હરાવ્યા, અને મહમદશાહનો વજીર થયો. ઈ.સ. ૧૭૨૪માં મહમદશાહની માઠી ચાલને લીધે એ દક્ષિણમાં સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યો. મરેઠાઓની વધતી જતી સત્તાથી બીહીને એણે બીજા પેશ્વા બાજીરાવ સામે કાવત્રાં કર્યા પણ તેમાં એને બહુ ખમવું પડયું. બાજીરાવે એને ૧૭૩૬માં ભોપાળની લડાઇમાં હરાવ્યો જેથી એને મરેઠાઓને ઘણીક જગ્યા આપવી પડી. એણે ૧૭૪૩ માં આર્કટ ઉપર હુમલો કરી અનવારૂદ્દીનને કર્ણાટકનો નવાબ બનાવ્યો. આ શૂરો સરદાર ઇ. સ. ૧૭૪૮ માં પોતાની ૧૦૪ વરસની વયે મરણ પામ્યો.

નદિરશાહ.

નાદિરશાહ પ્રથમ એક ગુલામ હતો. ઈ. સ. ૧૭૩૭ માં તેણે ઇરાન જીતી લઇ ત્યાં રાજ્ય કર્યું. ૧૭૩૮ માં તેણે હિંદુસ્તાનપર ચઢાઇ કરી કર્નાલની લડાઇમાં મોગલોને હરાવી દિલ્હી જીતી લીધું અને ત્યાં ભારે કતલ ચલાવી પુષ્કળ દ્રવ્ય લઇ પોતાને દેશ તે પાછો ફર્યો ત્યારે તેને તેના વેરીઓએ ઈ. સ. ૧૭૪૭માં મારી નાંખ્યો.

ચંદા સાહેબ.

ચંદાસાહેબ કર્ણાટકના નવાબ દોસ્તઅલ્લીનો જમાઇ હતો. એને પોન્ડિચરીના હાકેમ દુમાસ સાથ ઘણી સારી દોસ્તી હતી. ઈ. સ. ૧૭૩૧ માં ત્રિચિનાપોલીનો રાજા સંતાન વગર મરણ પામ્યો, ત્યારે તે ગાદીને માટે ઘણા જણ દાવો કરવા નિકળ્યા. આ સમયમાં તે રાજાની વિધવાએ આર્કટના નવાબની મદદ માંગી. દોસ્તઅલ્લીએ તે રાણીનું રક્ષણ કરવા પોતાના જમાઇ ચંદાસાહેબને મોકલ્યો; ચંદાસાહેબે તેણીના સઘળા શત્રુને વશ કર્યા; પણ પાછળથી તેણીને દગાથી કેદ કરી, પોતે ત્રિચિનાપોલીનો ધણી થઇ પડયો. થોડા વખત પછી એણે તંજોરના મરેઠી રાજા પાસેથી કારિકલ બંદર જીતી લઈ પોતાના મિત્ર દુમાસને આપ્યું. આથી રઘોજી ભોંસલે અને મોરારિરાવ નામના બે સરદારોએ પેહેલાં કર્ણાટકપર ચઢાઇ કરી, અને ૧૭૪૧માં અમ્બુરની લડાઇમાં દોસ્તઅલ્લીને હરાવી મારી નાંખ્યો. આથી ચંદાસાહેબની બૈરી, છોકરો, અને દોસ્તઅલ્લીની વિધવા પોન્ડિચરી નાસી ગયાં. ચંદાસાહેબ ત્રિચિનાપોલીમાં હતો, માટે મરેઠાઓએ તેજ વર્ષમાં તે શેહેર ઉપર હુમલો કર્યો, અને ચંદાસાહેબને પકડી સતારે લઇ ગયા. સાત

વરસ પછી ફ્રેન્ચ લોકે મરેઠાઓને સાત લાખ રૂપિયા આપી તેને ૧૭૪૮ માં છોડવ્યો, કારણ કે ફ્રેન્ચ લોકોને અંગ્રેજો સાથની લડાઇમાં તેની તરફથી મદદની મોટી આશા હતી. બંદીખાનેથી નિકળતાંજ એણે નિઝામ-ઉલ-મુલ્કના નિમેલા કર્ણાટકના નવાબ અનવારૂદ્દીનને હાંકી કાઢી તે જગ્યાનો પોતે નવાબ થવાનો વિચાર કર્યો. આ કારણને માટે એ હૈદ્રાબાદની ગાદીના બીજા વારસ મુઝફ્ફરજંગ સાથે મળી ગયો, અને ફ્રેન્ચ લોકની મદદથી અનવારૂદ્દીનને ૧૭૫૦માં અમ્બુરની બીજી લડાઇમાં હરાવી પોતે કર્ણાટકનો નવાબ થયો. અનવારૂદ્દીનનો છોકરો મહમદઅલ્લી આ હાર થયાથી ત્રિચીનાપોલી નાસી ગયો, અને અંગ્રેજોની મદદ લઇ ચંદાસાહેબ સામો લડયો. ચંદાસાહેબ આખરે, તંજોરનું લશ્કર જે મહમદઅલ્લીની મદદે આવ્યું હતું, તેના સરદારને શરણ થયો, જેણે એને વિશ્વાસઘાત કરી મારી નાંખ્યો, ૧૭૫૨.

અહમદશાહ અબદલી.

અહમદશાહ અબદલી અથવા દુરાની નાદિરશાહનાં લશ્કર સાથે પેહેલો હિંદુસ્તાનમાં આવ્યો હતો. નાદિરશાહના મરણ પછી એ કંદહારની ગાદીએ બેઠો, અને હિંદુસ્તાનપર છ ચઢાઇઓ કરી. ૧૭૪૮ની ચઢાઇમા મહમદશાહે એને સરહિંદ આગળ હરાવ્યો પણ ત્રણ વરસ પછી (૧૭૫૧) દિલ્હીના પાદશાહ અહમદશાહે તેને લાહોર અને મુલતાન આપી દિલ્હી પર ચઢાઇ કરતાં અટકાવ્યો; ૧૭૫૬માં પાછી ચઢાઇ કરી એણે દિલ્હી લૂટયું. છેલ્લી ચઢાઇમાં એણે મરેઠાઓને પાણીપત આગળ ૧૭૬૧માં હરાવ્યા. એ ૨૬ વરસ સારી રીતે રાજ કરી ૧૭૭૩માં મરણ પામ્યો.

હૈદરઅલ્લી.

હૈદર ઈ. સ. ૧૭૦૨માં જન્મ્યો હતો. એ મ્હૈસૂરમાં હિંદુ રાજાના ઘોડે સ્વાર લશ્કરના એક અમલદાર ફતેહમહમદનો છોકરો હતો. મ્હૈસૂરના રાજાની નોકરીમાં એ ૨૭ વરસની વયે દાખલ થયો. લૂંટ, લુચ્ચાઇ, અને ઠગાઇથી એણે મોટું લશ્કર અને ઘણા પૈસા એકઠા કરી રાજા તેમજ પ્રધાન નન્દરાજને વરસ દહાડે ચોકસ રકમ આપવા કહી પોતે મ્હૈસૂરનો ધણી થયો, ઇ. સ. ૧૭૬૧. ૧૭૬૩માં એણે બેડનોરનો કિલ્લો લીધો. ચોથા પેશ્વા માધવરાવે એને એક સખ્ત હાર આપી, જેથી એને મરેઠાઓને ૩૨ લાખ રૂપિયા આપવા પડયા. ૧૭૬૬માં એણે કાલિકટ જીત્યું. આ ફતેહથી નિઝામ અને મરેઠાઓએ સંપ કરી હૈદરનું સઘળું રાજ લઇ લેવાનો વિચાર કર્યો; પણ હૈદર તેમને લાંચ આપી બચી ગયો. હૈદરે હવે અંગ્રેજોના રાજ ઉપર હુમલો કર્યો, પણ કર્નલ સ્મિથે તેને ૧૭૬૭માં ચંગામ અને ત્રિનોમાલી આગળ હરાવ્યો. અમ્બુરગઢ ઉપર પણ હુમલો કરવામાં હૈદર હારી ગયો, પણ એ પાછો કર્ણાટક પાયમાલ કરી મદ્રાસ તરફ ધસી ગયો અને ત્યાંથી અંગ્રેજી લશ્કરને વિખેરી નાંખ્યું. આ ફતેહથી હૈદરે હવે મરેઠાની જુસરીમાંથી નિકળી જવાની તેયારી કરી, પણ ઇ. સ. ૧૭૭૨માં ચેરકુલીની લડાઇમાં

મરેઠા સરદાર ત્રિંબકરાવે તેને એક સખ્ત હાર ખવાડી,જેથી તેને મરેઠાઓને ૩૬ લાખ રૂપિયા અને કેટલીક જગ્યાઓ આપવી પડી.૧૭૬૯ની મદ્રાસની સંધિ પ્રમાણે અંગ્રેજોએ એને મદદ કરી નહીં તેથી એ તેમનો કટ્ટો દુશ્મન થયો, અને એક ઘણું મોટું લશ્કર લઈ તેમની સામો પાછો ગયો. કર્નલ બેલી એની સામો લડવા આવ્યો, પણ પોલીલોરની પેહેલી લડાઇમાં તે હારી ગયો, અને કેદ પકડાયો, ઇ. સ. ૧૭૮૦. ૧૭૮૧માં આયરકૂટ સરદારે પોર્ટોનોવો અને પછી શોલિંગરની લડાઇમાં હૈદરને હરાવ્યો.હૈદરે ૧૭૮૨માં તેલીચરિ ઉપર હુમલો કર્યો, પણ ત્યાંના રહેવાસીઓએ બહાદૂરીથી ૧૮ માસ સુધી ટકાવ કરી તેના ૧૨૦૦ માણસને બંદીવાન કીધાં.આ વગરભણેલો પણ શૂરો માણસ ૧૭૮૨માં પોતાની ૮૦ વરસની ઉમરે ચિતોડમાં મરણ પામ્યો.

ટીપુ.

હૈદરનો છોકરો ટીપુ ઈ. સ. ૧૭૪૯માં જન્મ્યો હતો. ૧૭ વરસની વયે તે ૫૦૦૦ માણસનું લશ્કર લઇ લૂંટફાટ કરતો છેક મદ્રાસ સુધી ધસી આવ્યો હતો.૧૭૮૨માં ટીપુએ કર્નલ બેલીનાં લશ્કરને ઠગાઇથી ઘેરી લીધું, અને તેને ભારે દુઃખ દીધું.પોતાના બાપના મરણ પછી ૧૭૮૨માં તે રાજ્યાભિષેક થયો.આ વખતે જેનરલ મેથ્યુસે વગર હરકતે બેડનોરનો કિલ્લો જીતી લીધો;પણ આ સાંભળતાંજ ટીપુ ત્યાં ગયો, અને તે કિલ્લો પાછો જીતી લેઇ મેથ્યુસને બંદીવાન કર્યો. પછી કર્નલ ફુલર્ટન એક મોટું લશ્કર લઇ મ્હૈસૂર ઉપર ચઢી ગયો, પણ ફ્રેન્ચ લોકો તરફથી ટીપુને મદદ ન મળવાથી તેણે અંગ્રેજો સાથે સંધિ કરી,૧૭૮૪. આ સંધિ કર્યા પછી ટીપુએ કેનેરા અને કુર્ગ પર ચઢાઇ કરી એક લાખ માણસોને પકડી જોર જુલમથી મુસલમાન કર્યા. ઇ. સ. ૧૭૮૮માં કોચિનના નાયર લોકને પણ હરાવી ઘણાએકને એણે મુસલમાન કર્યા.જેઓએ એ ધર્મ કબુલ ન કર્યો તેઓને એણે કાપી નાંખ્યા, અને પુષ્કળ દેહેરાં લૂંટયાં. એક વરસ પછી ત્રાવણકોરના રાજ્યપર હુમલો કર્યો, પણ એ રાજા અંગ્રેજોનો મિત્ર હોવાથી એ ટીપુની સામો થયો, અને તેને મારી પાછો કાઢયો. આ હારથી એ ઘણો ચિડાઇ ગયો, અને ત્રણ માસમાં એક મોટું લશ્કર લઇ પાછો ત્રાવણકોર ઉપર હુમલો કર્યો. આથી ગવર્નર જેનરલ લોર્ડ કોર્નવોલિસે નિઝામ, અને મરેઠાના પ્રધાન નાના ફડનવીસ સાથે એક સંપ કરી ટીપુના રાજ પર કૂચ કરી, બેંગ્લોર લીધું, અને ટીપુને અરિકેરાની લડાઇમાં હરાવ્યો—૧૭૯૧. એક વરસ પછી લોર્ડ કોર્નવોલિસે શ્રીરંગપટણ પર હુમલો કર્યો. અંગ્રેજોની મદદે મરેઠા સરદાર હરિપંત અને નિઝામ લશ્કર લઇ આવ્યા. ટીપુ આથી ગભરાઇ ગયો અને

સલાહ કરી, જેથી તેને પોતાનું અડધું રાજ અને ત્રણ કરોડ ત્રીસ લાખ રૂપિયા તેમજ તેના બે છોકરાને અંગ્રેજની ઓળમાં આપવા પડયા. આવી સખત હાર ખાવા છતાં ટીપુ નિરાશ થયો નહીં, અને ફ્રેન્ચ લોકો સાથે છૂપાં કાવત્રાં કરવા લાગ્યો. ગવર્નર જેનરલે તેને સમજાવ્યો, પણ જ્યારે તેને કંઇ સાંભળ્યું નહીં ત્યારે અંગ્રેજો પાછા લડવા તેયાર થયા. એક મોટું લશ્કર ભેગું કરી તેની સરદારી લોર્ડ હેરિસને આપી. સદાસિર, માલ્વેલી અને પછી શ્રીરંગપટણ આગળ ૧૭૯૯ માં લડાઇઓ થઈ, તેમાં ટીપુ હાર્યો, અને છેલ્લી લડાઇમાં ટીપુની લાસ મડદાંના ઢગલામાંથી મળી આવી.

નાના ફડનવીસ.

નાના ફડનવીસ ૧૭૪૧ માં સતારે જન્મ્યો હતો. મરેઠી રાજ્યના દફતર અને હિસાબ રાખનારા "ફડનવીસના" ઇલકાબથી ઓળખાય છે. એનો બાપ જનારધન રાજ્યમાં આ પદ્વી ભોગવતો હોવાથી તેના મરણ પછી એ નિમાયો હતો, પણ નાની વયનો હોવાથી આ કામ સક્કારામ બાપુ—જેને પાછળથી પેશ્વા સામેનાં કાવત્રાં માટે પ્રતાપગઢના કિલ્લામાં પૂર્યો હતો, તે બજાવતો હતો. આ વખતે મરેઠી રાજ્યમાં બહુ તરકટો ચાલતાં હોવાથી નાના ફડનવીસ, માધવરાવની વિધવા ગંગાબાઇ અને તેના છોકરા માધવરાવની સાથે પુરંધરના કિલ્લામાં નાસી ગયો. જ્યારે અંગ્રેજોએ રાઘોબાનો પક્ષ છોડી દીધો અને માધવરાવ નારાયણ પેશ્વા કબુલ કરી મરેઠા સાથે પુરંધરનું તહનામું કર્યું ત્યારથી નાના, માધવરાવના પ્રધાન તરીકે સત્તા ચલાવવા લાગ્યો, અને પછી અંગ્રેજોથી છુટા થવાના વિચારથી ફ્રેન્ચ લોકો સાથે છાની ગસલત કરવા લાગ્યો. અંગ્રેજોએ આથી મરેઠા સામે એક લશ્કર મોકલ્યું, પણ તે હારી ગયું અને વરગામ આગળ સંધિ કરી; પણ હેસ્ટિંગ્સે તુરત એક બીજું લશ્કર ગોડાર્ડની સરદારી નીચે મોકલ્યું, અને ૧૭૮૨માં સાલબાઇ આગળ અંગ્રેજોને ફાવતી સંધિ થઇ. નાનાએ પછી નિઝામઅલ્લી તથા અંગ્રેજો સાથે મળી જઇ ટીપુના રાજ્યપર કુચ કરી તેને હરાવ્યો અને શ્રીરંગપટણ આગળ સંધિ કરી. માધવજી સિંધિયા આ વખતે બહુ બળવાન હોવાથી નાના સામે કાવત્રાં કરવા લાગ્યો પણ તે ફાવ્યો નહીં. ૧૭૯૫માં નાનાએ નિઝામઅલ્લી સામે કુચ કરી તેને (ખરડા) કુર્દલા આગળ હરાવ્યો, અને મરેઠી રાજ્યને ઘણું ચઢતી દશાએ આણ્યું. એને રાઘોબાના છોકરા બાજીરાવ જે છેલ્લો પેશ્વા થયો હતો તેને એક કિલ્લામાં પુરી માધવરાવની વિધવા યસોદાબાઇને દત્તક કરાવી તેને ગાદી આપવાને યુક્તિઓ કરી, પણ જ્યારે એમાં એ ફાવ્યો નહીં ત્યારે બાજીરાવને ગાદી આપી. ,દોલતરાવ સિંધિયાએ જ્યારે પુનાપર ચઢાઈ કરી ત્યારે નાના, બાજીરાવ સાથે સતારે નાસી ગયો, તેથી બાજીરાવની જગ્યાએ ચીમનાજી આપા પેશ્વા થયો.

નાનાને પકડી કેદ કરવાને એના દુશ્મનોએ ઘણાંક કાવત્રાં રચ્યાં પણ તે પોતાની હોંશિઆરીથી એ સઘળાંમાંથી બચી ગયો એટલુંજ નહીં પણ પાછો બાજીરાવને ૧૭૯૫માં ગાદીએ બેસાડવાને શક્તિવાન થયો. ઈ. સ. ૧૭૯૭માં જ્યારે નાના, દોલતરાવ સિંધિયાને મળવા ગયો ત્યારે તેણે બાજીરાવના હુકમથી તેને કેદ કર્યો પણ દશ લાખ રૂપિયા આપી તે છુટો થયો અને અંગ્રેજોના વચ્ચે પડવાથી પાછો બાજીરાવના પ્રધાન તરીકે અમલ કરવા લાગ્યો. એ ઇ. સ. ૧૮૦૦માં મરણ પામ્યો.

રણજીતસિંહ.

રણજીતસિંહ એક બુદ્ધિવાન પણ અભણ માણસ હતો. એ ઇ. સ. ૧૭૮૦માં જન્મ્યો હતો. એના વખતમાં પંજાબમાં ૧૨ સ્વતંત્ર જુદાં જુદાં રાજ્યો હતાં અને તેઓ માંહો માંહે લડી મરતાં આ જોઇ રણજીતસિંહે એ બધાં રાજનું એક પ્રબળ રાજ કરવાનો વિચાર કીધો, અને છુટાં છુટાં રાજ પર હુમલો કરતો ગયો. આથી કેટલાક શીખ સરદારોએ અંગ્રેજોની મદદ માગી. લોર્ડ મિન્ટોએ ૧૮૦૯માં મેટકાફને રણજીતસિંહ સાથે સંધિ કરવા મોકલ્યો,જે સંધિ તેણે જીવ્યો ત્યાં સુધી તોડી નહીં.અહમદશાહ અબદલીનો પૌત્ર ઝમાનશાહ જે અફગાનિસ્તાનમાં રાજ કરતો હતો, અને જેના હાથમાં પંજાબ હતું, તેણે રણજીતસિંહને તેના બહાદુર કામો જોઇ લાહોરનો હાકેમ નિમ્યો હતો. આ વખતે તેની ઉમ્મર માત્ર ૧૮ વરસની હતી. રણજીતસિંહ પોતાની બહાદુરીથી ધીમે ધીમે તે જગ્યાનો ધણી થયો. એનું લશ્કર ફ્રેન્ચ તથા ઇટેલિયન અમલદારોથી કવાયત પામ્યું હતું. ૧૮૩૧માં લોર્ડ બેન્ટિક રણજીતસિંહની મુલાકાતે ગયો, જ્યાં તેને ઘણો આવકાર અને આદરમાન મળ્યાં. રણજીતસિંહ પાસે ૮૨,૦૦૦ માણસનું લશ્કર અને ૩૭૬ તોપો હતી. એને "પંજાબનો સિંહ" કરી કહેછે. એણે અફગાનિસ્તાનની લડાઇની વખતે અંગ્રેજોને ઘણી મદદ કરી હતી. આ બહાદુર રાજા ઇ.સ. ૧૮૩૯ માં મરણ પામ્યો.

હિંદુસ્તાનની લડાઇઓ તથા તેમની સાલ અને પરિણામ

વરસ	લડાઇનાં નામ.	કોણુની વચ્ચે.	પરિણામ.
ઇ. સ. પૂર્વે.			
૫૦૦૦	પાણીપતની પેહેલી લડાઇ.	કૌરવ અને પાંડવ વચ્ચે......	પાંડવનો જય થયો.
૩૨૭	જેલમ ,,	સિકંદર તથા પોરસ રાજા ,,	પોરસની હાર થઇ.
ઇ. સ.			
૯૭૭	પેશાવર ,,	જયપાળ અને સબકતગીન	જયપાળની હાર થઇ.
૧૦૨૪	સોમનાથ ,,	મહમદ ગિઝનવી અને ભીમદેવ ,, ...	ગુજરાતનો રાજા ભીમદેવ હાર્યો.
૧૧૯૧	પાણીપત (બીજી)	મહમદ ઘોરી અને પૃથુરાજ ,,	મહમદઘોરી હારીગયો.
૧૧૯૩	સ્થાનેશ્વર ,,	મહમદ ઘોરી અને પૃથુરાજ ,,	પૃથુરાજનોપરાજયથયો.
૧૨૯૩	એલિચપુર ,,	અલાઉદ્દીન ખિલજી અને રાજા રામદેવ, ,, ...	રાજા રામદેવનો પરાજય થયો.
૧૫૨૬	પાણીપત (ત્રીજી)	બાબર અને ઇબ્રાહિમ લોદી ,,	ઇબ્રાહિમ હાર્યો.
૧૫૨૭	સિક્રિ ,,	બાબર તથા મેવાડના રાણાસંગ	સંગની હાર થઇ.
૧૫૪૦	કનોજ ,,	હુમાયું અને શિરશાહ ,, ...	હુમાયુંનો પરાજયથયો.
૧૫૫૬	સરહિંદની(પેહેલી)	હુમાયું અને સિકંદર ,,	સિકંદરની હાર થઇ.
૧૫૫૬	પાણીપત (ચોથી)	હેમુ તથા બેહેરામખાં ,,	હેમુનો પરાજય થયો.
૧૫૬૫	તાલિકોટ ,,	હુસેનનિઝામશાહઅનેરામરાજ,	વિજયનગરના રાજાનો પરાજય થયો.
૧૬૫૭	કાશી	દારા અને સુજા	સુજાની હાર થઈ.
૧૬૫૮	ઊજ્જણુ ,,	મુરાદ તથા ઔરંગઝેબ, અને જસવતસિંહ	જસવંતસિંહ હાર્યો.
૧૬૫૮	આગ્રાની (પેહેલી)	મુરાદતથાઔરંગઝેબ,અનેદારા	દારા હારી ગયો.
૧૬૫૯	કજવા ,, ...	ઔરંગઝેબ અને સુજા ,, ...	સુજાનો પરાજયથયો.
૧૭૦૭	આગ્રા (બીજી)	મોઆજીમ અને આજમ ,,...	આજમ હાર્યો.
૧૭૦૮	હૈદ્રાબાદની(પેહેલી)	મોઆજીમ અને કામબક્ષ ,,	કામબક્ષનો પરાજય થયો.
૧૭૧૩	આગ્રા (ત્રીજી)	જહાંદારશાહ તથા ફરૂખશિર..,	જહાંદારશાહ હાર્યો.
૧૭૨૦	શાહપુરની લડાઇ	સૈયદ અબદલ્લા અને નિઝામવચ્ચે	અબદલ્લાની હાર થઇ.
૧૭૩૪	ડભોઇ ,,	બાજીરાવ તથા ત્રિંબકરાવ ડાભાડે વચ્ચે......	ડાભાડે હાર્યો અને માર્યો ગયો.
૧૭૩૬	ભોપાળ ,,	બીજાપેશ્વાબાજીરાવઅનેનિઝામ	નિઝામ-ઉલ-મુલકહાર્યો.
૧૭૩૮	કર્નાલ ,,	નાદિરશાહ અને મોગલ ફોજ,,	મોગલ ફોજ હારી.
૧૭૪૧	અમ્બુરની(પેહેલી)	દોસ્તઅલી અને મરેઠા ,,	દોસ્તઅલી હારીગયો.
૧૭૪૮	સરહિંદ (બીજી)	મોગલ અને અહમદશાહ ,,	અહમદશાહ અબદલ્લી હારી ગયો.
૧૭૫૦	ત્રિચિનોપોલી ,,	નાઝિરજંગ અને મુજફ્ફરજંગ	નાઝિરજંગ હાર્યો.

વરસ	લડાઇનાં નામ.	કોણની વચ્ચે.	પરિણામ.
૧૭૫૦	અમ્બુર (બીજી)	મુજફરજંગ, ચંદા સાહેબ તથા ફ્રેન્ચ, બીજી તરફ અનવારૂદ્દીન........... ...	અનવારૂદ્દીન હાર્યો.
૧૭૫૧	આર્નિ ,, ...	રાજા સાહેબ અને કલાઇવ ,,	ચંદાસાહેબનો છોકરો [કલાઇવ રાજાસાહેબ હાર્યો.
૧૭૫૨	કોવેપાકની ,, ...	રાજાસાહેબ, તથા ફ્રેન્ચ, અને	રાજાસાહેબ હાર્યો.
૧૭૫૨	શ્રીરંગામ ,, ...	લોરેન્સ અને ફ્રેન્ચ લોક ,,	ફ્રેન્ચ લોક હાર્યા.
૧૭૫૨	બાહુર ,, ...	મેજરલોરેન્સ અને ફ્રેન્ચ લોક,,	ફ્રેન્ચ લોક હાર્યા. [થયો.
૧૭૫૭	પ્લાસી ,, ...	કલાઇવ અને સુરાજાદોલા ,,	સુરાજાદોલાનો પરાજય
૧૭૫૯	કન્ડોર ,, ...	કર્નલ ફોર્ડ, અને ફ્રેન્ચ લોક	ફ્રેન્ચ લોક હાર્યા.
૧૭૫૯	વાંડિવાશ ,,	કર્નલ કૂટ, અને ફ્રેન્ચ સરદાર લાલી તથા બુસ્સિ. ,,	ફ્રેન્ચલોકહાર્યા અને બુસ્સિ કેદપકડાયો.
૧૭૫૯	ચિન્સુરા ,, ...	અંગ્રેજ અને વલંદા ,, ...	વલંદા હાર્યા.
૧૭૬૦	ઉદગીર ,, ...	નિઝામ અને મરેઠા સરદાર સદાશિવરાવ ,,	નિઝામનો પરાજય થયો.
૧૭૬૧	પાણીપતની લડાઇ (પાંચમી).	મરેઠા અને અહમદશાહ અબદલી ,,.........	મરેઠા હાર્યા.
૧૭૬૩	ઘેરિયાની લડાઇ.	અંગ્રેજ અને મિરકાસિમ ,,	મિરકાસિમનો પરાજય થયો.
૧૭૬૩	પટણાની (પેહેલી લડાઇ).	અંગ્રેજ અને મિરકાસિમ વચ્ચે...............	મિરકાસિમ હારીગયો.
૧૭૬૪	પટણા (બીજી), બક્ષાર અને કાલ્પી ,,	મિરકાસિમ, સુજાદોલા, અને શાહ આલમ, અને બીજી બાજુએ અંગ્રેજ સરદાર મન્રો અને કર્નાક ,,	મિરકાસિમ, સુજાદોલા અને શાહઆલમનો પરાજય થયો.
૧૭૬૭	અમ્બુરની (ત્રીજી) લડાઇ.	હૈદર અને અંગ્રેજ સરદાર સ્મિથ............ ...	હૈદર હાર્યો.
૧૭૬૭	ચંગામ અને ત્રિનોમાલી,,	હૈદર અને અંગ્રેજ સરદાર સ્મિથ........	હૈદરનો પરાજ થયો.
૧૭૭૨	ચેરકુલીની લડાઇ.	હૈદર અને મરેઠા સરદાર ત્રિંબકરાવ ,,...	હૈદરની હાર થઇ.

હેસ્ટિંગ્સ ગવર્નર જેનરલ થયો ૧૭૭૪—૧૭૮૫.

વરસ	લડાઇનાં નામ.	કોણની વચ્ચે.	પરિણામ.
૧૭૭૪	કટરા (રામપુર) ની લડાઇ	રોહિલા અને અંગ્રેજ સરદાર કર્નલ ચેમ્પિયન ,,	રોહિલા હારી ગયા
૧૭૭૫	આરાસ ,,	મરેઠા અને અંગ્રેજ સરદાર કીટિંગ ,,...........	મરેઠાનો પરાજય. થયો... ...
૧૭૭૯	તલેગામ ,,	મરેઠા અને અંગ્રેજ સરદાર કોકબર્ન ,, ...	કર્નલ કોકબર્ન હારી ગયો. [થયો.
૧૭૮૦	પોલીલોર (પેહેલી)	હૈદર અને અંગ્રેજસરદારબેલી,,	કર્નલ બેલીનો પરાજય.

વરસ	લડાઇનાં નામ.	કોણની વચ્ચે.	પરિણામ.
૧૭૮૧	ચિલ્લામબ્રમનીલડાઇ	હૈદર અને ઇ. કૂટની વચ્ચે.	કૂટનો પરાજય થયો.
૧૭૮૧	પોર્ટોનોવો ,,	હૈદર અને કૂટ ,, ...	હૈદર હાર્યો.
૧૭૮૧	પોલીલોર (બીજી).	હૈદર અને કૂટ ,, ...	હૈદરની હાર થઇ.
૧૭૮૧	શોલિંગર ,, ...	હૈદર અને કૂટ ,, ...	હૈદરનો પરાજય થયો.
૧૭૮૨	પનિયાની ,, ...	ટીપુ અને મેજર એબિંગ્ટન	ટીપુની હાર થઇ.

લોર્ડ કોર્નવોલિસ ૧૭૮૬—૧૭૯૩.

૧૭૯૧	અરિકેરા ,, ...	ટીપુ અને લોર્ડ કોર્નવોલિસ	ટીપુની હાર થઇ.
૧૭૯૧	સિમોગાની લડાઇ	ટીપુ અને અંગ્રેજ વચ્ચે ...	ટીપુનો પરાજયથયો.

સર જોન શોર ૧૭૯૩—૧૭૯૮.

૧૭૯૫	કુર્દલાની લડાઇ.	નાના ફડનવીસ અને નિઝામ-અલ્લી વચ્ચે	નિઝામઅલ્લી હાર્યો.

લોર્ડ મોર્નિંગ્ટન (માર્કવિસ વેલેસ્લિ)૧૭૯૮—૧૮૦૫.

૧૭૯૯	સદાસિર (સીડસૂર) ની લડાઇ.	ટીપુ અને અંગ્રેજ સરદાર સ્ટુઅર્ટ વચ્ચે............	ટીપુનો પરાજયથયો.
૧૭૯૯	માલ્વેલી ,,... ...	ટીપુ અને અંગ્રેજ સરદાર હેરિસ	ટીપુની હાર થઇ.
૧૭૯૯	શ્રીરંગપટણ ,, ...	ટીપુ અને અંગ્રેજ સરદાર હેરિસ ,, ...	ટીપુ હાર્યો અને તે રણમાં પડયો.
૧૮૦૧	પુના ,,	હોલ્કર અને પેશ્વા ,, ...	પેશ્વા હારી ગયો.
૧૮૦૩	એસે ,,	દોલતરાવ સિંધિયા તથા રઘુજી ભોંસલે, અને અંગ્રેજ સરદાર વેલેસ્લિ ,, ...	મરેઠી ફોજ હારી.
૧૮૦૩	અલિગઢ ,, ...	મરેઠા, અને અંગ્રેજ સરદારલેક,,	મરેઠાનો પરાજય થયો.
૧૮૦૩	દિલ્હીની પેહેલી ,,	મરેઠા, અને અંગ્રેજ સરદારલેક,,	મરેઠા હાર્યા.
૧૮૦૩	લાસવારી ,, ...	મરેઠા, અને અંગ્રેજ સરદારલેક,,	મરેઠાનો પરાજય થયો.
૧૮૦૩	આરગામ ,, ...	મરેઠા અને અંગ્રેજ સરદાર વેલેસ્લિ ,, ...	મરેઠા હાર્યા.
૧૮૦૩	ગાવિલગઢ ,, ...	મરેઠા, અને અંગ્રેજ સરદાર વેલેસ્લિ ,, ...	મરેઠા હાર્યા.
૧૮૦૪	મુકુંદ્રા ,, ...	હોલ્કરઅનેઅંગ્રેજસરદારમોન્સન	અંગ્રેજ ફોજ હારી.
૧૮૦૪	દિલ્હી (બીજી) ,,	હોલ્કર અને અંગ્રેજ,, ...	હોલ્કર હાર્યો.
૧૮૦૪	ફરૂકાબાદ ,, ...	હોલ્કર અને અંગ્રેજ સરદાર લેક ,, ...	હોલ્કરનો પરાજય થયો.
૧૮૦૪	દીગ ,, ...	હોલ્કર અને અંગ્રેજ સરદાર ફ્રેઝર ,, ...	જસવંતરાવ હોલ્કર હાર્યો.

લોર્ડ મિન્ટો ૧૮૦૭—૧૮૧૩.

મોઇરાનો અર્લ (માર્કવિસ ઑફ હેસ્ટિંગ્સ) ૧૮૧૪—૧૮૨૩.

વરસ.	લડાઇનાં નામ	કોણુની વચ્ચે.	પરિણામ.
૧૮૧૫	મલૂનની લડાઇ.	અંગ્રેજ અને ગુરખા વચ્ચે.	ગુરખાનો પરાજય થયો.
૧૮૧૬	મકવાનપુર ,, ...	અંગ્રેજ સરદાર ઓકટર્લોની અને સમશેર રાણા ,, ...	સમશેર રાણા હાર્યો.
૧૮૧૬	હરિહરપુર ,, ...	અંગ્રેજ સરદાર ઓકટર્લોની અને રણજોરસિંહ ,,	રણજોરસિંહનો પરાજય થયો.
૧૮૧૭	ખડકી ,, ...	અંગ્રેજ અને બાજીરાવ પેશ્વા.	બાજીરાવ હાર્યો.
૧૮૧૭	સિતાબલ્દી ,,	મરેઠા અને અંગ્રેજ સરદાર ફિટઝરલ્ડ ,, ...	આપા સાહેબનો પરાજય થયો.
૧૮૧૭	નાગપુર ,, ...	મરેઠા અને અંગ્રેજ સરદાર સ્કોટ અને ફિટઝરલ્ડ ,,	આપા સાહેબનો પરાજય થયો.
૧૮૧૭	જબલપુર ,, ...	મરેઠા અને અંગ્રેજ સરદાર હાર્ડિમેન ,, ...	આપા સાહેબ હાર્યો.
૧૮૧૭	માહિદપુર ,, ...	હોલ્કરના સરદારો અને અંગ્રેજ સરદાર હિસ્લોપ ,, ...	હોલ્કરના સરદારો હાર્યા.
૧૮૧૮	કોરેગામ ,, ...	પેશ્વા અને અંગ્રેજ સરદાર સ્ટોન્ટન વચ્ચે ,, ...	પેશ્વા હાર્યો.
૧૮૧૮	આશટેની ,, ...	અંગ્રેજ અને મરેઠા સરદાર ગોખલે ,, ...	મરેઠાનો પરાજય થયો.

લૉર્ડ આમ્હર્સ્ટ ૧૮૨૩—૧૮૨૮.

૧૮૨૪	રંગુનની (પેહેલી),,	અંગ્રેજ અને બ્રહ્મીઓવચ્ચે.	બ્રહ્મી લોકો હાર્યા.
૧૮૨૫	પ્રોમની ,, ...	અંગ્રેજ અને બ્રહ્મીઓ ,, ...	બ્રહ્મી લોકનો પરાજય થયો.
૧૮૨૬	પગામ ,, ...	બ્રહ્મી સરદાર મહાનેમિયો અને અંગ્રેજ સરદાર સર આર્ચિબોલ્ડ કેમ્પબેલ ,, ...	બ્રહ્મી લોક હાર્યા.

લૉર્ડ વિલ્યમ બેન્ટિક ૧૮૨૮-૧૮૩૫.

લૉર્ડ ઓકલેન્ડ ૧૮૩૬—૧૮૪૨.

૧૮૪૦	પરવાનની લડાઈ.	દોસ્ત મહમદ અને અંગ્રેજ સરદાર સેલ વચ્ચે	દોસ્ત મહમદ હાર્યો.

લૉર્ડ એલેન્બરો—૧૮૪૨—૧૮૪૪.

૧૮૪૨	ટેઝીન ઘાટની લડાઇ	અફગાન લોક અને અંગ્રેજ સરદાર પોલક વચ્ચે......	અફગાન લોકો હાર્યા.
૧૮૪૨	નોની ,, ...	સમસુદ્દીન અને અંગ્રેજ સરદાર નોટ ,,	સમસુદ્દીન હાર્યો.
૧૮૪૨	નૈદાન ,, ...	સમસુદ્દીન અને અંગ્રેજ સરદાર નોટ ,,	સમસુદ્દીનનો પરાજય થયો.

વરસ.	લડાઇનાં નામ.	કોણની વચ્ચે.	પરિણામ.
૧૮૪૩	મિયાનીની લડાઇ.	સિંધના અમીરો અને અંગ્રેજ સરદાર સર ચાર્લ્સ નેપિયર,,	અમીરો હાર્યા.
૧૮૪૩	હૈદ્રાબાદ (બીજી)	સિંધના અમીરો અને સર ચાર્લ્સ નેપિયર......	અમીરો હાર્યા.
૧૮૪૩	મહારાજપુર ,,...	મરેઠા અને અંગ્રેજ સરદાર સર હ્યુ ગોફ ,, ...	મરેઠાનો પરાજય થયો.
૧૮૪૩	પનિયાર........ ...	મરેઠા અને અંગ્રેજ.સરદાર એ,,	મરેઠા હાર્યા.
	સર હેન્રિ હાર્ડિંજ ૧૮૪૪—૧૮૪૮.		
૧૮૪૫	મુદકીની લડાઇ...	શીખ લોક અને અંગ્રેજ સરદાર હ્યુ ગોફની વચ્ચે.	શીખ લોક હાર્યા.
૧૮૪૫	ફિરોજશેહેર ...	અંગ્રેજ અને શીખ લોક ,,	શીખ લોકનો પરાજય થયો.
૧૮૪૬	બદ્દીવાલ.........	ગુલાબસિંહ અને અંગ્રેજ સરદાર સર હેરિ સ્મિથ ,, ...	અંગ્રજોને હાનિ પોંહોંચી.
૧૮૪૬	અલિવાલ	શીખ લોક અને અંગ્રેજ સરદાર સર હેરિ સ્મિથ ,, ...	શીખ લોક હાર્યા.
૧૮૪૬	સોબ્રાન	શીખ લોક અને સર હેરિ સ્મિથ તથા સર હ્યુ ગોફ ,, ...	શીખ લોક હાર્યા.
	અર્લ ઓફ ડેલહાઉસી ૧૮૪૮—૧૮૫૬.		
૧૮૪૮	કિનેરીની લડાઈ.	શીખ લોક અને અંગ્રેજ સરદાર કોર્ટલેન્ટ ,,	શીખ લોકોનો પરાજય થયો.
૧૮૪૮	સદુસેન ,,	લાલમૂળરાજ અને અંગ્રેજ સરદારો એડવર્ડસ અને કોર્ટલેન્ટ ,,	લાલમૂળરાજનો પરાજય થયો.
૧૮૪૯	રામનગરની લડાઇ	શેરસિંગ અને હ્યુ ગોફની વચ્ચે	શેરસિંગ હાર્યો.
૧૮૪૯	ચિલિયનવાલા ,,	શેરસિંગ અને હ્યુ ગોફની ,,	શેરસિંગ હાર્યો પણ અંગ્રેજોને બહુ ખમવું પડયું.
૧૮૪૯	ગુજરાતની ,,	શીખ લોકો, અને લોર્ડ ગોફ તથા વિશની વચ્ચે.	શીખલોકનો પરાજય થયો.
૧૮૫૨	રંગુનની (બીજી) લડાઇ.	બ્રહ્મીલોક અને અંગ્રેજો ,,	બ્રહ્મીલોક હાર્યા.
૧૮૫૨	પેગુની લડાઇ.	બ્રહ્મીલોક અને અંગ્રેજો ,,	બ્રહ્મીલોકનો પરાજય થયો.

અર્લ કેનિંગ ૧૮૫૬—૧૮૬૨.

હિંદુસ્તાનમાં જાણવા લાયક બનેલી મુખ્ય બીનાઓ—વરસ સાથે.

વરસ. બીનાઓ.

ઇ. સ. પૂર્વે.

૧૩૦૮ મિસર દેશના સિસોસ્ત્રિસ રાજાની હિંદુસ્તાનપર ચઢાઇ.
૫૧૮ ઇરાનના રાજા દારાએ હિંદુસ્તાનપર ચઢાઇ કીધી.
૩૨૭ મહાન સિકંદરની ચઢાઇ.
૩૨૩ મહાન સિકંદર મરણ પામ્યો.
૩૧૨ સેલ્યુકસે મગધના રાજા ચંદ્રગુપ્ત જોડે સંધિ કરી.
૨૨૬ અસોક મરણ પામ્યો.

ઇ. સ.

૫૭૦ મુસલમાનોનો પેગમબર હજરત મહમદ જન્મ્યો.
૬૩૨ મહમદ મરણ પામ્યો.
૬૬૪ અરબ લોકો કાબુલ સુધી વધી આવ્યા.
૭૧૨ મહમદ કાસીમે સિંધ જીત્યું.
૯૭૬ અલપ્તગીને ગિઝનીમાં રાજ્ય સ્થાપ્યું.
૯૭૭ અલપ્તગીન મરણ પામ્યો—સબકતગીન ગાદીએ બેઠો.
૯૯૭ સબકતગીન મરણ પામ્યો—મહમદ ગિઝનવી ગાદીએ બેઠો.
૧૦૦૧ મહમદ ગિઝનવીની પેહેલી ચઢાઇ—લાહોરના રાજા જયપાળ ઉપર.
૧૦૦૪ ,, ,, બીજી ચઢાઈ—ભાટીઆના રાજા વિજયરાય ઉપર.
૧૦૦૫ ,, ,, ત્રીજી ચઢાઈ—અબદુલ ફાતલોદી ઉપર.
૧૦૦૮ ,, ,, ચોથી સ્વારી—લાહોરના અનંગપાળ ઉપર.
૧૦૧૦ ,, ,, પાંચમી સ્વારી—મુલતાનપર.
૧૦૧૧ ,, ,, છઠ્ઠી સ્વારી—થાણેશ્વર પર.
૧૦૧૪–૧૦૧૫ ,, સાતમી તથા આઠમી સ્વારી—કાસ્મીર પર.
૧૦૧૯ ,, ,, નવમી સ્વારી—કનોજપર.
૧૦૨૨–૧૦૨૩ ,, દશમી તથા અગીઆરમી સ્વારી—કલીંજર પર.
૧૦૨૪ ,, ,, બારમી સ્વારી—સોમનાથ ઉપર.
૧૦૩૦ મહમદ ગિઝનવી મરણ પામ્યો.
૧૧૫૨ અલાઉદ્દીન ઘોરીએ ગિઝની બાળી નાખ્યું.
૧૧૮૬ ગિઝની વંશની સમાપ્તિ થઈ.
૧૧૮૬ મહમદ ઘોરીએ લાહોર જીતી લીધું.
૧૧૯૪ મહમદ ઘોરીએ કનોજ તથા બનારસ જીતી લીધાં.
૧૨૦૩ ,, ,, ગુજરાત, અયોધ્યા, બંગાળા તથા બહાર જીત્યાં.

ઇ. સ. બીનાઓ.
૧૨૦૬ મહમદ ઘોરીનેગખર લોકે મારી નાંખ્યો–ઘોરીવંશની સમાપ્તિ થઈ.
૧૨૦૬ કુતુબુદ્દીન સુલતાન થયો.
૧૨૧૦ ,, મરણ પામ્યો—આરામ ગાદીએ બેઠો.
૧૨૧૧ અલ્તમસ ગાદીએ બેઠો.
૧૨૧૭ મોગલ સરદાર જેંઘિસખાંની ચઢાઈ.
૧૨૩૬ રૂકનુદ્દીન ગાદીએ બેઠો.
૧૨૩૬ રજીઆબેગમ ગાદીએ બેઠી.
૧૨૩૯ બેરામ ગાદીએ બેઠો.
૧૨૪૧ મસુદ ગાદીએ બેઠો.
૧૨૪૬ નાસિરૂદ્દીન ગાદીએ બેઠો.
૧૨૬૫ ગ્યાસુદ્દીન બલબન ગાદીએ બેઠો.
૧૨૭૯ બંગાળામાં બંડ.
૧૨૮૭ કૈકુબાદ ગાદીએ બેઠો.
૧૨૯૦ જલાલુદ્દીન ખિલજી ગાદીએ બેઠો— ગુલામ વંશની સમાપ્તિ થઈ.
૧૨૯૪ અલાઉદ્દીને દક્ષિણપર ચઢાઈ કરી.
૧૨૯૫ અલાઉદ્દીન બાદશાહ થયો.
૧૨૯૭ અલાઉદ્દીને ગુજરાત જીત્યું.
૧૨૯૮ મોગલ લોકના સરદાર કતલગખાંને અલાઉદ્દીને હરાવ્યો.
૧૩૦૦ અલાઉદ્દીને રણસ્થંભોરનો કિલ્લો જીત્યો.
૧૩૦૩ ,, ચિતોડનો કિલ્લો જીતી લીધો.
૧૩૦૬-૧૩૧૨ મલિક કાફુરે દક્ષિણપર ચઢાઈ કરી.
૧૩૧૫ અલાઉદ્દીન મરણ પામ્યો–ઉમર ગાદીએ બેઠો.
૧૩૧૬ મલિક કાફુરનું ખુન થયું.
૧૩૨૦ ખુશરૂખાં ગાદીએ બેઠો-ખિલજી વંશની સમાપ્તિ થઈ.
૧૩૨૦ ગ્યાસુદ્દીન તઘલખ ગાદીએ બેઠો.
૧૩૨૫ મહમદ તઘલખ ગાદીએ બેઠો.
૧૩૪૭ બ્રાહ્મણી વંશની સ્થાપના.
૧૩૫૧ મહમદ તઘલખ ઠઠ્ઠા શેહેરમાં મરણ પામ્યો-ફિરોઝશાહ ગાદીએ બેઠો.
૧૩૮૮ ગ્યાસુદ્દીન બીજો ગાદીએ બેઠો.
૧૩૮૯ અબુબકર ગાદીએ બેઠો.
૧૩૮૯ નાસીરૂદ્દીન ગાદીએ બેઠો.
૧૩૯૨ સિકંદર ગાદીએ બેઠો.
૧૩૯૨ મહમદશાહ ગાદીએ બેઠો.

ઈ. સ.	બીનાઓ.
૧૩૯૮	તૈમૂરલંગની ચઢાઇ.
૧૪૦૫	તૈમૂરલંગ મરણ પામ્યો.
૧૪૧૨	મહમદશાહ મરણ પામ્યો—તઘલખવંશની સમાપ્તિ થઇ.
૧૪૧૨	દોલતખાં લોદીએ દિલ્હીમાં ૧૫ માસ રાજ્ય ચલાવ્યું.
૧૪૧૪	સૈયદ ખીજરખાં ગાદીએ બેઠો.
૧૪૨૧	,, મુબારક ગાદીએ બેઠો.
૧૪૩૫	,, મહમદ ગાદીએ બેઠો.
૧૪૪૪	,, આલમ ગાદીએ બેઠો.
૧૪૫૦	બહલોલ લોદી દિલ્હીનો ધણી થઇ પડયો—સૈયદ વંશની સમાપ્તિ થઇ.
૧૪૬૯	શીખ લોકનો ધર્મ સ્થાપનાર નાનક જન્મ્યો.
૧૪૮૨	બાબર જન્મ્યો.
૧૪૮૭	બાર્થોલોમ્યોડિયાસે કેપ ઓફ્ ગુડ હોપની પ્રદક્ષિણા કરી.
૧૪૮૮	સિકંદર લોદી ગાદીએ બેઠો.
૧૪૯૨	કોલમ્બસે અમેરિકા શોધી કાઢયો.
૧૪૯૪	બાબર કાબુલની ગાદીએ બેઠો.
૧૪૯૮	વાસ્કોડિગામા કાલિકટ બંદરે ઉતર્યો.
૧૫૦૦	કાબ્રાલે બ્રાઝિલ શોધી કાઢયો. [પસંદ કર્યો.
૧૫૦૨	વાસ્કોડિગામાએ બીજી સફરમાં વેપાર અર્થે કોચિન અને કાનાનોર
૧૫૦૫–૧૫૦૯	ફ્રાન્સિસ્કો અલ્મૈડા પેહેલો પોર્ટુગીઝ સૂબો નિમાયો.
૧૫૦૯–૧૫૧૫	આલ્ફોન્સો આલ્બુકર્ક સૂબો નિમાયો.
૧૫૦૭	હુમાયું જન્મ્યો.
૧૫૧૦	આલ્ફોન્સો આલ્બુકર્કે ગોવા જીત્યું.
૧૫૧૦	,, ,, ઓર્મઝ બેટ જીતી લીધો.
૧૫૧૧	,, ,, મલાયા દ્વિપકલ્પમાં મલાક્કા જીતી લીધો.
૧૫૧૫	,, ,, ગોવા આગળ મરણ પામ્યો.
૧૫૧૭	ઈબ્રાહીમ લોદી ગાદીએ બેઠો.
૧૫૨૬	બાબર ગાદીએ બેઠો.—લોદી વંશની સમાપ્તિ.
૧૫૨૮	ચંદેરિનો ઘેરો.
૧૫૨૯	બાબરે બંગાળા અને બહાર પ્રાંતો જીત્યા.
૧૫૩૦	બાબર મરણ પામ્યો—હુમાયું ગાદીએ બેઠો.
૧૫૩૪	હુમાયુંએ ચાંપાનેરનો કિલ્લો જીતી લીધો.
૧૫૩૯	શિરશાહે પટણા અને કાશી વચ્ચે હુમાયુંને ઘેરી લીધો.
૧૫૩૯	નાનક મરણ પામ્યો.

ઇ. સ.	બીનાઓ.
૧૫૪૦	શિરશાહ ગાદીએ બેઠો.
૧૫૪૩	અકબર અમરકોટ આગળ જન્મ્યો.
૧૫૪૪	હુમાયું ઇરાન ગયો. [બેઠો.
૧૫૪૫	શિરશાહ કલિંજરને ઘેરો ઘાલતાં મરણ પામ્યો—સલિમશાહ ગાદીએ
૧૫૪૭	હુમાયુંએ કાબુલ તથા કંદહાર જીતી લીધાં.
૧૫૫૩	હુમાયુંએ પોતાના ભાઇ કામગનની આંખો ફોડાવી નાંખી.
૧૫૫૩	ફિરોઝ ગાદીએ બેઠો.
૧૫૫૩	મહમદ આદિલશાહ ગાદીએ બેઠો.
૧૫૫૬	હુમાયુએ ગાદી પાછી મેળવી.
૧૫૫૬	હુમાયું મરણ પામ્યો—અકબર ગાદીએ બેઠો.
૧૫૬૦	અકબરે એના પ્રધાન બેહેરામખાનના હાથમાંથી સત્તા છિનવી લીધી.
૧૫૬૦	બેહેરામને કોઇ પઠાણે મારી નાંખ્યો.
૧૫૬૭	અકબરે ચિતોડનો કિલ્લો જીતી લીધો.
૧૫૭૨	વરાડનું રાજ્ય અહમદનગર સાથે જોડાયું.
૧૫૭૩	અકબરે ગુજરાત વશ કર્યું.
૧૫૭૬	,, બંગાળા પાછું જીતી લીધું.
૧૫૭૯	સ્ટિવન્સ પેહેલો હિંદુસ્તાનમાં આવ્યો.
૧૫૮૬	અકબરે કાશ્મીર સર કર્યું.
૧૫૯૨	,, ઓઢીઆ તાબે કર્યું.
૧૫૯૨	,, સિંધ જીત્યું.
૧૫૯૪	,, કંદહાર પાછું મેળવ્યું.
૧૫૯૫	,, અહમદનગર જીતવા લશ્કર મોકલ્યું.
૧૫૯૬	હોટમેને સુમાત્રામાં કોઠી ઘાલી.
૧૫૯૯	અકબરનો છોકરો મોરાદ મરણ પામ્યો.
૧૫૯૯	અહમદનગરની ચાંદબીબી મરણ પામી
૧૬૦૦	"ઇસ્ટિ ઇન્ડિસમાં વેપાર કરનારી કમ્પની અને અધિકારી" ઉભી થઇ.
૧૬૦૧	અકબરે ખાનદેશ જીતી લીધો.
૧૬૦૪	અકબરનો છોકરો ડેનિયલ મરણ પામ્યો.
૧૬૦૫	અકબર મરણ પામ્યો—સલીમ ગાદીએ બેઠો. [આવ્યો.
૧૬૦૭	"ઇસ્ટ ઇન્ડિયા કમ્પની" તરફથી કેપ્તન હોકિન્સ સલીમની દરબારમાં
૧૬૧૦	ડચ લોકે પોર્ટુગીઝ લોક પાસેથી મસાલાના બેટ જીતી લીધા.
૧૬૧૧	જાંહાંગીર નુરજહાં સાથે પરણ્યો. [દરબારમાં આવ્યો.
૧૬૧૫	ઇંગ્લાંડના પેહેલા જેમ્સ રાજા તરફથી સર ટોમસ રો જાંહાંગીરની

ઇ. સ. બીનાઓ.

૧૬૧૬ અંગ્રેજોએ બેન્ડમમાં કોઠી ઘાલી.
૧૬૨૧ સલીમનો છોકરો ખુશરૂ મરણ પામ્યો.
૧૬૨૩ અમ્બોયનાના ટાપુમાં વલંદા લોકે અંગ્રેજોને મારી નાંખ્યા.
૧૬૨૩ શાહજહાંએ જાંહાંગીર સામે બંડ કર્યું.
૧૬૨૬ જાંહાંગીરનો છોકરો પરવીઝ મરણ પામ્યો.
૧૬૨૬ મહોબતખાંએ જાંહાંગીરને કેદ કર્યો.
૧૬૨૬ મલિક અંબર મરણ પામ્યો.
૧૬૨૭ જાંહાંગીર મરણ પામ્યો—શાહજહાં ગાદીએ બેઠો.
૧૬૨૭ શિવાજી સ્યુનરીના કિલ્લામાં જન્મ્યો.
૧૬૨૯ ખાનજહાં લોદીએ શાહજહાં સામે બંડ ઉઠાવ્યું.
૧૬૩૦ અહમદનગરનું રાજ્ય મોગલ રાજ્ય સાથે જોડાઇ ગયું.
૧૬૩૧ શાહજહાંએ બંગાળામાંના પોર્ટુગીઝ થાણાં લેઈ લીધાં.
૧૬૩૯ અંગ્રેજ લોકે ફોર્ટ સેન્ટ જ્યોર્જ કિલ્લો બાંધ્યો.
૧૬૪૦ ડચ લોકે મલાક્કા જીતી લીધો.
૧૬૪૬ નુરજહાં મરણ પામી.
૧૬૫૭ શાહજહાં માંદો પડયો.
૧૬૫૭ બીડરનું રાજ્ય મોગલ રાજ્ય સાથે જોડાઈ ગયું.
૧૬૫૮ ઔરંગજેબે શાહજહાંને કેદ કરી પોતાના નામની દુવાઇ ફેરવી.
૧૬૫૯ ,, દારાને મારી નાંખ્યો.
૧૬૫૯ શિવાજીએ અફજલખાંને મારી નાંખ્યો.
૧૬૬૦ સુજા આરાકાન આગળ મરણ પામ્યો.
૧૬૬૧ મુરાદને ઔરંગજેબે મારી નાંખ્યો.
૧૬૬૨ અંગ્રેજોને પોર્ટુગલના રાજા પાસેથી મુંબઇ મળ્યું.
૧૬૬૩ શિવાજીએ સુરત લૂટયું.
૧૬૬૪ શાહજી મરણ પામ્યો.
૧૬૬૮ શિવાજીએ બિજાપુર અને ગોવળકોંડાના રાજા પાસેથી ખંડણી લીધી.
૧૬૬૮ શાહજહાં મરણ પામ્યો.
૧૬૬૮ "કમ્પનીને" મુંબઈ મળ્યું.
૧૬૭૩ શિવાજીએ સતારા જીતી લીધું.
૧૬૭૪ શિવાજીનો રાયગઢમાં રાજ્યાભિષેક થયો.
૧૬૭૪ ફ્રેન્ચ સરદાર માર્ટિને પોન્ડિચરી વસાવ્યું.
૧૬૭૬ નારોળમાં બંડ.
૧૬૭૬ શિવાજીએ કર્ણાટક પર ચઢાઈ કરી.

ઇ. સ. બીનાઓ.

૧૬૭૭ જોધપુરનો જસવંતસિંહ મરણ પામ્યો.

૧૬૮૦ શિવાજી મરણ પામ્યો—સંભાજી ગાદીએ બેઠો.

૧૬૮૬ ઔરંગઝેબે સિકંદર આદિલશાહને હરાવી બિજાપુર જીત્યું.

૧૬૮૭ ,, અબુલ હુસેનને હરાવીને ગોવળકોંડા જીત્યું.

૧૬૮૮ ફ્રેન્ચ લોકે ચંદ્રનગર વસાવ્યું.

૧૬૮૯ ઔરંગઝેબે સંભાજીને મારી નંખાવ્યો—રાજારામ ગાદીએ બેઠો.

૧૬૯૧ અંગ્રેજ લોકે ફોર્ટ સેન્ટ દેવિડ બાંધ્યો.

૧૬૯૮ "હરીફ" કમ્પની ઉભી થઇ.

૧૭૦૦ ઔરંગઝેબે સતારા જીત્યું.

૧૭૦૦ અંગ્રેજ લોકો ફોર્ટ વિલિયમ બાંધ્યો.

૧૭૦૦ રાજારામ મરણ પામ્યો--શિવાજી રજો ગાદીએ બેઠો.

૧૭૦૧ અંગ્રેજ એલચી સર વિલિયમ નોરિસે ઔરંગઝેબની ભેટ લીધી

૧૭૦૨ હૈદર જન્મ્યો. [દીએ બેઠો.

૧૭૦૭ ઔરંગઝેબ અહમદનગરમાં મરણ પામ્યો–શાહઆલમ ૧લો ગા

૧૭૦૮-૧૭૪૮ શાહુ મોગલ લોકના હાથમાંથી છુટો થયો અને ગાદીએ બેઠો.

૧૭૦૯ બન્ને કમ્પનીઓ જોડાઈ ગઇ અને "ધી યુનાઇટેડ ઇસ્ટ ઇન્ડયા કમ્પ

૧૭૧૨ જહાંદારશાહ ગાદીએ બેઠો. [ની" થઇ.

૧૭૧૩ ફરૂખશિર ગાદીએ બેઠો.

૧૭૧૪–૨૦ બાલાજી વિશ્વનાથ પેહેલો પેશ્વા થયો.

૧૭૧૬ ફરૂખશિરે હેમિલ્ટનને જાગીર આપી.

૧૭૧૯ મહમદશાહ ગાદીએ બેઠો.

૧૭૨૦–૪૦ બાજીરાવ બીજો પેશ્વા થયો.

૧૭૨૪ નિઝામ–ઉલ–મુલ્ક દક્ષિણમાં સ્વતંત્રપણે રાજ્ય કરવા લાગ્યો.

૧૭૨૫ ક્લાઇવ જન્મ્યો.

૧૭૨૫ ફ્રેન્ચ લોકે મહે વસાવ્યું.

૧૭૨૫ જાફરખાં મરણ પામ્યો–સુજાખાં બંગાળાની ગાદીએ બેઠો.

૧૭૩૨ હેસ્ટિંગ્સ જન્મ્યો.

૧૭૩૮ નાદિરશાહની દિલ્હી પર ચઢાઇ.

૧૭૩૯ મરેઠા લોકે પોર્ટુગીઝ લોક પાસેથી વસાઈ જીતી લીધું.

૧૭૪૦–૧૭૬૧ ત્રીજો પેશ્વા બાલાજી બાજીરાવ.

૧૭૪૦ સુજાખાં મરણ પામ્યો.

૧૭૪૦ અલિવર્દીખાં બંગાળાનો ધણી થયો.

૧૭૪૧ મરેઠા લોકે ચંદાસાહેબને સતારામાં કેદ કર્યો.

ઇ. સ. બીનાઓ.

૧૭૪૨ ડુપ્લી પોન્ડિચરીનો હાકેમ થયો.
૧૭૪૪ ક્લાઈવ હિંદુસ્તાનમાં આવ્યો.
૧૭૪૪ અલીમહમદે ઓઢિયામાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું.
૧૭૪૬ ફ્રેન્ચ લોકે ફોર્ટ સેન્ટ જ્યોર્જ તથા દેવિડ પર હુમલો કર્યો.
૧૭૪૭ નાદિરશાહને મારી નાંખ્યો.
૧૭૪૮ અહમદશાહ અબદલીની બીજી સ્વારી.
૧૭૪૮–૧૭૭૭ રામરાજા ગાદીએ બેઠો.
૧૭૪૮–૧૭૫૪ અહમદશાહ ગાદીએ બેઠો.
૧૭૪૮ ડુપ્લીએ ચંદાસાહેબને છોડવ્યો.
૧૭૪૮ નીઝામ-ઉલ-મુલ્ક મરણ પામ્યો.
૧૭૪૮ "એકસલા શાપેલ" નું તહનામું (યુરોપમાં)
૧૭૪૮ અંગ્રેજોને દેવિકોટ મળ્યું.
૧૭૫૦ હૈદ્રાબાદ તેમજ આર્કટમાં ગાદી બાબત લડાઇ ચાલી.
૧૭૫૧ ક્લાઇવે આર્કટ છાપો મારી લેઇ લીધું.
૧૭૫૧ ડુપ્લીએ "ડુપ્લી ફતેહઆબાદ" વસાવ્યું.
૧૭૫૧ ક્લાઇવે કંજીવરમ જીતી લીધું.
૧૭૫૨ ચંદાસાહેબને તંજોરના લશ્કરે મારી નાંખ્યો.
૧૭૫૨ ક્લાઇવે કાવેલોંગ અને ચિંગલપટ જીતી લીધાં.
૧૭૫૩ લોબોર્ડોને મરણ પામ્યો.
૧૭૫૪ ડુપ્લીને ફ્રાન્સ પાછો બોલાવ્યો.
૧૭૫૪–૫૯ આલમગિર રજો ગાદીએ બેઠો.
૧૭૫૫ ગોધ્યુ ગવર્નર નિમાયો.
૧૭૫૬ સુરાજાદૌલા બંગાળા, બહાર અને ઓઢિયાનો નવાબ થયો.
૧૭૫૬ મરેઠા લોકે શ્રીરંગપટણને ઘેરો ઘાલ્યો.
૧૭૫૬ સુરાજાદૌલાએ કાસીમ બજાર લૂંટયું.
૧૭૫૬ સુરાજાદૌલાએ ફોર્ટ વિલિયમ જીતી લીધો.
૧૭૫૬ અંધારી કોટડી (બ્લેક હોલ.)
૧૭૫૬ ક્લાઇવે તુલાજી આંગરિયાનો ઘેરિયાગઢ જીતી લીધો.
૧૭૫૭ ક્લાઇવે ચંદ્રનગર જીતી લીધું.
૧૭૫૭ અહમદશાહ અબદલીએ દિલ્હીપર પાછી ચઢાઇ કરી.
૧૭૫૭ સુરાજાદૌલાને મિરાને મારી નાંખ્યો.
૧૭૫૮ ફોર્ટ સેન્ટ દેવિડ ફ્રેન્ચ લોકે તોડી નાંખ્યો.
૧૭૫૮ ક્લાઇવ બંગાળાનો હાકેમ નિમાયો.

ઈ. સ. બીનાઓ.

૧૭૫૯-૧૮૦૬ શાહઆલમ રજો ગાદીએ બેઠો.
૧૭૫૯ કર્નલ ફોર્ડે ડચ લોકને હરાવ્યા.
૧૭૫૯ ,, ,, મછલીપટમ જીતી લીધું.
૧૭૬૦ મિરજાફરનો છોકરો મિરાન મરણ પામ્યો.
૧૭૬૦ બુસિસ કેદ પકડાયો.
૧૭૬૧ હૈદર મ્હેસૂરનો ધણી થયો.
૧૭૬૧-૧૭૭૨ ચોથો પેશ્વા માધવરાવ.
૧૭૬૧ અંગ્રેજ લોકે પોન્ડિચરી જીતી લીધું.
૧૭૬૧ ,, ,, થિયાગઢ અને ગિંજી કિલ્લા જીતી લીધા.
૧૭૬૩ હૈદરે બેડનોરનો કિલ્લો જીતી લીધો.
૧૭૬૩ પટણામાં અંગ્રેજોને કાપી નાંખ્યા.
૧૭૬૩ અંગ્રેજ લોકે મોંગિર જીત્યું.
૧૭૬૪ મેજર મન્રોના હાથ નીચેના સિપાઇઓએ બંડ કર્યું.
૧૭૬૪ ડુપ્લી મરણ પામ્યો.
૧૭૬૫ ક્લાઇવિના બંગાળામાં સુધારા.
૧૭૬૫ મિરજાફર મરણ પામ્યો.
૧૭૬૬ કાઉન્ટ-ડી-લાલીને ફાંસી દીધી.
૧૭૬૬ હૈદરે કાલિકટ જીત્યું.
૧૭૬૭ ક્લાઇવ છેલીવાર હિંદુસ્તાન છોડી ગયો.
૧૭૬૮ કર્નલ પીચે નિઝામના રાજ્યપર હુમલો કર્યો.
૧૭૬૯ મદ્રાસમાં સંધિ.
૧૭૭૧ મરેઠા લોકે લલિતખાંને હરાવી દિલ્હી તાબે કર્યું.
૧૭૭૨-૧૭૭૩ નારાયણરાવ પાંચમો પેશ્વ થયો.
૧૭૭૩ "રેગ્યુલેટિંગ એક્ટ" પસાર થયો.
૧૭૭૩ બનારસની સંધિ.
૧૭૭૪ ક્લાઇવ મરણ પામ્યો.
૧૭૭૪ હેસ્ટિંગ્સ પેહેલો ગવર્નર જેનરલ નિમાયો.
૧૭૭૪ બંગાળામાં નવા સુધારા.
૧૭૭૪ રોહિલા લોકને હેસ્ટિંગ્સે હાંકી કાઢયા.
૧૭૭૪-૧૭૭૫ માધવરાવ નારાયણ છઠ્ઠો પેશ્વા થયો.
૧૭૭૫ સુરતમાં રઘુનાથરાવે અંગ્રેજો સાથે સંધિ કરી.
૧૭૭૫ મેજર લોરેન્સ મરણ પામ્યો.
૧૭૭૬ પુરંધર મુકામે તહનામું.
૧૭૭૬ નંદકુમારને ફાંસી દીધી.

ઇ. સ. ખીનાઓ.

૧૭૭૭–૧૮૧૮ શાહુ ૨ જો ગાદીએ બેઠો.
૧૭૭૯ વરગામની સંધિ.
૧૭૮૦ અંગ્રેજ લોકે વસાઇ જીતી લીધું.
૧૭૮૦ રણજીતસિંહ જન્મ્યો.
૧૭૮૦ કર્નલ ગોડાર્ડે ડભોઇ અને અમદાવાદ જીતી લીધાં.
૧૭૮૦ કર્નલ પ્રોફ્મે લાહરનગર અને ગ્વાલિયર જીતી લીધાં.
૧૭૮૦ કર્નલ બેલીનો પરાજય.
૧૭૮૧ અંગ્રેજ લોકે ડચ લોકના નેગાપટણ અને ત્રિંકોમાલી જીતી લીધાં.
૧૭૮૨ સાલબાઇની સલાહ.
૧૭૮૨ કર્નલ બ્રેથ્વેટનો પરાજય.
૧૭૮૨ હૈદર ચિતોડમાં મરણ પામ્યો.
૧૭૮૩ જેનરલ મેથ્યુસનો પરાજય.
૧૭૮૩ બુસ્સિ મરણ પામ્યો.
૧૭૮૩ સર ઇ. કૂટ મરણ પામ્યો.
૧૭૮૪ મેંગ્લોરનું કર્નલ કેમ્પબેલે સંરક્ષણ કર્યું.
૧૭૮૪ મેંગ્લોર મુકામે સલાહ.
૧૭૮૪ મિ૦ ફોકસનું બિલ.
૧૭૮૪ મિ૦ પિટનું બિલ પસાર થયું.
૧૭૮૫ હેસ્ટિંગ્સ ઈંગ્લાન્ડ ગયો.
૧૭૮૬–૧૭૯૩ લોર્ડ કોર્નવોલિસ.
૧૭૮૮–૧૭૯૫ હેસ્ટિંગ્સની તપાસ.
૧૭૮૯–૯૦ ટીપુએ ત્રાવણકોરપર હુમલો કર્યો.
૧૭૯૦ લોર્ડ કોર્નવોલિસે બેંગ્લોર છાપો મારી લઇ લીધું.
૧૭૯૧ અંગ્રેજ લોકે નંદીદુર્ગ જીતી લીધું.
૧૭૯૧ અંગ્રેજ લોકે સિમોગા જીતી લીધું.
૧૭૯૨ શ્રીરંગપટણ આગળ સલાહ.
૧૭૯૩–૯૮ સર જોન શોર.
૧૭૯૪ માધુજી સિંધિયા મરણ પામ્યો.
૧૭૯૫–૧૮૧૮ બાજીરાવ ૨ જો સાતમો પેશ્વા થયો.
૧૭૯૮ રણજીતસિંહ પંજાબનો હાકેમ થયો.
૧૭૯૮–૧૮૦૫ લોર્ડ મોર્નિંગ્ટન.
૧૭૯૯ ટીપુ મરણ પામ્યો.
૧૮૦૦ લોર્ડ લેક હિંદુસ્તાનમાં સેનાધિપતિ નિમાયો.
૧૮૦૦ નાના ફડનવીસ મરણ પામ્યો.
૧૮૦૦ નિઝામ સાથે તહનામું.

ઇ. સ. બીનાઓ.

૧૮૦૧ કર્ણાટક અંગ્રેજોનું ખાલસા થયું.
૧૮૦૧ અયોધ્યામાં સુધારો.
૧૮૦૧ જસવંતરાવ હોલ્કરે પેશ્વા બાજીરાવ ૨ જાને પુનામાંથી નસાડી મુક્યો.
૧૮૦૨ વસાઇની સંધિ
૧૮૦૩ પેશ્વાને અંગ્રેજોએ પાછો ગાદીએ બેસાડયો.
૧૮૦૩ વેલેસ્લિએ અહમદનગર જીત્યું.
૧૮૦૩ લોર્ડ લેકે દિલ્હીના પાદશાહને છોડવ્યો.
૧૮૦૩ અંગ્રેજોએ જાલના જીત્યું.
૧૮૦૩ દેવગામ આગળ સંધિ.
૧૮૦૩ સિરજીઅંજગામની સંધિ,
૧૮૦૪ કર્નલ મોન્સન મુકંદ્રાની નાળમાં ઘેરાઇ ગયો.
૧૮૦૪ અંગ્રેજોએ દીગ શેહેર જીત્યું.
૧૮૦૫ વિક્રમશાહ ગાદીએ બેઠો.
૧૮૦૫ લોર્ડ કોર્નવેલિસ ગાઝીપુરમાં મરણ પામ્યો.
૧૮૦૫-૧૮૦૭ સર જોર્જ બાર્લો.
૧૮૦૫ ભરતપુરનો ઘેરો.
૧૮૦૫ ભરતપુરના રાજા સાથે સંધિ.
૧૮૦૫ હોલ્કર તથા સિંધિયા સાથે સંધિ.
૧૮૦૬-૧૮૩૭ અકબર ૨ જો ગાદીએ બેઠો.
૧૮૦૬ વેલોર, સિકંદ્રાબાદ, વલજાબાદ અને નંદીદુર્ગમાં બંડ.
૧૮૦૭-૧૩ લોર્ડ મિન્ટો.
૧૮૦૭ મદ્રાસમાં બંડ.
૧૮૦૯ લોર્ડ મિન્ટોએ રણજીતસિંહ સાથે સંધિ કરી.
૧૮૦૯ લોર્ડ લેક મરણ પામ્યો.
૧૮૦૯ અંગ્રેજોએ જાવા, બુર્બોન અને આઇલ ઓફ ફ્રાન્સ જીત્યાં.
૧૮૧૦ મોરિશિયસ અંગ્રેજોએ જીત્યું.
૧૮૧૩ ગંગાધર શાસ્ત્રીને પંઢરપુરમાં મારી નાંખ્યો,
૧૮૧૪-૨૩ મોઇરાનો અર્લ.
૧૮૧૫ અંગ્રેજોએ મલૂન, રામગઢ અને અલ્મોરાના કિલ્લા જીત્યા.
૧૮૧૬ સિગાઉલીની સંધિ.
૧૮૧૭ હોલ્કરના સરદારોનું બંડ.
૧૮૧૭ પેશ્વા સાથે પુનામાં નવું તહનામું.
૧૮૧૮ મંડેસરનું તહનામું.
૧૮૧૮-૪૦ પ્રતાપસિંહ ગાદીએ બેઠો.

ઇ. સ. બીનાઓ.
૧૮૧૮ પેશ્વાનો છેલ્લો પ્રયત્ન.
૧૮૧૮ હેસ્ટિંગ્સ મરણ પામ્યો.
૧૮૧૮ અંગ્રેજોએ સતારા જીત્યું.
૧૮૧૯ ,, આશીરગઢ જીત્યું.
૧૮૨૩–૨૮ લોર્ડ આમ્હર્સ્ટ.
૧૮૨૩ બ્રહ્મી લોકે શાહપુરીનો બેટ કબજે કર્યો.
૧૮૨૪ અંગ્રેજોએ રંગુન તથા કેમેન્ડિન જીત્યાં.
૧૮૨૫ ,, માર્ટાબાન, ડોનાબ્યુ, પ્રોમ, અને આરાકાન જીત્યાં.
૧૮૨૫ બરાખપુરમાં બંડ.
૧૮૨૫ બ્રહ્મી લોકોનો સરદાર મહાબંદુલા ડોનાબ્યુની લડાઇમાં માર્યો ગયો
૧૮૨૬ યન્ડબુની સલાહ.
૧૮૨૬ ભરતપુરનો કિલ્લો જીત્યો.
૧૮૨૭ દોલતરાવ સિંધિયા મરણ પામ્યો.
૧૮૩૪ કુર્ગનું રાજ્ય ખાલસા થયું.
૧૮૩૬–૪૨ લોર્ડ ઓકલેન્ડ.
૧૮૩૭–૬૨ મોગલવંશનો છેલ્લો રાજા મહમદ બહાદુરશાહ.
૧૮૩૯ અંગ્રેજોએ કરાંચી જીતી લીધું.
૧૮૩૯ રણજીતસિંહ મરણ પામ્યો.
૧૮૩૯ અંગ્રેજોએ ગિઝની જીત્યું.
૧૮૩૯ શાહસુજાને અંગ્રેજોએ પાછો ગાદીએ બેસાડયો.
૧૮૪૦ દોસ્ત મહમદ મેકનોટનને શરણ થયો.
૧૮૪૦ નાગપુરનો રાજા આપા સાહેબ મરણ પામ્યો.
૧૮૪૦–૪૮ આપા સાહેબ.
૧૮૪૧ કાબુલમાં દંગો.
૧૮૪૧ મેકનોટન અને બર્ન્સને મારી નાંખ્યા.
૧૮૪૨ સાહસુજાને બળવાખોરોએ મારી નાંખ્યો.
૧૮૪૨ અગ્રેજોએ ઇસ્તલિફ લૂટયું.
૧૮૪૩ સિંધ ખાલસા થયું.
૧૮૪૪–૪૮ સર હેન્રિ હાર્ડિંજ.
૧૮૪૫ રોબર્ટ સેલ મરણ પામ્યો.
૧૮૪૧ રાણી ચાંદકુંવરે પોતાના છોકરા ધુલીપસિંહનાં નામની દુવાઇ ફેરવી.
૧૮૪૬ લાહોરની સલાહ.
૧૮૪૮–૫૬ અર્લ ઓફ ડેલહોસી.
૧૮૪૯ પંજાબ ખાલસા થયું.
૧૮૪૯ સતારા ખાલસા થયું.
૧૮૪૯ લાલમુળરાજને કેદ કર્યો.

ઇ. સ.	બીનાઓ.

૧૮૫૨ પેગુ જીતી લીધો.
૧૮૫૩ નાગપુર ખાલસા થયું.
૧૮૫૩ છેલ્લો પેશ્વા બાજીરાવ ૨ જો મરણ પામ્યો.
૧૮૫૬-૬૨ અર્લ કેનિંગ.
૧૮૫૬ અયોધ્યા અને તંજોર ખાલસા થયાં.
૧૮૫૬ ઇરાન સાથ લડાઈ-ખુશાયર જીત્યું.
૧૮૫૭ હિંદુસ્તાનમાં બળવો.
૧૮૫૭ કંતાન જીત્યું.
૧૮૫૮ હિંદુસ્તાનનું રાજ્ય ઈંગ્લાન્ડના ગાદીપતિને સ્વાધીન થયું.
૧૮૬૦ લોર્ડ ડેલહૌસી મરણ પામ્યો.
૧૮૬૨ મહમદ બહાદૂરશાહ રંગુનમાં મરણ પામ્યો--મોગલ વંશની સમાપ્તિ થઈ
૧૮૬૨ લોર્ડ કેનિંગ મરણ પામ્યો.
૧૮૬૩ દોસ્ત મહમદ મરણ પામ્યો.
૧૮૬૩ લોર્ડ એલજીન મરણ પામ્યો.
૧૮૬૯-૭૦ ડયુક ઓફ એડિન્બરો આવ્યો.
૧૮૭૨ લોર્ડ મેઓનું ખુન.
૧૮૭૨-૭૬ લોર્ડ નોર્થબ્રુક.
૧૮૭૫ મલ્હારરાવને પદભ્રષ્ટ કર્યો.
૧૮૭૫-૭૬ પ્રિન્સ ઓફ વેલ્સ આવ્યો.
૧૮૭૬-૮૦ લોર્ડ લિટન.
૧૮૭૯ લોર્ડ લોરેન્સ મરણ પામ્યો.
૧૮૮૦-૮૪ લોર્ડ રિપન.
૧૮૮૫-૮૮ લોર્ડ ડફ્રિન.
૧૮૮૫-૮૬ બ્રહ્મદેશ ખાલસા કર્યો.
૧૮૮૯-૯૦ પ્રિન્સ ઓફ વેલ્સનો વડો છોકરો,તે આપણી મહારાણીનો
પૌત્ર પ્રિન્સ આલબર્ટ વિકટર હિંદુસ્તાનમાં આવ્યો.
૧૮૯૧ મિરઝનાઈ, ચિનલુશાઈ, કાળાપર્વત અને મણીપુરની ચઢાઇઓ
૧૮૯૨ પ્રિન્સ આલબર્ટ વિકટર મરણ પામ્યો.
૧૮૯૩ મહારાજા ધુલીપસિંહ વિલાયતમાં મરણ પામ્યો.
૧૮૯૫ ચિત્રાલપર ચઢાઇ.
૧૮૯૫ રોયલ કમિશન હિંદુસ્તાનનો લખલૂટ ખરચ તપાસવા નિમાયું.
૧૮૯૬ આપણી મહારાણીનો જમાઇ બેટેનબર્ગનો શાહજાદો એશાન્ટિમાં
તાવથી મરણ પામ્યો.
૧૮૯૬ હિંદુસ્તાનમાં બ્યુબોનિક પ્લેગ શરૂ થયો.
૧૮૯૭ તા૦ ૨૧ તા૦ ૨૨ જુનના દિવસો ડાયમંડ જુબિલી માટે તેહેવાર તરીકે પાળવામાં આવ્યા.
૧૮૯૯ લોર્ડ કર્ઝન.